SPECIAL FOCUS : ROYAL RAJPUT SOCIETY

SPECIAL ISSUE

मे
मई
MAY 2014

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत, अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम्
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्, धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे


BEST SELLERS ₹ 15/-

# પ્રતિધ્વનિ

www.pratidhwaniindia.com

તંત્રી: પરેશ મુલાણી

THE VOICE OF INDIA




વૈશાખ : જેઠ @ વિ.સં. 2070

Continue Issue : 209 @ Year : 18th

The Largest circulated A National & International Monthly Magazine





Mission

**Change India for Quality Life**

તમારો સંકલ્પ ભારત નિર્માણ કરી શકે છે !

ઈરાદો મજબૂત હોય તો કંઈ પણ હાંસલ કરી શકાય છે. કંઈક નવું નિર્માણ કરવાનો સંકલ્પ કરીએ... Change **India** Change





| | | | | | |
|---|---|---|---|---|---|
| Bangladesh.....Taka 20.00 | India..............₹ 15.00 | Macao.....HK$11.00 | Others..........US$ 01.00 | Sri Lanka......Rs 20.00 | |
| Brunei..............B$ 02.00 | Indonesia...Rp.1,500 [PPN Incl.] | Malasia....RM 02.00 | P.New Guinea...K 01.50 | Taiwan......NT$ 35.00 | |
| China...............RMB 10.00 | Japan.................¥250 | Maldives...Rf 11.00 | Philippines.........P20.00 | Thailand.......B 30.00 | |
| Guam...............Us$ 01.00 | Korea..........Won1,050 | Myanmar....K 02.00 | Saipan.........US$ 01.00 | U.S.Forces...US$ 01.00 | |
| Hon Kong..........HK$ 10.00 | | Nepal......NRs 17.00 | Singapore.......S$ 02.00 | | |

## The Quality Life के जनक
# क्रांतिकारी विश्व संत श्री ऋषिजी

वे विश्व के रखवालों के आध्यात्मिक रुप से संगठित सबसे बडे नेटवर्कके मुखिया है, क्योंकि वे क्वोलिटी लाईफ मंत्र के जनक है। उनके क्वोलिटी लाईफ मंत्र से विश्व भर में बदलाव आया हैं। उनका साम्राज्य विश्व भर में फेला हुआ है, क्योंकि आध्यात्मिक जगत के सबसे प्रभावी स्वामी, जिनके अनुयायियों की संख्या दुनिया भर में ढाई करोड़ से अधिक है। वे विश्व के मूल्यवान ब्रान्ड है, क्योंकि उनका कारोबारी ब्रान्ड ऐसा है जिस पर विश्व आँख मूंदकर भरोसा करता है। वे सर्वेव गरिमा की विश्व मूर्ति है, क्योंकि वे वैश्विक आध्यात्मिकता के पर्याय वाची हैं। वे भड़कीले लोगों के गुरु है, क्योंकि मीडिया मालिक से लेकर जहाज निर्माता, मुख्यमंत्री से लेकर प्रधानमंत्री तक सब उनके समागम में सामिल होते हैं। वे विश्व के राजनैतिक श्रेष्ठि वर्ग को निर्देशीत करनेवाली अदृश्य शक्ति है, क्योंकि वे आध्यात्मिक जगत में सबसे तेजी से बढ़ते उद्यम के प्रमुख है। उनकी क्रांतिकारी योजना रामबाण नुष्खा साबित हो सकती है। वे नई सहस्राब्दी के मनोहारी विश्व योगी है।

**पहचान :** विश्व में सर्वाधिक सुने और पढ़े जाने वाले तथा दिल और दिमाग को झकझोर कर देने वाले अदभुत प्रवचन। अपनी नायाब प्रवचन शैली के लिये विश्वभर में सर्वाधिक चर्चित और विश्व संत ऋषिजी के रुपमें पहचान।

**मिशन :** 'थ क्वोलिटी लाईफ' का विश्व व्यापी प्रचार प्रसार एवं प्रशिक्षण।






**भावनात्मक अपील : विश्व संदेश : UNIVERSAL MESSAGE :**

**सभी** राष्ट्रवासियों अपने देश के लिए एकजुट राष्ट्र के तौर पर उठें और पूरी सकारात्मकता के साथ स्वयं को राष्ट्र निर्माण की सफलता के प्रति समर्पित करें। अगर हम सामुहिक रुप से कमर कसकर जुट जाते है तो अवश्य राष्ट्र को विश्व की सर्वोच्च महाशक्ति बना सकते हैं। राष्ट्रहित में निजी सोच और तात्कालिन लाभ को पीछे छोड़कर हमे एक साथ आगे बढ़ना चाहिए। स्वर्ग का साम्राज्य तभी स्थापित होता है, जब विकास और व्यवस्था उसकी चरम सीमा पर हो। अगर आप राष्ट्र निर्माण के लिए कार्य कर रहे हो, तो अदृश्य शक्ति उस प्रक्रिया में हंमेशा आपको साथ देगी। इस लिए वैश्विक निर्माण करो। कुछ नया इस जगत में लाओ, जो श्रेष्ठ हो। फिर चाहे विज्ञान के द्वारा लाओ, चाहे आध्यात्मिकता के द्वारा, मगर इस जगत को स्वस्थ, स्वच्छ, साक्षर, समृध्ध, सुंदर, शांत, शाकाहार और सुसंस्कृत बनाओ। विश्व के सभी धर्म ग्रंथो का एक ही संदेश : श्रेष्ठ निर्माण. ॥ऋषि॥

**विश्व निर्माण : विकास और व्यवस्था के लिए... बनो निर्माण पुरुष, विश्व निर्माण के लिए...**

World Class India for Feelings of Heaven




**ऋषिजी का विश्व चक्र :**

पृथ्वी, जल, अग्नि,
वायु और आकाश से
सुरक्षित है।
संकल्प करें तो
विकल्प अपने आप
खत्म हो जायेगें।



श्री बराक ओबामा : संबोधिकी अनुभूति में रंग भेद, भाषा भेद, जातियता, संप्रदायिकता आदि सब रुग्णताओं से मुक्ति हो जाती हैं। ऋषिजी का यह वैश्विक परिवार अनाम प्रेम का विश्व मंदिर है, जिसका विस्तार है एक विश्व। नए युग के नए विश्व मानव का यही है विश्व मंत्र और विश्व धर्म।

श्री सोनिया गांधी : ऋषिजी को किसी जाति और संप्रदाय से नही बांधा जा सकता, वे पूरी मनुष्य जाति के लिए श्रद्धेय एवं विश्व रुप है। विश्व निर्माण के इस वैश्विक अभियान में हम भी सरीक हो.

श्री ए.पी.जे. अब्दुल कलाम : ऋषिजी के विचारों में क्रांतिकारी परिवर्तन की अद्भूत झलक है। ऋषिजी जैसे विश्व संत किसी एक समाज के नहीं होते, वे तो विश्व बंधुत्व की धरोहर है।

श्री नरेन्द्र मोदी : स्वर्णिम भारत बनाकर, ऋषिजी के वैश्विक संकल्प को सार्थक करें। ऋषिजी का संकल्प, हम सब का संकल्प। आइये हम सब मिलकर विश्व ध्वज लहरायें। भारत का जय हो।

विश्व संत के प्रवचन की ओडियो कैसेट, विडियो सीडी तथा साहित्य और अतिरिक्त जानकारी के लिए संपर्क:
www.pratidhwaniindia.com ▪ www.qualitylife.org.in ▪ www.qualityworld.org.in
www. bharatnirman.org.in ▪ www.changeindia.org.in ▪ www.vishwasant.org.in

भारत निर्माण के लिए प्रतिध्वनि द्वारा जनहित में जारी।

RNI No. 70260/97, "PRATIDHWANI" Regd. No. GAMC 1217

# પ્રતિધ્વનિ THE VOICE OF INDIA

**A National & International Magazine**

- **Editor:Printer:Publisher : Owner:** Pareshkumar Nanubhai Mulani
- **Issue:** 05 - **Continue Issue:** 209 - **Years:** 18th - **Page :** 100
- **Regd. Office :** Pratidhwani, 7/10, Mangalam, Nr. Bapunagar Police Station, Bapunagar, Ahmedabad 380024.
- **Tel** : [079] 22700803, 22706119 - **Tel/fax:** [079] 22700803
- **E mail** : voice@pratidhwaniindia.com - mission@qualitylife.org.in
- **Website** : www.pratidhwaniindia.com - www.qualitylife.org.in
  www.qualityworld.org.in - www.changeindia.org.in
  www.bharatnirman.org.in - www.vishwasant.org.in
- **America Correspondent :** Madhubala P. Ramani, 26, Glen Oaks, C.T. Cliftion, New Jercy 07012 [USA]

- © Pratidhwani, Worldwide all rights reserved, Any type of Reprinting not applicable
- **Published by** Paresh Mulani for Pratidhwani, 7/10, Mangalam, Bapunagar, Ahmedabad 380024 & **Printed by** at Mulani Infotech Consultancy, Ahmedabad 380024. - **Price:** ₹ 15/- - **Annual Subscription:** ₹ 225/- - **Member :** AINCE, AISMNF, INSAR, GTS.

**SUBSCRIPTION RATES:**
**PAYABLE IN LOCAL CURRENCIES AT THE FOLLOWING ADDRESS**

| Country | YearlyRate | | Send to Pratidhwani C/o the Following Address |
|---|---|---|---|
| Bangladesh | Taka | 240.00 | International Book Agencies Ltd. 61,Motijheel Commercial Area[2nd Flr]Dhaka 1,000 |
| China | US$ | 120.00 | Bank of China Tower,47/F,1 Garden Road, Central,Hong Kong. |
| Guam | US$ | 12.00 | Holmes Management Co. 237,Mainis St.,Tamuning,Gaum 96911. |
| Hong Kong | HK$ | 120.00 | Bank of China Tower,47/F,1 Garden Road Central. |
| India | ₹ | 225.00 | "Pratidhwani"7/10,Mangalam, Nr.Bapunagar Police Stn., Amdavad 380 024. |
| Indonesia | Rp, | 18,000 | N.V.Indoprom Company[Indonesia]Ltd., [Home Service A.H.Division ] P.O.Box 2090,Jakarta 10001. |
| Japan | y | 3000 | Sumitomo Seimei Aoyama Bldg,3Fl. 3-1-30 Minami Aoyama,Mianto-Ku Tokyo 107 |
| Korea | W | 12,600 | International Publications Service[IPS] Gongpyong Bldg.,11 Fl, 5-1 Gongpyong-dong. Chongro-Ku,Seoul 110 604 |
| Malaysia | RM | 24.00 | Vines Services Sdn.Bhd No.77,Japan 9/34 B, Sri Edaran Light Industry Park,Kepong.52100, Kaula Lumpur,Malaysia. |
| Maldives | Rf. | 132.00 | Akiri Shop,Boduthakurufaanu Magu,Male.20-05 |
| Myanmar | Kyat | 24.00 | SPPS Trade Corporation 550/552,Merchant street. Yongon,Myanmar |
| Nepal | NRs. | 204.00 | Sandesh Griha News Agents. 69-A,Bangemudha,Kathmandu 12 |
| Pakistan | Rs. | 192.00 | Liberty Books [Private]Ltd. 3,Rafiq Plaza,Inverarity Road,Karachi 74400 |
| Phillippines | P | 240.00 | G/F Skrene Properties Building,3759,Cuenca Cor Emilia Sts.Palanan,1235 Makati City |
| Singapore | S$. | 24.00 | Caxtion Services Co.Pvt Ltd., 29,Tampines Street 92,Caxton Building, Singapore 528879 |
| Sri Lanka | Rs. | 240.00 | Vijitha Yapa Bookshop,P.O.Box 2007,Unity Plaza 2,Galle Road,Colombo 4 Sri Lanka |
| Taiwan | NT$ | 420.00 | Formosan Magazine Press Ltd.,189 Yen Ping South Rd.,6 F.Taipel. |
| Thailand | Baht | 360.00 | S.E.Commercial Enterprise Ltd.,P.O.Box 12-132 Yannawa Post Office,Bangkok 12 |
| US Forces | US$ | 12.00 | Madhubala P.Ramani,26,Glen Oaks C.T.Cliftion, New Jurcy 07012[U S A] |







## સપનાં જીવંત રાખશો તો હકીકત બનશે...

એ સતત સંઘર્ષ કરી રહ્યો હતો. ક્યારેક એવી સ્થિતિમાં મુકાઈ જતો કે પત્નીનાં ઘરેણાં સુદ્ધા ચોરીને વેચી આવતો. પરિસ્થિતિ વણસી ગઈ અને તે નિરાધાર થઈ ગયો. તેણે ત્રણ રાતો ન્યૂયોર્કનાં બસ સ્ટેશનમાં ખુલ્લા આકાશ નીચે પસાર કરી. તેને પોતાનો પ્રેમાળ કૂતરો પણ વેચી દેવો પડ્યો. તેની પાસે સેન્ડવીચ ખાવાનાં પણ પૈસા ન હતાં. કૂતરો વેચીને તે ખૂબ રડ્યો હતો. બે અઠવાડિયા ભૂખ્યાં તરસ્યા નીકળી ગયાં. એક દિવસ તેણે બોક્સિંગ મેચ જોઈ. તેને કોણ જાણે તેમાંથી શું પ્રેરણા મળી કે તેણે એક ફિલ્મની સ્ક્રિપ્ટ લખી નાંખી. પૂરા 20 કલાક લાગ્યાં, પછી એ તેને વેચવા નીકળી પડ્યો. તેને 1,25,000 ડોલરની ઓફર મળી, પરંતુ તેની બીજી એક અપેક્ષા હતી. આ ફિલ્મમાં તે મુખ્ય હિરો તરીકે કામ કરવા માગતો હતો. સ્ક્રિપ્ટ ખરીદનાર સ્ટુડિયો આ માટે તૈયાર ન હતો. આથી તે પોતાની સ્ક્રિપ્ટ લઈને પાછો આવી ગયો. ખિસ્સું ખાલી હતું. એક દિવસ સ્ટુડિયોએ ફરી સંપર્ક કર્યો અને ડબલ 2,50,000 ડોલરની ઓફર કરી, તેમાં પણ હિરોની ઓફર વગર. આ વખતે પણ તેણે ના પાડી. તેની શરત માત્ર એટલી જ હતી કે સ્ક્રિપ્ટનાં પૈસા ભલે ઓછા મળે, પરંતુ હિરો તો પોતે જ બનશે. ત્રીજી વખત 3,50,000 ડોલરની ઓફર મળી, આ વખતે પણ હિરોની ઓફર ન હતી. થોડાં સમય બાદ સ્ટુડિયો તૈયાર થઈ ગયો. આ વખતે સ્ક્રિપ્ટનાં બદલામાં માત્ર 35,000 ડોલર ચૂકવાયા અને તેને હિરો તરીકે લીધો. ત્યાર બાદ જે થયું તે આખી દુનિયા જાણે છે. તે ફિલ્મ ઐતિહાસિક સાબિત થઈ. પ્રતિષ્ઠિત ઓસ્કાર એવોર્ડ સમારોહમાં બેસ્ટ ફિલ્મ, બેસ્ટ ડિરેક્શન અને બેસ્ટ ફિલ્મ એડિટિંગ શ્રેણીમાં ત્રણ ત્રણ પુરસ્કાર મળ્યાં. તેને અમેરિકાનાં ફિલ્મ ઈતિહાસની મહાન ફિલ્મોમાંની એક ગણવામાં આવી. આ ફિલ્મ હતી 'રોકી' અને તેનો હિરો હતો સિલ્વેસ્ટર સ્ટેલોન. તેણે જણાવ્યું કે, 'જીવન ઘણું અઘરું બની ગયું છે. ઘણી વખત તક તમારી સામેથી નીકળી જાય છે, કેમકે તમારું કશું જ અસ્તિત્વ હોતું નથી. જો તમે શ્રીમંત અને જાણીતા નથી તો લોકો તમારી સાથે ખરાબ વર્તન કરે છે. તમારા માટે દરવાજા બંધ થઈ જાય છે. લોકો તમારી પાસેથી બધું જ ઝૂંટવી આશાઓને કચડી નાંખવા માંગે છે. જીવતાં રહેવા તમારે એ બધું જ કરવું પડે છે, જે કદાચ તમે ક્યારેય કરવા માગતાં ન હતાં. ખુલ્લા આકાશ નીચે રાતો પસાર કરવી પડે છે. કેટલાંય દિવસો સુધી તમારી પાસે ભોજન હોતું નથી, તેમ છતાં તમારે સપનાંને જીવતાં રાખવા પડે છે.

■ Parth Patel [Managing Editor]



# મંજિલ છે લાંબી, પણ સમાજને બદલવો છે !

## ઈતિહાસ સાક્ષી છે કે સમાજનાં તમામ વર્ગ ભેગા મળે છે ત્યારે સામાજિક પ્રગતિનાં બીજ રોપાય છે.

દરેક વ્યક્તિ સપનું જોતી હોય છે. મારું સપનું એવા સમાજનાં ભાગરૂપ બનવાનું છે. જેના પર મને ગર્વ થાય, જે વિવિધ ધર્મનાં લોકો વચ્ચે સેતુરૂપ બને. જે દરેક વ્યક્તિને પોતાનું સપનું સાકાર કરવા માટે મહેનત કરવાની તક આપે. શું મારું સપનું અશક્ય છે ? ના, મને એવું નથી લાગતું. આ સપનું લાખો લોકોનું છે. વિકસિત દેશોએ બતાવી આપ્યું છે કે આ દિશામાં ઝડપી પગલાં ભરવાં શક્ય છે. એમની સરકારોએ માળખાકીય સુવિધા સર્જી છે. એમના ઉદ્યોગ સાહસિકોએ લોકોનું જીવનસ્તર સુધરે એવી ટેકનોલોજી વિકસાવી છે. એમના પરગજુ લોકોએ સાબિત કરી બતાડ્યું છે કે સંપતિ લોકકલ્યાણ માટે વપરાય એમાં સાચો આનંદ મળે છે. ભારતમાંય આવાં કામ કરતી અનેક સંસ્થા છે. હું મુંબઈમાં ઊછરી છું અને મુંબઈનાં ગુજરાતીઓની ઘણી સારી સ્મૃતિ મારા મનમાં ઘરબાયેલી છે. મુંબઈ કોઈનું નહોતું અને છતાં બધાયનું હતું. એ શહેર લોકોને આકરી મહેનતનું ફળ આપી જાણતું. એ એક એવું શહેર હતું. જેમાં મધ્યમ વર્ગનાં લોકો માટે સ્કૂલ, હોસ્પિટલ, જાહેર પરિવહન, પોસ્ટ ઓફિસ, ટેલિફોન, બેન્ક, પુસ્તકાલયો અને થિયેટરો જેવી માળખાકીય સુવિધા હાથવગી હતી. ટૂંકમાં, મધ્યમ વર્ગ માટે અહીં ઘણી તક અને સલામતી હતી. મુંબઈ જેવું વાતાવરણ નિર્માણ કરવા માટે ભારતે હજી ઘણી લાંબી મજલ કાપવાની છે. આ દેશમાં હજીય અડધોઅડધ લોકો ગરીબીમાં ને  અપમાનજનક દશામાં જીવે છે.

ભારત માટે આ કપરો કાળ છે. ભારત લોકો માટે ચીજો સર્જવામાં અને સેવાઓ આપવામાં નિષ્ફળ ગયું છે. બજારો કંઈક અંશે કાર્યક્ષમ પુરવાર થઈ શકે એમ છે. એટલું માત્ર પૂરતું નથી. આ સ્થિતિમાં નાગરિકો તથા સમાજનું સમર્થન જરૂરી છે. હું દઢપણે માનું છું કે સમાજ મજબૂત હોય ત્યારે જ સરકાર  અને બજારો યોગ્ય રીતે કામ કરી શકે છે. આપણે સમાજને મજબૂત બનાવવાની જરૂર છે. એ માટે આપણે ટૂંકા સ્વાર્થને કોરાણે મૂકવો રહ્યો. આ કાર્યમાં આપણે મધ્યમ વર્ગનાં આદર્શવાદીઓને આગળ કરવા પડશે. જેથી એ લોકો આપણને સફળતાથી દોરી શકે. પશ્ચિમની ગુલામીપ્રથા કે પછી નારીચળવળને યાદ કરી જુઓ. આપણી સ્વતંત્રતાની ચળવળને યાદ કરી જુઓ. સ્ત્રીશિક્ષણ કે જાતિવાદ નાબૂદીને લગતી ચળવળો પર નજર કરી જુઓ. આ તમામ ચળવળ વખતે સામાજિક પ્રગતિ ત્યારે જ શક્ય બની હતી, જ્યારે શ્વેતોએ અશ્વેતો સાથે, સવર્ણોએ દલિતો સાથે, પુરુષોએ સ્ત્રીઓ સાથે અને સશક્તોએ કમજોરો સાથે ખભેખભા મિલાવ્યાં હતાં. સામાજિક પ્રગતિનાં પાયા વિના આર્થિક પ્રગતિની ઈમારત સ્થિર રહી શક્તી નથી. આજનાં સમયમાં હિંમતવાન સ્ત્રી પુરુષોનાં આદર્શવાદની જરૂર છે, જે દઢતાથી એક સારા સમાજનું સર્જન કરી શકે. રાજપૂતો ઉદાર સાહસિકો તરીકે જાણીતા છે. શું એ લોકો આ પરિવર્તન સમાજમાં ફેલાવી શકે એમ છે ? જો આવું થાય તો આપણાં સપનાંનો સમાજ વાસ્તવિક બની શકે. મને ખબર છે કે એ માટે લાંબી મજલ કાપવાની છે. વિશ્વાસ ન હોય તો પૂછો, કચ્છનાં રણમાં મને મળેલા પેલા કિશોરને, જે કોલેજમાં ભણીને એન્જિનિયર બનવા માગતો હતો, પણ એની પાસે આગળ વધવાનો કોઈ માર્ગ જ નહોતો. આવાં તો ઘણાં લોકો છે, જે પોતાનાં ગામોમાં, વસાહતોમાં અને શેરીઓમાં તકની રાહ જોતાં બેઠાં છે, પણ એમને માટે આગળ કોઈ રસ્તો નથી. એમને જરૂર છે આપણી એક આંગળીની, જેને ઝાલીને એ આગળ વધી શકે... આ જ કારણસર આપણે ઉતાવળ કરવી જોઈએ. એ નૈતિક અને વ્યૂહાત્મક બન્ને રીતે અત્યંત જરૂરી છે.

**પ્રિયા રોય** [મુખ્ય સંવાદદાતા : ગુજરાત બ્યૂરો]



## શુભેચ્છા સંદેશ...




**શ્રી સ્વામી સચ્ચિદાનંદજી**

પ્રતિધ્વનિ દ્વારા છેલ્લાં કેટલાંય વર્ષોથી રાજપૂત સમાજ અને બીજા સમાજોમાં જાગૃતિ લાવવાનું કાર્ય થઈ રહ્યું છે. આઝાદી પહેલાં અને આઝાદી પછી જે પ્રગતિ બીજા સમાજોએ  કરી છે તે રાજપૂત સમાજ કરી શક્યો નથી. આ વાતનો જો સ્વીકાર કરવામાં આવે તો તેને જાગૃત કરી પ્રગતિમાં જોતરવાનું કાર્ય સરળ થઈ જાય. પ્રગતિનો મુલાધાર શિક્ષણ છે. દુર્ભાગ્યવશ સરકારે દલિતો, બક્ષીપંચો, મુસ્લીમો, ખ્રિસ્તીઓ વગેરે કોમો માટે અનેક યોજનાઓ ઘડી છે. રાજપૂત સમાજ કે બીજા ઉજળીયાત સમાજો માટે કોઈ યોજના નથી. કેટલાંક અંશે રાજપૂતો દિન પ્રતિદિન વધુને વધુ પાછળ રહી ગયા હોય તેવું દેખાય છે. સરકારની વાત સરકાર જાણે, પણ પોતે કમર કસીને જો આગળ વધે તો વધી શકાય તેમ છે. પટેલો તેનું ઉદાહરણ છે. જરૂર છે સામાજીક કુરિવાજોનો ત્યાગ કરીને દીકરા દીકરીઓને વધુમાં વધુ શિક્ષિત બનાવવા તથા વ્યાપાર ઉદ્યોગ તરફ ધ્યાન આપવું. 'ત્રાજવા વિના સમૃદ્ધિ નહીં' અને 'તલવાર વિના શૌર્ય નહીં', આ ખમીરવંતા સમાજે શૌર્ય તો ઘણું બતાવ્યું છે, પણ ત્રાજવું અને કલમ ન હોવાથી તે આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રમાં પછાત રહ્યો છે. એક એવો ભેખધારી માણસ પ્રગટે જે ગામે ગામ ફરીને આહ્લેક જગાવે કે ભણો અને ત્રાજવું પકડો. દેશ દેશાંતરમાં જાવ, તકો તમારી રાહ જોઈ રહી છે. તમારામાં જે કાંઈ છે તેનો ભરપૂર ઉપયોગ કરો અને આગળ વધો.



**નરેન્દ્ર મોદી**

પ્રગતિની યાત્રામાં હરણફાળ ભરતા ગુજરાતમાં કન્યા કેળવણીનું પ્રમાણ ખૂબજ નીચું છે, જે કોઈ પણ સ્વાભિમાની ગુજરાતીને ખૂંચે.લોક ભાગીદારી થકી કન્યા કેળવણીનો પ્રચાર થાય તે ભાવના સાથે ગુજરાત સરકારે આ અભિયાન શરૂ કર્યું છે. રાજપૂત સમાજે તેને ઉત્સાહપૂર્વક વધાવ્યું છે.




**શંકરસિંહ વાઘેલા**

કન્યા કેળવણીનાં પ્રોત્સાહન માટે રાજપૂત કન્યા છાત્રાલયનો બહોળો લાભ ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી પ્રાપ્ત કરવા ઈચ્છુક ગ્રામ્ય વિસ્તારોની દીકરીઓને જરૂર મળી રહેશે. ગુજરાત રાજપૂત યુવા સંઘનાં માધ્યમથી દીકરીઓની શક્તિઓને ખીલવવાનું સુંદર કાર્ય સાર્થક થયું છે.



**ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**

ગુજરાત રાજપૂત યુવા સંઘે તેની પ્રવૃત્તિનો એક નવો ચીલો પાડીને કન્યા કેળવણી ક્ષેત્રે હિંમતભર્યું પગલું ભર્યું છે. એક ભણેલી માતા સો શિક્ષકની ગરજ સારે તે ઉકિત આપણાં વડવાઓએ યથાર્થ કહી છે. એક હાથે તાળી ન પડે. સમાજમાં આગળ વધેલા અગ્રણીઓ બીજો હાથ પ્રસરાવે ત્યારે જ ધારેલું કામ દીપી ઉઠે. આગામી સમયમાં યુવા સંઘનો વ્યાપ વિસ્તરે, કાર્યકરો સંવાદપૂર્ણ રીતે ખભેખભા મિલાવીને કાર્યરત રહે તેવી અભિલાષા...



**ઈન્દ્રવિજયસિંહ જાડેજા**

સમાજનાં ઘડતરમાં શિક્ષણ પાયારૂપ ભૂમિકા ભજવે છે. શિક્ષણ આપનાર સંસ્થા અન્ય કોઈ સંસ્થા કરતા મુઠ્ઠી ઊંચેરૂં સ્થાન ધરાવે છે. રાજપૂત સમાજે બદલાતા પ્રવાહો સાથે કદમ મિલાવી કન્યા કેળવણીને પ્રોત્સાહન આપેલ છે. ભાવી પેઢીને વધુ જ્યોતિર્મય બનાવવામાં આગવું યોગદાન પણ આપ્યું છે.








**તખતસિંહ પ્રવિણસિંહ રાણા**

# ધર્મ, દાતારી અને ખુમારીનો ત્રિવેણી સંગમ

## જનની જણજે ભક્તજન, કાં દાતા કાં શૂર નહિતર રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર...

**સ્ત્રીઓને શિક્ષણ આપ્યા વગર ભારતને રાષ્ટ્રનાં રૂપમાં તૈયાર કરવું શક્ય નથી. નિરક્ષર સ્ત્રી પાંખ વગરનાં પક્ષી જેવી છે, જે ઊંચે ઊડવા માંગે છે, પરંતુ ઊડી શક્તી નથી.**

**જન્મ** 11 જૂન 1965માં થયો. વતન લીંબડી. ધોરણ 10 સુધી અભ્યાસ કર્યો. પિતાજી મોરબીમાં બાંધકામ ક્ષેત્રે સંકળાયેલા છે. પત્ની ચેતનાબા આદર્શ ગૃહિણી તેમજ ક્ષત્રિય મહિલા મંડળ મુંબઈનાં પ્રમુખ છે. પુત્રી રૂચિતાબા અને પુત્ર દિવ્યરાજસિંહ આર્ય સંસ્કારને ઊજાગર કરી રહ્યાં છે. તખતસિંહએ 1982માં મુંબઈ આવી કારકિર્દીની શરૂઆત કરી. તેઓ બાંધકામનાં વ્યવસાયમાં સફળ રહ્યાં છે. નવરંગ એન્ટરપ્રાઈઝ ગ્રાહકોને ઉચ્ચ ગુણવત્તાવાળું બાંધકામ આપે છે. તેઓ રાજપૂત ક્ષત્રિય ગૌરવ ટ્રસ્ટ મુંબઈનાં ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યાં છે. સામાજીક અને ધાર્મિક ક્ષેત્રે શક્ય તેટલા મદદરૂપ થાય છે. મુંબઈમાં ક્ષત્રિય સમાજની વાડી બનાવવા થનગની રહ્યાં છે. આર્થિક રીતે પછાત લોકોને શિક્ષિત કરવાનું બીડું ઝડપ્યું છે. સ્કૂલ અને મેરેજ હોલનું નિર્માણ કરવાની ઈચ્છા પ્રબળ છે. ઉત્સાહિત લોકોને પ્રોત્સાહિત અવશ્ય કરે છે. તેઓ કહે છે કે સમાજ અને રાષ્ટ્ર નિર્માણ માટે યુવાનોએ આગળ આવવું જોઈએ. મુંબઈમાં ક્ષત્રિયો હવે શિક્ષણ અને વ્યવસાય તરફ વળ્યાં તે ગૌરવપ્રદ છે.

### જીવન સંદેશ

**દાંપત્યજીવનમાં સહયોગ મહત્વનો :** ઓગણીસમી સદીની શરૂઆતનાં વર્ષોની વાત છે. 18 વર્ષની ગર્ટી રેડનિટ્ઝે યુરોપની જાણીતી યુનિવર્સિટીમાં મેડિકલ ક્ષેત્રે પ્રવેશ લીધો. એ જ વર્ષે એક યુવાન કાર્લ ટોરીએ પણ તેમાં પ્રવેશ લીધો. બંને પ્રથમ પરિચયમાં જ એકબીજાથી પ્રભાવિત થઈ ગયાં. બંનેએ અભ્યાસ પુરો કર્યા બાદ તબીબી વિજ્ઞાનમાં સંશોધનકાર્ય આરંભ્યું. શોધનિબંધ બંનેનાં સંયુક્ત નામથી જ પ્રકાશિત થતાં હતાં. 1920માં બંનેએ લગ્ન કરી લીધાં. પ્રથમ વિશ્વયુદ્ધનાં અંતિમ દિવસો દરમિયાન ઓસ્ટ્રેલિયામાં સ્થિતિ સારી ન હોવાથી તેઓ વિયેતનામ જતા રહ્યાં. બે વર્ષ વિયેતનામમાં રહ્યાં. સંશોધન ક્ષેત્રે યુરોપમાં જરૂરી વાતાવરણ ન મળતાં કાર્લ ન્યુયોર્ક જતો રહ્યો અને થોડા સમય બાદ પત્ની ગર્ટીને પણ જે સંસ્થામાં નોકરી કરતો હતો ત્યાં બોલાવી લીધી. આખરે 1947માં બંનેને સંયુક્ત રીતે શરીર વિજ્ઞાનમાં મહત્વની શોધ માટે નોબેલ પુરસ્કાર અપાયો. બંને મહાન વૈજ્ઞાનિક હોવાની સાથે આદર્શ દંપતી પણ હતાં.




**દરેક કામમાં ઉત્સાહ હોવો જોઈએ :** દરેક માણસની પસંદ જુદી હોય છે. ખાસ મિત્રોની પણ પસંદગી જુદી હોય છે. એક જ માતા પિતાનાં બાળકોની પસંદ અલગ હોય છે. મનોવૈજ્ઞાનિક અનુસાર સામેની વ્યક્તિ કે પરિસ્થિતિ સાથે તાલમેલ બેસવો આપણી પસંદ કહેવાય છે. જે કામ આપણને ગમતું હોય તેને વધુ સારી રીતે કરીએ છીએ, કોઈ પણ કામને સતત કરતા રહો તો તેમાં રસ જાગે છે. રસ જાગવો અત્યંત મહત્વનું તત્વ છે. તમે કોઈ અભિયાનમાં જોડાયેલા હો, ક્યાંક નોકરી કરી રહ્યાં હો કે ખુદનો વ્યવસાય હોય, તેમાં તમને રસ હોય તો પરિણામ સારૂ આવે છે. જ્યારે આપણને કામમાં રસ હોય ત્યારે નૈતિક્તાની લગન જાગે છે. જોકે માત્ર લગનથી કામ ચાલતું નથી, ઉત્સાહ પણ જાગવો જોઈએ. આથી જે કોઈ કામ કરતા હોઈએ તેની વધુને વધુ માહિતી મેળવવી જોઈએ. આ પ્રકારનાં મનોવૈજ્ઞાનિક પ્રયોગમાં આપણને કોઈ નુકસાન પહોંચતું નથી.



મયુરધ્વજસિંહ જી. પરમાર

# શિક્ષણ પ્રેમી પ્રતિભા

**દલિત દુઃખી દેખી પોતીકાં માનતો જે, મૃદુ નવનીત જેવું હૈયું જેનું સદૈવ.**
**સમ નિજ પરમાંહી જે નિરધાર મિત્ર, પ્રગટ હરિ તણી ત્યાં મૂર્તિ દેખું પવિત્ર.**

## દીકરી તો છે વ્હાલનો વરસાદ, ઈશ્વરનો એ અમૂલ્ય પ્રસાદ...

**જન્મ ભૂમિ** ભાવનગર જિલ્લામાં આવેલ ઉમરાળા ગામ. મહારાષ્ટ્રમાં સિવિલ એન્જીનિયરીંગમાં અભ્યાસ કર્યો. કર્મ ભૂમિ સુરેન્દ્રનગર. પિતાજી જીલ્લા નાયબ એન્જીનિયર હતાં. તેઓ કોટેશ્વર મહાદેવ મંદિર સાથે સંકળાયેલા છે. મયુરધ્વજસિંહ પત્ની રેખાબા, દીકરો મેઘરાજસિંહ અને દીકરી નમ્રતાબા સાથે સુખી જીવન જીવે છે. બાપુજીએ ખરીદેલો માંડવરાયજી પેટ્રોલપંપ મયુરધ્વજસિંહ સંભાળી રહ્યાં છે. IBP ની ડિલરશીપ અને ઝાલાવાડ ટ્રેડિંગ કંપનીનાં માલિક છે. આજે તેમણે પિતાજીએ આપેલ એક પેટ્રોલપંપમાંથી 23 પેટ્રોલપંપ બનાવ્યાં છે. શિક્ષણ અને ધર્મમાં તેમનું યોગદાન અવશ્ય હોય છે. તેઓ સ્કૂલ, કોલેજ અને મંદિરનું પણ નિર્માણ કરી ચૂક્યા છે. ક્ષાત્ર ધર્મનું પાલન કરે છે. ધર્મ અને સંસ્કૃતિનાં રક્ષણ અર્થે ઉત્સાહિત રહે છે. તેઓ માંડવરાયજી મંદિરનાં ટ્રસ્ટી તરીકે હૃદયપૂર્વક કામ કરે છે. આ મંદિરમાં ગ્રામજનો અને શહેરીજનો ઈશ્વરની પૂજા અર્ચના કરી ધન્યતા અનુભવે છે. વિશ્વાસને જાળવી રાખવો એ તેમનો સિધ્ધાંત છે. તેઓ કહે છે કે ઉચ્ચ વિચાર અને સદ્કર્મો થકી જ તંદુરસ્ત સમાજની રચના થાય છે.

### જીવન સંદેશ

**જીવનમાં સદા સત્યને વળગી રહો :** મહાત્મા ગાંધીજીએ બાળપણમાં 'સત્યવાદી હરિશચંદ્ર' અને 'શ્રવણકુમાર' નામનાં નાટક જોયાં તો તેઓ તેમના મેસેજથી પ્રભાવિત થયાં હતાં. 'સત્યવાદી હરિશચંદ્ર' જોઈને ગાંધીજીએ આજીવન સત્ય બોલવાનો અને 'શ્રવણકુમાર' જોઈને માતા પિતાની સેવા કરવાનું પ્રણ લીધું. એક વખત તેમની સ્કૂલમાં 'રમતગમત'નાં ક્લાસને ફરજિયાત કરી દેવાયો, તેથી તમામ વિદ્યાર્થીઓએ વહેલાં આવવું પડતું હતું. એક વખત પિતાજીની સેવા કરવામાં અને આકાશ પર વાદળ છવાઈ જવાને કારણે ગાંધીજી સ્કૂલે મોડા પહોંચ્યા. રમતગમતનો પિરિયડ સમાપ્ત થઈ ગયો હતો. બીજા દિવસે પ્રિન્સિપાલે ગાંધીજીને મોડા આવવાનું કારણ પૂછ્યું તો તેમણે સાચું કારણ જણાવી દીધું. તેમ છતાં પ્રિન્સિપાલ માન્યા નહીં અને તેમને બે આનાનો દંડ ફટકાર્યો. ત્યાર બાદ ગાંધીજીએ નક્કી કર્યું કે તેઓ ક્યારેય જૂઠું નહી બોલે અને પોતાની અંદર એવો આત્મવિશ્વાસ પેદા કરશે કે લોકો તેને સત્ય જ માનશે.

**તમામ શક્તિનો ઉપયોગ કરી કર્મ કરો :** બધાં જ લોકો સફળતા ઈચ્છતા હોય છે. આજકાલ આપણે બાળકોનાં પ્રથમ શ્વાસથી જ સફળતાની લોરી સંભળાવવાનું શરૂ કરી દઈએ છીએ. થોડા દિવસ પહેલાં મને પ્રાથમિક કક્ષામાં ભણતાં બાળકોએ પૂછ્યું કે સફળતાનો અર્થ શું થાય ? એક ક્ષણ માટે તો હું પણ ચકિત રહી ગયો કે આ બાળવયે તેમને સફળતાનો અર્થ શું જણાવવામાં આવે. શ્રીકૃષ્ણએ અર્જુનને ગીતામાં કેટલીક જગ્યાએ સફળતાનાં અર્થ સમજાવ્યા હતાં. તેનો સારાંશ કાઢીએ તો ત્રણ અર્થ છે. પ્રથમ જીતવું, બીજું આઝાદી અને ત્રીજું સંરક્ષણ. સફળતામાં જીતનો અહેસાસ થવો જોઈએ. જીતનાર જાણે છે કે હું અંદરથી હારી ગયો છું. સફળ થનારને સ્વતંત્રતાનો અનુભવ થવો જોઈએ. સફળતા માટે તમારી તમામ શક્તિ કામે લગાડીને કર્મ કરવું જોઈએ, કંઈ પણ બચાવીને ન રાખો. તમારી અંદર એક નૈતિક ઉત્તેજના સતત જગાડીને રાખો.



નરેન્દ્રસિંહ હાલુભા ચુડાસમા

# નિષ્ઠાવાન અને કર્તવ્યનિષ્ઠ સમાજ સેવક

## સુખિયા ગણાતા એજ કે દુઃખિયાં તણાં દુઃખને હરે, મોટા ગણાતા એજ કે નાના ઉપર કરૂણા કરે



**જન્મ** 17 જાન્યુઆરી 1982માં થયો. અમદાવાદ જિલ્લામાં આવેલ ધંધુકાનાં વતની છે. કોમર્સમાં સ્નાતક છે. પિતાજી હાલુભા ADC બેન્કમાં હતાં.પરિવારમાં દાદા, દાદી, બે ભાઈઓ અને પત્ની સાથે સંયુક્ત કુટુંબમાં રહે છે. તેઓ હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશનનાં ડિલર છે. પીપળીમાં અક્ષર પેટ્રોલિયમનાં નામે વ્યવસાય કરે છે. પેટ્રોલિયમનાં વ્યવસાય સાથે આંગડિયા બિઝનેસમાં પણ સફળ રહ્યાં છે. બોટાદ, રાનપુર, લીંબડી, બાવળા, અમદાવાદ, અંકલેશ્વર અને ભરૂચ ખાતે આંગડિયાની સાત શાખાઓ સફળતાપૂર્વક ચાલી રહી છે. વ્યવસાયને આગળ વધારવાની ધગશ ધરાવતા નરેન્દ્રસિંહ ચુડાસમા યુવાનો સાથે નેટવર્કમાં રહે છે. ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં માહિર છે. સામાજીક પ્રવૃત્તિઓમાં તેમનો સહકાર અચૂક હોય છે. લોકસેવા એમનો જીવનમંત્ર છે. સમાજની યુનિટી માટે સતત પ્રયત્નશીલ રહે છે. સમાજ શૈક્ષણિક અને આર્થિક રીતે પ્રગતિ કરે તે જરૂરી છે. નરમાં ઈન્દ્ર સમાન એવા નરેન્દ્રસિંહ જરૂરિયાત લોકોને અવશ્ય મદદ કરે છે.

### જીવન સંદેશ

**તમે સૃષ્ટિને સાચવો, એ તમને સાચવશે :** ગામમાં એક વિધવા મહિલા અને તેનો પુત્ર જગત રહેતા હતાં. તેમના ઘરની નજીક એક પીપળાનું ઝાડ હતું, તેને માતાનાં કહેવાથી જગત દરરોજ પાણી પીવડાવતો હતો. ઝાડનાં દેવતાએ ખુશ થઈને જગતને વરદાન માગવા કહ્યું. જગતે કહ્યું, મારે કશું જોઈતું નથી. બસ, તમારી નીચે ખરી ગયેલા પાંદડાં લઈ જવાની મંજૂરી આપો, પીપળાએ મંજૂરી આપી. જગતે કચરો વાળીને પાંદડાં ઘરનાં એક ખૂણામાં મૂકી દીધાં. બીજા દિવસે પાંદડાં પીળી ધાતુ બની ગયાં હતાં. આથી તેની માતા શાહુકારને ત્યાં લઈ ગઈ,  તો શાહુકારે સોનાને બદલે પિત્તળ જણાવીને થોડું અનાજ આપી દીધું. હવે આ રોજનું થઈ ગયું. આથી લાલચું શાહુકારે જગતનો પીછો કરીને રહસ્ય જાણી લીધું. તે પણ પાંદડાં એકઠા કરી ઘરે લઈ ગયો. બીજા દિવસે પાંદડાં વીંછી બની ગયાં અને તેને કરડવા દોડ્યાં. આથી તેણે વૃક્ષદેવતા પાસે માફી માંગી. વૃક્ષો આપણાં જીવનદાતા છે, આથી તેમની જાળવણી કરવી આપણી ફરજ છે.

**નિઃસ્વાર્થ ભાવે આપેલું દાન શ્રેષ્ઠ :** કવિ રહિમ અને કવિ ગંગ ગાઢ મિત્રો હતાં. બંને પોતાની રચનાઓ એક બીજાને સંભળાવતા અને તેના પર ઊંડી ચર્ચા કરતાં હતાં. રહિમ જરૂરિયાતમંદોને દાન આપતો હતો. જે કોઈ તેની પાસે આવે, ખાલી હાથે જતું નહી. કવિ ગંગ પણ તેની આ દાનવૃત્તિથી ઘણો ખુશ હતો. કવિ ગંગને  તેની એક વાત વિચિત્ર લાગતી કે તે દાન આપતી વખતે પોતાની નજર નીચી કરી લેતો હતો. તે દાન લેનારની સામે ક્યારેય જોતો ન હતો. આથી કેટલાક લોભી લોકો બીજી વખત દાન લઈ જતાં હતાં. કવિ ગંગે એક દિવસ રહિમને પૂછ્યું કે, તારી દાન આપવાની રીત વિચિત્ર છે. લાલચું લોકો તેનો ગેરલાભ ઉઠાવે છે. રહિમે ગંગને જવાબ આપ્યો કે, 'આપનારો કોઈ અન્ય છે,જે દિવસ રાત આપતો રહે છે, પરંતુ અહીં જે લોકો આવે છે તેમને એવો ભ્રમ છે કે હું આપી રહ્યો છું. આ વિચારીને જ હું મારી નજર નીચી કરી નાખું છું.' દાનની સાર્થક્તા ત્યારે જ છે જ્યારે તે નિઃસ્વાર્થ ભાવે આપવામાં આવે.





એક યોગ,
બીજો ઉદ્યોગ અને
ત્રીજો સહયોગ.
શિક્ષણનાં આ
મુખ્ય ત્રણ
આધાર સ્તંભ છે.





### ભોજરાજસિંહ માધુભા જાડેજા

# સેવાક્રિય પ્રવૃત્તિનો પ્રાણ

## તુમ જીઓ હજારો સાલ, સાલ કે દિન હોં પચાસ હજાર...

19 સપ્ટેમ્બર 1968માં જન્મ થયો. વતન જામનગર જિલ્લામાં આવેલ લાલપુર તાલુકાનું પાંચસરા ગામ. ધોરણ 12 સુધી અભ્યાસ કર્યો. પિતાજી માધુભા અમરસિંહ જાડેજા કૃષિ અને રાજકીય ક્ષેત્રે સંકળાયેલા હતાં. તેમણે 2000માં મહાપ્રયાણ કર્યું. માતા સુરજબાની કોમળ છાયા મળી. પત્ની રેખાબા આદર્શ ગૃહિણી છે. પુત્ર રવિરાજસિંહ એ માતા પિતાનાં આપેલ સંસ્કારને સાચવી રાખ્યાં. ભોજરાજસિંહ જાડેજાએ શૂન્યમાંથી સર્જન કર્યું છે. 1995માં વ્યવસાય અર્થે સુરેન્દ્રનગર આવ્યાં. શરૂઆતમાં બનેવીનાં પેકેજીંગ યુનિટમાં કામ કર્યું. આજે શિવ પેકેજીંગનાં નામે પોતાનો વ્યવસાય છે. પેકેજીંગની સાથે બાંધકામમાં પણ સફળ રહ્યાં. સામાજીક અને રાજકીય ક્ષેત્રે તેઓ એક કદમ આગળ રહે છે. જામનગર જિલ્લા ક્ષત્રિય સમાજનાં પ્રમુખ તરીકે ઉત્કૃષ્ટ સેવા આપી. લાલપુર તાલુકા અને નગરપાલિકાનાં કારોબારી ચેરમેન હતાં. ભાજપ યુવા મોરચાનાં ઉપપ્રમુખ તેમજ ટાઉન પ્લાનિંગનાં ચેરમેન હતાં. સુરેન્દ્રનગરમાં જય માતાજી ગ્રુપ અને શક્તિ મંદિર સાથે સંકળાયેલા છે. મેડિકલ કેમ્પનું પણ આયોજન કરે છે. છેલ્લી બે ટર્મથી સુરેન્દ્રનગર જિલ્લા ભાજપનાં ઉપાધ્યક્ષની જવાબદારી સંભાળે છે. તેઓ કહે છે કે ઉપવાસ કરવો સહેલો છે પણ સંયમપૂર્વકનો આહાર રાખવો અઘરો છે. મૌન રાખવું સહેલું છે પણ સંયમપૂર્વક બોલવું અઘરું છે.

### જીવન સંદેશ

**મહેનતની કમાણીથી સાચું સુખ મળે છે :** પ્રજાનું હિત ઈચ્છનાર એક રાજા હતો, તે નિયમિતરૂપે વેશ બદલીને નીકળતો અને પ્રજાનાં હાલચાલ જાણતો. એક દિવસ રાજાએ વિચાર કર્યો કે સરહદનાં ગામડાઓની સ્થિતિ જોવી જોઈએ. રસ્તામાં રાજાએ જોયું કે એક દુબળો પાતળો વૃદ્ધ કઠિયારો પરસેવે રેબઝેબ હોવા છતાં લાકડાં કાપતો હતો. રાજાને તેના પર દયા આવી, તે વૃદ્ધ સાથે વાત કરવા જતાં હતાં, ત્યાં જ તેમને નજીકનાં ખડકોમાં કોઈક ચમકતી વસ્તુ દેખાઈ. તેમણે જોયું તો ત્યાં અનેક કિંમતી હીરા પડ્યાં હતાં. તેમણે કઠિયારાને કહ્યું કે એક હીરો વેચી દો તો જીવનભર કામ કરવાની જરૂર નહીં પડે. કઠિયારાએ કહ્યું, 'આ હીરા તો હું વર્ષોથી જોઉં છું, પરંતુ ઈશ્વરે મને હાથ પગ મહેનત કરવા આપ્યાં છે. હીરાની જરૂર એને પડશે, જેનો પુરુષાર્થ ખતમ થઈ ગયો હોય. હું તો ભગવાનની દયાથી સ્વસ્થ છું અને મારું કામ કરી શકું છું. રાજાએ કઠિયારાની કર્મશીલતાને નમન કર્યું. મહેનતની કમાણી સાચું સુખ આપે છે.'

**સહનશીલતા સૌથી મોટો ગુણ છે :** વર્ષ 1915માં ચર્ચિલ બ્રિટન નૌકાદળનાં મંત્રી હતાં. એ સમયે નૌકાદળનાં વડા એડમિરલ લોર્ડ ફિશર હતાં. ફિશર ઈર્ષાળુ સ્વભાવના હતાં અને તેઓ હંમેશા ચર્ચિલને હેરાન કરતા હતાં. બંને વચ્ચે હંમેશા કોઈને કોઈ મુદ્દે વિવાદ થતો હતો. બંને વચ્ચે અણબનાવ એટલો વધી ગયો કે ચર્ચિલે પોતાનું પદ છોડી દીધું. થોડા દિવસો બાદ ચર્ચિલનો પત્ર મળ્યો ત્યારે તેણે ફિશરની નિંદા કરી. ચર્ચિલે કહ્યું કે, જો મને ફરીથી એ પદ મળશે તો હું ફિશરને બોલાવીને તેને કામ સોંપીશ, કેમ કે તેઓ કુશળ પ્રબંધક છે અને એ બાબતે હું તેમનું સન્માન કરું છું. તેમની હોશિયારી પર મને કોઈ જ શંકા નથી.' થોડાં વર્ષ બાદ ફિશરની આત્મકથા પ્રકાશિત થઈ, જેમાં તેમણે ચર્ચિલની કઠોર શબ્દોમાં નિંદા કરી. તેમ છતાં ચર્ચિલે પુસ્તકની પ્રશંસામાં એક લાંબો લેખ લખીને મેગેઝિનને મોકલી આપ્યો. સહનશીલતા મોટાઈની નિશાની છે. જે લોકોમાં આ ગુણ છે, તેઓ કોઈ પણ રીતે વિચલિત થતાં નથી.





10 નિર્માણ
- ➤ દેશ બદલાવા માગે છે...@ ભારતનું ભવિષ્ય કેવું હશે...
- ➤ સૃષ્ટિનો ઈવોલ્યુશન ક્રમ વિકાસ...
- ➤ આપણે જોયું બદલાતું ભારત અને પોતે પણ બદલ્યું...
- ➤ ધરતી, પાણી અને આકાશમાં વધશે તાકાત...
- ➤ શિક્ષણ, આરોગ્ય અને ટેકનોલોજીમાં પરિવર્તન આવશે...
- ➤ 2014 : ઈન્ટરનેટ ઓફ થિંગ્સ...
- ➤ નવા વર્ષમાં જીવન સાથે જોડાયેલી વસ્તુઓમાં ફેરફાર આવશે...
- ➤ દુનિયાની સૌથી મોટી દૂધ કંપનીએ ભારતમાં ટેકઓવર કર્યું...
- ➤ તમારા સપના એવરેસ્ટ જેટલાં ઊંચા રાખો...@ ક્રિએટિવ લોકો વધુ જીવે છે...
- ➤ ગેટ્સની 12 શિખામણથી સમજો જીવન અને બિઝનેસની ફિલોસોફી...

30 પર્યાવરણ
- ➤ પૃથ્વીમાતાને બચાવીએ...@ પ્રેમજીબાપાનો વૃક્ષ પ્રેમ...
- ➤ વનસ્પતિ અને વાયુ પ્રદૂષણ...@ વેડિંગ પોલ્યુશનથી દૂર રહો...

34 આહાર
- ➤ શરીર માટે જરૂરી 18 પૌષ્ટિક તત્ત્વ...
- ➤ શાકાહારથી શરીરને તાકાત મળશે...@ ડેરી ફ્રી પ્રોડક્ટ્સ કેલ્શિયમથી ભરપૂર...
- ➤ આરોગ્યમાં તેલનું મહત્ત્વ...@ સૌથી મોટો ત્રાસવાદી તમાકુ...

38 ટ્રાવેલ
- ➤ આ સ્થળો તમે જોયા છે ?

39 ઈતિહાસ
- ➤ ભગવાન શ્રીકૃષ્ણ @ પિતામહ ભીષ્મ @ ધર્મરાજ યુધિષ્ઠિર @ વીરશ્રેષ્ઠ અર્જુન
- ➤ માતા કુન્તી @ દેવી દ્રૌપદી @ પતિવ્રતા ગાંધારી @ મહાત્મા વિદુર @ મંત્રીશ્રેષ્ઠ સંજય
- ➤ ભગવાન વેદ વ્યાસ @ રામાયણ : માનવતાનો મંગલધ્વનિ...
- ➤ સમ્રાટ અશોક @ સમ્રાટ સમુદ્ર ગુપ્ત @ સમ્રાટ હર્ષવર્ધન @ છત્રપતિ શિવાજી @ મહારાણા પ્રતાપ
- ➤ મહારાજ રણજીતસિંહ @ રાણી અહલ્યાબાઈ @ રાણી લક્ષ્મીબાઈ
- ➤ કવિ કલાપી : યાદી ભરી ત્યાં આપની...@ રાજપૂતો અને શિક્ષણ @ ભાવનગરની બાર્ટન લાઈબ્રેરી

89 फॉक्स
- ➤ संस्कार परिवर्तन से संसार परिवर्तन... @ निर्मलता से नव निर्माण करिए...
- ➤ मीडिया : नवयुग विधाता... @ शिक्षित महिलाओं की विश्व निर्माण में भूमिका...


# CONTENTS


MAY 2014

प्रतिध्वनि
THE VOICE OF INDIA
A National & International Magazine

Continue Issue: 209 • Year : 18th






➤ **Change India For Quality Life**

# દેશ બદલાવા માગે છે...

પાછલા વર્ષની પ્રમુખ ઘટનાઓ ઉપર નજર કરીએ તો એક સ્પષ્ટ સંદેશ મળે છે. લોકો પરિવર્તન ઈચ્છે છે. કોઈ ઢોંગ અથવા બહાનું હવે નહીં ચાલે. ભલે તે આસ્થા હોય કે રાજનીતિ, જેણે ખરાબ આચરણ કર્યું તેમને જેલની પાછળ પહોંચાડી દીધાં. બીજી કેટલીક સકારાત્મક બાબતો સામે આવી. અજાણ્યા ચહેરા આપણા હીરો બની ગયાં. દિલ્હીની 15 વર્ષ જૂની કૉંગ્રેસ સરકારને હરાવી તેને આઈનો બતાવી દીધો. આવું માત્ર રાજકીય ક્ષેત્રે જ નથી થયું. રમત, કોર્પોરેટ અને વહીવટી ક્ષેત્રોમાં પણ લોકોની ભૂલો ગંભીર પરિણામ લઈને આવી. દેશમાં જ નહીં દુનિયામાં આવાં અનેક ઉદાહરણો સામે આવ્યાં. નોકિયાએ પોતાને ન બદલ્યું તો વેચાઈ ગયું. ધ્યાન રાખો દરેકની નજર તમારા ઉપર છે. લોકોને બધું જ ખબર છે...એવું ન સમજો કે લોકો છેતરાતા રહેશે.

**1. નવું નેતૃત્વ પેદા કરી શકે એ જ લીડર**

આ વર્ષે વિવિધ ક્ષેત્રોમાં નેતૃત્વ અંગે પ્રશ્નો ઊભા થયાં. 1. નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદનાં ઉમેદવાર બનાવવાનો લાલકૃષ્ણ અડવાણીએ વિરોધ કર્યો, પરંતુ તેમની જ ટીકા થઈ. મોદીને જબરજસ્ત સમર્થન મળ્યું. અંતે અડવાણીએ નમવું પડ્યું. 2. ઈન્ફોસિસમાંથી નિવૃત થયેલા નારાયણ મૂર્તિ ફરી પાછા ફર્યા. પુત્રને પણ લઈ આવ્યાં. 3. શિવસેનામાં ઉદ્ધવનું નેતૃત્વ કોઈ સ્વીકારી શક્યું નથી. રાજ ઠાકરે મોદીની નજીક આવી રહ્યાં છે. લોકસભા ચૂંટણીમાં મહારાષ્ટ્રનો રાજકીય ડ્રામા ખૂબ જ રોચક બની ગયો. 4. આંધ્રમાં પણ એકંદરે આવી જ સ્થિતિ છે. કોંગ્રેસ નેતા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન YSR રેડ્ડીનાં પુત્ર જગનમોહન રેડ્ડી કોંગ્રેસ માટે નાસૂર બની ગયાં છે. કોંગ્રેસે જ્યારે પણ તેમને જેલમાં મોકલ્યાં, તે વધુ લોકપ્રિય થતા ગયાં.

**બોધપાઠ :** સાચો નેતા તેમની સાથે એક ટીમ તૈયાર કરે છે, પરંતુ સૌથી વધુ ધ્યાન આપે છે નવા લીડરને તૈયાર કરવામાં. આપણી સ્કૂલ, કોલેજ, ઓફિસ, કોલોની, ક્લબ અને સંસ્થામાં ક્યાંય પણ આપણા લીડર નવી લીડરશીપ આપવા આગળ ન આવે તો તેને નેતૃત્વ માનશો નહીં.

**2. મહિલાઓ નિર્ણય કરે તો અપમાન કરનારાઓને સજા મળશે**

ગયાં વર્ષે ડિસેમ્બરમાં દિલ્હી દુષ્કર્મની બર્બર ઘટના ઘટી, જેના પગલે સમગ્ર દેશમાં આક્રોશ જાગ્યો. મહિલાઓ વિરુદ્ધની ઘટનાઓ ઓછી થઈ નથી. 1. મુંબઈમાં ફોટોજર્નાલિસ્ટ સાથે દુષ્કર્મ. 2. આસારામ અને તેમના પુત્ર નારાયણ સાંઈનાં કરતૂત, પોતાની જ શિષ્યાઓને શરમજનક કૃત્યોની શિકાર બનાવી. 3. તરુણ તેજપાલ દ્વારા સાથી પત્રકારનું શોષણ કરાયું, પછી તેનું જ ચરિત્ર ખરાબ દર્શાવવાનો પ્રયત્ન. 4. જસ્ટીસ ગાંગુલી પર લો ઈન્ટર્ને લગાવ્યાં ગંભીર આરોપ. 5. રાજસ્થાનમાં દુષ્કર્મનાં આરોપી મંત્રી બાબુલાલ નાગરની હકાલપટ્ટી. આ બધા જ કેસોમાં મહિલાઓએ તેમની સાથે થયેલા ખરાબ વર્તનનો વિરોધ કર્યો. તેમને ડરાવાયા, ધમકાવાયા, કેસને રાજકીય રંગ અપાવવાનો પ્રયત્ન થયો, પરંતુ તેઓ અડગ રહી. દુનિયાને બતાવી દીધું. અપરાધી ગમે તેટલા મોટા કેમ ન હોય અથવા આસ્થાનાં સિંહાસન પર કેમ ન બેઠા હોય. દુનિયા સામે તેમનો ચહેરો ખુલ્લો પાડ્યો.

**3. અંધવિશ્વાસ ક્યારેય હકીકતમાં નથી બદલાઈ શકતો**

સાધુ શોભન સરકારને સ્વપ્ન આવ્યું કે ઉત્તર પ્રદેશનાં ડોંડિયાખેડામાં હજાર ટન સોનું દટાયેલું છે. લગભગ 3 લાખ કરોડ રૂપિયાનું. એક કેન્દ્રીય પ્રધાને સાધુનાં કહેવા પર ખજાનાનું ખોદકામ કરાવાનો આદેશ આપ્યો. કેન્દ્ર અને રાજ્યની જવાબદાર સરકારોનો કાફલો આ કામમાં એક પખવાડિયા સુધી જોતરાયેલો રહ્યો. તેના માટે ટ્રસ્ટ બનાવવાની ભલામણ પણ થવા લાગી. સમગ્ર દેશનાં ઈલેક્ટ્રોનિક મીડિયાની પણ નજર રહી, પરંતુ મળ્યું કશું નહીં. ફાયદો એ થયો કે ધૂળ ખાતા ગેઝેટિયર અને બ્રિટિશ પુસ્તકો ચર્ચામાં આવ્યાં. સાબિત એ થયું કે સ્વપ્ન પર વિશ્વાસ ના કરશો.

**બોધપાઠ :** અંધવિશ્વાસથી માત્ર ખોટી ધારણાઓ જ મજબૂત બનશે. કોઈનું ભલું નહીં થાય. ગુપ્ત ખજાનાએ આજ સુધી કોઈનું ભલું કર્યું નથી. આવા ખજાના હોતા જ નથી. માત્ર ખોટું ઝનૂન પેદા થાય છે. જેનાથી હજારો જીવન બરબાદ થઈ જાય છે.

**4. ચેતવણી નાની હોય તો પણ ધ્યાન આપો, નહીં તો નુકસાન થશે**

1. ઉત્તરાખંડ ચારધામ યાત્રા દરમિયાન આ વર્ષનો સૌથી મોટો વિનાશ થયો. 2. મધ્ય પ્રદેશનાં દતિયામાં નવરાત્રી દરમિયાન દુર્ઘટના. ધર્મસ્થળ પર આવી દુર્ઘટનાઓ થાય તે શું કોઈ મજબૂરી છે? ધાર્મિક અને આસ્થાનાં સ્થળો પર જતા લોકોની સંખ્યા વધી રહી છે. ઉત્તરાખંડમાં દુર્ઘટના પહેલા હવામાન વિભાગે સૂચના આપી હતી કે વાદળ ફાટી શકે છે, પરંતુ બધાએ તેને સામાન્ય સૂચના સમાન જ લીધી, તેમાં છૂપાયેલી ચેતવણી જોઈ નહીં. તેનાથી વિપરીત ઓક્ટોબરમાં ઓડિશામાં આવનારા તોફાન અંગે પણ પૂર્વ સૂચના મળી, પરંતુ અહીં ગંભીરતાપૂર્વક ધ્યાન અપાયું. લોકોનું સ્થળાંતર કરાયું, પરિણામે હજારોનાં જીવન બચી ગયાં.

**બોધપાઠ :** આપત્તિઓ ભલે કુદરતી હતી, પરંતુ નુકસાન મનુષ્યોનાં કારણે થયું હતું. આ દુર્ઘટનાઓની તીવ્રતાને ઓછી કરવી આપણા હાથમાં નથી, પરંતુ આપણે જાગૃત થઈને હજારો જીવન બચાવી શકીએ છીએ.

**5. કાયદાની નજરમાં સૌ સમાન**

વીતેલાં વર્ષમાં વિવિધ ક્ષેત્રોની અગ્રણી હસ્તીઓને સળિયા પાછળ જવું પડ્યું. લાલુપ્રસાદ યાદવને ચારા કૌભાંડમાં, સંજય દત્તને હથિયાર રાખવાના મામલે, તલવાર દંપતીને દીકરીની હત્યાનાં ગુના બદલ જેલમાં ધકેલવામાં આવ્યાં. આસારામ હોય કે તેજપાલ, કોઈ પણ બચી શક્યા નથી. તેમને બચાવવા માટે એવા તર્ક અપાયા કે સમાજમાં તેમનું ઘણું માન છે. તેઓ ક્યાંય નહીં ભાગી જાય. સમાજને તેમનાથી કોઈ જોખમ નથી, પરંતુ આવી દલીલો કામ ન આવી.

**બોધપાઠ :** જો ગુનો કર્યો છે તો સજા ભોગવવી જ પડશે. કાયદાની નજરમાં બધા સમાન છે. ભૂલ હોય તો સ્વીકારી લો, કારણ કે સમાજમાં પ્રભાવ કે માનથી કાયદાને અંધારામાં ન રાખી શકાય.

### 6. ઈરાદો મજબૂત હોય તો ઉંમરનું બંધન નથી નડતું

મેરેથોન દોડવીર ફૌજાસિંહ 101 વર્ષે નિવૃત. 80 વર્ષે દોડવાનું શરૂ કર્યું. આંતરરાષ્ટ્રીય સ્તરે મેરેથોનમાં દોડ્યા અને ઈનામ મેળવ્યાં. લતા તાઈનાં પતિને ઈલાજની જરૂર હતી. 65 વર્ષનાં લતા 3 કિમીની રેસમાં દોડ્યાં. ઈનામ પેટે તેમને પાંચ હજાર રૂપિયા મળ્યાં. લોકોએ મદદ કરી. તેમના એકાઉન્ટમાં દોઢ લાખ રૂપિયા જમા થઈ ગયાં.

**બોધપાઠ** : પડકાર મળે તો સ્વીકાર કરો. લક્ષ્ય સ્પષ્ટ હોય તો પૂરા જોશ અને જોમ સાથે તેને હાંસલ કરવા પ્રયાસ કરો, તો વિજય નિશ્ચિત છે. તેમાં ઉંમરનું બંધન નડતું નથી.

### 7. ઈમોશનલ વાતોથી કંઈ જ નહીં થાય, ગ્રાઉન્ડ વર્ક બતાવવું પડશે

તાજેતરમાં લોકસભાની ચૂંટણી યોજાઈ. કોંગ્રેસ માટે રાહુલ ગાંધીએ સભાઓ યોજી. તેમણે લોકોને ભાવુક્તાભરી વાતો કહી કે, મારા પપ્પાની હત્યા થઈ, દાદીની હત્યા થઈ. મારા જીવને પણ જોખમ છે, પરંતુ આવી વાતોથી કોઈ ફાયદો ન થયો. સ્થાનિક નેતૃત્વ પ્રત્યે લોકોમાં ગુસ્સો હતો. કોંગ્રેસનો પરાજય થયો. બીજી તરફ મોદીએ પોતાનાં ભાષણોમાં યુવાનોને જોડ્યા અને વિકાસની વાતો કરી, જેનો ચૂંટણીમાં ફાયદો થયો.

**બોધપાઠ** : તમે જે કામ કર્યુ છે અને જે કરવાના છો તે વિશે જણાવો. ભાવુક્તા ભરી વાતોથી આશ્વાસન જરૂર મળે, પરંતુ સમર્થન નહીં. આવી વાતો ત્યારે મહત્વપૂર્ણ બનશે, જ્યારે જવાબદારીપૂર્ણ હોદ્દો હોય.

### 8. જરૂર હોય ત્યાં આક્રમણ કરો, નહીં તો માથાં કપાતા જ રહેશે

આપણી સરહદની સુરક્ષા આખું વર્ષ પ્રશ્નોનાં ઘેરામાં રહી. પાકિસ્તાનનાં ત્રાસવાદી 'સૈનિકો' એ ઘૂસણખોરી કરીને આપણાં બે સૈનિકોની હત્યા કરી. એક સૈનિકનું માથું કાપીને લઈ ગયાં. આપણે નિવેદનોમાં જ અટવાયેલા રહ્યાં. પૂંચમાં ફરી પાંચ સૈનિકોની હત્યા થઈ. 100થી વધારે વખત યુદ્ધવિરામનું ઉલ્લંઘન થયું. અધૂરામાં પૂરું, ચીને પણ તેનો રંગ બતાવ્યો. 50થી વધારે વખત આપણી સરહદ ઓળંગી. એપ્રિલમાં તેમના સૈનિકો લદ્દાખમાં 19 કિમી સુધી ઘૂસી ગયાં. ત્રણ અઠવાડિયા સુધી આરામથી તંબુ તાણીને બેસી રહ્યાં. બરાબર એ જ રીતે જેમ આપણી સરકાર દિલ્હીમાં હાથ પર હાથ ધરીને બેઠી હતી.

**બોધપાઠ** : આપણે પાકિસ્તાન તરફ 3328 કિમી અને ચીન તરફ 3500 કિમીની સરહદ ધરાવીએ છીએ, તેની સુરક્ષા અને આત્મસન્માન જાળવી રાખવા હોય તો આપણી સરહદ ખૂબ મજબૂત રાખવી જોઈએ. નિવેદનોથી માત્ર દિલાસો મળી શકે, પરંતુ કપાયેલાં માથાં નથી મળતાં. આપણું મસ્તક હંમેશા ઊંચુ રહે તે માટે ઈરાદો મજબૂત રાખવો પડશે.

### 9. સરકાર મતબેંક સાચવશે તો વ્યવસ્થા જાળવવી મુશ્કેલ થશે

મુઝફ્ફરનગરમાં છેડતીની નિમ્ન કક્ષાની ઘટના બાદ રમખાણો થયાં. શું પોલીસ, અધિકારીઓ અને રાજ્યની સરકાર? બધાને ખબર હતી. કોઈએ પણ રમખાણો રોકવાનો પ્રયાસ સુદ્ધાં ન કર્યો. સામાન્ય ઘટનાને જ્ઞાતિ અને ધર્મનો રંગ આપીને નફરતની આગમાં આખા વિસ્તારને સળગતો કરી નાખ્યો. ગલીઓમાં પોલીસ તૈનાત હતી, પરંતુ એક પણ વ્યકિતની ધરપકડ ન થઈ. બંને સમુદાયની પંચાયતો યોજાતી રહી. ઉશ્કેરણીજનક ભાષણો આપ્યાં, ફરી લોહિયાળ સ્થિતિ ઊભી થઈ. સાંપ્રદાયિક તણાવ વધતો જ ગયો. મુખ્યમંત્રી અખિલેશ યાદવે કંઈ કર્યું જ નહીં તેવું સ્ટિંગ ઓપરેશનથી સ્પષ્ટ થઈ ગયું. આજે સરકાર મજામાં છે, પણ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો.

**બોધપાઠ** : આપણે જેના હાથમાં રાજ્યની સત્તાનું સુકાન સોંપીએ છીએ તે કોઈ પણ પક્ષનાં હોય, પરંતુ તેમની તપાસ અચૂક કરવી જોઈએ. પાછળથી એવું ન બને કે તેઓ પોતાના લાભ માટે વ્યવસ્થાને જુએ જ નહીં. તેમને ઓળખો અને ચૂંટણીમાં હરાવો જેથી નરસંહારની આવી ઘટના ફરી ન બને.

### 10. કોઈ પણ પ્રોફેશન હોય, સફળતાનો શોર્ટકટ હોતો નથી

IPL T TWENTY 21મી સદીની રોમાંચક અને ફટાફટ ક્રિકેટ મેચ. ખુશી, હતાશા, ગુસ્સો, આશ્ચર્યનો પડછાયો, મનોરંજન, શોર બકોર, ગ્લેમર અને પાણીની જેમ વહેતા પૈસા. સિઝન 6માં જ્યારે સ્પોટ ફિક્સિંગની વાત સામે આવી ત્યારે ક્રિકેટની ગરિમા ધૂળમાં મળી ગઈ. એટલે કે જે મેદાન પર થઈ રહ્યું હતું તે પહેલેથી જ ફિક્સ હતું. પહેલાં શ્રીસંત, ચંડિલા અને અંકિત ચૌહાણનાં નામ સામે આવ્યા. પછી BCCI અધ્યક્ષ શ્રીનિવાસન અને તેમના જમાઈ ગુરુ મયપ્પન તેમજ રાજસ્થાન રોયલ્સનાં રાજ કુન્દ્રા પણ આ શરમજનક રમતમાં સામેલ હતાં. બોર્ડ સચિવ અને કોષાધ્યક્ષે રાજીનામુ આપી દીધું. ક્રિકેટપ્રેમીઓ ખૂબ જ નિરાશ થયાં.

**બોધપાઠ** : અતિ મહત્વાકાંક્ષા હંમેશા ખોટા કામ કરાવવા મજબૂર કરે છે. સંપત્તિ અને નામના માટે મેદાનમાં પરસેવો પાડવો પડે છે. શોર્ટકટથી સફળતાની ઈચ્છા એવો ડાઘ આપી જાય છે કે જેને જીવનભર દૂર કરી શકાતો નથી.

### 11. ટોચનાં લોકો આવું કરશે તો ઈતિહાસમાંથી ખોવાઈ જશે

થોડા દિવસ પહેલાં સાઈકલિંગની દુનિયામાં લાન્સ આર્મસ્ટ્રોંગનો દરજ્જો ભગવાન જેવો હતો. તેમણે સાત વખત ટૂર ડિ ફ્રાન્સનો એવોર્ડ પોતાના નામે કર્યો હતો. કેન્સર જેવી બીમારીને હરાવીને વિશ્વ ચેમ્પિયન બન્યા હતાં. અનેક લોકોને તેણે ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ક્રિકેટર યુવરાજ સિંહ જ્યારે કેન્સર સામે લડી રહ્યો હતો ત્યારે આર્મસ્ટ્રોંગનાં જીવને ખૂબ જ પ્રેરણા પૂરી પાડી હતી. આર્મસ્ટ્રોંગે ડોપિંગની વાત સ્વીકારી ત્યારે તેના પરથી તમામ લોકોનો ભરોસો ઊઠી ગયો. ભરોસો માત્ર આર્મસ્ટ્રોંગે જ નહોતો તોડ્યો, દક્ષિણ આફ્રિકાનો હીરો સ્પ્રિન્ટ રનર ઓસ્કાર પિસ્ટોરિયસ પણ આ જ શ્રેણીમાં આવી ગયો હતો. 2004માં જ્યારે એથેન્સ પેરાઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યો ત્યારે તે સમગ્ર દક્ષિણ આફ્રિકા માટે હીરો બની ગયો હતો. પગ વગર હવામાં ઊડતો આ શખ્સ કેટલો ખતરનાક છે તે વાતની જાણકારી આ વર્ષે વેલેન્ટાઈન ડેનાં દિવસે થઈ. સમગ્ર દુનિયા જ્યારે પ્રેમનાં દિવસને ઉજવી રહી હતી ત્યારે તે જ દિવસે પિસ્ટોરિયસે ક્રૂરતાપૂર્વક પોતાની પ્રેમિકાની હત્યા કરી નાંખી. દેશનો સૌથી મનપસંદ ખેલાડી પિસ્ટોરિયસ એક જ ઝાટકે સૌથી ખરાબ ચહેરો બની ગયો.

**બોધપાઠ** : સમાજમાં એક દરજ્જો પ્રાપ્ત કર્યા પછી, જો તમે ઈચ્છતા હોવ કે ઈતિહાસ તમને હીરો તરીકે યાદ રાખે તો તેનું પ્રમાણ ખૂબ જ ઊંચું રાખવું જોઈએ. લાન્સ આર્મસ્ટ્રોંગ ડોપિંગની જગ્યાએ સાહસનાં સથવારે પોતાની રેસ જીત્યા હોત તો ઈતિહાસમાંથી તેમના પાના ફાટ્યાં ન હોત. ઓસ્કાર પિસ્ટોરિયસે પોતાના પર શેતાનને હાવી થવા દીધો ન હોત તો સાહસ અને માણસાઈનો પર્યાય બની શકત.


**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ : દહેગામ**

હેડ ઓફિસ : દહેગામ, **Tel. :** 02716 232612
સબ યાર્ડ : રખિયાલ : 267242, ચેરમેન : રહેઠાણ : 233640

**સાચો તોલ** **રોકડા નાણાં** **ખુલ્લી હરાજી**

ખેડૂત અને વેપારીઓનાં હિતનું રક્ષણ કરતી APMC દહેગામ
સૌને સાથે લઈ સર્વાંગી વિકાસને ગતિશીલ બનાવી,
ઉત્તરોત્તર પ્રગતિનાં પંથે લઈ જવા સતત પ્રયત્નશીલ છે.

**યતિનકુમાર જે. શાહ** : સેક્રેટરી
**નંદુભાઈ કે. પટેલ** : વાઈસ ચેરમેન
**સુમેરુભાઈ આર. અમીન** : ચેરમેન

➤ Mission : Bharat Nirman For Quality Life



# ભારતનું ભવિષ્ય કેવું હશે...

**2050માં આપણે ક્યાં હોઇશું, તે અંગે પ્રસ્તુત છે પ્રતિધ્વનિનાં સંવાદદાતા પ્રિયા રોયનો એક્સક્લુઝિવ રિપોર્ટ...**

ભારત માટે કોણ સાચી દૂરદૃષ્ટિ ધરાવે છે. ભારતનું ભવિષ્ય કેવું હશે, 2050માં એ કેવું હોવું જોઈએ. આ મુદ્દે હું હંમેશા મિત્રો સામે જીવ બાળું છું. નેલ્સન મંડેલાનાં મૃત્યુ સાથે શું આપણે રાજનીતિમાં અત્યંત કુશળ એવા અંતિમ વ્યક્તિ ગુમાવી દીધી છે ? તો શું હવે આપણે સાવ સામાન્ય કક્ષાનાં નેતાઓથી કામ ચલાવવું પડશે. આ સંદર્ભમાં દિપાંકર ગુપ્તાનું નવું પુસ્તક 'રિવોલ્યુશન ફ્રોમ અબોલ: ઇન્ડિયાઝ ફ્યુચર એન્ડ ધ સિટીઝન એલાઈટ' અત્યંત પ્રભાવિત કરનારું અને એક આશાનું કિરણ જગાડનારું છે. ગુપ્તાએ તાજેતરમાં ઉત્તર સ્પેનમાં આવેલા રાજ્ય બાસ્ક્યુની મુલાકાત લીધી હતી, જે તેની નાગરિક ચળવળ અને અલગતાવાદી જૂથ ETA માટે પ્રખ્યાત છે. ગુપ્તાએ જોયું કે સ્પેનનો આ વિસ્તાર તેના યુવાન નેતૃત્વને બળે બોલવા કરતાં કામ કરવામાં માને છે. સંપૂર્ણપણે એક કલ્યાણકારી રાજ્યમાં ફેરવાઈ ગયો છે. સમૃદ્ધ સાંસ્કૃતિ મૂલ્યો, નોકરીની વિપુલ તકો અને ઉચ્ચ જીવનધોરણ સાથે સ્પેન કરતાં પણ આ રાજ્ય આગળ નીકળી ગયું છે. માત્ર ત્રીસ વર્ષમાં એક ચોક્કસ દૃષ્ટિકોણ અને શક્તિશાળી નેતૃત્વનાં બળે આ વિસ્તારનાં લોકો તદ્દન શાંતિપૂર્ણ જીવન પસાર કરી રહ્યાં છે. આવી તેમણે કોઈ કલ્પના પણ કરી ન હતી. બે ડગલાં આગળનું વિચારનારા અને સાહસિક નેતૃત્વએ લોકોની જરૂરિયાતોની નવી વ્યાખ્યા કરી છે. તેમણે માગ્યું હોય તેના કરતાં વિશેષ મેળવ્યું છે.

અહીંની મુલાકાત બાદ ગુપ્તા એ વિચારવા લાગ્યા કે આખરે આપણામાં શું ખામી છે અને છેલ્લા પચાસ વર્ષમાં કેટલું પરિવર્તન આવ્યું છે. તેમણે લખ્યું પછી મેં ભારત અંગે ઊંડાણથી વિચારવાનું શરૂ કર્યું. એક સમયે આપણી ગણતરી શ્રેષ્ઠ લોકોમાં થતી હતી, પરંતુ આપણને શ્રેષ્ઠ નેતાને બદલે માત્ર રાજકરણી જ મળ્યાં છે. માત્ર ચૂંટણીઓથી જ લોકશાહીનો હેતુ સિદ્ધ થતો નથી. લોકશાહીને પ્રગતિનાં પંથે લઈ જવા માટે સક્રિય દરમિયાનગીરીની જરૂર પડે છે. આ બધું ઉપરોક્ત દૃષ્ટિકોણથી જ શક્ય છે... તે માટે સૌથી પહેલાં તો સાહસની જરૂર છે. આ સાહસ વિચાર્યા વગરનું ન હોવું જોઈએ. આપણે તેમાં વધુ ઊંડા ઊતરવું પડશે અને લોકશાહીમાં જે અસંખ્ય સંભવિત શક્તિઓ છે તેને બહાર લાવવી જોઈએ. તમે જેને ચૂંટો છો તેણે ભવિષ્ય માટે કામ કરવું પડશે, જે કદાચ અવ્યવહારું આદર્શ લાગે, પરંતુ લોકોનાં અંગત જીવનમાં આવતાં આર્થિક પછાતપણાનો ભય રાખ્યા વગર દૂરંદેશીપૂર્વક આગળ વધવું જોઈએ. એક દિશા નક્કી કરીને વિશાળ દૃષ્ટિકોણથી આગળ વધવું પડશે. ચોક્કસ સમયગાળા બાદ તેઓ પ્રજાનાં મત ઉપર વિજય મેળવશે. ગુપ્તાએ યુરોપમાં છેલ્લી સદીઓ દરમિયાન આવેલાં પરિવર્તન ઉપર વિગતવાર ચર્ચા કરી છે.

ગુપ્તાએ પોતાના પુસ્તકમાં લોકશાહીનાં મૂલ્યો વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરી છે. લોકશાહીનાં અન્ય બે આદર્શો સમાનતા અને અધિકાર કરતાં ભાઈચારો સૌથી મહત્ત્વનો છે. આપણે ધર્મ, રંગ, ભાષા, જાતિ કે પછી અન્ય વર્ગભેદ દ્વારા વિશ્વમાં ભાગલા પાડીએ છીએ. આ બધી જ બાબતો લોકશાહીનાં આદર્શ ભાઈચારાની વિરોધી છે. ગુપ્તાએ પુસ્તકમાં એવા અનેક ઉદાહરણ આપ્યાં છે કે જેમની શાસનપદ્ધતિ લોકશાહી આધારીત છે, પરંતુ તેઓ કોઈને કોઈ ધર્મ, રંગ કે જાતિવાદની તરફેણ કરે છે. રાજકારણીઓ પણ જાતિ અને ધર્મને આધારે રમત રમે છે. લોકોનો સામાન્ય વ્યવહાર પણ તેને આધારે જ ચાલે છે. આ બાબત લોકશાહીનાં મૂળભૂત સિદ્ધાંત ભાઈચારાની તદ્દન વિરૂદ્ધ છે. આપણા રાજકારણીઓ આ બાબત સમજવા પણ તૈયાર નથી. તેઓ ભવિષ્યમાં આપણો દેશ કેવો હોવો જોઈએ તે અંગે વિચારવા પણ તૈયાર નથી. આપણે બુદ્ધિશાળી લોકો તરફ નજર દોડાવવી પડશે, જેઓ સૌને માટે એક સુંદર ભારત બનાવવા માટે સમર્પિત છે. હવે તમે કલ્પના પણ કરી ન હોય એવો દેશ બનાવવા માટે સક્રિય થઈ જાઓ, એક નવા ભારતનાં સર્જન માટે...

## 2014 સર્વોચ્ચ, સર્વશ્રેષ્ઠ અને સ્વર્ણિમ... સુઅવસર, સુવિધાઓ અને સફળતાઓ...

**નવું** વર્ષ ઘણાં અર્થમાં ખાસ છે. વિશ્વમાં એકથી એક ચઢિયાતી માનવનિર્મિત કરામત જોવા મળશે. ચીનમાં સૌથી ઊંચી ઈમારતો અને આપણાં દેશમાં વિશ્વનું સૌથી મોટું આસ્થા સ્થળ આકાર લેશે. આપણું જીવન સરળ બનાવનારા ઘણાં મહાન પ્રયત્નો થશે.

**સૌથી બૃહદ શબ્દ કોશ :** 22 ભાષાનાં શબ્દોને મનપસંદ ભાષામાં અનુવાદ કરી શકાશે. ટ્રાન્સલેશન ટૂલ ઈંડો વર્ડનેટ ઓગસ્ટ સુધી તૈયાર થઈ જશે.

**સૌથી મોટો સોલર પાવર પ્લાન્ટ :** જયપુર નજીક 4000 મેગાવોટની ક્ષમતાનો સોલર પાવર પ્લાન્ટ બાંધવાની શરૂઆત થઈ ગઈ છે.

**સૌથી વિરાટ મંદિર :** બિહારનાં ચંપારણમાં 18 શિખર વાળા વિરાટ રામાયણ મંદિરનું નિર્માણ શરૂ થઈ ગયું. આ મંદિરનાં સૌથી મોટા શિખરની ઊંચાઈ 405 ફૂટ હશે. તે દુનિયાનું સૌથી મોટું ધર્મ સ્થળ હશે.

**દેશનો સૌથી લાંબો પુલ :** આસામમાં બ્રહ્મપુત્ર નદી પર દિબ્રૂગઢ અને રાજ્યનાં ઉત્તર ભાગને જોડતો દેશનો સૌથી લાંબો ડબલ ડેકર પુલ હશે.

**સૌથી ઊંચો રેલવે પુલ :** જમ્મુ કાશ્મીરની ચેનાબ નદી પર દુનિયાનો સૌથી ઊંચો રેલવે પુલ બનવા જઈ રહ્યો છે. તે બની ગયાં પછી શ્રીનગર સુધી ટ્રેન જઈ શકશે. આ બ્રિજની ઊંચાઈ કુતુબમિનારથી 5 ગણી વધુ છે.

**સૌથી ઊંચી પ્રતિમા :** 182 મીટર ઊંચી સરદાર પટેલની પ્રતિમાને સ્ટેચ્યુ ઓફ યુનિટી નામ અપાયું છે. નરેન્દ્ર મોદીએ તેના માટે દેશવ્યાપી અભિયાન ચલાવ્યું છે. 26 જાન્યુઆરીથી તેનું નિર્માણ શરૂ થઈ ગયું.



➤ Change World for Quality Life

# સૃષ્ટિનો ઇવોલ્યુશન ક્રમ વિકાસ...

## જીવવિકાસ, ઉત્ક્રાન્તિ અને ટેકનોલોજી અદ્‌ભુત છે...

સ્વામી શિવાનંદને એક અમેરિકને પૂછ્યું કે લોકો એકને એક ગાયત્રી મંત્ર રટે છે તો 'બોર' નહીં થઈ જતાં હોય ? તેને કંટાળો નહીં આવતો હોય ? ત્યારે શિવાનંદજીએ હિમાલયનાં ઠંડા પવનની લહેરખી ખાતાં કહ્યું, અરે ભાઈ અમારા લોકો એકનું એક કામ કરીને કંટાળાને એટલી હદે લઈ જાય છે કે કંટાળો આખરે સબલાઈમ થઈ જાય છે. એટલે કે કંટાળો અલૌકિક થઈ જાય છે. જૂના જમાનામાં સૌરાષ્ટ્રનાં લોકો તુલસીશ્યામ કે નાથદ્વારા શ્રીનાથજીનાં દર્શન કરવા બળદગાડા જોડીને જતાં ત્યારે કોઈ બોર થતાં નહીં. ગીતોમાં બળદગાડું રસ્તો કાપી નાખતું. એક અમેરિકન કેવિન કેલિ આજે ટેકનોલોજીનો ભક્ત બન્યો છે. તે લોકોને જુદું જ ગળે ઉતારે છે. કેવિન કેલિ કહે છે કે, હું ભલે અંગત રીતે સેલફોન, ટીવી કે લેપટોપ કંઈ વાપરતો નથી, પણ માનવ આજની ટેક્નોલોજી વગર આટલો સુખી થતો નહીં. યંત્રોએ માનવની શક્તિ અમાપ કરી છે. હવે બળદગાડા જોડીને વરરાજાની જાન જોડાય નહીં. યાત્રા કરવા નાથદ્વારા જવું હોય તો પ્લેન અને બસથી જવાય. પહેલાં આવું નહોતું એટલે મહુવાથી તુલસીશ્યામ બળદગાડામાં જવું પડતું. વરની ગાડીમાં બહેનો મંગળગીતો ગાતી. પુરુષો દોહા અને શૌર્ય ગીતો ગાતાં. આમ રસ્તો કપાઈ જતો. એ પછી સૌરાષ્ટ્રનો માણસ મુંબઈમાં આવ્યો, ત્યારે લોકલ કે ફાસ્ટ ટ્રેનમાં ટાઈમ પાસ કરવા ભજનમંડળીઓ શરૂ કરેલી. આજે મોબાઈલ અને લેપટોપ સાથે સમય પસાર થઈ જાય છે. કેવિન કેલિએ એક બેસ્ટ સેલર પુસ્તક લખ્યું છે. 'વ્હોટ ટેકનોલોજી વોન્ટસ' તમને ટેક્નોલોજી શું સેવા આપે છે અને તમારી પાસે શું માંગે છે. ગાંધીજીની નિસર્ગોપચારની વાત બરાબર છે, પણ યંત્રની આજે કોઈ મર્યાદા રહી નથી. આ કેવિન કેલિની ઓળખ કરી લો, તે કેલિફોર્નિયાનાં ગામડાનાં ઝૂંપડામાં ત્રણ બાળકો સાથે રહે છે. વાયર્ડ નામના અત્યાધુનિક કોમ્પ્યુટર યુગનાં મેગેઝિનનો સહતંત્રી છે. તે ભારતનો ખાસ પ્રેમી છે. તેણે કહ્યું છે કે હિન્દુસ્તાનીઓ ભલે પુસ્તકમાં વાંચવા ખાતર યંત્રની મર્યાદા વાંચે કે રેંટિયો અભરાઈ પર પ્રદર્શનમાં રાખે, પણ નવી પ્રજાને તો બધું જ આધુનિક જોઈએ છે. 'વ્હોટ ટેકનોલોજી વોન્ટસ' એ પુસ્તકનો રીવ્યુ વિશ્વનાં તમામ જાણીતા અખબારો અને મેગેઝિનોએ લખ્યો છે. કેવિન કેલિ કહે છે કે યંત્ર થકી માણસ દુઃખી નહીં સુખી થયો છે. ટેકનોલોજીએ આપણું જીવન લાંબુ બનાવ્યું છે. આવરદા લાંબી થઈ છે. શરીરની સંભાળ રાખો તો તંદુરસ્ત જીવન જીવી શકો છો. અનેક સગવડો ભોગવી શકો છો. કેવિન કેલિ કહે છે કે થોડાક ગેરલાભો છે જે તમે જાણો છો, પણ ઓવર ઓલ લાઈફ હેઝ બીન ગેટિંગ બેટર એન્ડ  બેટર. હું નિસર્ગોપચારનો ભક્ત છું, સાદો છું છતાં, મને આજની ટેકનોલોજી અને ખાસ તો કમ્પ્યુટર મારા જ્ઞાનમાં એટલે કે પત્રકારત્વમાં મદદ  કરે છે. ટેક્નોલોજીથી જીવન ધાંધલિયયું છતાં સગવડિયું બન્યું છે. નવી થિયરીઓ પેદા થઈ રહી છે. હજીય નવું પેદા કરીશું.

ટેકનોલોજીની ધમાલ સામે ફાયદા કેટલા થાય છે તે આપણે જાણીએ છીએ. છતાં આપણે ટેક્નોલોજીની પત્તર ખાંડીએ છીએ. આ સૃષ્ટિનાં ઈવોલ્યુશન ક્રમ જીવ વિકાસની ઉત્ક્રાન્તિ અદ્‌ભુત છે. આધ્યાત્મિક ક્ષેત્રે પણ ઘણું મેળવી રહ્યાં છીએ. વિકાસનો કોઈ અંત નથી. આપણું વિકાસલક્ષી વલણ જ વિવિધતા પેદા કરે છે. કોઈ વખત કોમ્પલેક્સિટી ઊભી થાય છે. ગૂંચવણો તો થાય પણ તેમાંય મારગ છે. કવિ હરિન્દ્ર દવેનાં સૂર્યોપનિષદ કાવ્યસંગ્રહને અહીં ટાકું છું. આજે આથમેલા સૂર્યનાં સોગંદ કે, હું કાલે પાછો સવારે સૂર્ય બનીને ઊગીશ. પ્રચંડ જવાળા બનીને સળગીશ, એક વિરાટ શૂન્યમાં એકલવાયા આગળ વધીશ. પ્રખર મધ્યાહનની રાતીચોળ સાંજ સુધી મારી એકલતા આ ક્ષિતિજે ડૂબશે, ત્યારે કોઈક બીજી જ ક્ષિતિજે એ ઊગતી હશે.



# આમણે જોયું બદલાતું ભારત અને પોતે પણ બદલ્યું...

**ભૂતકાળમાં સ્કૂટર અને ફોન માટે વર્ષો સુધી વેઇટિંગ હતું.**

**મુકેશ અંબાણી : ચેરમેન @ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ.**

1980માં હું સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંથી MBA કરીને મુંબઇ પાછો ફર્યો હતો. અમારી કંપનીની પહેલી મોટી પોલિયેસ્ટર ફેક્ટરી મુંબઈથી 65 કિમી દૂર પાતાલગંગામાં શરૂ કરવાની હતી. સ્કૂટર માટે તે સમયે 10 વર્ષ સુધીનું વેઈટિંગ હતું. ફોનની લાઈન માટે પણ વર્ષો સુધી રાહ જોવી પડતી હતી. મારા પિતાએ ભારતને 1947માં સ્વતંત્ર થતા જોયું અને હું ભાગ્યશાળી છું કે મેં 1991માં ભારતને લાઈસન્સ રાજથી સ્વતંત્ર થતાં જોયું હતું. આ બંને ટર્નિંગ પોઈન્ટે ભારતનો વિકાસ કર્યો છે. 1990માં પિતાજીએ જ્યારે પેટ્રોકેમિકલ રિફાઈનરી જામનગરમાં નાંખવાની જવાબદારી સોંપી તો મારો અનુભવ પહેલાં કરતા એકદમ અલગ હતો. નાણાંકીય કટોકટી અને આર્થિક સુધારા માટે ફરજ પાડી હતી. 23 વર્ષમાં જે પરિવર્તન થયું છે, તેનાથી આગામી દસ વર્ષમાં બે કરોડ રોજગારીની તકો સર્જાશે. આથી શિક્ષણ પર સંપૂર્ણ ભાર મૂકવો જરૂરી છે. હજી ભારતનાં બાળકો અન્ય દેશોમાં ભણવા જાય છે, પરંતુ થવું એ જોઈએ કે શક્તિશાળી દેશોનાં બાળકો ભારતમાં ભણવા આવે.

**દેશમાં ડેટાડ્રિવન સંસ્કૃતિની સવાર ઊગી રહી છે.**

**સુનિલ ભારતી મિત્તલ : ચેરમેન @ ભારતી એન્ટરપ્રાઇઝીસ.**

ફ્રાન્સનાં લેખક વિક્ટર હ્યુગોએ કહ્યું હતું કે, જેનો સમય થઈ ગયો છે તે વિચારને રોકી નથી શકાતો. આ દૃષ્ટિએ ડેટાડ્રિવન સંસ્કૃતિની સવાર ભારતમાં ઊગી રહી છે. એક સમાજ તરીકે આપણે તેનો કેવી રીતે લાભ ઉઠાવી શકીએ તે આપણે જોવાનું છે. ટેક્નોલોજીએ હંમેશા આધુનિક ભારતમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. પછી તે 1960ની વાત હોય કે 1970ની હરિત ક્રાંતિની વાત હોય, જેણે ભારતને ધાન્યથી ભરપૂર કરી દીધું. હવે ટેલિકોમ્યુનિકેશન્સ અને IT ક્રાંતિએ દેશને ધનનો સ્ત્રોત બનાવી દીધો છે. એક સમયે પછાત મનાતો દેશ આર્થિકરૂપે સમૃદ્ધ દેશોની કેટેગરીમાં આવી રહ્યો છે. ટેક્નોલોજી હવે માણસનાં દૈનિક જીવન સાથે જોડાઈ ગઈ છે. મોબાઈલ પરની લેવડ દેવડે જીવન વધુ સરળ બનાવી દીધું છે. હેલ્થ સર્વિસીસ શરૂ થઈ ચૂકી છે. તેનાથી દેશમાં 1700 લોકો પર સરેરાશ એક ડોક્ટરની અછત સરભર કરી શકાશે. એજ્યુકેશન પણ શરૂ થઈ ચૂક્યું છે.

**દાદા દાદીએ સમય સાથે ચાલતા શીખવાડ્યું.**

**કુમાર મંગલમ્ બિરલા : ચેરમેન @ આદિત્ય બિરલા ગ્રુપ.**

મહાત્મા ગાંધીએ મારા પરદાદાનાં ઘરમાં પ્રાણનો ત્યાગ કર્યો હતો. હવે તે ઘર સંગ્રહાલય છે. અમારો વંશ મૂલ્યો અને આદર્શો માટે પ્રખ્યાત છે. 1996માં મેં બિરલા ગ્રુપ સંભાળ્યું ત્યારે કેફેટરિયામાં નોનવેજ મળતું નહોતું. ગ્રુપ મીટિંગમાં દારૂ સર્વ કરવામાં આવતો નહીં. સાત વર્ષ બાદ ઓસ્ટ્રેલિયામાં તાંબાની એક ખાણ અમારા ગ્રુપે ખરીદી. ગ્રુપમાં નવા દેશ અને નવી કંપનીનાં લોકો આવ્યાં. તે લોકોને શંકા હતી કે ગ્રુપની પાર્ટીમાં તેમને સંસ્કૃતિ અનુસાર ખાન પાન નહીં મળે. મારા અનેક મેનેજરોએ આ બાબતથી મને માહિતગાર કર્યો. મેં અનેક નિયમો તોડ્યાં, પરંતુ ગ્રુપની મીટિંગમાં આ બંને વસ્તુઓ પીરસવા ન દીધી, કારણ કે મૂળિયા એવા નહોતાં. ત્યારે મેં દાદા દાદી સાથે વાત કરી. તેઓ હસીને કહેવા લાગ્યાં, આપણે બદલાવું પડશે. જો આપણે વિશ્વ પર છાપ છોડવા માગતા હોઈએ તો, એવી વસ્તુઓને સ્વીકારવા માટે તૈયાર રહેવું જોઈએ.



➤ Mission : Super Power India

# ધરતી, પાણી અને આકાશમાં વધશે તાકાત...

ભારતીય સૈન્યની ત્રણેય પાંખનાં વડા પ્રતિધ્વનિનાં વાચકોને જણાવી રહ્યાં છે કે, 2014નું વર્ષ સલામતીની દૃષ્ટિએ અત્યંત ખાસ છે. દુનિયાનાં સર્વશ્રેષ્ઠ યુદ્ધજહાજ આપણી દરિયાઈ સરહદની સુરક્ષાને અભેદ્ય બનાવશે, તો વાયુસેનાનાં તેજસનું તેજ ચમકશે. નવી ટેક્નોલોજીવાળા અનેક પ્રકારનાં હથિયાર સૈન્યની શક્તિને અનેકગણી વધારી દેશે.

**દેશનાં એન્જિનિયર આપશે વર્લ્ડ કલાસ યુદ્ધ જહાજ.**

**નૌકાદળનાં વડા : એડમિરલ ડી.કે. જોશી**


નૌકાદળે 2014ને આત્મનિર્ભરતા વર્ષ જાહેર કર્યું છે. તેને દેશમાં બનેલી સબમરીન અને મિસાઈલો મળશે. 2014નાં વર્ષને ભારતીય નૌકાદળે 'ઈયર ઓફ મેરિટાઈમ કેપેબિલિટી થ્રુ સેલ્ફ રિલાયન્સ તરીકે જાહેર કર્યું છે. એટલે કે આખું વર્ષ આપણા દેશમાં બનેલા યુદ્ધજહાજ, વિમાનવાહક જહાજ અને હળવા વિમાન ભારતીય નૌકાદળની તાકાત વધારશે. કોલકાતા કલાસનું પ્રથમ યુદ્ધજહાજ INS કોલકાતા ભારતીય નૌકાદળમાં જોડાશે. આ ભારતીય નૌકાદળનું સૌથી વિશાળ ડિસ્ટ્રોયર હશે. આ જ રીતે નવાં વર્ષમાં 6000 ટન વજન ધરાવતી સ્વદેશમાં બનેલી પ્રથમ પરમાણુ સબમરીન INS અરિહંતનું દરિયાઈ પરીક્ષણ શરૂ થશે. અરિહંત બંદરગાહનું પરીક્ષણ પૂરું થઈ ચૂક્યું છે. ભારત દુનિયાનો છઠ્ઠો દેશ છે, કે જેની પાસે પોતે બનાવેલી એડવાન્સ ટેકનોલોજીવાળી પરમાણુ સબમરીન છે. તેના લોન્ચિંગ ટ્યૂબમાં 12 કે 15 મિસાઈલો અને ચાર મોટી મિસાઈલો આવી શકે છે. એ જ રીતે કમોરતા કલાસનું એન્ટિસબમરીન વોરફેર જહાજ ભારતીય નૌકાદળને મળશે. પ્રોજેક્ટ 28 અંતર્ગત આવા ચાર જહાજ નૌકાદળને મળવાની આશા છે. દર ત્રણ મહિનામાં 4 લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસ મળશે. કોઈ પણ સૈન્ય કાર્યવાહીમાં તાલમેલ અત્યંત જરૂરી છે. આ ઉદ્દેશ્યથી ઈસરો નૌકાદળ માટે સેટેલાઈટ લોન્ચ કરશે. આ સેટેલાઈટ દ્વારા નૌકાદળનાં યુદ્ધજહાજ, સબમરીન, વિમાન અને બેઝ વચ્ચેનો સંદેશાવ્યવહાર મજબૂત બનશે. ભારતીય નૌકાદળને ત્રણ વધુ P8I વિમાન મળશે. અમેરિકામાં બનેલા આ મારક વિમાન સબમરીન પર નિશાન સાધવામાં સક્ષમ છે. વિમાનવાહક જહાજ INS વિક્રમાદિત્ય જાન્યુઆરીનાં અંત સુધીમાં ભારત પહોંચી જશે. કેટલાંક મહિનામાં જ તે ઓપરેશન થઈ જશે. તેમાં  P500 મિસાઈલ લોન્ચર ફિટ કરેલા હશે. તે 40 વર્ષ સુધી સેવા આપશે અને એક દાયકા સુધી તેમાં કોઈ મોટા રિપેરિંગની જરૂરી નહીં પડે. સુપરસોનિક બ્રહ્મોસ અને તેજસ આપણાં નવાં શસ્ત્રો NAK બાઉન સ્ટેલ્થ ટેક્નોલોજીથી સજ્જ પાંચમી પેઢીનાં વિમાન રડારમાં પકડાશે નહીં. સુખોઈ 30 વિમાનનું નિર્માણ ચાલી રહ્યું છે. ભારતીય વાયુદળનાં લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસ નવાં વર્ષની ભેટ છે.  LC માર્ક 1 ટાઈપનાં તેજસ વિમાન આ વર્ષે વાયુસેનાનો ભાગ બનશે. આ વિમાન મિગ 21 FL વિમાનનું સ્થાન લેશે. સંરક્ષણ મંત્રાલયે મિગ 21 વિમાનોને વાયુસેનામાંથી નિવૃત્ત કરવા માટે 2014નો ટાર્ગેટ રાખ્યો છે. તેજસને દુશ્મનનાં વિસ્તારમાં અંદર સુધી જઈને હુમલો કરવાને લાયક બનાવાયા છે. પોતાની સલામતી માટે તેમાં એવા રડાર ફિટ કરેલા હશે જે તેના તરફ આવતી મિસાઈલ અને લેઝર બીમની પણ જાણ કરતા રહેશે. સેલ્ફ પ્રોટેક્શન જામર તેને વધારાનું સુરક્ષા કવચ પૂરું પાડે છે. ભારતીય વાયુદળને પાંચમી પેઢીનાં યુદ્ધ વિમાનનો પ્રથમ પ્રોટોટાઈપ આ વર્ષે જ મળી જશે. આ વિમાનોમાં સ્ટેલ્થ એટલે કે રડારની પકડમાં ન આવવાની ક્ષમતા હોય છે. તેમાં હથિયાર હોય તો પણ રડારમાં પકડાતા નથી. સુપરસોનિક બ્રહ્મોસ મિસાઈલને બેસાડવા માટે સુખોઈ 30 યુદ્ધક વિમાનોને પસંદ કરાયાં છે. તેનો પ્રથમ ટેસ્ટ લોન્ચ 2014માં યોજાશે. રશિયન ટેક્નોલોજીની મદદથી સુખોઈ 30 વિમાન નાસિકમાં હિન્દુસ્તાન એરોનોટિકલ્સ લિમિટેડ દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યાં છે. વાયુસેનામાં પ્રથમ વખત બ્રહ્મોસનો સમાવેશ થશે. તેનું વજન ઘટાડીને 3 ટનમાંથી 2.5 ટન કરવામાં આવ્યું છે. અવાજની ઝડપથી પણ વધુ તેજ ગતિએ ચાલતી મિસાઈલ બ્રહ્મોસ સબમરીન, યુદ્ધજહાજ, વિમાન અને જમીન પરથી હુમલો કરવામાં સક્ષમ છે. તેને દુનિયાની સૌથી ઝડપી મિસાઈલ ગણવામાં આવે છે. જમીન અને જહાજ પરથી હુમલો કરનારી બ્રહ્મોસ કામ પણ કરવા લાગી છે. ભારત અને રશિયાનું વાયુદળ વોર ગેમમાં ભાગ લેશે.

**ચીનનાં પડકારનો સામનો કરશે આપણી માઉન્ટેન સ્ટ્રાઇક કોર.**

**ભૂમિદળનાં વડા : જનરલ વિક્રમ સિંહ.**

બોફોર્સ તોપ બાદ પ્રથમ વખત ભારતીય સૈન્યને હોવિત્ઝર તોપ અને દિલ્હીને મિસાઈલ સુરક્ષા કવચ મળશે. આ વર્ષે નવી માઉન્ટેન સ્ટ્રાઈક કોર કામ કરવાનું શરૂ કરી દેશે. પશ્ચિમ બંગાળનાં પાનાગઢમાં તેનું મુખ્યાલય હશે. આ કોરમાં 45,000 સૈનિકો હશે અને તે ચીનને અડીને આવેલી સરહદની સુરક્ષા કરશે.  તેમાં બે ઈન્ફેન્ટ્રી બ્રિગેડ અને બે આર્મ્ડ બ્રિગેડ હશે. સાથે બે હાઈ એલ્ટિટ્યુડ ડિવિઝન હશે. ચીન તરફથી હુમલો થાય તો ભારત તિબેટ વિસ્તારમાંથી આક્રમણ કરી શકશે, તેનું નામ 17મી કોર હશે અને તેની પાછળ લગભગ 90 હજાર કરોડનો ખર્ચ થશે. સિયાચીન જેવા સુપર હાઈ એલ્ટિટ્યુડ પર તહેનાત સૈનિકો માટે વિશેષ કપડાં ખરીદવામાં આવશે. આ કપડાં પહેરીને સૈનિક માઈનસ 50 ડિગ્રી તાપમાનમાં પણ કામ કરી શકશે. જેમાં ત્રણ લેયરવાળા મોજાં, જેકેટ અને ટ્રાઉઝરનો સમાવેશ થાય છે. સૈન્યને પ્રથમ વખત હુમલો કરવા સમર્થ એવા હેલિકોપ્ટર મળશે. 30 રુદ્ર હેલિકોપ્ટર સૈન્યની એવિએશન કોરનો ભાગ બનશે. જેના પર એન્ટિ ટેન્ક ગાઈડેડ અને હવાથી હવામાં મારણ કરવાની ક્ષમતા ધરાવતી મિસાઈલો હશે. આ વર્ષે  M 777 અલ્ટ્રાલાઈટ હોવિત્ઝર આર્ટિલરી તોપ પણ ભારતીય સૈન્યને મળશે. બોફોર્સ બાદ પ્રથમ વખત કોઈ તોપ ભારતીય સૈન્યમાં સામેલ થવા જઈ રહી છે. હોવિત્ઝર તોપ સામાન્ય રીતે ગ્રુપમાં ઉપયોગી થાય છે. તે ગન અને મોર્ટારની વચ્ચેનું હથિયાર છે. એટલે કે તેના વડે ઊંચા ખૂણા પર હુમલો કરી શકાય છે. કેટલીક વખત તેને આર્મરની રીતે ઢાંકવામાં આવે છે, જેને કારણે તે ટેન્ક જેવી દેખાય છે. આ ઉપરાંત 65,000 નવી રાઈફલો પણ સૈન્યને મળશે. તેમાં ક્લોઝ ક્વાટર બેટલ કાર્બાઈન, LMG, સ્નાઈપર રાઈફલ્સ, બંકર બર્સ્ટ રાઈફલ વગેરે હશે. દિલ્હી આ વર્ષે DRDOનાં મિસાઈલ શીલ્ડમાં આવી જશે. દિલ્હી પછી દેશની ઔદ્યોગિક રાજધાની મુંબઈ માટે તેને તૈયાર કરાશે.

# The great education bazaar




## શિક્ષણ, આરોગ્ય અને ટેક્નોલોજીમાં પરિવર્તન આવશે...

**પ્રો. આશિષ નંદા : ડાયરેક્ટર @ IIM.**

દેશમાં શિક્ષણ ક્ષેત્રે મોટા પરિવર્તન આવી રહ્યાં છે. આ પરિવર્તનમાં ટેક્નોલોજીનું ઘણું મોટું યોગદાન છે. નવાં વર્ષે ટેક્નોલોજીમાં પરિવર્તન આવશે. ઓછા ખર્ચે સારું શિક્ષણ ઓનલાઇન કોર્સિસ દ્વારા આપવામાં આવી રહ્યું છે. સમાજમાં શિક્ષણની નવેસરથી વ્યાખ્યા થઇ રહી છે. ભણાવવાની જૂની પદ્ધતિઓ સમાપ્ત થઇ જશે. જ્ઞાન આધારિત સમાજમાં શિક્ષકોનું મહત્ત્વ વધશે. તેમને મોટા પેકેજ આપવામાં આવશે. જોકે આજે પણ દેશમાં ઓછા ખર્ચે સારી ગુણવત્તાનું શિક્ષણ મળી શકે તે સૌથી મોટો પડકાર છે. બિઝનેસ અને એજ્યુકેશન સેક્ટરમાં પડકાર, પહોંચ અને ગુણવત્તાને સુનિશ્ચિત કરવી પડશે. વિદ્યાર્થીઓ આજે વ્યવસાયમાં ઝંપલાવવા માંગે છે. તેમની પહોંચ બિઝનેસ સ્કૂલ સુધીની હોવી જોઇએ. તેમને ક્વોલિટી એજ્યુકેશન મળવું જરૂરી છે.

**ડો. નરેશ ત્રેહાન : MD અને ચેરમેન @ મેદાંતા.**

મેડિકલ ક્ષેત્રે બે મોટા પરિવર્તન આવશે. હૃદયનાં ઓપરેશનમાં જેટલી ચીરફાડ થાય છે તે અત્યંત ઓછી થઇ જશે, તેનું કારણ બનશે લેસ ઇન્વેઝિવ સર્જરી થેરપી. આ ટેક્નોલોજી અંતર્ગત શરીરમાં થોડાક છિદ્ર કરવામાં આવશે અને સર્જરી થઇ જશે. બીજું પરિવર્તન આવશે પેટ સ્કેન સુવિધા. આમ તો પોજિટ્રાન એમિશન ટોમોગ્રાફી પેટ કેન્સરનાં દર્દીઓ માટે કરવામાં આવે છે. આ ન્યુક્લિયર મેડિકલ ઇમેજિંગ ટેકનિક છે, જે શરીરમાં ચાલી રહેલી પ્રક્રિયાઓની 3D તસવીર આપે છે. સ્કેનર જે ફોટો પાડે છે, તેનો કમ્પ્યુટરની મદદથી એનાલિસીસ કરવામાં આવે છે. હવે હૃદયનાં દર્દીઓનાં ઇલાજમાં પણ તેનો ઉપયોગ કરવામાં આવશે. અમારા અધ્યયનમાં એ સાબિત થયું છે કે હૃદયનાં દર્દીઓનાં ઇલાજમાં પણ આ શક્ય છે. તે માટે અમે લગભગ 100 હૃદયરોગીઓ પર અભ્યાસ કર્યો છે. 2014માં ચોક્કસપણે હૃદયનાં દર્દીઓને તેનો ફાયદો મળશે. તાજેતરમાં ફ્રાન્સમાં કૃત્રિમ હૃદય બનાવવામાં સફળતા મળી છે. નવાં વર્ષમાં આ ટેકનિક વ્યાપક બનશે.

➤ Smart India For Quality Life

**એક્સપેરિમેન્ટલ સિનેમાનો યુગ આગળ વધશે : અમિતાભ બચ્ચન**

ભારતીય ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં આજકાલ ઘણું સારું કામ થઇ રહ્યું છે. તિગ્માંશુ ધુલિયા, શુજિત સરકાર, ઇમ્તિયાઝ, ઝોયા અખ્તર, ફરહાન અખ્તર અને અનુરાગ બાસુ જેવા ફિલ્મ નિર્માતા સુંદર ફિલ્મો બનાવી રહ્યાં છે. અનેક નાની ફિલ્મોમાં સારી પટકથા હોવાની સાથે તે કમાણી પણ કરી રહી છે. નવાં વર્ષમાં એક્સપેરિમેન્ટલ ફિલ્મોનો આ યુગ આગળ વધશે.

થોડાં વર્ષ પહેલાં પશ્ચિમનાં ફિલ્મજગતમાં આપણી સિનેમાને સારી નજરથી જોવામાં આવતી ન હતી. એ સમયે તેઓ આપણી સિનેમાનાં આમ આદમી સાથેનાં જોડાણને સમજતા ન હતાં. હવે સ્થિતિ બદલાઇ છે. આપણા અભિનેતાઓને વૈશ્વિક ઓળખ મળી છે. ભારત દુનિયાનો એકમાત્ર દેશ છે જ્યાં લગભગ 500 ટીવી ચેનલ છે. આપણી ફિલ્મોની પણ એક વિશેષતા રહી છે. માત્ર આપણે જ ફિલ્મોમાં ગીત સંગીત અને નૃત્ય પર પૂરો ભાર મૂકીએ છીએ. ભારતીય ફિલ્મોમાં મનોરંજન મુખ્ય તત્ત્વ છે, જેને ટકાવી રાખવું જોઇએ. બીજાની નકલ કરીશું તો આપણે ભટકી જઇશું, આપણા દર્શકોને સંતોષ નહીં મળે. હોલિવૂડની જેમ હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીને બોલિવૂડ કહેવું પણ ઉચિત નથી. તેનાથી આપણી મૌલિકતા પ્રભાવિત થાય છે. માત્ર કહેવાની વાત છે કે હિન્દી ફિલ્મો આંતરરાષ્ટ્રીય સ્તરની હોતી નથી. મને દુનિયામાં લગભગ દરેક જગ્યાએ એવા લોકો મળ્યા છે, જે હિન્દી ફિલ્મોનાં ગીત મમળાવે છે, સંવાદ બોલે છે. ભારતીય સિનેમા પર મને ખૂબ જ ગર્વ છે. અંધકારથી ભરેલાં સિનેમાઘરમાં જાતિ અને ધર્મનાં બંધનથી અલગ એક નવી સંસ્કૃતિ વિકસી છે. આપણે સાથે બેસીને હસીએ છીએ, રડીએ છીએ, લાગણીશીલ બનીએ છીએ. 100 વર્ષ પૂરાં કર્યા બાદ ભારતીય સિનેમાએ હવે આગળ વધવાનું છે. મને વિશ્વાસ છે કે હેપ્પી એન્ડિંગ દેખાડતી ફિલ્મોની સાથે આખી દુનિયાનાં દર્શકો હંમેશાં જોડાયેલા રહેશે. ટીવીની પણ પહોંચ અને તાકાતમાં વધારો થઇ રહ્યો છે.

**રોજગારી : 8.5 લાખ નવી જોબ**

આ વર્ષે FMCG, બેન્કિંગ, હેલ્થકેર, IT, રિટેલ અને હોસ્પિટાલિટી સેક્ટરમાં કુલ 8.5 લાખ જોબ આવવાની આશા છે. ગયાં વર્ષે તેની સંખ્યા 7.9 લાખ હતી. સૌથી વધુ નોકરીઓ FMCGમાં હશે. લગભગ દોઢ લાખ એન્ટરટેઇનમેન્ટ અને રિયલ એસ્ટેટમાં 40-42 હજાર લોકોને રોજગારી મળવાની આશા છે. IT કંપની ઇન્ફોસિસ 16 હજાર ઇજનેરોને નોકરી આપશે. આ આંકડા 12 ઉદ્યોગ સેક્ટર્સની 5600થી વધુ કંપનીઓ પર કરવામાં આવેલા સર્વેક્ષણ પર આધારિત છે, તે ઉપરાંત સરકારી બેન્ક 55 હજાર ઓફિસર્સ અને ક્લેરિકલ સ્ટાફની ભરતી પણ આ વર્ષે કરશે.

**એનર્જી : અઢી કિમી વોકથી બેટરી ફૂલચાર્જ થઇ જશે.**

સ્માર્ટફોન, મ્યુઝિક પ્લેયર, GPS સિસ્ટમ વગેરેની બેટરી ખલાસ થઇ જાય તો મુશ્કેલી સર્જાય છે. સોલ પાવર આ મુશ્કેલી દૂર કરી દેશે. બેટરી પૂરી થતાં જ સોલ પાવર જૂતામાં મુકી દો. તેમાં આવેલા સોકેટમાં બેટરી લગાઓ અને અઢી કિમી વોક કરો, બેટરી ફૂલ. કિંમત : ₹ 1200.

**સ્પોર્ટ્સ : વર્કઆઉટથી શું ફાયદો થઇ રહ્યો છે, વસ્ત્રો બતાવશે.**

હવે એવા સ્પોર્ટ્સવેયર બની રહ્યાં છે કે જે એક્સરસાઇઝ દરમિયાન બતાવશે કે શરીરનાં ક્યા ભાગને ફાયદો થઇ રહ્યો છે. શરીરની ગરમીથી શર્ટનાં એ ભાગનો રંગ બદલાઇ જશે. ગરમીનો અનુભવ નહીં થાય અને પરસેવો પણ નહીં થાય. દુર્ગંધ પેદા કરતા બેક્ટેરિયા પણ નહિં જન્મે.



**એજ્યુકેશન :**

**અભ્યાસમાં મદદરૂપ થાય તેવી 3 પદ્ધતિઓ** :એજ્યુકેશન સેક્ટરમાં 2013માં ઘણા ફેરફારો થયાં. IITમાં પ્રવેશ માટે JEEમાં મેઈન અને એડવાન્સ એકઝામ શરૂ થઈ. મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે શરૂ થયેલી નીટ રદ કરવામાં આવી.

**CBSEમાં ઓપન બુક :** CBSE સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન સ્કૂલોમાં ઓપન ટેકસ્ટ બુક અસેસમેન્ટનો પ્રારંભ આ વર્ષે થશે. પહેલાં વર્ષે નવમાં ધોરણનાં ત્રણ અને 11માં ધોરણનાં પાંચ વિષયોમાં OTBA થશે. તેમાં વિદ્યાર્થીઓને પરીક્ષાનાં ચાર મહિના પહેલાં ટેકસ્ટ મટીરિયલ આપી દેવાશે. તેઓ આ સ્ટડી મટીરિયલને પરીક્ષા વખતે રીફર કરી શકશે.

**50 એજ્યુકેશન ચેનલ્સ :** કેન્દ્રીય માનવસંસાધન વિકાસ મંત્રાલય આ વર્ષે 50 એજ્યુકેશન ચેનલ્સ લોન્ચ કરશે. આ ફ્રી એર ચેનલો પર કન્ટેન્ટ ઉપલબ્ધ કરાવવાની જવાબદારી IIT, સેન્ટ્રલ યુનિવર્સિટીઓ અને ઈગ્નુની રહેશે. 400 કલાકનું કન્ટેટ તૈયાર થઈ ગયું છે. વિદ્યાર્થીઓ વીડિયો લેકચર્સનાં આધારે ટીચર્સ અને એક્સપર્ટસ પાસેથી SMS દ્વારા સવાલ પૂછી શકશે.

**સસ્તા MS ઓફીસ દ્વારા બહેતર લર્નિંગ :** માઈક્રોસોફ્ટે ઓગસ્ટમાં વિદ્યાર્થીઓ માટે સસ્તું માઈક્રોસોફ્ટ ઓફિસ સોફ્ટવેર 365 યુનિવર્સિટીમાં લોન્ચ કર્યું હતું. તેની કિંમત દર મહિને 87 રૂપિયા છે. જ્યારે સામાન્યપણે ઓનલાઈન MS ઓફિસ નવ હજાર રૂપિયામાં મળે છે. મોંઘુ હોવાથી ઓરિજિનલ સોફ્ટવેર ગત વર્ષ સુધી વિદ્યાર્થીઓને નહોતું મળતું. નવી સ્કીમ પછી આ વર્ષે વિદ્યાર્થીઓ તેનો વધુ લાભ ઉઠાવી શકશે.

**34000 કોલેજ, 563 યુનિવર્સિટી સાથે ટાઇઅપ :** માઈક્રોસોફ્ટે દેશની 55 પ્રિમિયર એજ્યુકેશન ઈન્સ્ટિટ્યુટ, 563 યુનિવર્સિટી અને 34 હજાર કોલેજ સાથે ટાઈઅપ કરવાની યોજના ઘડી છે. ગત વર્ષે આ ટાઈઅપનો પ્રારંભ થઈ ગયો હતો. તેનાથી વિદ્યાર્થીઓ MS વર્ડ, પાવરપોઈન્ટ, એકસેલ, વન નોટ, આઉટલૂક, પબ્લિશર અને એકસેસ પ્રોડકટ્સનો ઉપયોગ કરી શકશે. એક યુઝર બે PC પર તેને ઈન્સ્ટોલ કરી શકશે. વેબ બેઝડ ઓફિસ ઓન ડિમાન્ડ સુવિધા પણ છે. તેમા 20 GB સુધીની સ્ટોરેજ સુવિધા છે.

**નવી શરૂઆત, પ્રથમ એવિએશન યુનિવર્સિટી :** દેશની પ્રથમ રાજીવ ગાંધી નેશનલ એવિએશન યુનિવર્સિટી ઉત્તર પ્રદેશનાં રાયબરેલીમાં શરૂ થશે. સપ્ટેમ્બર મહિનામાં અહીં પાઈલટ અને એરક્રાફ્ટ એન્જિનિયર ટ્રેનિંગ કોર્ષ શરૂ થઈ જશે. ત્યારબાદ દેશભરની એવિએશન સ્કૂલનું તેની સાથે એફિલેશન લેવું ફરજિયાત બનશે. મેડિકલ કોલેજોમાં એડમિશન માટે નીટ ફરી શરૂ કરાશે, જેથી વિદ્યાર્થીઓ એકઝામ સ્ટ્રેસથી બચી શકે. કેટ અને એન્જિનિયરિંગ પરીક્ષાઓમાં એરર ફ્રી માર્કિંગ હોવું જોઈએ. પ્રોફેશનલ કોર્સિસમાં અભ્યાસ નોકરીની જરૂરીયાત પ્રમાણે હોવો જોઈએ.



**Padhega India : Aage Badhega India**

## દેશની સૌપ્રથમ બેગ ફ્રી વાઇફાઇ શાળા

સાંગણવા ગામની પ્રાથમિક શાળા. એ પણ સરકારી નવાં વર્ષમાં બાળકોનાં ખભેથી ભારે સ્કૂલબેગનો બોજ ઉતરી જશે. સરકારી શાળામાં આ કમાલ એક શિક્ષકની જીદનાં કારણે થઈ છે. આ શિક્ષક છે સુભાષભાઈ રાઠોડ. તેમની એક પહેલથી પાંચ થી આઠમાં સુધીનાં બાળકો ટચસ્કીન ટેબલેટ પર પાઠ શીખશે. આ કામ કોઈપણ મોટા પ્રોજેક્ટ અંતર્ગત કરવામાં આવ્યું નથી. સ્કૂલબેગથી મુક્તિ અપાવવા માટે રાઠોડ એક પ્લાન પર કામ કરી રહ્યાં હતાં. ત્યારે જ એક વર્ષ પહેલાં દુર્ઘટનામાં તેમના દીકરાનું અવસાન થયું. તેના ભવિષ્ય માટે એકઠા કરેલા આઠ લાખ રૂપિયા શાળા માટે ઉપયોગમાં લઈ લીધાં. મલ્ટી મીડિયાનાં સાધનો લીધાં. વિદ્યાર્થીઓને ટચસ્કીન ટેબલેટનાં ઉપયોગ અને જાળવણીની તાલીમ આપી. સ્કૂલ પરિસર વાઈફાઈ થઈ છે. વેબસાઈટ તૈયાર થઈ રહી છે. બધા જ બાળકો કામ કરી રહ્યાં છે.

આ અમલ પહેલાં જ તેની ઘણી પ્રશંસા થઈ છે. આથી ઘણા લોકોએ મદદ કરવા માટે હાથ લંબાવ્યો છે. જેમ કે જયંતિભાઈ પટોળિયા, આ કામનો ખર્ચ આગામી પાંચ વર્ષ સુધી ઉપાડવાની તેમણે તૈયારી બતાવી છે. સરપંચ નરસિંહભાઈએ તો કહ્યું કે પંચાયત શક્ય હોય એટલી મદદ કરશે. સહિયારા પ્રયાસથી આ પ્રયોગને વેગ મળ્યો. નવાં વર્ષનાં શુભારંભ માટે શાળામાં જોરદાર તૈયારી થઈ રહી છે. ઈમારત તો પહેલાંથી જ ઝગમગી રહી છે. તેને જોઈને વિશ્વાસ ન બેસે કે આ સરકારી શાળા છે. બાળકોની હાજરી માટે પાઠશાળા નામનું સોફ્ટવેર છે જે ઓનલાઈન રેકોર્ડ રાખે છે. ટેકનિકલ સ્તરે સ્કૂલનાં દરેક રૂમ અને ગેલેરીમાં કોઈને કોઈ મહાપુરૂષો તેમજ ઋષિમુનિઓનાં નામ છે. આ પુરાતન જ્ઞાન અને આધુનિક શિક્ષણનો સમન્વય છે. બીજી શાળાઓ પણ તેનાથી કંઈક શીખશે. આ શાળા બહુ જૂની નથી. ફેબ્રુઆરી 2010માં તેનો પ્રારંભ થયો ત્યારે માત્ર 53 વિદ્યાર્થી હતાં. બે વર્ષમાં બાળકોની સંખ્યા બમણી થઈ ગઈ અને હાલમાં ત્રણસોથી વધારે સંખ્યા છે. અહીં ત્રણ તાલુકાનાં સાત ગામનાં બાળકો ભણે છે. સરપંચ જણાવે છે કે અહીં વ્યવસ્થા અને બાળકોને જોઈને આસપાસનાં લોકો પણ પોતાના બાળકોને અહીં મોકલવા લાગ્યાં છે. અહીં બાળકોને સ્કૂલબેગથી મુક્તિ મળી ગઈ છે. માત્ર એક શિક્ષકની જીદનું આ પરિણામ છે.



# 2014 : ઈન્ટરનેટ ઓફ થિંગ્સ

**સ્માર્ટફોનથી ચાલશે ફ્રિજ અને બલ્બ, દરેક ડિવાઈસનું પોતાનું ઈન્ટરનેટ.**
2014માં ઈન્ટરનેટ આપણું જીવન બદલી નાંખશે. એટલાં બધા પરિવર્તન થશે, જે જીવનને સુરક્ષિત અને સુવિધાજનક બનાવી દેશે. ટીવી, રેફ્રિજરેટર, બલ્બ, AC જેવા ઉપકરણોને સ્માર્ટફોન અથવા રિમોટની મદદથી ઓપરેટ કરી શકાશે. કંપનીઓએ પણ આવી પ્રોડક્ટ તૈયાર કરી લીધી છે. આ મોટા પરિવર્તનો છે, જે 2014માં આપણી સામે હશે.

**ઘરેલું ઉપકરણો ડિજિટલ બનશે, જે ઈન્ટરનેટ સાથે કનેક્ટ થશે.**
જે ઘરેલું ઉપકરણ બનાવવામાં આવી રહ્યાં છે, તેમાં ટેકનોલોજીનો મોટાપાયા ઉપર ઉપયોગ થશે. એટલે કે તે ડિજિટલ હશે, તેને ચીપ અને ઈન્ટરનેટ સાથે જોડી શકાશે. તેને કોઈ પણ સ્થળેથી ઓપરેટ કરી શકશો. ઘરનાં વોલપેપર્સને એક સિંગલ ટચથી બદલી શકાશે. કંપનીઓએ તેની તૈયારીઓ કરી લીધી છે. કમ્પ્યુટર નેટવર્કિંગ કંપની સિસ્કોનાં ચીફ ટેક્નોલોજી એન્ડ સ્ટ્રેટજી અધિકારી પદ્મશ્રી વોરિયર માને છે કે હવે સમય ઈન્ટરનેટનો છે. મોટાભાગનાં કામો ચીપથી થશે, તેઓ જણાવે છે કે 1992 સુધી 10 લાખ ચીપ બેસ્ટ કનેક્ટેડ ડિવાઈસ હતી. 2008 સુધીમાં તે વધીને એક કરોડ પર પહોંચી ગઈ છે. અનુમાન છે કે 2020 સુધી 50 અબજ કનેક્ટેડ ડિવાઈસ તૈયાર થઈ ગઈ હશે.

**કિચનથી કાર પાર્કિંગ સુધીનો ચહેરો બદલાઈ જશે.**
વોરિયર જણાવે છે કે આજની પરિસ્થિતિમાં એક ટકા વસ્તુઓમાં IP એડ્રેસ છે. એટલે કે 99 ટકા વસ્તુઓ હજુપણ બાકી છે. આ ક્ષેત્રમાં અનેક સંભાવનાઓ છે. જ્યારે 99 ટકા વસ્તુઓમાં IP એડ્રેસ હશે ત્યારે શું થશે. આ કલ્પના કરવી મુશ્કેલ છે. આવું સાકાર થઈ ગયાં પછી કિચન, બેડરૂમ, ડાઈનિંગ હોલ અને કાર પાર્કિંગ સુધી એવું કોઈ ઉપકરણ નહિં હોય જે ઈન્ટરનેટ સાથે જોડાયેલું ન હોય. આ પરિવર્તન ચીપ અને સેન્સર આધારિત ટેકનોલોજી દ્વારા થશે.

**શોપિંગનો દ્રષ્ટિકોણ બદલાશે**
ગ્રાહકોને વધુ આકર્ષિત કરવા અને તેમની શોપિંગની દ્રષ્ટિ બદલવા માટે રિટેલર્સ 2014માં પોતાના ટ્રેન્ડમાં મોટાપાયા ઉપર પરિવર્તન કરશે.

**મોબાઈલ ખરીદીનું વર્ષ**
કન્ઝ્યુમર માટે મોબાઈલ દ્વારા બધુ જ સંભવ છે. ઓફિસ અથવા ઘરમાં કમ્પ્યુટર દ્વારા શોપિંગનાં ટ્રેન્ડની જગ્યા હવે મોબાઈલ શોપિંગે લઈ લીધી છે. અન્ય દેશોની જેમ ભારતમાં પણ આ પરિવર્તન આવી રહ્યું છે.

**ડિલીવરી ટાઈમ ઓછો કરવા ઉપર ભાર**
કન્ઝ્યુમરને લલચાવવા માટે રિટેલર્સ ફ્રી શોપિંગનાં ઓપ્શન વધારશે. કોઈ પણ પ્રોડક્ટની ફાસ્ટ ડિલીવરી મળશે. એમેઝોન સિવાય વોલમાર્ટ અને ગૂગલ જેવી કંપનીઓ 'સેમ ડે' ડિલીવરી સુવિધા આપશે.

**કન્ઝ્યુમર માટે દરેક ચીજો પર્સનાલાઈઝડ**
ઓનલાઈન રિટેલર્સ વધારે પ્રોડક્ટ વેચવા માટે ગ્રાહકોને પર્સનાલાઈઝડ ચીજોની સુવિધા આપશે. આપણે પ્રોડક્ટ જરૂરિયાત પ્રમાણે પસંદ કરી શકીશું તેમજ કસ્ટમાઈઝડ પણ કરી શકીશું.

**આઉટલેટ સ્ટોર્સની સંખ્યા વધશે**
બ્રાન્ડ અને કોસ્ટ તરફ વધારે ધ્યાન આપતાં કન્ઝ્યુમરને લલચાવવા માટે ડેવલપર્સ અને રિટેલર્સ પોતાના આઉટલેટ સ્ટોર્સની સંખ્યા વધારશે. તેનાથી ફાયદો એ થશે કે હવે કિંમત અને બ્રાન્ડ પ્રત્યે વધારે વિચાર કરી શકીશું. સારી શોપિંગ તેને જ કહે છે.

**હવે મોબાઈલ ફોન જ પર્સ**
હવે તમારો મોબાઈલ જ પર્સ બની જશે, તેનાથી આપણે ગમે ત્યાં ખરીદારી કરી શકીશું. બજાર પર પકડ બનાવવા માટે પે પાલ અને ગૂગલ આવા પ્રયાસો કરી રહી છે.

**નાના સ્ટોર્સમાં મોટી શોપિંગ**
રિટેલ સ્ટોર કંપનીઓ સમજી ગઈ છે કે મોટા સ્ટોર હંમેશા સારા હોતા નથી. તે નાના સ્ટોર્સની સંખ્યા વધારશે. તેના પછી આપણા ક્ષેત્રમાં જ આવા સ્ટોર્સ પર શોપિંગ કરી શકીશું.

**વર્ષભર માટે ડિસ્કાઉન્ટનો લાભ**
જિયો ટાર્ગેટિંગ ટેકનોલોજીથી કન્ઝ્યુમરને વર્ષભર ડિસ્કાઉન્ટ અને ખરીદદારીનાં વધારે ઓપ્શન પ્રાપ્ત થશે. સીઝનમાં વધારે ચુકવણી નહિં કરવી પડે.

## ટેકનોલોજી

### દેશમાં હવે 4Gની સફર આસાન
દેશમાં 4G ટેક્નોલોજીનો પ્રવેશ થઈ ચૂક્યો છે. બે મોટા ઉદ્યોગગૃહો મુકેશ અંબાણી અને સુનીલ ભારતી મિત્તલે હાથ મિલાવ્યા છે.

### 4Gની જીવન પર અસર
1. સ્માર્ટફોન પર નેટ કમ્પ્યુટરની ઝડપે ચાલશે. 2. ત્રણ કલાકની 4 GB ફિલ્મને 5 મિનિટમાં ડાઉનલોડ કરી શકાશે. 3. હાલમાં તેમ કરતાં 90 મિનિટ લાગે છે. 4. બહેતર મલ્ટિમીડિયા અને ગેમિંગ થશે.

### તેથી કર્યો કરાર
ધનની જરૂરીયાત પૂરી થશે. તેના ખર્ચ અંગે સ્પષ્ટતા નથી થઈ, પરંતુ 45, 000 કરોડ રૂપિયા માનવામાં આવે છે. હાલમાં પૂરા વિશ્વનાં બજારમાં નાણાં એકત્ર કરવા મુશ્કેલ છે. તેથી બંનેએ હાથ મિલાવ્યાં છે. બંને સમૂહો શહેરો અને તેની બહાર ફાઈબર નેટવર્કનો ઉપયોગ કરશે.

### કોને કેટલો લાભ
રિલાયન્સ જીયો પુરા દેશમાં એકમાત્ર ખાનગી કંપની છે, કે જેની પાસે દેશભરમાં કામ કરવાનું લાઈસન્સ છે. દેશમાં એરવેઝ હોવાથી 4G હાઈસ્પીડ વાયરલેસ બ્રોડબેન્ડ માટે યોગ્ય.

### બીજાઓની સ્થિતિ
અનિલ અંબાણીનાં 45 હજાર ટાવરનો પણ મુકેશ ઉપયોગ કરી શકશે. ઈન્ડસનાં ટાવરોમાં 42 ટકા ભાગીદારી ભારતીની છે.

### મુકેશને લાભ
ભારત પાસે સૌથી મોટું ટેલીકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. જેમ કે ઓપ્ટિકલ ફાયબર નેટવર્ક, ટાવર અને ઈન્ટરનેટ બ્રોડબેન્ડ સેવાઓ છે. એરટેલની દરિયામાં ગોઠવાયેલી લાઈન્સની મદદથી સિંગાપોર સુધી કનેક્ટિવિટી.

### ક્યારેક હતાં સ્પર્ધામાં
વર્ષ 2002માં રિલાયન્સે સસ્તી મોબાઈલ સેવા શરૂ કરી હતી.

### 3G નિષ્ફળ કેમ?
ડાઉનલોડ મૂવીનું ખર્ચ સિનેમાહોલ ખર્ચ કરતાં વધુ.
સૌથી મોટી સમસ્યા કવરેજની છે.
યૂ ટ્યૂબ ડાઉનલોડિંગ DTHથી વધુ મોંઘી.



# નવાં વર્ષમાં જીવન સાથે જોડાયેલી વસ્તુઓમાં ફેરફાર આવશે...

**ટેલિકોમ : નવી હેલ્પલાઈન નંબર 1037**

2014માં નવી ગાઈડલાઈન્સ અમલમાં આવી રહી છે. મોનિટર પ્રણાલી વધારે સક્ષમ બનશે. ફરિયાદ નોંધાવવા માટે નવો હેલ્પલાઈન નંબર 1037 શરૂ થશે, અત્યાર સુધી ગ્રાહક સર્વિસ પ્રોવાઈડરનાં કસ્ટમર કેર સેન્ટર ઉપર ફરિયાદ નોંધાવી શક્તા હતાં. ફરિયાદ ગ્રાહક અને સર્વિસ પ્રોવાઈડરની વચ્ચે જ રહી જતી હતી, આ કારણે સર્વિસ પ્રોવાઈડરર્સ ફરિયાદ દૂર કરવામાં રસ લેતા નહોતાં.

**ઈન્સ્યોરન્સ : 400 નવી જીવન વીમા પોલિસી**

જીવન વીમો ઉતરાવતા લોકોને વધારે વિકલ્પ પ્રાપ્ત થશે. 400 નવી વીમા પોલિસીઓ લોન્ચ થશે. આ પોલિસીઓ વધારે કસ્ટમર ફ્રેન્ડલી હશે. તેમાં સુરક્ષા, બચત, રિટાયરમેન્ટ, ઈન્વેસ્ટમેન્ટ અને હેલ્થ સાથે જોડાયેલી જરૂરિયાતો પૂરી થશે, જેમાં કસ્ટમરની જરૂરિયાત પ્રમાણે પોલિસીઓ બનાવવા આવશે.

**રિટેલ : વિદેશી કંપનીઓ આવતા સ્પર્ધા વધશે**

વોલમાર્ટનો ભારતી સાથેનો કરાર તૂટી ગયાં પછી એવી આશંકા હતી કે વિદેશી રિટેલ કંપનીઓ ભારત નહિં આવે. જોકે ત્રીજી મોટી રિટેલ કંપની ટેસ્કો ભારતમાં આવી અને તાતા સાથે કરાર કર્યો. તેનાથી દુનિયાભરની તમામ ચીજો ઉપભોક્તા સુધી પહોંચશે. વસ્તુઓ વધારે સસ્તા ભાવે મળશે.

**શોપિંગ : 500થી વધારે શોપિંગ મોલ્સ**

મોલ્સથી વધારે ખરીદીનું વલણ વધશે. ભારતીય મોલ્સ આકારમાં વધુ મોટા હશે. મોલ્સનો સરેરાશ આકાર 3,80,000 હજાર વર્ગ ફૂટ છે. નવા વર્ષમાં તે વધીને 4,70,000 વર્ગ ફૂટ થઈ જશે. દેશમાં 2005માં માત્ર 50 શોપિંગ મોલ્સ હતાં. 2013માં તેની સંખ્યા 480 થઈ. 2014માં તે વધીને 505થી 520 થઈ જશે.

**એન્ટરટેઈનમેન્ટ : ટીવી કેબલ ઉપર બ્રોડબેન્ડ અને ફોન સેવા**

મોટા કેબલ ઓપરેટર્સ પોતાના HD ચેનલ્સ લોન્ચ કરશે. તેનાથી ભારતમાં DTH ઓપરેટર્સની સૌથી મોટી સ્પર્ધા શરૂ થશે, આથી દર નીચે જશે. કેબલ ઓપરેટર HD સેવાઓ સિવાય હાઈ સ્પીડ બ્રોડબેન્ડ, ટેલિફોન અને ઓન ડિમાન્ડ વીડિયો પણ ઉપલબ્ધ કરાવી શકશે. અત્યારે દેશમાં 36 HD ચેનલ્સ છે. 2014માં તે 50થી વધુ થઈ જશે. HD ચેનલ્સમાં ઓડિયો અને પિક્ચર ક્વોલિટી ખૂબ જ સારી હોય છે.

**ટ્રાવેલ : 12 સેવાઓ અને સુવિધાઓ બનાવશે સફરને વધુ સરળ**

2014માં પરિવહનનાં સાધનો વધશે. ભારતમાં દર વર્ષે 7.05 કરોડ લોકો હવાઈ મુસાફરી કરે છે. રોજ બે કરોડ લોકો ટ્રેનમાં ફરે છે. રેલવેમાં વિદેશી નાણું આવશે, જેનાથી સુવિધાઓ વધશે. ભારતીય એરલાઈન્સ કંપનીઓ નવી ઊડાનો શરૂ કરશે અને નવા વિમાનો ખરીદશે. ટાયર 2 અને ટાયર 3 સ્તરનાં શહેરોને પણ ફાયદો થશે.

**8 નવાં માર્ગો ખૂલશે**

1. ઝારખંડમાં NH 2 પર બરવા અડ્ડા પાનગઢ સેક્શન 6 લેનનો થશે.
2. ચૌપારન ચતરા રોડ તૈયાર હોવાથી લોકો માટે ખુલ્લો મુકાશે.
3. કર્ણાટક કેરળ બોર્ડર કન્નુરથી કુટલીપુરમ સેક્શન ચાર લેન થશે. 127 કિમી લાંબા આ સેક્શન પર 1157 કરોડનો ખર્ચ થશે.
4. ગુજરાતમાં સ્ટેટ હાઈવે 8 પર બગોદરા વાસાદ રોડ 6 લેનનો થશે.
5. ઉત્તર પ્રદેશમાં ઈટાવા કુરાવલી સેક્શન 4 લેનનો થશે.
6. હરિયાણામાં NH 50 પર ઝારપોખરિયા બારીપાડા બાલેશ્વર સેક્શન ચાર લેનનો થશે, કુલ લંબાઈ 80 કિમી છે.
7. NH 10નો રોહતક હિસાર સેક્શન ચાર લેનનો થશે.

**3 નવાં રેલવે ટ્રેક બનશે.**

1. બિહારનાં અરરિયા જિલ્લામાં બથનાહા અને નેપાળનાં વિરાટનગર વચ્ચે ટ્રેન સેવા શરૂ થશે. 248 કરોડ રૂપિયાનાં ખર્ચે બની રહેલા 18 કિમીનાં આ રૂટ પરનું નિર્માણ અંતિમ તબક્કામાં છે.
2. કેરળમાં પલક્કડ પોલાચી વચ્ચે નવો ટ્રેન રૂટ શરૂ થશે. તિરુનેલવેલીથી શોરનપુર થઈને ટ્રેનો મદુરાઈ અને કોંકણ રૂટ પર આવી શકશે.
3. ઝારખંડનાં હજારીબાગ કોડરમાં રેલવે લિંક શરૂ થશે. રાંચી બોડગેજ રેલવે લાઈનનો પ્રથમ તબક્કો લગભગ પૂરો થઈ ગયો છે.
4. ગાંધીધામ અને વિશાખાપટ્ટનમ વચ્ચે નવી નિયમિત ટ્રેન શરૂ થશે. 5 જાન્યુઆરીમાં ગાંધીધામથી આ સેવા શરૂ થઈ.
5. મુંબઈમાં ચેમ્બુરથી વડાલા સેક્શન પર મોનો રેલ દોડશે. 8 થી 20 રૂપિયાની ટિકિટમાં લોકો આ મુસાફરી કરી શકશે.

**51 નવી ઊડાનો શરૂ થશે, 54 નવાં વિમાન આવશે.**

2014માં તાતા સિંગાપોર ઈન્ટરનેશનલ એરલાઈન્સ અને બજેટ કેરિયર એર એશિયા ઈન્ડિયામાં આવવાથી વિમાની ટિકિટનાં ભાડા ઘટશે. ઈન્ડિયા નાના શહેરોમાં નવી ઊડાનો ભરશે. દુબઈની એતિહાદ જેટ એરવેઝમાં 60 કરોડ ડોલરનું રોકાણ કરશે. જેટ એરવેઝ ભારતમાં વધુ 23 શહેરોમાં પોતાની ઉડાનો શરૂ કરશે. એર ઈન્ડિયા પણ 2014માં નવી આંતરરાષ્ટ્રીય ઊડાનો શરૂ કરશે. સ્પાઈસ જેટ બેથી ત્રણ વર્ષમાં 10 નવી આંતરરાષ્ટ્રીય ઉડાનો શરૂ કરશે. કુલ મળીને 51 નવી ઉડાનો શરૂ થશે. 2014માં ઘણી એરલાઈન્સ પાસે વધારે વિમાન હશે. ઈન્ડિગોનાં નિવેદન અનુસાર તેના બેડામાં 2014 દરમિયાન 12 નવા વિમાનો સામેલ થશે. એર ઈન્ડિયા 2014માં 5 નવાં બોઈંગ 787 વિમાન ખરીદશે.



## ચાર લાખ કરોડનાં દૂધનાં કારોબાર ઉપર દુનિયાની નજર...

# દુનિયાની સૌથી મોટી દૂધ કંપનીએ ભારતમાં ટેકઓવર કર્યું...

**45 કરોડ લિટર દૂધનો આપણે રોજ ઉપયોગ કરીએ છીએ.**

**68 ટકા પાણી ભેળવવામાં આવે છે.**

**દેશમાં કુલ દૂધ ઉત્પાદન : 14 કરોડ 6 લાખ ટન**

**ભેંસનું દૂધ 54 ટકા :** 7 કરોડ 59 લાખ ટન

**ગાયનું દૂધ 22 ટકા :** 3 કરોડ 59 લાખ ટન

**પશુઓનું દૂધ 24 ટકા :** 3 કરોડ 37 લાખ ટન

દુનિયાની સૌથી મોટી દૂધ માર્કેટિંગ કંપની ફ્રાન્સની લેક્ટેલ છે. તેણે દક્ષિણ ભારતની સૌથી મોટી ડેરી હૈદરાબાદની તિરૂમલા ડેરીને ₹ 1,750 કરોડમાં ખરીદી છે. ચાર ખેડૂતોએ તિરૂમલા ડેરીની સ્થાપના કરી હતી. આ સોદાની સાથે જ દેશમાં દુનિયાની મેગા દૂધ કંપનીઓનો પ્રવેશ થઈ ગયો છે. દૂધનાં ક્ષેત્રમાં કમાણીનો અંદાજ તેના ઉપરથી લગાવી શકાય કે, ઓઈલ ઈન્ડિયા પણ તેમાં પ્રવેશ કરી રહ્યું છે. દેશમાં ચાર લાખ કરોડનાં દૂધનો કારોબાર દર વર્ષે 16 ટકાનાં દરથી વૃદ્ધિ પામી રહ્યો છે.

**દુનિયામાં સૌથી વધારે દૂધનો વપરાશ આપણા દેશમાં થાય છે.**

દેશમાં સરેરાશ દરેક વ્યક્તિને રોજ 290 ગ્રામ દૂધ મળે છે. એટલે કે કુલ વપરાશ 45 કરોડ લિટર છે. આપણી અર્થવ્યવસ્થામાં દૂધનું યોગદાન એક લાખ 15 હજાર 970 કરોડ રૂપિયાનું છે. દાળ અને ચોખાનાં વપરાશથી અનેકગણું વધારે દૂધ અને તેની બનાવટો ઉપયોગમાં લેવાય છે.

**દેશમાં મળે છે દૂધનું પાણી!**

દેશમાં કુલ 45 કરોડ લિટર દૂધનો જે ઉપયોગ કરાય છે તેમાં 30.6 કરોડ લિટર પાણી હોય છે. દુનિયાનાં અનેક દેશોમાં આ અંગેનાં નિયમો ખૂબ જ સખત છે. સ્કોટલેન્ડમાં અને કેનેડામાં નોન પેશ્ચુરાઈઝડ દૂધ વેચવા પર પ્રતિબંધ છે. દુનિયાનાં 2.75 ટકાની સરખામણીએ ભારતમાં દૂધનું ઉત્પાદન ખૂબ જ તેજીથી એટલે 4 ટકાનાં દરથી વધી રહ્યું છે. પાછલા દસ વર્ષમાં દૂધનો વપરાશ 6.8 ટકાનાં દરથી વધ્યો છે.

**દુનિયામાં સરેરાશથી વધારે દૂધ ભારતમાં**

દેશમાં દૂધની વ્યકિતદીઠ ઉપલબ્ધતા 290 ગ્રામ પ્રતિદિન છે, જ્યારે દુનિયામાં આ સરેરાશ 289.31 ગ્રામ છે. બે વર્ષ પહેલાં ભારતમાં આ સરેરાશથી ઉપર વધારો નોંધાયો છે. આપણે ત્યાં સર્વાધિક વ્યકિતદીઠ દૂધ ઉપલબ્ધ કરાવનારું રાજ્ય પંજાબ છે, જ્યાં એક વ્યકિતને 961 ગ્રામ દૂધ પ્રતિદિન મળે છે.

**52 લાખની વસ્તી ધરાવતો ફિનલેન્ડ દુનિયામાં પ્રથમ**

ફિનલેન્ડમાં વ્યક્તિદીઠ દૂધની વપરાશ સૌથી વધારે 361.19 કિલો છે. જ્યારે ચોથા ક્રમ ઉપર આવતા ભારતમાં વાર્ષિક 315.78 કિલો છે. દુનિયાનાં સૌથી ઠંડા દેશોમાંનો એક ફિનલેન્ડની વસ્તી 53 લાખ છે.

**વર્લ્ડ કલાસ ડેરીઃ VIP ગાય, ખાસ દૂધ, નામાંકિત ગ્રાહકો**

આ છે પૂણેની ભાગ્યલક્ષ્મી ડેરી, જ્યાં દૂધ દોહવાથી માંડીને તમામ કામ મશીનોથી થાય છે. ગાયોને ખાસ આલ્ફા ઘાસ અને ઓટ્સ જેવી હાઈપ્રોટીન ડાયટ આપવામાં આવે છે. આ ગાયોનું એક લિટર દૂધ દિવસભર માટે જરૂરી કેલ્શિયમ પૂરું પાડવામાં સક્ષમ છે. ₹ 75 પ્રતિ લિટર દૂધ ખરીદવાવાળા ગ્રાહકો મુકેશ અંબાણી, સચિન, રિતિક રોશન, અદી ગોદરેજ અને શબાના આઝમી જેવી સેલિબ્રિટી છે.

**દુનિયાનાં બજારમાં ભારતીય દૂધનો હિસ્સો 20 ટકા**

દેશમાં 7 કરોડથી વધુ લોકો દૂધનો વ્યવસાય કરે છે. દેશમાં ડેરીઓમાંથી 30 ટકા અને અસંગઠિત રીતે 70 ટકા દૂધ વેચવામાં આવે છે. દેશમાં 96 હજાર સ્થાનિક સહકારી ડેરી છે. 14 રાજ્યોમાં મિલ્ક કો ઓપરેટિવ સોસાયટી પોતાનું બ્રાન્ડેડ દૂધ વેચે છે. દેશમાં સમગ્ર ફૂડ પ્રોસેસિંગ માત્ર બે ટકા છે, પરંતુ સૌથી વધારે પ્રોસેસિંગ દૂધનું થાય છે. કુલ ઉત્પાદનનું 35 ટકા દૂધ ડેરીમાં પ્રોસેસ થાય છે.




## આણંદમાં દૂધ માટે દેશનું સૌપ્રથમ ATM

**નવતર પ્રયોગ :** બેન્કનાં ATM માંથી ઈચ્છો એ રીતે ઉપાડ થઈ શકે, તેમ 'એની ટાઈમ મિલ્ક' ની યોજના અમૂલ ડેરીએ બનાવી છે. દૂધ માટેનું આ અનોખું ATM અમૂલ ડેરીનાં પ્રવેશ દ્વારે મૂકવામાં આવ્યું છે.

ઓટોમેટેડ ટેલર મશીન ATM માંથી ગમે તે સમયે નાણાં ઉપાડી શકાય છે. 'એની ટાઈમ મિલ્ક'નાં અભિગમ હેઠળ ગમે તે સમયે અમૂલ દૂધ મેળવી શકાય તે માટે દેશનું સર્વપ્રથમ ATM દૂધની રાજધાની આણંદમાં અમૂલ ડેરીનાં પ્રવેશદ્વાર પાસે મૂકવામાં આવ્યું છે. મશીનમાં દસની ચલણી નોટ મુકતા જ અમૂલ તાજા મિલ્કનું 300 મિલીનું પાઉચ મશીનમાંથી નીકળે છે. અમૂલ દૂધનું ATM આણંદવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. રાત્રે દુકાનો બંધ થઈ ગઈ હોય ત્યારે ATMમાંથી દૂધ મેળવી શકાય છે. આગામી દિવસોમાં રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ તેમજ લોકોની અવરજવર વધુ રહેતી હોય તેવા સ્થળોએ અમૂલ દૂધનાં ATM મૂકવામાં આવશે. લોકોને છૂટક દૂધ ખરીદવું પડશે નહીં. દસ રૂપિયામાં પણ ગુણવત્તાયુક્ત દૂધ મેળવી શકશે. ATM સાથે ફ્રિજ પણ છે, જે 24 કલાક દૂધને ઠંડુ રાખે છે. ATMમાં 150 દૂધનાં પાઉચની ક્ષમતા છે. ભવિષ્યમાં આણંદ શહેરમાં 20 થી 25 દૂધનાં ATM મૂકવાનું આયોજન છે. અમૂલ ડેરી દ્વારા જ્યાં દૂધનું વેચાણ કરવામાં આવે છે તે આણંદ અને ખેડા જિલ્લામાં અમૂલ દૂધનાં ATM મૂકવામાં આવશે.

**ATMમાં દસની નોટ મૂકો એટલે દૂધનું પાઉચ બહાર આવશે.**

'એની ટાઈમ મિલ્ક' એટલે ગમે તે સમયે દૂધ મેળવી શકાય તે અભિગમથી મશીન મુકવામાં આવ્યું છે. ATMમાં દસની ચલણી નોટ ગ્રાહક મૂકે એટલે અમૂલ દૂધનું પાઉચ બહાર આવે છે. ATM માટે દૂધનાં વિશેષ પાઉચ તૈયાર કરવામાં આવ્યાં છે. હાલમાં દરરોજ 600 થી 700 પાઉચ લોકો મશીનમાંથી લઈ જાય છે, જે પૈકી 100 થી 150 પાઉચ રાત્રિનાં 12 વાગ્યા બાદ લોકો લઈ જાય છે. રાત્રિનાં આઠ વાગ્યા બાદ દુકાનો તેમજ અમૂલ પાર્લર બંધ થઈ જાય ત્યારે ATMમાંથી ગમે તે સમયે દૂધ મેળવી શકાય છે.

**વિકલાંગોને રોજગારી અપાશે**

લોકોને સસ્તા દરે દૂધ અને વિકલાંગોને રોજગારી મળી રહે તે કંપનીનો ઉદ્દેશ્ય છે. ATM પર એક વિકલાંગ વ્યક્તિને નોકરી આપવામાં આવશે. જે મશીનમાં દૂધનાં પાઉચ મૂકવાનું તેમજ ગ્રાહકોને જરૂર પડે તો છૂટા પૈસા આપવાનું કામ કરશે.

➤ Healthy India For Quality Life

## 4 ઈનોવેશનથી ઉપચાર થશે બહેતર

**1. DNA ટ્રીટમેન્ટ : કેન્સર અને ડાયાબિટીસનો ઉપચાર જીન એડિટીંગથી**

**રિસર્ચ :** પ્રો. જ્યોર્જ એમચર્ચ, હાવર્ડ યુનિવર્સિટી

જીન એડિટીંગ ટેકનિક 'ક્લસ્ટર્ડ રેગ્યુલેટર ઈન્ટરસ્પેરડ શોર્ટ પૈલિનડ્રોમિક રિપીટ્સ' [CRISPRC] થી ખરાબ DNA દૂર કરીને ઉપચાર થશે.

**આ થશે લાભ :** કેન્સર અને ડાયાબિટીસ જેવા રોગો જીનની ખરાબીથી થાય છે. નવી તકનીકની મદદથી આવી બીમારીઓથી બચી શકાશે.

**2. વિઝન ઈનોવેશન : કમરમાં લાગેલા કેમેરાથી જોઈ શકશે દ્રષ્ટિહીન**

**રિસર્ચ :** ઓપ્થેલ્મિક ડિવાઈસીઝ એડવાઈઝરી પેનલ USA તૈયાર કર્યુ. આંખોની રોશની કેટલીક હદે પાછી મળશે. વિશ્વમાં લગભગ 15 લાખ લોકો આ સમસ્યાનો સામનો કરે છે. આંખમાં ઈમ્પ્લાન્ટ કરેલા ઈલેક્ટ્રોડની મદદથી મસ્તિષ્ક તસવીર બનાવી શકશે.

**આવી રીતે કરશે કામ :** કમરમાં બાંધેલો વીડિયો કેમેરા રોશનીને માપશે. તે રોશની આંખોમાં લાગેલા ઈલેક્ટ્રોડની મદદથી મસ્તિષ્ક સુધી પહોંચશે.

**3. બેક્ટેરિયલ ટ્રીટમેન્ટ : પેટનાં બેક્ટેરિયા કરશે બીમારીનો ઈલાજ**

**રિસર્ચ :** નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ હેલ્થ, અમેરિકા.

આપણા પેટમાં 1000 પ્રકારનાં ફ્રેન્ડલી બેક્ટેરિયા હોય છે. બોડીમાંસમાં તેમનું પ્રદાન 1 થી 3 ટકા હોય છે. તેમની મદદથી કોલાઈટિસ, એલર્જી, સાયકો અને ન્યૂરોલોજીકલ રોગોનો ઉપચાર થશે.

**આ થશે લાભ :** આપણા શરીરમાં હાજર ફ્રેન્ડલી બેક્ટેરિયાની મદદથી અનેક અસાધ્ય રોગોનો ઉપચાર થઈ શકશે.

**3. લિવ લોન્ગર : હાર્ટફેલ થયાં પછી પણ વધારી શકશો ઉંમર**

**રીસર્ચ :** નોવોર્ટિસ યુરોફોર્મ, સ્વીત્ઝર્લેન્ડ.

સંગીન હાર્ટફેલ્યોર પછી દર્દીનું આયુષ્ય ઘટી શકે છે. હૃદયની માંસપેશીઓ સંકડાવા લાગે છે. રિલેક્સનની મદદથી માંસપેશીઓ પહોળી થઈ શકે છે. આ દવાથી સૈરેલેક્સિન બનાવવામાં આવી છે.

**આવી રીતે કરશે કામ :** સૈરેલેક્સિન નામની દવાથી હૃદય સુધી લોહી પહોંચાડનારી નસોને સાંકડી થતી રોકી શકાય છે.



### સ્વપ્નમાં દરિદ્ર શું રાખવું ?

## નિષ્ફળતા ગુનો નથી, નીચું ધ્યેય રાખવું એ ગુનો છે...

# તમારા સપના એવરેસ્ટ જેટલાં ઊંચા રાખો...

હેન્રી ડેવિડ થોરો પોતાની આંતરિક શક્તિ મેળવવા જંગલમાં રહેવા ગયો હતો. તેમણે 'વોલ્ડન' નામનું પ્રેરણાદાયી પુસ્તક લખેલું. તેમાં કહેલું કે 'લાંબેગાળે માનવીએ જે સપનું સેવ્યું હોય કે અબળખા રાખી હોય તે મળે જ છે. કદાચ તત્કાળ નિષ્ફળ જાય, પણ ધ્યેય તો ઊંચું જ રાખવું. 135 વર્ષ પહેલાં જેમ્સ રસેલે સૂત્ર આપેલું કે 'નિષ્ફળતાથી ડરો નહીં. નિષ્ફળતા એ ગુનો નથી, હલકું ધ્યેય રાખવું તે ગુનો છે. કવિ રોબર્ટ બ્રાઉનિંગ બહુ ઓછું ભણેલા હતાં, છતાં તેઓ અનેક રીતે ઊંચી વિદુષી એલિઝાબેથ બ્રાઉનિંગનાં પ્રેમમાં પડેલાં, તેમણે સરસ કાવ્યપંક્તિ લખેલી :

**ઓહ! એ મેન્સ રિચ શૂડ, એક્સીડ હિઝ ગ્રાસ્પ**

**વ્હાય? વ્હોટ ઈઝ ધ હેવન મેઈડ ફોર?**

માનવીએ તેની પહોંચ કરતાં ઊંચા અબળખા રાખવાં. તો પછી ઈશ્વરે સ્વર્ગ શું કામ બનાવ્યું ? સપના જોવા માટે અંગ્રેજીમાં એક એમ્બિશન શબ્દ છે. તે શબ્દ થોડો કચકચાટવાળો છે. તેને બદલે એસ્પિરેશન શબ્દ અપનાવવો. જિંદગીમાં કોઈએ પણ એસ્પિરેશન રાખવું તે ગુનો નથી. એસ્પિરેશન સુંવાળો અને સંસ્કૃત શબ્દ છે. એસ્પિરેશન એટલે ઉચ્ચઆકાંક્ષા, અભિલાષા, ઉંચે ચઢવું, ઉન્નત થવું, ઉત્કૃષ્ટ આકાંક્ષા રાખવી વગેરે. તમે હાઈસ્કૂલમાં ભણતાં ત્યારે શિક્ષકો કહેતા કે નોટ ફેઈલ્યોર બટ લો એઈમ ઈઝ ક્રાઈમ. નીચું ધ્યેય રાખવું એ ગુનો છે, નિષ્ફળતા નહી.!

સંસ્કૃત ભાષાનાં કવિ ભાસે સ્વપ્નવાસવદત્તા નામનું એક નાટક લખેલું. નાટકમાં સપના સેવતી હિરોઈન અને હિરોની વાર્તા છે. વાર્તાની હિરોઈનને સપનામાં એક આદર્શ રાજ્ય દેખાયેલું, એ રાજ્ય એટલું રૂડું હતું કે હિરોઈનને નિદરમાંથી કદી જાગવાની ઈચ્છા થતી ન હતી...! ભલે સપનું એક ભ્રમણા હોય, પણ હું ઈચ્છું છું કે મારી ભ્રમણા લાંબી ચાલે. ડોમ મોરેસ નામના પત્રકાર જે અંગ્રેજી અખબારનાં તંત્રી હતાં, તેમણે 'ભારતમાતાને પત્ર' લખેલો 'હે ભારતમાતા તારી આંખમાં આંખ નાખીને મેં જોયું કે રાજકારણીઓ થકી તો મારું સ્વપ્ન એક ડિફીટેડ ડ્રીમ જેવું છે. ડોમ મોરેસ સાચા ઠર્યા. આપણે સ્વતંત્ર થયાં પછી સોનાનો સૂરજ એટલે કે સપનાનો સૂરજ ઊગ્યો નહીં. મહાન ફિલસૂફ પ્લેટોએ 'ધ રિપબ્લિક' ગ્રંથમાં પોતાના સપનામાં રાજનું વર્ણન કર્યું છે.

'આપણો શાસક કે રાજા સૌપ્રથમ તો ફિલોસોફર હોવો જોઈએ. પ્લેટો પછી તેના શિષ્ય એરિસ્ટોટેલ જ નહીં પણ ઈરાન, સીરિયા અને ઈજિપ્ત એ ત્રણેય રાષ્ટ્રનાં જેણે પાણી પીધેલા તે મહાન ઈસ્લામી ફિલસૂફ અબુ અલ ફરામીએ કહેલું કે 'ફિલોસોફર રાજા શ્રેષ્ઠ છે. લોકશાહી કામની નથી. લોકશાહી તો દંભી લોકોનું કામ છે.'






## પરફેક્શન ના મળે ત્યાં સુધી પ્રયાસ કરો

જોબ્સ હંમેશા એન્ડ સમયે કોઈપણ પ્રોડક્ટ મેકિંગ અટકાવી દેતાં હતાં, તેને વધુ પરફેક્ટ બનાવવા પર ભાર મુક્તાં. તમામ પ્રોડક્ટમાં પરફેક્શન માટે તેમણે આમ કર્યું. મૂવી ટોય સ્ટોરીની વાત કરો તો ડાયરેક્ટર જોન લેસ્ટરે ફિલ્મનું ચાલું પ્રોડક્શન અટકાવી દીધું હતું, તેમણે ફરી વાર્તા લખી અને બહેતર બનાવી. જ્યારે એપલ સ્ટોર લોન્ચ કરવાની વાત હતી, ત્યારે પણ આવું જ થયું. સ્ટોર ગુરુ રોન જોન્સને કેટલાંક દિવસ માટે કામગીરી રોકી દીધી. એ જ રીતે આઈફોનમાં થયું. અચાનક જોબ્સ આઈવ પાસે પહોંચ્યા અને કહેવા લાગ્યા કે હું કાલે સૂઈ ના શક્યો, કારણ કે તે પ્રોડક્ટ સાથે હું જોડાઈ નથી શક્તો. આઈવને પણ લાગ્યું કે જોબ્સ સાચું કહે છે. આખું ડિવાઈસ ભારે લાગી રહ્યું હતું. જોબ્સે આઈવની ટીમને કહ્યું કે મિત્રો તમે આ ડિઝાઈન તૈયાર કરવા ભારે મહેનત કરી છે, પરંતુ આપણે ડિઝાઈન બદલી રહ્યાં છીએ. આપણે દિવસ રાત કામ કરવું પડશે. નારાજ થવાને બદલે પૂરી ટીમ ફરી કામ કરવા તૈયાર થઈ ગઈ. જોબ્સ આ પ્રસંગને યાદ કરતાં કહે છે કે મારા માટે તે સમય ગૌરવપૂર્ણ હતો. આવી જ સ્થિતિ આઈપેડને પૂરું કરતી વખતે પણ સર્જાઈ. એકવાર સ્ટીવ જોબ્સે મોડેલ જોયું તો અસંતુષ્ટ હોવાનું લાગ્યું. તેમણે કહ્યું કે એકવાર જોતાં જ તેને ઉપાડી લેવાની ઈચ્છા થતી નથી. હું ઈચ્છું છું કે તેના ખૂણા એક તરફથી ગોળ કરવામાં આવે, જેથી સાવધાન ના રહેવું પડે. તેના માટે સમગ્ર એન્જિનિયરિંગમાં પરિવર્તન કર્યું. જોબ્સે પ્રોડક્ટને થોડા સમય માટે વિલંબથી બજારમાં મૂકી. કિશોર અવસ્થામાં જોબ્સે ઘરની પાછળ ફેંસિંગ કરી રહેલા પિતાને મદદ કરી હતી, ત્યારે કહેવામાં આવ્યું કે ફેંસિંગ જેવી આગળ છે તેવી જ પાછળ કરવાની છે. સારો કારીગર એ જ છે જે લાકડાનું કેબિનેટ બનાવવા સારી ગુણવત્તા ધરાવતું લાકડું ઉપયોગમાં લે. એપલ૨ બનાવવા માટે સર્કિટ બોર્ડમાં સ્ટીવ જોબ્સે આ જ પદ્ધતિ અપનાવી. એન્જિનિયરે એમ કહીને વિરોધ કર્યો કે પીસી બોર્ડને કોઈ જોવાનું નથી, ત્યારે સ્ટીવ જોબ્સે કહ્યું કે બધુંજ સુંદર દેખાય તે જરૂરી છે.

## પ્રયત્ન કરવાથી વિજય મળશે

રસોડામાં આંખો બંધ કરીને કામ કરો તો ખાવાનું ખરાબ થઈ જાય તે સ્વાભાવિક છે, પરંતુ ક્રિસ્ટીને આ માન્યતા ખોટી સાબિત કરી. એક બીમારી બાદ ક્રિસ્ટીન જોઈ શક્તી ન હતી. અમેરિકન માસ્ટર શેફનાં શોની ફાઈલનું પ્રસારણ સ્ટાર વર્લ્ડ પર દર્શાવાયું હતું. બધાં જ લોકો વચ્ચે તે વિજેતા બની હતી, જે તેની હિંમતનું પ્રમાણ હતું. સ્પર્ધામાં બધાંની નજર તેના પર હતી. સ્પર્ધકોનું કહેવું હતું કે તેનાં ધારાધોરણ ઘણાં જ ઊંચા હતાં. શરીરનાં કોઈ અંગનું કામ ન કરવું એ તમારા જુસ્સાને હરાવી શક્તા નથી. જીત્યા બાદ ક્રિસ્ટીને જણાવ્યું કે સપના પૂરા કરવાનું હું જીવતું જાગતું ઊદાહરણ છું. એક રિપોર્ટરે પ્રશ્ન કર્યો કે તમે દૃષ્ટિ ધરાવતા લોકો વચ્ચે માસ્ટર શેફમાં સ્પર્ધા કરવાનું શા માટે સ્વીકાર્યું? તેણે જવાબમાં કહ્યું પડકાર કેટલો મુશ્કેલ છે તેનાથી કોઈ ફરક પડતો નથી. કોઈ વ્યક્તિ ગમે તેટલી સફળ હોય, પરંતુ તેણે કેવા પ્રયત્નો કરીને પડકારનો સામનો કર્યો તેના પર સફળતાનો આધાર છે. એક શેફ તરીકે ક્રિસ્ટીનને કામ કરતાં જોવી ઈન્સ્પાયરિંગ છે. જેમની પાસે દૃષ્ટિ છે તેઓ પોતાના જીવનમાં રંગો ભરી શકે છે, પરંતુ ક્રિસ્ટીને એક બાબત સ્પષ્ટ કરી હતી કે તે સ્પર્ધામાં અંધ હોવાનો કોઈ લાભ નહીં લે. તેણે પોતાના ગુણોનાં આધારે વિજય મેળવ્યો હતો. ક્રિસ્ટીને લાખો રૂપિયા જીતવાની સાથે એક પુસ્તક લખવાનો કોન્ટ્રાક્ટ પણ મેળવ્યો હતો. ક્રિસ્ટીન દૃષ્ટિહીન છે અને બાળપણમાં જ મા ગુમાવી ચૂકી છે. લોકોનું માનવું છે કે ક્રિસ્ટીન અપવાદ હોઈ શકે, પરંતુ મારું માનવું છે કે કોઈ વ્યક્તિ અશક્યને શક્ય બનાવી શકે તો તમે અને હું પણ આ કામ કરી શકીએ. આથી જીવનમાં પ્રત્યેક દિવસે કંઈક પડકારજનક કામ કરીએ.



# ક્રિએટિવ લોકો વધુ જીવે છે...

## પસંદગીનું કામ કરવાથી માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય સારું રહે છે

આ ધારણા ખોટી છે કે, વડીલો જોરદાર ઉપલબ્ધિયો હાંસલ કરી શકતા નથી. તેનાથી વિપરીત મોટી વયે લોકો વધુ ક્રિએટિવ હોય છે. અમેરિકાનાં ન્યુયોર્ક શહેરની ભવ્ય ઈમારતનું નિર્માણ એક વૃદ્ધ વ્યક્તિએ કર્યું છે. ઊંચી ઈમારતોની ભીડ વચ્ચે ગોળ કપનાં સ્વરૂપમાં ઊભેલું ગુગગેનહીમ સંગ્રહાલય પોતાની અલગ સ્ટાઈલને કારણે લોકોનું ધ્યાન ખેંચે છે. પ્રાકૃતિક પ્રકાશથી આચ્છાદિત અને બરફ જેવા સફેદ રંગથી ઝગમગતા ભવનની પાછળ ફ્રેન્ક લોયડ રાઈટની કલ્પના શક્તિનાં દર્શન થાય છે. રાઈટે 1943માં ભવનની ડિઝાઈન બનાવવાનું શરૂ કર્યું હતું, ત્યારે તેઓ 76 વર્ષનાં હતાં. હાર્વર્ડ મેડિકલ સ્કૂલનાં ન્યુરો સાઈકોલોજિસ્ટ ડોનાલ્ડ ડેવિડોફ કહે છે, જો તમે રાઈટ દ્વારા ડિઝાઈન કરવામાં આવેલી કોઈ પણ ઈમારતમાં જશો તો, અહેસાસ થશે કે તેઓ આપણા જેવું વિચારતા ન હતાં. રાઈટની શૈલી અનોખી છે. સાઈબર વર્લ્ડ, ફેશન, સંગીત, કલા, નાણાં, વહીવટીતંત્ર સહિત ઘણાં ક્ષેત્રોમાં ચમત્કારીક ઉપલબ્ધિઓની વિશ્વ પ્રશંસા કરે છે. એ લોકો વિશે વિચારો જેમણે વધતી વયે શિખર સર કર્યા છે. આમાંથી કેટલાક નામો પર ધ્યાન આપો. ગોયાએ પોતાનું સૌથી વધુ સુંદર પેઈન્ટિંગ 70 વર્ષની વયે બનાવ્યું હતું. ગોએથની ઉત્કૃષ્ટ રચના ફાઉસ્ટ 81 વર્ષની વયે લખવામાં આવી હતી. ગેલીલિયોનું એક મહત્ત્વપૂર્ણ સંશોધન 74 વર્ષની વયે પૂરું થયું હતું. અમેરિકી અભિનેત્રી મેગી સ્મિથ 78 વર્ષની થઈ હોવા છતાં ફિલ્મો અને ટીવી સિરિયલોમાં કામ કરી રહી છે. 83 વર્ષનાં વોરેન બફેટ બિઝનેશની દુનિયામાં સફળતા હાંસલ કરી રહ્યાં છે. 91 વર્ષની વયે દુનિયાથી વિદાય લેનાર પાબ્લો પિકાસો અંત સુધી પેઈન્ટિંગ કરતાં રહ્યાં. 98 વર્ષનાં હરમન વૂકે પોતાની નવી નવલકથા ગયાં વર્ષે પૂરી કરી હતી. 100 વર્ષ સુધી જીવિત રહેલા કોમેડિયન જ્યોર્જ બર્ન્સે 95 વર્ષની વયે બે વર્ષનો એક કોન્ટ્રેક્ટ કર્યો હતો. એક જાણીતું સત્ય છે કે મગજથી સક્રિય અને વ્યસ્ત લોકો વૃદ્ધાવસ્થા સંબંધિત શારીરિક મુશ્કેલીઓનો સરળતાથી સામનો કરી શકે છે. તેનાથી વિપરીત બાબત એ છે કે જીવનશૈલીમાં સ્થિરતા હોય તેવા લોકો વધુ ખુશ રહી શકતાં નથી અને બીમારીઓનો શિકાર બને છે. ન્યુરોબાયોલોજિસ્ટ ડો. જ્યોર્જ બાર્ટજોક્સિ જણાવે છે કે ડોક્ટરો, વકીલો, શેરબજારનાં નિષ્ણાતો સહિત અનેક વ્યવસાય સાથે સંકળાયેલા લોકોએ ક્રિએટિવ રીતે વિચારવું પડે છે. પોતાની પસંદગીનું કામ કરવાથી સંતોષ મળે છે. નિરાશા સાંપડતી નથી અને શરીર તંદુરસ્ત રહે છે. શરીરનાં અન્ય અંગોની જેમ મગજ પણ ઉંમરની સાથે નબળું પડવા લાગે છે. એવી ધારણા છે કે તેમાં સુધારો થવાની ક્ષમતા હોતી નથી, પણ તે સત્ય નથી. મગજની સર્કિટને સરળતાથી ચલાવવા માટે માઈલીનેશનની પ્રક્રિયા બાળપણમાં જ શરૂ થઈ જાય છે. તાજેતરમાં સંશોધનકર્તાઓ એ જાણીને આશ્ચર્યચકિત થઈ ગયાં છે કે વયસ્ક થઈ જવાથી માઈલીનેશનની પ્રક્રિયા પૂરી થતી નથી. મેગ્નેટિક રિસોનેન્સ ઈમેજિંગ [MRI] અને પોસ્ટમોર્ટમ મારફતે થયેલા અભ્યાસ મુજબ માઈલીનેશન મોટી ઉંમર સુધી ચાલું રહે છે. મગજનાં ટેમ્પોરલ સહિત કેટલાંક હિસ્સામાં ચરબી ચઢવાની પ્રક્રિયા 50 અને 60 વર્ષની વય સુધી ચાલુ રહે છે. ટેમ્પોરલનો સંબંધ દશ્યોને યાદ રાખવા તેમજ ભાષા અને ભાવનાઓ સાથે હોય છે. બાર્ટજોક્સિ કહે છે કે આપણે એક જમ્બો જેટ સામાન છીએ, જેને હંમેશા સમારકામ અને સાધનોની જરૂરિયાત હોય છે. આ સર્વિસિંગ માનસિક રૂપથી સક્રિય રહેવાથી તે ચાલું રહે છે. તમામ બૌદ્ધિક ક્રિયાકલાપ મોટી ઉંમરનાં લોકો બહુ સારી રીતે કરી શક્તા નથી. ગણિતજ્ઞ, ભૌતિકશાસ્ત્રી અને શતરંજનાં ખેલાડી 20 થી 30 વર્ષની વય વચ્ચે અસાધારણ દેખાવ કરી શકે છે. આ તમામ ચીજો માટે ઝડપથી ચાલનારું મગજ જરૂરી છે. આ જ કારણથી બાળકો ભાષાઓ, કોમ્પ્યુટર, વીડિયો ગેમ અને રૂબિક ક્યૂબ જેવાં ઉખાણાંઓને ઝડપથી ઉકેલી નાંખે છે. મસ્તિષ્કની પ્રોસેસિંગ કરવાની શક્તિમાં નબળાઈ આવે છે પણ તે બીજી રીતે ભરપાઈ કરે છે. યુવા મગજમાં ભાષાઓ સંબંધિત અને કેટલાંક અન્ય કામ ડાબી બાજુનાં ભાગમાં થાય છે. તર્કશક્તિ જેવા કામ જમણા હિસ્સામાં ચાલે છે. અભ્યાસથી જાણવા મળ્યું છે કે વયસ્ક મગજ કોઈ કાર્ય કરવા માટે મુશ્કેલી પડે તો બીજા હિસ્સાની મદદ લેતાં અચકાતા નથી. ડ્યૂક યુનિવર્સિટીનાં ન્યૂરોસાયન્ટિસ્ટ રોબર્ટો કેબેઝાનું કહેવું છે કે મગજમાં આવું પરિવર્તન 80 વર્ષની ઉંમર સુધી ચાલે છે. વૃદ્ધ વ્યક્તિઓ માટે જીવનની સામાન્ય પરિસ્થિતિઓ પણ ફાયદાકારક હોય છે.

તમે યુવાન અને આધેડ હોવ ત્યારે નોકરીની સાથે પરિવારની જવાબદારીઓ સહિત કેટલાંય કામ કરી રહ્યાં છો. આ ગતિવિધિઓમાં ઊર્જા પણ ખર્ચાય જાય છે, જેનો ઉપયોગ ક્રિએટિવિટીમાં થઈ શકે છે. કેલિફોર્નિયા અને બર્કલે યુનિવર્સિટીનાં મનોવૈજ્ઞાનિક રોબર્ટ લેવેન્સને જણાવ્યું છે કે જ્યારે તમે મોટી ઉંમરનાં થઈ જાવ છો ત્યારે અસંખ્ય કામોમાંથી મુક્તિ મળી જાય છે. મૌલિક કામ માટે પૂરતો સમય મળી રહે છે. પસંદનું કામ અને ક્રિએટિવિટીનો સંબંધ પ્રસન્નતા સાથે હોય છે. અભ્યાસથી જાણવા મળ્યું છે કે ખુશીનો સંબંધ લાંબી ઉંમર સાથે છે. બ્રિટીશ મેડિકલ જર્નલમાં ઈંગ્લેડનાં 68,000 લોકોનો એક સર્વે પ્રકાશિત થયો હતો. જાણવા મળ્યું કે પીડિત લોકોનું હૃદયની બીમારીથી મરવાનું જોખમ 29 ટકા વધુ છે. જ્યારે 29 ટકા લોકોને અન્ય બીમારીઓથી મરવાનું જોખમ છે. સામાજિક કાર્યોથી પણ બ્લડપ્રેશર, હૃદય અને મગજનાં એટેક આવવાનું જોખમ ઓછું થઈ જાય છે. એટલે કે, મનને સંતુષ્ટ રાખનારા કાર્યો મનુષ્યનાં જીવનને લાંબુ અને ખુશહાલ બનાવે છે.






# ગેટ્સની 12 શિખામણથી સમજો જીવન અને બિઝનેસની ફિલોસોફી

**મા**ઈક્રોસોફ્ટનાં સહ સંસ્થાપક બિલ ગેટ્સનો જુસ્સો, તીવ્રતા અને દ્રઢતા જેવા ત્રણ શબ્દોને સમજી શકાય છે. ગેટ્સ ઈચ્છતા હતાં કે સિસ્ટમ એવી રીતે બનાવાય જે મહત્વની હોય અને લોકોને જોડવા માટે પ્રેરિત કરે. આ બાબતને સમજવા માટે બોધપાઠ મદદરૂપ પુરવાર થશે.

**બોધપાઠ 1 :** દુનિયાને બદલી નાંખો અન્યથા ઘરે બેસો. દુનિયાને વધુ સારી બનાવવા માટે કામ કરો. પછી ભલે તે એક વિઝન, પ્લેટફોર્મ, સિસ્ટમ, આઈડિયા, રીઝન અથવા ઈનોવેશન હોય.

**બોધપાઠ 2 :** માર્ગ કાઢતા જાવ, તમારા માટે કોઈ રસ્તો તૈયાર હોતો નથી. તમારે કંઈક તો કરવું જ પડશે. ક્યારેક લોકોને એમ લાગશે કે તમે સનકી છો. અનેકવાર તમે મંઝિલની નજીક હશો. બિલ ગેટ્સ માનતા હતાં કે પર્સનલ કમ્પ્યુટર દરેક ટેબલ, ઘર અને લિવિંગ રૂમમાં હોવું જોઈએ. તે આપણી દુનિયા બદલી નાંખશે.

**બોધપાઠ 3 :** તમારી અસર ઊભી કરો. તમારા પ્રભાવ અનુસાર પોતાની પસંદગી કરતા રહો, પછી ભલે તે જુસ્સાની કે કોઈ કાર્યમાં જોડાઈ જવાની બાબત હોય. માત્ર કામ કરવા ખાતર કોઈપણ કાર્ય કરો નહિં, પણ કાર્યને મહત્વનું ગણીને કરો. જે તમને નવા મુકામ પર લઈ જશે.

**બોધપાઠ 4 :** માનવતાનો સૌથી મોટો લાભ એકસમાન ધરી પર રહેવાનો છે. બિલ ગેટ્સ સ્પષ્ટ માને છે કે લોકો એક સમાન છે. જેઓ પોતાની મદદ કરી શક્તા ન હોય, તેવા લોકોની મદદ કરવી જોઈએ. તમામને જીવનમાં તક ઊભી કરવાનો અધિકાર છે. તેમાં આવતા અવરોધોને દૂર કરવા જોઈએ.

**બોધપાઠ 5 :** જે જરૂરી છે તેને સમજો, તેના પર ધ્યાન આપવું જોઈએ. દુનિયા ઝડપથી બદલાઈ રહી છે. બજાર બદલાઈ ગયાં છે. સોફ્ટવેરનાં વ્યવસાયમાં તમે કંઈક સમજી શકો ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ જાય છે. સંકટમાં ઘેરાઈ જાવ ત્યારે પોતાને બચાવવા મુશ્કેલ થઈ જાય છે. જો પહેલાથી ચિંતા નહીં કરો તો ભાગતા જ રહેશો.

**બોધપાઠ 6 :** બજાર અનુસાર વિજ્ઞાની, કમ્યુનિકેટર્સ, વિચારક અને સમીક્ષકો નથી ચાલતા. તેમના માટે સરકારે યોગ્ય સ્થિતિ બનાવવી પડે છે. બુદ્ધિશાળી લોકોને જોડીને આપણે ઈચ્છિત પ્રગતિ કરી શકીએ છીએ.

**બોધપાઠ 7 :** પોતાના આદર્શો સાથે જીવો. જ્યારે દુનિયાને આભાસ થશે કે તમે શું છો, એ જ મૂલ્યોનાં કારણે લોકો તમારી તરફ આકર્ષાશે. માઈક્રોસોફ્ટનાં બિલ ગેટ્સે પણ લોકોને આકર્ષિત કર્યા હતાં. તેમને દુનિયા બદલવી હતી. તેમની સાથે જોડનારાએ ટેક્નોલોજી અને ઈનોવેશનથી જીવન બહેતર બનાવ્યું.

**બોધપાઠ 8 :** સારું કામ ક્રિએટીવ લોકો સાથે રહેવાથી બહેતર થાય છે. બિલ ગેટ્સે એવું કલ્ચર ઊભું કર્યું કે હોશિયાર લોકો તેમની સાથે જોડાયા. તેમની આસપાસ સારા લોકો હતાં તેથી તેઓ ઉપર આવી શક્યાં.

**બોધપાઠ 9 :** દરેક વ્યવસાયમાં ઈનોવેશન હૃદય અને આત્મા હોય છે. રમતમાં આગળ અથવા ટકી રહેવા માટે તમારે ઈનોવેશન ચાલુ રાખવું જોઈએ. પોતાની પ્રોડક્ટમાં ઈનોવેશન લાવો. પ્રોસેસ કે માર્કેટ વગેરેમાં તેનો અમલ કરો. ઈનોવેશનને પોતાના પ્રભાવમાં જાળવી રાખો.

**બોધપાઠ 10 :** એવો મંચ બનાવો કે જ્યાં લોકો આગળ વધી શકે. કોઈ પણ વસ્તુને બહેતર બનાવવામાં પોતાની ભૂમિકા જુઓ.

**બોધપાઠ 11 :** હંમેશા નવી સિસ્ટમ બનાવવાનું વિચારો. વ્યક્તિગત સ્તરે સિસ્ટમ બનાવો, તેમાં ઈનપુટ અને આઉટપુટ બંને હોય છે.

**બોધપાઠ 12 :** એક્શન લેવા ખૂબ જરૂરી. કોઈપણ વસ્તુની ધૂનને અમલમાં લાવવા માટે એક્શન જરૂરી છે. વિચાર ઘણા લોકો પાસે હોય છે, પરંતુ સાચું અંતર તેનો અમલ કરવામાં હોય છે.




# ગેટ્સનાં 11 નિયમ તમને સફળ બનાવશે...

એક સ્કૂલમાં બિલ ગેટ્સે કહ્યું હતું કે એવી કઈ વસ્તુઓ છે જે સ્કૂલમાં શીખવી શકાય નહીં. ફીલ ગૂડ અને રાજકીય રીતે યોગ્ય માનવામાં આવતાં શિક્ષણે બાળકોમાં વાસ્તવિક્તાનો કોઈ કન્સેપ્ટ બનવા દીધો નથી. આથી તેઓ યથાર્થની દુનિયામાં નિષ્ફળ રહે છે.

**નિયમ 01** : જીવન અનુકૂળ નથી, તે મુજબ બનો !

**નિયમ 02** : તમારા સમ્માનની ચિંતા દુનિયા કરતી નથી. દુનિયા એ અપેક્ષા કરે છે કે પહેલાં તમે કોઈ કામ પૂરું કરો.

**નિયમ 03** : હાઈસ્કૂલમાંથી બહાર નીકળતા જ તમે હજારો કમાઈ શક્તા નથી. જ્યાં સુધી કમાતા નથી, ત્યાં સુધી કાર અને ફોન લઈ શક્તા નથી.

**નિયમ 04** : જો તમને એવું લાગે કે તમારા ટીચર સખત છે તો નવાં બોસની રાહ જુઓ.

**નિયમ 05** : જો તમારાથી કોઈ ભૂલ થઈ છે તો તમારા પેરેન્ટ્સની ભૂલ નથી. પોતાની ભૂલ અંગે રડવાને બદલે કંઈક શીખો.

**નિયમ 06** : તમારા જન્મ પહેલાં માતા પિતા કંટાળાજનક ન હતાં. તેઓ તમારું ભરણ પોષણ કરીને એવા થઈ ગયાં છે. બહેતર છે પોતાને સુધારો.

**નિયમ 07** : ભલે સ્કૂલમાં હાર જીત થતી હોય, પરંતુ જીવનમાં હોતી નથી. કેટલીક સ્કૂલોમાં ગ્રેડ સિસ્ટમ ખત્મ થઈ ગઈ છે. તેનો વાસ્તવિક જીવન સાથે કોઈ તાલમેલ નથી.

**નિયમ 08** : જીવન સેમિસ્ટરમાં વહેચાયેલું નથી, તેમજ રજા હોતી નથી. બહુ ઓછા એમ્પ્લોયર ઓળખ બનાવે છે. બહેતર છે કામ સમયસર કરો.

**નિયમ 09** : ટીવી કોઈ વાસ્તવિક જીવન નથી. અસલ જીવનમાં લોકોએ કોફી શોપનો સુંદર માહોલ છોડીને નોકરીએ જવાનું હોય છે.

**નિયમ 10** : બુદ્ધિશાળી અને નિષ્ઠાવાન બનો.

**નિયમ 11** : સ્મોકિંગ કરવાથી તમે કૂલ દેખાશો નહીં, ઊલટાનું નબળી બુદ્ધિનાં લાગશો.

**કેટલીક થિયરી વ્યવહારિક નથી :**

'કન્સ્ટ્રક્શનિઝમ'ની થીયરી કહે છે કે કોઈ ટીચર કે વર્કશીટ મારફત સ્ટુડન્ટને સીધે સીધી એવી વાત સમજાવવી જોઈએ, જે તેના મગજમાં ઉતરી જાય. એ વાત સ્ટુડન્ટનાં મગજમાં બેસાડવા માટે તેને સતત બતાવવું પડશે. જેમ કે 2+2 અથવા 3+1 બન્નેનાં પરિણામ 4 છે. તેમાં થિયરી ઓફ કન્સ્ટ્રક્શન કામ કરતી દેખાય છે, પરંતુ શુન્યની તાકાતને અલગ રીતે સમજવી પડશે. લર્નિંગની પ્રોસેસ સતત ચાલુ રહે છે. કોઈ ટીચરનાં લેક્ચરથી સમજી શકે છે, પરંતુ સ્ટુડન્ટ કેવી રીતે તેમના શબ્દો સાથે જોડાય છે તે મહત્વનું છે. બહેતર એ છે કે સ્ટુડન્ટ્સને સ્વતંત્ર પણે કંઈક કરવા દો, ત્યારે જ યોગ્ય પરિણામ મળશે. ક્લાસરૂમનું સત્ય કંઈક જુદું છે. સારો ટીચર દરેક વિષય પર સીધી વાત કરવાનો પ્રયાસ કરે છે. સીધી વાત એટલે અનુભવથી શીખો. તેમાં લર્નિંગ થિયરી કામ કરે છે.



# આ 9 રીત અપનાવીને દિવસને યાદગાર બનાવો...

એ વાતથી કોઈ ફરક પડતો નથી કે તમારો અત્યાર સુધીનો સમય કેવી રીતે પસાર થયો, પરંતુ દરરોજ તેને યાદગાર અને સુંદર બનાવવા માટે કંઈક નવું કરી શકો છો. પોતાના મન પર એવું લખી દો કે આજનો દિવસ બહુ જ સુંદર જવાનો છે. અહીં કેટલીક રીત આપવામાં આવી છે, તેને અપનાવી જુઓ.

**થોડાક નિશ્ચિંત થાવ** : દરેક વસ્તુમાં ઝીણવટપૂર્વક તપાસ કરવાથી તનાવ પેદા થશે. એટલી ચીવટ પણ ન રાખો કે વધુ દબાણ લાગવા માંડે, ચિંતા કર્યા વગર જીવનને પોતાની ગતિએ ચાલવા દો. લાંબો ઊંડો શ્વાસ લો, મગજમાંથી બધું નીકળી જાય ત્યારે આગામી ડગલું ભરો.

**આગળ વધતા રહો** : અત્યાર સુધી જે થઈ ગયું એ દોરમાં તમે પાછા જઈ શક્તા નથી. તમારા હાથમાં માત્ર વર્તમાન છે. જે વસ્તુ પર કાબૂ રાખવાનો છે, એ છે તમારું રિએક્શન, એ જ તમારા નિયંત્રણ બહાર છે. જે થઈ ગયું તેની ચિંતા કર્યા વગર આગળ વધો. દરેક માણસનાં જીવનમાં સાચું અને ખોટું થતું રહે છે. જે કામ કરી શકો છો તેમાં સંપૂર્ણ ઊર્જા લગાવો.

**કામને સૌથી આગળ રાખો** : કોઈ કામને ટાળવું એ કુટેવ છે. જો કોઈ કામ આજે શરૂ કર્યું હોય તો જરૂરી નથી કે તે કાલે પૂરું થઈ જશે. જો તે કામ મહત્વનું હશે તો સતત તમારા મગજ પર છવાયેલું રહેશે. તેથી કામને મહત્વ આપો તે જરૂરી છે.

**સકારાત્મકતામાં અસલ તાકાત છે** : દરરોજ એવો સમય જરૂરી છે, જેમાં કોઈ ચિંતા ન હોય. એ સમય દરમિયાન તમે આનંદમાં રહો તે જરૂરી છે. ઘણી વાર આપણે લોકો ઈચ્છે એવું વર્તન કરીએ છીએ. આવી સ્થિતિમાં જે લોકો મેડિટેશન કરે છે, તેઓ લોકોની ચિંતા કરતા નથી. તેમને ખબર છે કે જે કંઈ ઈશ્વર પાસેથી મળ્યું છે તે ઘણું છે. એ જ અસલ તાકાત છે.

**કંઈક નવું કરતા રહો** : પોતના કમ્ફર્ટ ઝોનથી બહાર નીકળો. કંઈક નવું કરવાનો પ્રયાસ કરો. શરૂઆત એવા કામથી કરો, જે એક કલાકમાં પૂરું થઈ જાય. કંઈક નવું કરવાનો નાનકડો અનુભવ જીવનને ઉમંગથી ભરી દે છે.

**પોતાના માટે થોડોક સમય ફાળવો** : હંમેશા અસુરક્ષા સામે લડતા રહો. એ પછી જ પોતાના સ્થાને પહોંચી શકો છો. આવી પરિસ્થિતિમાં મગજ અને શરીર બન્ને થાકેલા હોય છે. તમને આરામની જરૂર છે. થોડોક સમય શાંત બેસીને પોતાના ચિંતનને ઉભરવાની તક આપો, એનાથી બહુ હળવાશ અનુભવશો. ચૂપચાપ ચિંતન કરો. ધીમે ધીમે પોતાની અંદર પ્રવેશ કરીને સમજવાનો પ્રયાસ કરો.

**સાચો જુસ્સો અને આનંદ** : જ્યારે કોઈ પણ કામ કરો, ત્યારે આવનારા પડકારો અને તમારી કુશળતામાં સંતુલન રાખો. તેનાથી કામમાં તાલમેલ આવે છે. તમે જે કામ કરો છો તે જુદું જ દેખાવા લાગે છે. જો સાચો જુસ્સો હશે તો આનંદ મળી રહે છે. એનાથી તમારું મનોબળ વધશે.

**બધાની ખુશી માટે** : તમારા કોઈ કામથી લોકોને ખુશી મળે છે તો જરૂર કરો. અન્ય કોઈ માટે એટલું કંઈક સારું કરી નાખો કે એ તમારા જીવનમાં પણ સકારાત્મક અસર દેખાડવા લાગે. એમ કરવું તમારા માટે જોરદાર અનુભવ હોઈ શકે. ભલે કોઈ તમારા પ્રત્યે સારો રિસ્પોન્સ આપે ન આપે, પરંતુ તમારૂં મન જરૂર આનંદમાં રહેશે.

**એવા મિત્રો સાથે રહો, જે તમને સુધારે** : જે સારા પરિવર્તન લાવી શકે તેને મિત્ર બનાવી શકો છો. એવા બહુ ઓછા લોકો છે, જે જીવનમાં પરિવર્તન લાવવા માટે તમને સૂચનો આપતા રહે છે. તેઓ તમને હચમચાવતા રહે છે.



## એક દિવસ બદલાઈ જશે તમારું જીવન

કોઈનો પણ એક દિવસ આખરી દિવસ હોઈ શકે છે. જીવનને જોવાનો આ અલગ દૃષ્ટિકોણ છે. તમારા શેષ ભવિષ્યને જોવા માટે આજે પહેલો દિવસ છે. આ પણ એક દૃષ્ટિકોણ છે. વાસ્તવમાં જોઈએ તો તમારું ભવિષ્ય આજથી શરૂ થાય છે. તમે પીછેહઠ કરીને એકદમ નવી શરૂઆત કરી શક્તા નથી. તમે આજથી નવી શરૂઆત કરી શકો છો. તમે એક નવો અંત પણ મેળવી શકો છો. તમે જ્યાંથી ઈચ્છો ત્યાંથી શરૂઆત કરી શકો છો. એક દિવસ ગૌતમ બુદ્ધ, જિસસ, મોહમદ પયગંબર, જ્યોર્જ બર્નાર્ડ શો અને કર્નલ સેન્ડર્સનાં જીવનમાં પણ આમ થયું. આવું અન્ય લોકો સાથે પણ થયું. તમારી સાથે પણ બની શકે છે. આવી રીતે કોઈક દિવસ તમારું સમગ્ર જીવન બદલાઈ જશે, આજ શરૂઆત હશે. જીવનની શરૂઆત થવામાં ક્યારેય બહુ મોડું થતું નથી. તમારું ભવિષ્ય તમારી સામે છે. જે વીતી ગયું છે તેને છોડી દો અને ભવિષ્ય તરફ ધ્યાન આપો. ગણિત કહે છે કે સેગમેન્ટની પ્રોપર્ટી 0 થી 1 સુધી ધરી પર છે અને તે પોઝિટિવ છે. તો એ વાતથી નિશ્ચિત થઈ શકો છો કે 1 અને 2 પણ પોઝિટિવ રહેશે. એવી જ રીતે જો આધાર નેગેટિવ હશે તો તે અનંત સુધી નેગેટિવ રહેશે. તારણ એ છે કે કોઈ ધરી પર પ્રોપર્ટી જે ત્રાજવામાં ઝૂકે છે, સમગ્ર ધરીની ગુણવત્તા પણ તેની તરફ હોય છે. તમારા જીવનમાં અનંતનો ભાવ હંમેશા હાજર રહેશે. બીજમાં સેંકડો જંગલો ઊભા કરવાની શક્તિ હોય છે. દરેક દિવસે એક સંકલ્પ છુપાયેલો હોય છે. જીવનની દરેક ક્ષણ એકસમાન લાગે છે, પણ આવું હોતું નથી. અમર્યાદ શક્તિઓ, જે જ્ઞાત અને અજ્ઞાત છે. જેના વિષે કોઈ જાણતું સુદ્ધાં પણ નથી. તમે નથી જાણતા કે તે કંઈ ક્ષણે બને છે.

## દિવસમાં થોડો સમય મૌન રહો, શક્તિ વધશે...

મનોવૈજ્ઞાનિકોનું કહેવું છે કે પ્રતિદિન આપણા મનમાં સરેરાશ 60,000 વિચારો આવે છે. વિશેષ બાબત એ છે કે 95 થી 98 ટકા વિચાર ફરીવાર આવે છે. પ્રત્યેક વિચાર મસ્તિષ્કનાં સ્તર પર આવે છે. તેનાં આવવાથી રસાયણ સ્ત્રાવિત થતો રહે છે. ન્યુરોસાઈન્ટિસ્ટ માને છે કે મસ્તિષ્કમાં 100 અબજ ન્યૂરોન હોય છે. પ્રત્યેક ન્યૂરોન 1000 જગ્યા સાથે સંકળાયેલા હોય છે. દરેક કનેક્શન એક સેકન્ડમાં 200 વાર કંઈક છોડે છે. પરિણામ એ આવે છે કે પ્રતિ સેકન્ડમાં 2,00,000 ગણનાઓ થતી રહે છે. આ તમામ ગણનાઓ જીવન ઊર્જાને ખર્ચી નાખે છે. આપણે કેટલાંક વિચારોને ઓછા કરીએ તો જીવનમાં સુખ શાંતિ આવશે. આથી દિવસમાં થોડીકવાર મૌન રહેવું જોઈએ, તેનાથી શક્તિ મળશે. વિચારોને ઓછા કરવામાં સફળ થઈએ, તો વિચારોની ગુણવત્તાને જાળવી શકીએ. આવી સ્થિતિમાં દરેક વિચારને લાંબા સમય સુધી સાથે રાખીએ તેમ તે શક્તિશાળી બને છે. દરેક વિચારમાં એક રચનાત્મક શક્તિ હોય છે. થોડોક સમય મૌન રહેવાથી જીવન જીવવાની શક્તિ મળે છે. દરેક બાબત કોઈ ખાલી જગ્યામાં સર્જાય છે. જો કોઈ વિચાર મૌનમાંથી બહાર નીકળે તો તે શક્તિશાળી બની શકે છે. એક મામૂલી કણ પણ મોટી ઝીલને વિચલિત કરી શકે છે. વાઈબ્રેશન ત્યારે જ ટ્રાન્સફર થશે, જ્યારે કોઈ વિચલન ન હોય. આથી ધ્યાન અને મૌનનું ઘણું મહત્વ છે. મૌન રહેવાથી આધ્યાત્મિક વ્યક્તિની હાઈ વાઈબ્રેશન્સ તમારામાં આવવા લાગે છે. આવી ક્ષણે તમામ બાબત સંભવ બની શકે છે.





# સુખ અને આનંદની શોધ

તમામ મનુષ્યોમાં પ્રસન્નતા મેળવવાની ભાવના પ્રબળ હોય છે, પરંતુ અમેરિકનોએ આ અંગેનું રહસ્ય ખૂબ પહેલાં શોધ્યું હતું. તેમણે આ બાબતને રાષ્ટ્રીય ચરિત્રનો હિસ્સો બનાવ્યો છે. તેઓ હંમેશા કંઈક નવું કરવા બેચેન રહે છે. અમેરિકનોમાં આનંદની ખોજ કરવાના મૂળ ખૂબ ઊંડા છે. લક્ષ્યને પરિભાષિત કરવાનો સાચો રસ્તો આનંદ કે ખુશી હોઈ શકે. નવા મહાદ્વીપમાં પહોંચેલા લોકો પોતાની નવી પેઢીને જન્મ આપે છે ત્યારે તેમનામાં પણ આવી ભાવનાનો સંચાર કરે છે. અમેરિકાને વ્યવસ્થિત થવામાં 100 વર્ષ લાગ્યાં હતાં. 200 વર્ષની અંદર તે વિશ્વની પ્રભાવશાળી શક્તિ બની ગયું. પ્રસન્ન લોકો માત્ર ધન જ નથી કમાતાં, પરંતુ લાઈટબલ્બ, ટેલીગ્રાફ, મૂવી કેમેરા, વિમાન, ઓટોમોબાઈલ, પોલિયો વેક્સિન, પર્સનલ કોમ્પ્યુટર, સોશિયલ મીડિયા અને આઈફોન જેવા ઉપકરણોની શોધ પણ કરે છે. પ્રસન્ન રહેનારા લોકો ઉદાર હોય છે. અમેરિકનો પાસે ખુશ રહેવા ધનની અછત નથી. તેમણે 2012માં વિદેશયાત્રા કરવા 7016 અબજ રૂપિયા ખર્ચ કર્યા. દર વર્ષે રમતો જોવા 1486 અબજ અને મૂવી જોવા માટે 654 અબજ રૂપિયા ખર્ચ કર્યા. અમેરિકનોએ ઈલેક્ટ્રોનિક્સ સામગ્રીની ખરીદી માટે 11888 અબજ તેમજ મનોરંજન કરતા ઉપકરણો પાછળ 8321 અબજ રૂપિયા ખર્ચ કર્યો છે. આ ઉપભોગ દ્વારા હાંસલ કરેલી ખુશી છે. લક્ષ્યને હાંસલ કર્યા પછી પણ કંટાળો આવવા લાગે છે. નેશનલ સાયન્સ ફાઉન્ડેશન દ્વારા કરાવવામાં આવેલા સર્વેક્ષણ મુજબ 1972 પછી માત્ર એક તૃતીયાંશ અમેરિકનો પોતાને ખૂબ પ્રસન્ન માને છે. ટાઈમ મેગેઝિનનાં નવા સર્વેક્ષણ મુજબ 2004 પછી આશાવાદી અમેરિકનોની ટકાવારી 79 થી ઘટીને 50 ટકા થઈ ગઈ હતી. ખુશ રહેવાનો સંબંધ વ્યક્તિની બાયોલોજી સાથે છે. અમેરિકામાં બહારથી આવેલા લોકો ભલે 300 વર્ષ પહેલાં યુરોપ કે એશિયામાંથી આવ્યાં હોય, પરંતુ જેનેટિક ધોરણે આશાવાદ તેમના લોહીમાં છે. સામાન્ય બાયોલોજી કહે છે કે કોઈપણ જનસંખ્યાની જેનેટિક ખાસિયત સંબંધિત લોકો દ્વારા પ્રજનન કરવાથી વધે છે. હાર્વર્ડ અને બોસ્ટન યુનિવર્સિટીનાં સંશોધકોએ DRD 4 જીનનાં વિશ્લેષણમાં આ વાત કહી છે. આ જીનનો સંબંધ મસ્તિષ્કનાં ડોપામાઈન રિસેપ્ટર્સની ગતિવિધિ સાથે છે. જીન અનેક સ્વરૂપ અને વિકલ્પોમાં છે. વિશેષજ્ઞોએ જોયું કે આફ્રિકા, મધ્ય એશિયા અને યુરોપમાંથી આવેલા અનોખાપણા સાથે સંકળાયેલા જીનનાં બે પ્રકાર સામે આવ્યાં છે. ચિંતા અને જોખમ ટાળવાનો વ્યવહાર ધરાવતા જીનનાં વિકલ્પ અમેરિકામાં ઓછા જોવા મળે છે. સિરોટોનિન અને ડોપામાઈનને આનંદદાયક ભાવનાઓનાં વાહક માનવામાં આવે છે. કંઈક શોધવાની વૃત્તિ હંમેશા ફીલગુડનો અહેસાસ કરાવે છે. કેટલાંક લોકોને બજારમાં ફરવું વધુ ગમતું હોય છે. શિકારને સરળતાથી મેળવવાને બદલે શિકાર કરવો વધુ પસંદ પડે છે. કેટલાંક રાજનેતાઓને પદ પર બેસવાને બદલે સંઘર્ષ કરવામાં મજા આવે છે. દરેક લોકો માટે ખુશી પ્રાપ્ત કરવાની પદ્ધતિ અલગ હોઈ શકે, પરંતુ નાણાં નિશ્ચિતરૂપે અનેક પરિસ્થિતિઓમાં ખુશીનો અહેસાસ આપી શકે છે. 1974માં દક્ષિણ કેલિફોર્નિયા યુનિવર્સિટીનાં અર્થશાસ્ત્રી રિચર્ડ ઈસ્ટરલેને પહેલીવાર એ સિદ્ધાંત રજૂ કર્યો કે એક સીમા પછી આવક વધવાથી આનંદ વધતો નથી. પછી થયેલા અનેક સંશોધનોએ તે સિદ્ધાંતને ખોટો ઠેરવ્યો. આ વર્ષે મિશિગન યુનિવર્સિટીએ 155 દેશોનાં વિશ્લેષણથી જાણકારી મેળવી હતી કે આવક મેળવવાથી લોકોને સારો અનુભવ થાય છે, પરંતુ ગરીબ દેશોની તુલનામાં અમીર દેશોમાં તેની અનુભૂતિ વધુ જોવા મળે છે. ઈલિયોન યુનિવર્સિટીનાં મનોવિજ્ઞાની એડવર્ડ ડિએનરની આગેવાનીમાં એક અધ્યયન થયું હતું. 135 દેશોમાં 8 લાખ લોકોનાં જવાબોનાં વિશ્લેષણમાં જાણવા મળ્યું કે આવકનો સીધો સંબંધ આનંદ સાથે સંકળાયેલો છે. શરત એટલી કે વ્યક્તિની સંપત્તિ અને આકાંક્ષાઓ સુસંગત હોય. વાર્ષિક 1,70,000 ડોલરની આવક સાથે તમે પાંચ ટકા સૌથી વધુ સંપન્ન લોકોમાં સામેલ થઈ શકો છો, પરંતુ તમે એક ટકા વસતી જેવી લાઈફ સ્ટાઈલનું સપનું જોતા હોવ તો તમને નિરાશાનો અનુભવ થશે. બર્નાડ રસેલ કહે છે કે ભિખારીઓ લખપતિઓની ઈર્ષા નથી કરતાં, તેઓ એવા ભિખારીની ઈર્ષા કરશે જે તેના કરતાં વધું કમાતા હશે.

**હેપ્પીનેસનો વધતો કારોબાર :** સંપન્ન હોવા છતાં અમેરિકનો અસંતુષ્ટ રહે છે. ટાઈમનાં સર્વેક્ષણમાં 25 ટકા મહિલાઓ અને 5 ટકા પુરુષોએ જણાવ્યું છે કે નિરાશા દૂર કરવા માટે અમેરિકનો દવાઓનો સહારો લે છે. 48 ટકા મહિલાઓ અને 44 ટકા પુરુષો એ વાતનો સ્વીકાર કર્યો છે કે મિજાજ સારો કરવા માટે ખાય છે. બહેતર બનાવવા માટેની પ્રોડક્ટ અને સેવાઓનો કારોબાર વાર્ષિક 594 અબજ રૂપિયાનો થઈ ગયો છે. અમેરિકામાં 5000 મોટિવેશનલ સ્પીકર છે. જેમની કુલ વાર્ષિક આવક 59 અબજ રૂપિયા છે.

## સફળતા માટે તમારા જેવું વિચારનારા સાથે રહો...

હું કહેવાં માગું છું કે તમારા સિદ્ધાંતોમાં અડગ રહો અને જોખમ ઉઠાવો. મારી નજરમાં 'H' અને 'S' સમાન છે. 'H' એટલે 'હેપીનેસ' અને 'S' એટલે 'સ્માઈલ' બન્ને સમાન છે. આ જ જીવનનો સાર છે. હું બે વાત કહેવાં માગું છું. પહેલી વાત એ કે શું તમને તમારી જાત પર વિશ્વાસ છે? બીજી વાત એ કે શું તમે તમારા જુસ્સાને ઓળખો છો? આ બન્ને બાબતને સમજ્યા પછી તમે સફળતા માટે આગળ આવી શકો છો? શું તમે એક અલગ વ્યક્તિ બનવા માગો છો? શું તમે ઈચ્છો છો કે તમારા વિચાર હંમેશા તમારી સાથે રહે. આજનાં યુવાનોએ ઘણાં પ્રતિબંધો સામે લડવાનું છે. સ્વતંત્ર વિચારસરણી અને પોતાના જેવી વિચારસરણી ધરાવતા લોકો સાથે રહેવાથી જીવનને પરિપૂર્ણ કરવાની તક મળે છે. હવે દુનિયાને બદલવાનો સમય આવી ગયો છે એટલે તમે કંઈક અલગ વિચારો.



➤ Save Earth For Quality Life

# પૃથ્વીમાતાને બચાવીએ...

**1970માં મોટા પાયે જંગલોનું નિકંદન નીકળી રહ્યું હતું, ત્યારે વંદના શિવા 'ચિપકો' આંદોલનમાં જોડાયાં. તેમણે પર્યાવરણને બચાવવા માટે અર્થ યુનિવર્સિટીની સ્થાપના કરી છે.**

આપણે ત્યાં પૃથ્વીને મા તરીકે પૂજવામાં આવે છે. પૃથ્વી મા આપણને જીવંત રાખે છે, પરંતુ ઈન્ડસ્ટ્રિઅલાઈઝેશન અને હિંસાએ આપણી ઈકો સિસ્ટમને ખોરવી નાંખી છે. તેનો પુરાવો આપણને આ વર્ષે ઉત્તરાખંડમાં થયેલા ભારે નુકસાન દ્વારા મળી ચૂક્યો છે. વંદના શિવા નામની મહિલાએ અર્થ યુનિવર્સિટીની સ્થાપના કરીને પૃથ્વીને જીવંત બનાવવાનું બીડું ઝડપ્યું છે. તેમના વિશે જાણવા જેવું છે. વંદના શિવાએ પર્યાવરણ માટે કામ કરવાનું શરૂ કર્યું 'ચિપકો' આંદોલનથી. 1970માં હિમાચલનાં ગઢવાલમાં મોટા પાયે લાકડા માટે જંગલો કપાઈ રહ્યાં હતાં, તે સમયે સ્ત્રીઓ ઝાડને વળગીને વૃક્ષોને કપાતાં બચાવવા માટે 'ચિપકો' આંદોલનની શરૂઆત કરી હતી. આ આંદોલનમાં ભાગ લેતાં વંદના શિવાને સમજાયું કે જંગલ કપાતા અનેક ઉપયોગી પર્યાવરણ નષ્ટ થઈ રહ્યું છે. જો પૃથ્વીની ફળદ્રુપતા નષ્ટ કરીને ત્યાં સપાટ જમીન કે ફેક્ટરીઓ ઊભી થાય તો જમીન મૃત બને છે. વંદના શિવાએ પૃથ્વીની હિંસા અટકાવવા પોતાના નવધાન્ય ફાર્મ પર 1987થી ઈકો બાયોડાયવર્સિટી દ્વારા જીવનધોરણને ટકાવવાનું બીડું ઝડપ્યું. તેમણે ઓર્ગેનિક બીજને બચાવવાની શરૂઆત કરી, ત્યારબાદ અર્થ યુનિવર્સિટી અને બીજ યુનિવર્સિટીની સ્થાપના 2001માં દહેરાદૂન ખાતે કરી. અર્થ અને બીજ યુનિવર્સિટીમાં 630 જાતનાં ચોખા અને 150 જાતનાં ઘઉં ઊગાડવામાં આવે છે. વંદના શિવા માને છે કે રસાયણોનાં પ્રયોગોથી ધરતીનું હીર હણાઈ જાય છે. ઓર્ગેનિક ખેતી શ્રેષ્ઠ છે. સ્ત્રીઓને આ કામમાં જોડવાથી પર્યાવરણને બચાવી શકાય. આજે આપણું જીવન ધોરણ કુદરતથી દૂર થતું જાય છે. આપણે પર્યાવરણની પરવા કરતાં નથી, પર્યાવરણ ન રહેતાં આપણું ભવિષ્ય ધૂંધળું છે. વંદના શિવાએ અર્થ યુનિવર્સિટી દ્વારા ભારતમાં 100 સીડ્સ બેંક શરૂ કરી છે. તેમાંથી ખેડૂતોને મફતમાં ઓર્ગેનિક બીજ આપવામાં આવે છે. ખેડૂત અનાજ પકવ્યાં બાદ તે બીજ ફરી બેંકને પાછાં આપે છે. ઓર્ગેનિક ખેતી કરવા માટે ખેડૂતોને બીજ તો અપાય છે, પણ અહીં ઓર્ગેનિક ખેતીની ટેકનિક પણ શીખવવામાં આવે છે. દેશ વિદેશથી લોકો અહીં પર્યાવરણ અંગે અભ્યાસ કરવા માટે આવે છે. ગ્રાન્ડમધર યુનિવર્સિટી પણ અહીંથી ચલાવવામાં આવે છે. વિમેન ફોર ડાયવર્સિટીનાં નામે કોર્સ ચાલે છે. વંદના શિવાનું માનવું છે કે ગાંધીયન ફિલોસોફી પ્રમાણે દરેક વ્યક્તિ શ્રમદાન કરે અને ધરતી સાથે જોડાય તો અનેક સમસ્યાઓનો હલ આવી શકે છે. જીવવા માટે અહિંસક રીતે ઉત્પન્ન કરવામાં આવેલી વસ્તુઓનો જરૂરિયાત પૂરતો જ ઉપયોગ કરવામાં આવે તો હિંસક પ્રવૃત્તિઓ ઓછી થઈ શકે છે. જંગલ આપણે નષ્ટ કરીએ છીએ તે આપણી હિંસક સ્વાર્થીવૃત્તિ છે. જંગલ આપણને શીખવે છે વિવિધતામાં એક્તા.

ખરી લોકશાહી આપણને કુદરત પાસેથી શીખવા મળે છે. જંગલમાં દરેક પ્રાણી સાથે રહે છે. કોઈ એકને નષ્ટ કરીને બીજું જીવતું નથી. દરેક પ્રાણી કે જીવજંતુ જરૂર હોય તેટલું જ લે છે, સંગ્રહ નથી કરતાં કે બધું જ નષ્ટ નથી કરતાં. આપણે જ એવા છીએ કે પૃથ્વીનાં વાતાવરણની જરૂર હોવા છતાં તેને નષ્ટ કરીએ છીએ. આપણે કુદરતથી દૂર થઈને બીનકુદરતી જીવન જીવીને હિંસાને જન્મ આપીએ છીએ. ડેમોક્રેસીનો કન્સેપ્ટ અર્થ યુનિવર્સિટીમાં છે. જ્યાં દરેકને વિકાસનો અવકાશ આપવામાં આવે છે. વંદના શિવા ઈન્ટરનેશનલ ફોરમ ઓન ગ્લોબલાઈઝેશનનાં સભ્ય છે. તેમણે આંતરરાષ્ટ્રીય સ્તરે પર્યાવરણ અંગે અનેક કામ કર્યાં છે. તેમણે એગ્રીકલ્ચર અને ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ માટે પણ લડત ચલાવી છે. દેશ વિદેશમાં તેઓ બાયોડાયવર્સિટી અને ઈકો બાયોડાયવર્સિટીનાં અનેક પ્રોજક્ટ સાથે સંકળાયેલા છે. પર્યાવરણ પ્રત્યેનો પ્રેમ તેમને માતાપિતા તરફથી ઉછેરમાં મળ્યો છે. એટલે જ તેઓ ઈચ્છે છે કે આજની નારી પર્યાવરણને પ્રેમ કરે તો ભાવિ પેઢીને સારું પર્યાવરણ અને જીવન આપી શકે.



> Save Tree For Quality Life

# પ્રેમજીબાપાનો વૃક્ષ પ્રેમ



દર્શકદાદા મનુભાઈ પંચોળીનું 'ઝેર તો પીધાં જાણી જાણી' પ્રેમજીભાઈનાં મનમાં વસી ગયેલી નવલકથા. તેમાં ગોપાલબાપાનું પાત્ર. પ્રેમજીભાઈને થયાં કરે કે આ વાર્તામાં ગોપાલબાપા યુવાનોને રોજગારી પૂરી પાડે અને સમાજસેવા કરે તો હું જીવનમાં એવું કેમ ન કરી શકું? અને એમણે વૃક્ષો વાવવાનું શરૂ કર્યું. જે વૃક્ષ વાવે તેને મફત રોપા આપે. માણસોને રોજી ચૂકવી પોતાના વતન ભાયાવદરમાં વૃક્ષો રોપાવે અને ઉછેરે. ભાયાવદરનાં એક મંદિરની આસપાસ વૃક્ષો રોપાવ્યાં. પોતે પૈસા ખર્ચે, દેખરેખ સ્વયં રાખે અને વૃક્ષ વાવતા જાય. ભાયાવદરમાં બધાં મંદિરોની આસપાસ વૃક્ષો ઊગ્યાં એટલે પ્રેમજીભાઈએ બીજાં ગામોનાં મંદિરોને વૃક્ષોથી ઘેરી લીધાં. 1975માં ધીકતો ધંધો છોડી મુંબઈથી વતન પાછા ફરેલા પ્રેમજીભાઈએ 1987 સુધી 'વૃક્ષ વાવો, વરસાદ લાવો' નું સૂત્ર ચરિતાર્થ કરી દીધું. પ્રેમજીભાઈ પટેલ હવે 'પ્રેમજીબાપા વૃક્ષપ્રેમી' તરીકે ઓળખાવા લાગ્યાં.

રાયજીભાઈ પટેલ પ્રેમજીબાપાનાં એકમાત્ર દીકરા. અમદાવાદનાં જાણીતા ઉદ્યોગપતિ. રાયજીભાઈએ 'સુવિચાર' માસિકમાં એક ઘટના વાંચી. ફ્રેન્ચ નવલકથાકાર જિન જિઓનો લિખિત 'A Man Who Planted Trees' નું ભાષાંતર દીકરાએ પ્રેમજીભાઈને મોકલ્યું. રાયજીભાઈએ મોકલેલ આ ઘટના વાંચી પ્રેમજીભાઈએ સંકલ્પ કર્યો કે, બસ હવે બધું બંધ, માત્ર ને માત્ર વૃક્ષો ઉછેરવાનાં અને સમાજને ઉપયોગી કામ કરવાનાં. દીકરાએ બધો જ મટીરિયલ સપોર્ટ કરવાનું બીડું ઝડપ્યું અને પ્રેમજીભાઈ વિધિવત્ નિવૃત થઈ વૃક્ષપ્રેમમાં ગળાડૂબ થઈ ગયાં. પેલી વાંચેલી ઘટનામાંથી પ્રેમજીભાઈ એક સરસ વાત શીખેલા. વૃક્ષ વાવવા કરતાં, બીજ વેરો. પ્રેમજીબાપાએ ગાંઠ બાંધી કે : ' વૃક્ષ વાવો ને બીજ પણ વેરો...બસ, બધેય લીલુંછમ કશુંક ઊગવું જોઈએ.' અને પ્રેમજીભાઈને ગાંડપણ વળગ્યું, એમાં મદદે આવી ધરતીપુત્રની જન્મજાત કોઠાસૂઝ. પ્રેમજીભાઈએ વિચાર્યું કે, 'રસ્તાની બંને બાજુ કોરું ધાકોડ કાં? આ બધાં વૃક્ષો જાય છે ક્યાં? ઝીણી નજરે શોધ આદરી. જવાબ જલદી મળી ગયો. લોકો બળતણ તરીકે ઝાડની ડાળીઓ કાપી જાય છે અને કપાયેલું વૃક્ષ ફરી થોડું ઊગે? પ્રેમજીભાઈની કોઠાસૂઝે રસ્તો સુઝાડ્યો. લોકોને વૃક્ષો નથી કાપવાં, પણ બળતણ જોઈએ છે. જો આપણે બળતણ ઊગાડી દઈએ તો વૃક્ષો કપાતાં અટકશે. બળતણ મળશે અને વૃક્ષો ટકશે. જેને ઢોર ખાય નહીં અને ઉગાડવામાં કશી ઝંઝટ ન કરવી પડે એવાં બીજ શોધો. વેરી દીધાં પછી કઠિન સ્થિતિમાં ય ઉગે અને કાપો તો આપમેળે ફરી ઉગે એવાં ઝાડનાં બીજ શોધો. પ્રેમજીભાઈ પટેલને ભેટો થયો 'ગાંડા બાવળ'નો. થેલામાં ગાંડા બાવળનાં બિયાં ભરી પ્રેમજીભાઈ સવારનાં પહોરમાં ઊપડે અને ખુલ્લા મેદાનમાં તથા રસ્તાની બંને બાજુ બી વેરતા જાય. સુખી સંપન્ન કુટુંબનાં ધણી પ્રેમજીબાપાને આમ ધૂનથી ઘૂમતા જોઈ ઘણાં લોકો તેના પર હસતા... પોતાની મસ્તીમાં કામ કરતા પ્રેમજીભાઈને કોઈની પડી ન હતી. એમને ખબર હતી કે આમ કરીશ તો આખા દેશમાં પહોંચીશ? મોપેડ ઉપર ઘૂમતા અને માઈલો દૂર જતાં પ્રેમજીબાપાને દીકરાએ મોટરસાઈકલ લઈ દીધું. ચોપન વર્ષે પ્રેમજીભાઈ બાઈક ચલાવતાં શીખ્યાં. બાઈકની બંને બાજુ બીનાં કોથળા ભરી પ્રેમજીભાઈ નીકળી પડે. રસ્તાની બંને બાજુ બી વેરતા જાય. ગામ આવે ત્યાં થોભે. સેવાભાવી યુવાનોને ભેગા કરી પોતાની વાત સમજાવે અને જો જવાબદારી લેવા તૈયાર થાય તો ગાંડા બાવળનાં બીનો એક કોથળો જુવાનોને સોંપી દે. યાત્રામાં યાત્રિકો વધવા લાગ્યાં. વધુ બીજની જરૂર પડી. પ્રેમજીબાપાએ પોતાના ઘરનાં ઓરડા બિયાંથી છલકાવી દીધાં. છાપામાં આ બધાં વાવડ આવ્યાં. તેના જવાબમાં સો પોસ્ટકાર્ડ આવ્યાં, કોઈએ બે તો કોઈએ પાંચ કિલો બીજ મંગાવ્યાં. પ્રેમજીભાઈએ સૌને 25 કિલોની થેલી મોકલી દીધી. વિચાર એટલો જ કે : 'હશે, તો વાવશે. વાવશે તો ઊગશે.' પ્રેમજીભાઈ સ્કૂલોમાં ગયાં, વિદ્યાર્થીઓને સમજાવ્યાં ને તેમના દ્વારા ગામેગામ પહોંચ્યાં. થોડા સમયમાં ગુજરાતમાં ચારે તરફ ગાંડો બાવળ ઊગી નીકળ્યો. બળતણ માટે કાપો એટલે એની જાતે ત્રણ ગણો ઊગે. લોકોને બળતણ એમાંથી મળી ગયું. એટલે પેલા વૃક્ષો બચી ગયાં...! આ વાત ઘણાં લોકો ન સમજ્યાં. એમણે ગાંડા બાવળનો અને પ્રેમજીબાપાનો વિરોધ પણ કર્યો. પલાસ, આવળ, નીમ, દેશી બાવળ, કેસૂડો, વડ, પીપળો જેવાં વૃક્ષો વાવવાનું પણ સમાંતરે ચાલતું હતું. શાળાનાં વિદ્યાર્થીઓએ તો જાણે અભિયાન ઉપાડ્યું. પ્રેમજીબાપાને દરેક મોરચે વૃક્ષ ઉછેરનું કામ કરતા જોઈને અને ગાંડા બાવળ માટેની ગળે ઊતરે તેવી દલીલો સાંભળીને લોકોનો વિરોધ સમજમાં પલટી ગયો. સૌએ સ્વીકાર્યું કે, બળતણનો વિકલ્પ આપીશું નહી ત્યાં સુધી વૃક્ષો બચશે નહીં. પ્રેમજીબાપા દલીલ કરનારને કહે છેઃ 'મેં ગાંડો બાવળ વાવ્યો, તમે કંઈક બીજું વાવો. મારી શક્તિ છે એટલું હું કરું છું, તમારી તાકાત હોય એટલું તમે કરો...' આપણા પૂર્વ રાષ્ટ્રપતિ ડો. કલામનાં હસ્તે રાષ્ટ્રીય સન્માનો મેળવનાર પ્રેમજીભાઈ પટેલને મળવા કલામસાહેબ ઉપલેટા સુધી દોડી આવે છે. કારણ પ્રેમજીબાપાનાં વૃક્ષપ્રેમને કારણે આખું સૌરાષ્ટ્ર લીલુંછમ બન્યું છે. છેલ્લાં બાર વર્ષથી દુકાળ ગુમ થયો છે. અણ્ણા હજારે ગુજરાતમાં આવે ત્યારે ક્યાંય ન મળે તો સમજવું કે અણ્ણાજી પ્રેમજીબાપા પાસે બેઠાં છે! પ્રેમજીબાપાનું સરસ સૂત્ર છેઃ 'નથી તે ઉગાડો, છે તેને સાચવો. પ્રેમજીબાપાને લાગ્યું કે ધોધમાર વરસાદ પડે ને પાણી ભરાઈ જાય તો છ કલાકમાં ક્યાંક જતું રહે છે. આ પાણીને વધુ વાર રોકી રાખીએ તો? તળમાં ઊતરે. તળ સાજાં, તો વૃક્ષ ઝાઝા. રસ્તા પરનાં નાળાં અને ગામની નદીનાં મેદાનોમાં પ્રેમજીબાપાની ટીમે પાળા બાંધી પાણીને રોક્યું. ચેકડેમ બાંધવાનું જાણે અભિયાન ઉપડ્યું. પ્રેમજીબાપાએ 'સિમેન્ટ ટેકા યોજના' જાહેર કરી. 'મહેનત અને સિમેન્ટ મારી બાકી બધું તમારું...' પ્રેમજીબાપાની આ પહેલથી ક્રાંતિ થઈ. નાના ગામનાં લોકોય નાનો ચેકડેમ સિમેન્ટ ટેકા યોજનાથી કરી શક્યાં... છેક પશ્ચિમ બંગાળ સુધી ગાંડા બાવળનાં બી પહોંચાડનાર અને 'પાણી રોકો'ની હાકલ દેશભરમાં કરનાર પ્રેમજીબાપા ઠાવકા અને હસમુખા છે. સંસ્થા કામથી મોટી છે, પણ ખર્ચે મોટી NGO નથી. પોતાના સહિત અઢી માણસોથી સંસ્થા ચાલે છે. દિલ્હી અને બેંગ્લોરમાં રાષ્ટ્રીય સંસ્થાઓ વચ્ચે બેસી પ્રેમજીભાઈ પોતાની વાતો કરે છે. દર્શક એવોર્ડ સહિત અનેક સન્માનો તેમને મળ્યાં છે. પ્રેમજીબાપા કહે છે કે : 'આ તો મારી કોઠાસૂઝ છે. કરોડો વૃક્ષો વાવ્યાં છે, પણ ગણતરી રાખી નથી. ચાલીસ વર્ષનો હતો ત્યારે જીવનનો રાહ નક્કી કરી લીધેલો. જ્યારે કોઈએ બાવડું પકડી સંડાસમાં લઈ જવો પડશે ત્યારે હું અન્ન પાણી બંધ કરી સંથારો લઈ લઈશ, દેહ છોડ્યા પછી અગ્નિદાહ નહિં કરાવું. મારા જ ખેતરમાં મેં અત્યારથી ઊંડો ખાડો ખોદાવી રાખ્યો છે તેમાં દાટવાની સૂચના દીકરાને આપી દીધી છે. મને બાળવામાં લાકડાં વપરાય અને વૃક્ષ કપાય તો મારો જીવ અવગતે જાય. કુટુંબીઓને કીધું છે કે ત્યાં દેરું ન બનાવતાં. થોડા સમય પછી વાવેતર કરજો અને મને ફરી વૃક્ષમાં ઊગવા દેજો...' દંભ વગરનો સાચી માટીનો માણસ કેવો હોય તે જાણવા ભાયાવદરનાં વૃક્ષપ્રેમી પ્રેમજીબાપાને મળવું પડે.



# વનસ્પતિ અને વાયુ પ્રદૂષણ

દિવાળી, ઉતરાયણ, હોળી, ગણપતિ વિસર્જન, નવરાત્રી અને નાતાલ જેવા સાર્વજનિક ઉત્સવો દરમિયાન આપણે પ્રદૂષણ વિશે ચિંતા કરીએ છીએ. જળ, વાયુ અને ધ્વનિ પ્રદૂષણની માનવીનાં આરોગ્ય ઉપર પડતી પ્રતિકૂળ અસરો વિશે આપણે વિસ્તારથી વિશ્લેષણ કરીએ છીએ. વાયુ પ્રદૂષણને નાથવા માટે વધુ વૃક્ષ ઉછેરવા પર ખાસ ભાર મૂકવામાં આવે છે. આપણી માન્યતા છે કે વાયુ પ્રદૂષણનો પ્રભાવ પ્રાણીઓ, પક્ષીઓ અને જીવજંતુઓ પર પડે છે. વનસ્પતિ હવામાન ચોખ્ખું કરે છે અને વાયુ પ્રદૂષણની અસર વૃક્ષો પર થતી નથી. સૂર્યમાળામાં પૃથ્વી એક જ એવો ગ્રહ છે જેના પર હવા અને પાણી છે. પ્રકૃતિની આ અણમોલ ભેટને લીધે ધરતી પર જીવન શક્ય બન્યું  છે. હવામાં જીવનને અવરોધતા ઝેરી વાયુઓ, રજકણ, ગંધ, અન્ય પદાર્થકણ વગેરે ભળે ત્યારે હવા પ્રદૂષિત થયેલી કહેવાય. પ્રદૂષણની માત્રા વધી જાય ત્યારે અમ્લવર્ષા થાય છે. જ્વાળામુખી અને વનસ્પતિનાં કોહવાટથી તેમજ માનવીની ઉર્જા પેદા કરવાની આંધળી દોટને લીધે વાતાવરણમાં સલ્ફર ડાયોક્સાઈડ અને નાઈટ્રોજન ઓક્સાઈડ જેવા વાયુઓ વિશેષ પ્રમાણમાં ભળે છે. આ વાયુઓ પાણી સાથે પ્રક્રિયા કરે એટલે વાયુમંડળમાં નાઈટ્રિક અને સલ્ફ્યુરિક એસિડનું પ્રમાણ વધી જાય છે. વરસાદ કે બાષ્પીભવનની પ્રક્રિયા દરમિયાન  ધુમ્મસ અથવા ભેજવાળા હવામાનમાં પાણીનાં ટીપાં બાઝી જાય ત્યારે અમ્લતા વધે છે. તેને અમ્લવર્ષા કહેવાય છે. આકાશની વીજળીથી નાઈટ્રોજન ઓક્સાઈડ અને જ્વાળામુખી દ્વારા વાતાવરણમાં સલ્ફર ડાયોક્સાઈડ ભળે છે. સામાન્ય રીતે પ્રદૂષણ દૂર કરવાની કુદરતની આગવી રીત હોય છે. આપણે હદ વટાવી માટે કુદરત લાચાર છે. કુદરત પણ આપણી મદદ વગર પ્રદૂષણ દૂર કરવા અસમર્થ છે. મોટા ભાગનાં વિજ્ઞાનીઓ એ વાત સાથે સહમત છે કે જમીનનું ઓક્સિકરણ મહદંશે વરસાદનાં પાણીમાં રહેલા ગંધક અને નાઈટ્રોજનનાં કારણે થાય છે. વનસ્પતિનાં પાન સીધાં અમ્લ પાણીનાં સંપર્કમાં આવે ત્યારે તેને પણ નુકસાન થવાની શક્યતા છે. તેજાબવર્ષા માટે કારણભૂત વાયુઓ મોટેભાગે ઈંધણનાં દહનથી પેદા થાય છે. ગઈ સદીનાં ઉતરાર્ધમાં વાયુ પ્રદૂષણમાં થતાં વધારાનું આ મુખ્ય કારણ છે. આ વાયુ ઝેરીલો છે ઉપરાંત તે વાતાવરણમાં ઓઝોન વાયુ પેદા કરવામાં મદદ કરે છે. વાતાવરણમાં રહેલો પ્રદૂષક ઓઝોન વાયુ વનસ્પતિ તેમજ અન્ય જીવો માટે ખતરનાક છે. તીવ્ર પ્રકાશ અને ઊંચા તાપમાનમાં ઓઝોન વાયુ વધુ પેદા થાય છે. તેની માત્રા ઉનાળામાં વધી જાય છે. કેટલાંક પ્રયોગો પરથી ખબર પડી છે કે વનસ્પતિમાં નાઈટ્રોજન ઓક્સાઈડ બે રીતે પ્રવેશે છે. તેનો કેટલોક હિસ્સો વરસાદી પાણીમાં ભળી જમીન અને મૂળિયા દ્વારા વનસ્પતિમાં પ્રવેશે છે, જ્યારે વાયુનો કેટલોક અંશ વનસ્પતિનાં શ્વસન મારફતે શોષાય છે. આ ઉપરાંત ઓઝોન વાયુ પણ વનસ્પતિ શોષે છે. ઓઝોન જલદી વિઘટિત થઈ જતો હોવાથી તેની અસરનો અભ્યાસ કરવો અઘરું કામ છે. વનસ્પતિનાં સામાન્ય વિકાસમાં પ્રકાશ સંશ્લેષણની મુખ્ય ભૂમિકા છે. આ પ્રક્રિયા દ્વારા પાંદડાં વનસ્પતિ માટે જરૂરી પોષક પદાર્થ બનાવે છે. ડાળીઓ, થડ અને મૂળિયા દ્વારા અન્ય ભાગોમાં વિતરણ કરે છે. વાયુમંડળને પ્રદૂષિત કરતો સલ્ફર ડાયોક્સાઈડ અને ઓઝોન વનસ્પતિની શર્કરા વિતરણ પદ્ધતિમાં અવરોધ પેદા કરે છે. આથી વનસ્પતિનો નીચેનો ભાગ કુંઠિત થઈ જાય છે અને ઉપરનો ભાગ વિકસિત થાય છે. મૂળિયા નબળાં હોય તો જમીનમાંથી પોષક દ્રવ્યો ક્યાંથી મળે? પછી છોડ નબળો પડી નાની ઉંમરમાં જ રામશરણ થઈ જાય છે. વિજ્ઞાનીઓનું તારણ છે કે વાયુ પ્રદૂષણને કારણે વનસ્પતિ પર વિભિન્ન અસરો પેદા થાય છે જેમ કે પાંદડાં પીળાં પડી જાય છે, છોડનો વિકાસ કુંઠિત થઈ જાય છે, ઉત્પાદન ઓછું થાય છે, તેમ જ સમય પહેલાં છોડ મૂરઝાઈ જાય છે. જોકે પાકની ઉપજનો આધાર ફક્ત વાતાવરણનાં પ્રદૂષણની માત્રા પર નિર્ભર નથી, પણ પાક કેટલો વખત પ્રદૂષિત વાતાવરણમાં રહ્યો તેમજ વિકાસનાં ક્યા તબક્કે પ્રદૂષણ કેટલું હતું તેના પર આધાર રાખે છે.



# વેડિંગ પોલ્યૂશનથી દૂર રહો...

**ભારતમાં દર વર્ષે લગ્નમાં લાખો રૂપિયાનો ખર્ચ થાય છે. જેમાં ખાણીપીણી, મનોરંજન, ડેકોરેશન અને ઉત્સવની સાથે વધી રહેલા પ્રદૂષણને અટકાવવું જરૂરી છે.**

લગ્નની સીઝન આવી ગઈ છે. દુનિયાનાં સૌથી યુવાન દેશમાં ભારતનો સમાવેશ થાય છે, કારણ કે તેની 65 ટકા વસ્તી યુવાન છે. યંગ કન્ટ્રી ઉત્સાહથી ભરપૂર છે. દરેક સેલિબ્રેશનને ઉત્સાહથી જીવનારા લોકો અહીં વસે છે. એમાંય લગ્નને સેલિબ્રેશનની સૌથી મોટી તક માનવામાં આવે છે. ભવ્યતા અને ખર્ચની બાબતમાં ભારતીય લગ્નને અવ્વલ ગણવામાં આવે છે. લગ્નમાં થતાં ધરખમ ખર્ચ પર્યાવરણ માટે ચિંતાનો વિષય છે. કોઈએ વિચાર્યું છે કે દર વર્ષે ભારતમાં થનારા લગ્નોથી હજારો ટન કચરો ભેગો થઈ રહ્યો છે. એ પણ કંઈ સાધારણ કચરો નહીં, પ્લાસ્ટિક કચરો જેનું રિસાઈકલ કરી શકાતું નથી. વેડિંગ પોલ્યુશનથી વિપુલ પ્રમાણમાં કાર્બન પેદા થાય છે. પર્યાવરણને બહુ નુકસાન પહોંચે છે. આ વાત છે ફક્ત પ્લાસ્ટિકનાં વેસ્ટની. આ ઉપરાંત લગ્નોમાં હેવી લાઈટ અને ઈંધણનાં બેફામ વપરાશથી માંડીને જમણવાર દરમિયાન વધેલા ભોજનનો વેડફાટ કેટલો થાય છે એનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. બીજી બાજુ દુનિયાભરમાં પર્યાવરણ રક્ષણ અને ઓઝોન લેયરને બચાવવા અંગેની વાતો અને રિસર્ચ ચાલી રહ્યું છે. ભારતમાં વેડિંગ પોલ્યૂશન પર ધ્યાન આપવામાં નહીં આવે તો ગંભીર પરિણામ ભોગવવા તૈયાર રહેવું પડશે.

કોઈ ગામનાં સાધારણ લગ્નમાં પણ લગભગ 600 થી 800 પ્લાસ્ટિક પ્લેટ્સનો ઉપયોગ કરવામાં આવે છે. મોટા લગ્નોમાં આ સંખ્યા હજારોને આંબી જાય છે. ડેકોરેશનથી માંડી અનેક ચીજોમાં પ્લાસ્ટિકનો ઉપયોગ થાય છે. તેને અટકાવવા માટે શું ઉપાય કરી શકાય એ વાતને જાણવી જરૂરી છે. લગ્નમાં પ્રદૂષણ અને વેસ્ટેજને અટકાવવાનો ઉપાય એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી કે ઈકો ફ્રેન્ડલી વેડિંગ છે. આ શબ્દને સાંભળતા આપણા મનમાં એવો વિચાર આવે કે આવા લગ્ન કોઈ અવેર સેલિબ્રિટી કે બોરિંગ વ્યક્તિઓ માટે જ બન્યાં હશે, પણ એવું નથી. એમાં સરળતાથી વેસ્ટેજ, પ્લાસ્ટિક તથા નુકસાનકારક વસ્તુઓ હટાવીને તેની જગ્યાએ એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી ચીજોનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે લગ્નમાં પ્લાસ્ટિકનાં ગ્લાસો તથા પ્લેટોની જગ્યાએ કાગળનાં બનેલા ગ્લાસ તથા પ્લેટને ઉપયોગમાં લઈ શકાય. તેને રિસાઈકલ અને રિયુઝ બંને કરી શકાય છે.

લગ્નમાં પ્રકાશ માટે હેલોજન લાઈટ્સનો ઉપયોગ કરવામાં આવે છે, જે હજારો વોટ કરતા વધારે વીજળીનો નાશ કરે છે. હેલોજન હીટ પેદા કરીને પર્યાવરણને નુકસાન કરે છે. બીજી બાજુ જનરેટર્સનું કાર્બન પણ પર્યાવરણ માટે જોખમી છે. આ સ્થિતિમાં LED લાઈટ્સ એક હેલોજનની સરખામણીએ 50 થી 60 વોટ વીજળીની બચત કરે છે અને પર્યાવરણ માટે સુરક્ષિત છે. આ એક સારો વિકલ્પ છે.

### વેડિંગમાં થતાં પોલ્યૂશનથી બચાવશે આ વસ્તુઓ

લગ્નમાં પ્લાસ્ટિકનો ઉપયોગ કરવાનું ટાળો અથવા બાયોડિગ્રેડેબલ ગ્લાસ અને પ્લેટનો ઉપયોગ કરો. વેડિંગ વેન્યૂ બહુ દૂર ન રાખો. મહેમાનોને લાવવા લઈ જવા માટે અલગ ગાડીઓનો ઉપયોગ કરવાને બદલે બસનો ઉપયોગ કરો, એનાથી પેટ્રોલ બચશે અને પોલ્યૂશન ઓછું થશે. આ વાત રૂપિયાની નથી પણ પર્યાવરણની છે. તમારા ઈવેન્ટ પ્લાનરને હેલોજનને બદલે LED લાઈટ્સ વાપરવાનું કહો. લગ્નનાં આગલા દિવસે વધેલા આહારનો યોગ્ય જગ્યાએ ઉપયોગ કરવા માટે NGO કે કોઈ સંસ્થાનો નંબર મેળવી લો. જેથી લગ્નમાં વધેલું ભોજન અન્ય લોકો સુધી પહોંચે. લગ્નનું મેનૂ બહુ મોટું રાખવાનું ટાળો.

### સેલિબ્રિટીઝ બતાવે રસ્તો

જો સેલિબ્રિટીઝ ઈચ્છે તો સરળતાથી સામાજિક અને આર્થિક જવાબદારી હેઠળ એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી વેડિંગ કરી યંગ જનરેશનની સામે ઉદાહરણ બની શકે. રિતેશ અને જેનેલિયા ડિસોઝા તેમજ મોટી સેલિબ્રિટીનાં વેડિંગ કરાવી ચૂકેલા વેડિંગ ડિઝાઈનર નીલાભ કપૂર ગંભીરતાપૂર્વક કહે છે કે લોકો સેલિબ્રિટીની સ્ટાઈલની સાથે એમની વેડિંગ સ્ટાઈલ પણ ફોલો કરે છે. હવે ફિલ્મ સ્ટાર્સનાં વેડિંગ પણ ઈકો ફ્રેન્ડલી થઈ રહ્યાં છે. સેલિબ્રિટીઝ દ્વારા સરળતાથી ઈકો ફ્રેન્ડલી વેડિંગનો મેસેજ લોકો સુધી પહોંચશે.



# શરીર માટે જરૂરી 18 પૌષ્ટિક તત્ત્વ

| | | | | | |
|---|---|---|---|---|---|
| આયર્ન | કેલ્શિયમ | મિનરલ્સ | વિટામિનA | ફોલેટ | બાયોટિન |
| Bકોમ્પ્લેક્ષ | વિટામીનC | વિટામિનD | ઓમેગા3 | પ્રોબાયોટિક્સ | પ્રોટીન |
| કાર્બોહાઈડ્રેટ | મલ્ટિવિટામિન | ફાઈબર | ફ્લેક્સસીડ | કોએન્ઝાઈમક્યુ10 | મેલાટોનિંગ |

**આમાંથી 6 તત્ત્વ દવા અને કેપ્સૂલ દ્વારા શરીરને મળે છે**

**બાકીનાં 12 પૌષ્ટિક તત્ત્વો આ છે...**

| | | | | | |
|---|---|---|---|---|---|
| આયર્ન | કેલ્શિયમ | મિનરલ્સ | વિટામિન A | ફોલેટ | બાયોટિન |
| ફાઈબર | ઓમેગા3 | વિટામિનC | વિટામિન D | કાર્બોહાઈડ્રેટ | પ્રોટીન |

આ લિસ્ટ તમે ઘણી વખત વાંચ્યું હશે, વિચાર્યું હશે કે આટલો લાંબો ચાર્ટ કોણ બનાવે. અહીં એ છ વસ્તુઓ અંગે જણાવાયું છે, જે ઘરમાં સરળતાથી મળી રહે છે. તેમાં ખૂબ જ પૌષ્ટિક તત્ત્વો છે.

**એવી છ વસ્તુઓ જેનાથી શરીરની બધી જરૂરીયાતો પૂરી થશે...**

**પાંચભાજી :** પાલક, મેથી, બથુઆ અને સુવા સામાન્ય રીતે રસાદાર લીલી શાકભાજી છે. તેમાં આઠ થી દસ પૌષ્ટિક તત્ત્વ હોય છે.

**સફરજન :** આ મેજિકલ ફ્રૂટ છે. તેમાં વિટામિન સી, ફોલેટ, પ્રોટીન, કેલ્શિયમ, કાર્બોહાઈડ્રેટ, વિટામિન A જેવા મહત્વપૂર્ણ તત્ત્વો હોય છે.

**દાળ :** તેમાં પ્રોટીન, પોટેશિયમ, ફાઈબર, કોર્બોહાઈડ્રેટ્સ, વિટામિન B, ફોલેટ, થિયામીન, આયર્ન, ઝિંક, વિટામિન A અને ફોસ્ફરસ હોય છે.

**સંતરા :** વિટામિન C થી ભરપૂર છે. તેમાં B કોમ્પ્લેક્સ, વિટામિન A, પ્રોટીન અને કેલ્શિયમ છે.

**ટામેટા :** તેમાં વિટામિન A અને C, B કોમ્પ્લેક્સ, પ્રોટીન, આયર્ન, કાર્બોહાઈડ્રેટ્સ અને મેગ્નેશિયમ હોય છે.

**પનીર :** જે લોકો માંસ માછલી નથી ખાતા તેમના માટે દૂધ અને પનીર શ્રેષ્ઠ વિકલ્પ છે. તેમાં કેલ્શિયમ, કાર્બોહાઈડ્રેટ અને વિટામિન D જેવાં તત્ત્વો છે.

**કુકિંગ/ખાવાની વિવિધ રીત :**

**પાંચ શાકભાજી :** ઉકાળી લો, **દાળ :** પ્રેશર કૂકરમાં બનાવવી

**ટામેટા :** મોટા ટુકડા ક્રાય કરો, **સફરજન :** છાલ સાથે ખાવ

**સંતરા :** ઠંડા ફળનો રસ, **પનીર :** ફ્રિજમાંથી કાઢીને ખાવું

➤ Health is Wealth For Quality Life

# શાકાહારથી શરીરને તાકાત મળશે

એક દિવસ સારું ખાવાથી શરીરને કાંઈ મળતું નથી. સપ્તાહભરનો ચાર્ટ બનાવીને જો નિયમિત રીતે કંઈક આરોગવામાં આવે તો શરીર ઊર્જાથી ભરાઈ જાય છે. એ સંભવ નથી કે એક જ દિવસમાં તમામ વસ્તુ ખાઈ શકાય. આ ચાર્ટને અપનાવો અને તેનું પાલન કરો.

**પાલક :** પ્રત્યેક દિવસે ત્રણ વાર કપ ભરીને પાલકનો સૂપ પીવાથી હાડકાં મજબૂત થાય છે. તેમાંથી વિટામિન મળે છે.

**જવ :** તે હૃદયને સારું રાખે છે. બીટા ગ્લુકોનનો સૌથી સારો સ્ત્રોત છે. તેનાથી કોલેસ્ટ્રોલ ઝડપથી ઘટે છે.

**ટીમચાનાં બીજ :** 5000 મિલી ગ્રામ ટીમચાનાં બીજનું સેવન કરવાથી તમારી ઓમેગા 3 ની જરૂરિયાત સરળતાથી પૂરી થાય છે. નિરોગી રહો છો.

**નારંગી કે ગાજરનો રસ :** વ્યસ્ત દિવસોમાં શોર્ટકટ દ્વારા તૈયાર થાય છે. વિટામિન C, A, પોટેશિયમ, બિટોકરોટિના અને ફાઈબર મળે છે. તેમાં સોડિયમની માત્રા ઓછી હોય છે.


**કાળી દાળ :** બ્રેસ્ટ કેન્સર સામે લડવામાં મદદ મળે છે. છોડમાં રહેલા કેમિકલ તેને આ રંગ આપે છે.

**ચાઈનીઝ કોબિજ :** વિટામિન C થી ભરપૂર ચીની કોબિજનાં જ્યૂસનું સેવન કરી શકો છો. 50 ટકા વિટામિન C ની જરૂરિયાત તે પૂરી કરે છે.

**ખાટાં ફળ :** મોસંબી, સંતરા વગેરે એવાં ફળ છે જે વર્ષભર મળે છે. કેન્સર સામે લડવામાં સહાયક છે. ફેફસા, પેટ, આંતરડાં અને બ્રેસ્ટ કેન્સરમાં અસરકારક છે.

**ટોમેટો સોસ :** લાયકોપીનનો સૌથી સારો અને સર્વત્ર ઉપલબ્ધ સ્ત્રોત ટોમેટો સોસ છે. સૂર્ય પ્રકાશથી તમારી ત્વચાને નુકસાન થતું નથી. કેન્સર સામે લડવા માટે સહાયક છે.

**છાસ :** ડેરી ડ્રિંક તરીકે શ્રેષ્ઠ છે. તેનાથી વિટામિન 12 મળે છે. તમારી રોગપ્રતિકારક ક્ષમતા વધારે છે.



# ડેરી ફ્રી પ્રોડક્ટ્સ કેલ્શિયમથી ભરપૂર...

શરીર માટે કેલ્શિયમ જરૂરી છે, પરંતુ તે ડેરી ઉત્પાદનો એટલે કે દૂધ અને તેની બનાવટોમાંથી મળે એવું જરૂરી નથી. ખાવાની એવી ઘણી ચીજ છે કે જેમાં કેલ્શિયમ ભરપૂર માત્રામાં હોય છે. સ્વાસ્થ્ય માટે લાભદાયી છે. તેનાથી બિનજરૂરી ચરબી વધતી નથી.

**આમાં ભરપૂર કેલ્શિયમ છે :** લીંબુ, મોસંબી, મગફળી, વટાણા, શિંગોડા, સોયાબીન, દાળ અને સૂર્યમુખીનાં બીજમાં ઘણું કેલ્શિયમ હોય છે.

**શા માટે કેલ્શિયમ આટલું જરૂરી છે? :** કેલ્શિયમ સ્વાસ્થ્ય માટે જરૂરી છે. તેની ઊણપથી ઘણાં પ્રકારનાં રોગ અને હાડકાં નબળાં પડવાની સમસ્યા થાય છે. હાડકાંમાં નબળાઈ, સાંધામાં પીડા અને દાંત ઝડપથી પડવા તેમજ દાંતની અન્ય બીમારીઓ માટે કેલ્શિયમની ઊણપ એક મોટું કારણ છે. આ ઉપરાંત બ્લડ સર્ક્યુલેશન અને હાર્ટબીટને નોર્મલ રાખવામાં પણ કેલ્શિયમની ભૂમિકા મહત્વની છે. ગર્ભવતી મહિલાઓ, 60 થી વધુ વયનાં પુરુષ, 45થી વધુ વયની મહિલાઓ, સ્મોકર્સ અને વાઈનનાં શોખીનોમાં કેલ્શિયમની ઊણપનું જોખમ વધારે હોય છે.

**બદામ :** 5 થી 10 ગ્રામ બદામમાં 10 મિલીગ્રામ કેલ્શિયમ હોય છે. યાદશક્તિ વધારવામાં તે લાભદાયી છે. વધારે કોલેસ્ટ્રોલની ફરિયાદ હોય તેમના માટે બદામ સારી છે. તેમાં કોલેસ્ટ્રોલ શૂન્ય હોય છે. 100 ગ્રામ બદામમાં કેલ્શિયમ બાદ સૌથી વધારે પોટેશિયમ અને ફોસ્ફરસ હોય છે.

**ફુલાવર :** ફુલાવરને રાંધીને ખાવાથી વિપુલ પ્રમાણમાં કેલ્શિયમ મળે છે. સલાડ તરીકે સારી છે. 100 ગ્રામ ફુલાવરમાં 47 મિગ્રા કેલ્શિયમ હોય છે. તેમાં પોટેશિયમ, વિટામિન B6 અને વિટામિન C હોય છે. કેન્સર સામે લડવાનો ગુણ અદ્ભુત હોય છે.

**કેલ [એક પ્રકારની કોબિજ] :** વધારે કેલ્શિયમ માટે લીલા પાંદડાવાળી કોબિજ લાભદાયી છે. સલાડ તરીકે ભોજનમાં લેવાથી કેલ્શિયમ પૂરતા પ્રમાણમાં મળે છે. સલાડમાં ઓછામાં ઓછી 50 ગ્રામ કોબિજ ખાવાથી વાળ માટે લાભદાયી છે. પાયોરિયા કે દાંતનાં અન્ય રોગોમાં તે લાભદાયી છે.

**બ્લેક આઈડ પીઝ [ચોળી] :** ચોળીનાં દાણામાં કેલ્શિયમ, પોટેશિયમ અને અન્ય પોષક તત્ત્વો હોય છે. ચોળીનાં દાણા બાફીને સલાડ તરીકે ખાઈ શકાય છે. 100 ગ્રામ ચોળીમાં 90 કેલરી હોય છે. એટલા જ પ્રમાણમાં ચોળીનાં દાણામાં 126 મિગ્રા કેલ્શિયમ હોય છે. કાર્બોહાઈડ્રેટ્સ અને સોડિયમ બાદ તેમાં સૌથી વધુ પોટેશિયમ હોય છે.

**લસણ :** લસણમાં વિપુલ માત્રામાં કેલ્શિયમ હોય છે. 100 ગ્રામ લસણમાં ઓછામાં ઓછું 183 મિગ્રા કેલ્શિયમ હોય છે. તે કોલેસ્ટ્રોલને ઘટાડે છે. એન્ટી બેક્ટેરિયા અને એન્ટી વાઈરલ છે.

**નારંગીનું જ્યુસ :** નારંગીનાં જ્યુસમાં ભરપૂર કેલ્શિયમ હોય છે. કોલેસ્ટ્રોલ અને બ્લડ પ્રેશરને સંતુલિત રાખે છે. શરીરમાં વિટામિન C ની જરૂરીયાત એક નારંગીથી પૂરી થઈ શકે છે.

**ભીંડા :** એક વાટકો ભીંડાનું શાક ખાવાથી 70થી 100 મિગ્રા કેલ્શિયમ મળે છે. ભીંડા કોલેસ્ટ્રોલ ફ્રી છે. 100 ગ્રામ ભીંડામાં 77 મિગ્રા કેલ્શિયમ હોય છે.

**શેરડીનો રસ :** શેરડીનાં રસમાં દૂધથી વધારે કેલ્શિયમ હોય છે. રેસિપી બનાવવામાં સિરપ અથવા ખાંડનાં બદલે તેનો ઉપયોગ કરવામાં આવે તો મીઠાશ વધારે આવે અને પૌષ્ટિક રહે છે. વાળની મજબૂતી સારી રહે છે.

**અંજીર :** તાજા અંજીરમાં વધારે કેલ્શિયમ હોય છે. દિવસમાં ચાર અંજીર ખાવાથી 100 મિગ્રા થી વધારે કેલ્શિયમ મળે છે. સૂકા અંજીરમાં શર્કરા વધારે હોય છે જ્યારે લીલા અંજીરમાં ઓછી હોય છે. તેમાં પોટેશિયમ, વિટામિનA અને B ભરપૂર માત્રામાં હોય છે.



# આરોગ્યમાં તેલનું મહત્ત્વ ...

શરીરમાં સ્નિગ્ધતા જળવાઈ રહે તે માટે તેલની ભૂમિકા મુખ્ય હોય છે. તમે ભોજનમાં ક્યું તેલ વાપરો છો, તેનાથી ઘણો ફરક પડતો હોય છે. નીચે દર્શાવેલા તેલનો ઉપયોગ કરવાથી આરોગ્ય સારૂ રહે છે.

**ઘી :** પ્રકૃતિ : ગરમ
પ્રતિદિન ઉપયોગ : એક ચમચી
ઉપયોગ : કશું પણ રાંધવામાં
લાભ : પાચનશક્તિ વધે છે

**અળસીનું તેલ :** પ્રકૃતિ : વધું ગરમ નહિં
પ્રતિદિન ઉપયોગ : એક બે ચમચી
ઉપયોગ : સલાડ અને શાકભાજીમાં
લાભ : કેન્સર વિરોધી છે

**અખરોટનું તેલ :** પ્રકૃતિ : મધ્યમ
પ્રતિદિન ઉપયોગ : બે ચમચી
ઉપયોગ : સલાડ અને શાકભાજીમાં
લાભ : ફેટી એસિડ અને ભરપૂર માત્રામાં ઓમેગા 3 મળે છે

**તલનું તેલ :** પ્રકૃતિ : મધ્યમ
પ્રતિદિન ઉપયોગ : બે ત્રણ ચમચી
ઉપયોગ : સલાડ તળવામાં
લાભ : ભરપૂર વિટામિન E અને શરીરમાંથી વિષતત્વ ઓછું કરે છે.

**બદામનું તેલ :** પ્રકૃતિ : ગરમ
પ્રતિદિન ઉપયોગ : એક નાની ચમચી
ઉપયોગ : તળવામાં
લાભ : ભરપૂર ઓમેગા 3 મળે છે

**મગફળીનું તેલ :** પ્રકૃતિ : મધ્યમ
પ્રતિદિન ઉપયોગ : બે ત્રણ ચમચી
ઉપયોગ : કશું પણ રાંધવામાં
લાભ : રોગપ્રતિકારક શક્તિ વધારે છે

**નાળિયેરનું તેલ :** પ્રકૃતિ : મધ્યમ
પ્રતિદિન ઉપયોગ : એક બે નાની ચમચી
ઉપયોગ : બેકિંગ
લાભ : બેકટેરિયા વિરોધી છે

**ઓલિવનું ઓઇલ :** પ્રકૃતિ : ગરમ
પ્રતિદિન ઉપયોગ : બે ચમચી અને ગરમીમાં એક ચમચી
ઉપયોગ : સલાડ રાંધવામાં
લાભ : ભરપૂર માત્રામાં એન્ટિઓકિસડેન્ટ હોય છે

અમેરિકામાં એ વાત પર ચર્ચા ચાલી રહી છે કે શું શાળાએ જતાં બાળકોને નાસ્તામાં ફળનાં બદલે ફળોનો રસ, ખાંડ કે દૂધનું ઘટ્ટ પીણું જેવી અન્ય ચીજ આપવી જોઈએ ? અમેરિકી દવા પ્રશાસનનાં જણાવ્યાં અનુસાર શારીરિક અને માનસિક વિકાસ માટે બાળકોએ રોજ બે કપ ફળ તેમજ શાકભાજી લેવા જોઈએ. મોટા ભાગનાં બાળકો ચરબીવાળા નાસ્તા પસંદ કરે છે. સ્મુદીજ આપવાનાં નિર્ણયથી પોષણ વિશેષજ્ઞોનાં ભવાં ચડી ગયાં છે. સ્મુદીજમાં ખાંડનું પ્રમાણ વધારે હોય છે. તેને ઝડપથી પી જવામાં આવે છે, તેથી શરીર માટે ફળોનાં ન્યુટ્રિએન્ટ પચાવવાનું મુશ્કેલ થઈ જાય છે.

**ઓછી ચરબી :** વેન્ડિંગ મશીનોમાં ચરબી અને ગળપણ ઓછું હોય તેવી ખાવાની ચીજો રાખવામાં આવે. કેટલીક શાળાઓને ચિંતા છે કે તેનાથી વેચાણ અને આવકમાં ઘટાડો થશે.

**ઓછી કેલરી :** નવા દિશાનિર્દેશો પ્રમાણે હાઈસ્કૂલમાં 750 થી 850 કેલરી સુધી ખાવાનું આપવાની જોગવાઈ છે. વિદ્યાર્થીઓની ફરિયાદ છે કે તેનાથી અમે ભૂખ્યાં રહીએ છીએ. આથી કેટલીક શાળા પ્રોટીનનું પ્રમાણ વધારી રહી છે.

# વૈદિક ધર્મનો વૈશ્વિક વારસો

**મોટા દેવ_3:** બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ.
**ગુરૂ_3:** માતા, પિતા અને આચાર્ય.
**ગુણ_3:** સત્વગુણ, રજોગુણ અને તમોગુણ.
**ધર્મનાં અંગ_3:** ભક્તિ, જ્ઞાન અને કર્મ.
**વેદ_4:** ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વેદ.
**ઉપવેદ_4 :** ઋગ્વેદનો આયુર્વેદ, યજુર્વેદનો ધનુર્વેદ, સામવેદનો ગાંધર્વવેદ અને અથર્વેદનો સ્થાપત્યવેદ.
**યુગ_4:** સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળિયુગ.
**ધામ_4:** બદ્રિકાશ્રમ, દ્વારિકા, જગન્નાથપરી અને રામેશ્વર.
**અવસ્થા_4:** જાગૃત, સ્વપ્ન, સુષપ્ત અને તુરીયા.
**વર્ણ_4:** બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર.
**શાસ્ત્ર_6:** સાંખ્ય, યોગ, વેદાંત, મિમાંસા, ન્યાય અને વૈશ્વિક.
**સપ્તર્ષિ_7:** વશિષ્ટ, અત્રિ, કશ્યપ, વિશ્વામિત્ર, ભારદ્વાજ, જમદગ્નિ, ગૌતમ.
**ભક્તિ_9 :** શ્રવણ, કિર્તન, અર્ચન, વંદન, ચરણસેવા, સ્મરણ, આત્મ નિવેદન, દાસત્વ અને સાંખ્ય.
**લોક_14:** તલ, અતલ, વિતલ, સુતલ, તલાતલ, રસાતલ, પાતાળ, ભૂલોક, ભૂવલોક, સ્વર્ગલોક, મહાલોક, જનલોક, તપલોક અને સત્યલોક.
**વિદ્યા_14 :** બ્રહ્મજ્ઞાન, રસાયન, શ્રુતિકથા, વૈદિક, જ્યોતિષ, વ્યાકરણ, ધનુર્વિદ્યા, તરણ, સંગીત, નાટક, આશ્વારોહ, કોકશાસ્ત્ર, નકલ, ચતુરતા.
**પુરાણ_18 :** બ્રહ્મ પુરાણ, પદમ પુરાણ, વિષ્ણુ પુરાણ, શિવ પુરાણ, શ્રીમદ્ ભાગવત પુરાણ, માંર્કડેય પુરાણ, અગ્નિ પુરાણ, ભવિષ્ય પુરાણ, બ્રહ્મવૈવર્ત પુરાણ, લિંગ પુરાણ, વારાહ પુરાણ, સ્કંદ પુરાણ, વામન પુરાણ, મત્સ પુરાણ, ગરૂડ પુરાણ અને બ્રહ્માંડ પુરાણ.




# સૌથી મોટો ત્રાસવાદી તમાકુ...

## તમાકુનો નશો ન કોઇનો સગો, તમાકુનાં સેવનથી દર વર્ષે 54 લાખ લોકો મરે છે.

અંગ્રેજીમાં વ્યસની માટે 'એડીકટ' શબ્દ છે. એડીકટ એટલે આસકત થવું. બીજાને પણ ટેવ પાડવી. રાજકોટનાં દિનેશભાઈ કહે છે કે તમાકુનાં વ્યસનથી સૌપ્રથમ ગૃહિણીનાં બજેટ ઉપર તરાપ આવે છે. એનો ભાયડો મિનિમમ ₹ 10,15,25 અને ₹ 200 સુધીનાં તમાકુવાળાં પાન ખાઈને તેનું બજેટ બગાડે છે. અમેરિકામાં અતિ સંસ્કારી રમત બેઝબોલ રમનારા પણ તમાકુ ખાય છે. તમાકુ માનવજાતનો છૂપો દુશ્મન છે. નેપાળ અને સૌરાષ્ટ્રની બહેનો પણ તમાકુ ખાવા માંડી છે. નેપાળનાં પોખરા શહેરનો સર્વે કરાયો તો લગભગ 30.2 ટકા પુરુષો અને 10.9 ટકા સ્ત્રીઓ તમાકુ ખાતી હતી. નેપાળી વિદ્યાર્થીઓ કહે છે કે અમે તમાકુ છોડવા ટ્રાય કરી પણ નિષ્ફળ રહ્યાં. સર્વેક્ષણ કરતાં જાણવા મળ્યું કે 20મી સદીનાં અંત સુધીમાં 10 કરોડ લોકો તમાકુથી મરી જશે. દર વર્ષે 54 લાખ માણસો મરે છે. 2030માં દર વર્ષે 80 ટકા લોકો ગરીબ દેશનાં મરશે. નેપાળમાં મેડિકલ કોલેજનાં વિદ્યાર્થીઓ તમાકુ ખાય છે. આ આતંકનાં ખબર છેક ન્યૂયોર્ક સુધી ફેલાયા છે. વોલસ્ટ્રીટની શેરબજારમાં તમાકુની દુકાન ચાલે છે. અમેરિકાનાં આર્થિક દૈનિકનું ધ્યાન તમાકુ બિઝનેસ પર ગયું છે. દૈનિકની મહિલા પત્રકાર બિહારનાં વેપારીને મળી. આ માણસને જડબાનું કેન્સર છે. તેનું નિદાન કરાવવા ગામડેથી છેક મુંબઈ આવવું પડે છે. મુંબઈમાં મોંઘી ટ્રીટમેન્ટ કરાવી પણ નિષ્ફળ રહ્યાં. ભ્રષ્ટ અધિકારી કે મિનિસ્ટરોને કારણે કર્ણાટકમાં તમાકુ પર નાખુશીથી પ્રતિબંધ આવ્યો. તમાકુ ખાનારા નકટા હોય છે, પ્રતિબંધને ગાંઠતા નથી. બિહારમાં બાર વર્ષનાં છોકરા પણ તમાકુનાં આદી હોય છે. લંડનમાં એક ગુજરાતીને તેની પત્નીએ કહી દીધું કે સિગારેટ પીવી હોય તો ઘરમાં નહીં ચાલે. સૌરાષ્ટ્રની બહેનો તમાકુ ખાતા પતિદેવોને બેડરૂમમાં આવવા દેતી નથી. 23 રાજ્યો અને પાંચ કેન્દ્રશાસિત પ્રદેશોએ તમાકુ ગુટકા ઉપર પ્રતિબંધ મૂક્યો છે. વોલસ્ટ્રીટ કહે છે કે જગતમાં જે મોઢાનાં કેન્સર થાય છે તેમાંથી 86 ટકા ભારતનાં હોય છે. ભારતમાં દર વર્ષે 80000 નવા કેસ કેન્સરનાં હોય છે.


ધ ઈન્ડપેન્ડન્ડ નામના જાગૃત દૈનિકની પત્રકાર મીસ ચાર્લોટી કહે છે કે અમે લંડનમાં તમાકુને ધુત્કારીએ છીએ, તમે મોંમા નાંખો છો. સિગારેટ પીનારા પણ ચેતે. અમેરિકામાં સિગારેટ પીનારા દર વર્ષે 157000 અમેરિકનો ફેફસાંનાં કેન્સરથી મરે છે. ખરેખર આપણે તમાકુ ગુટકાને જ મોટા ટેરરિસ્ટો ગણવા જોઈએ. અમેરિકામાં 24 વર્ષની યુવતી 8600 ડોલર સિગારેટ પર ખર્ચે છે.



# અત્યાર સુધીનાં ભારતરત્ન

| ક્રમ | નામ | જન્મ | ક્ષેત્ર | ક્યારે મળ્યો |
|---|---|---|---|---|
| 01. | સચિન તેંડુલકર | 1973 | રમત | 2013 |
| 02. | સી.એન.આર.રાવ | 1934 | વિજ્ઞાની | 2013 |
| 03. | પં. ભીમસેન જોશી | 1922 | સંગીત | 2008 |
| 04. | ઉસ્તાદ બિસમિલ્લાહ ખાં | 1916 | સંગીત | 2001 |
| 05. | લતા મંગેશકર | 1931 | સંગીત | 2001 |
| 06. | ગોપીનાથ બોરદોલાઈ | 1890 | સ્વાતંત્ર્ય સેનાની | 1999 |
| 07. | ડૉ. અમર્ત્ય સેન | 1936 | અર્થશાસ્ત્રી | 1999 |
| 08. | પં. રવિશંકર | 1920 | સંગીત | 1999 |
| 09. | જયપ્રકાશ નારાયણ | 1902 | સ્વાતંત્ર્ય સેનાની | 1998 |
| 10. | સી. સુબ્રમણ્યમ | 1910 | રાજકારણી | 1998 |
| 11. | એમ. એસ. સુબ્બુલક્ષ્મી | 1916 | સંગીત | 1998 |
| 12. | અરુણા અસફઅલી | 1904 | સ્વાતંત્ર્ય સેનાની | 1997 |
| 13. | ગુલઝારીલાલ નંદા | 1898 | રાજકારણી | 1997 |
| 14. | ડૉ. અબ્દુલ કલામ | 1931 | વિજ્ઞાની | 1997 |
| 15. | સત્યજીત રે | 1922 | ફિલ્મ | 1992 |
| 16. | જે.આર.ડી.તાતા | 1904 | ઉદ્યોગપતિ | 1992 |
| 17. | મોલાના આઝાદ | 1884 | સ્વાતંત્ર્ય સેનાની | 1992 |
| 18. | મોરારજી દેસાઈ | 1896 | સ્વાતંત્ર્ય સેનાની | 1992 |
| 19. | વલ્લભભાઈ પટેલ | 1875 | સ્વાતંત્ર સેનાની | 1991 |
| 20. | રાજીવ ગાંધી | 1944 | રાજકારણી | 1991 |
| 21. | નેલ્સન મંડેલા | 1918 | દ. આફ્રિકાનાં નેતા | 1991 |
| 22. | ડૉ. બી.આર. આંબેડકર | 1891 | રાજકારણી | 1990 |
| 23. | એમ.જી. રામચંદ્રન | 1917 | ફિલ્મ | 1984 |
| 24. | અબ્દુલ ગફારખાન | 1890 | સ્વાતંત્ર્ય સેનાની | 1987 |
| 25. | વિનોબા ભાવે | 1895 | વિચારક | 1996 |
| 26. | મધર ટેરેસા | 1910 | સમાજસેવા | 1980 |
| 27. | કે. કામરાજ | 1903 | રાજકારણી | 1976 |
| 28. | વી.વી.ગીરી | 1894 | રાજકારણી | 1975 |
| 29. | ઈન્દિરા ગાંધી | 1917 | રાજકારણી | 1971 |
| 30. | લાલ બહાદુર શાસ્ત્રી | 1904 | રાજકારણી | 1966 |
| 31. | પી.વી. કાણે | 1880 | શિક્ષણ | 1963 |
| 32. | ડો. ઝાકિર હુસેન | 1897 | શિક્ષણ | 1963 |
| 33. | ડૉ. રાજેન્દ્ર પ્રસાદ | 1884 | સ્વાતંત્ર્ય સેનાની | 1962 |
| 34. | પી.પી. ટંડન | 1882 | સ્વાતંત્ર્ય સેનાની | 1961 |
| 35. | ડૉ. બિધાનચંદ્ર રાય | 1882 | સ્વાતંત્ર્ય સેનાની | 1961 |
| 36. | મહર્ષિ ડો.ડી.કે. કર્વે | 1858 | સમાજ સુધારક | 1958 |
| 37. | ગોવિંદ વલ્લભ પંત | 1887 | સ્વાતંત્ર્ય સેનાની | 1957 |
| 38. | જવાહરલાલ નેહરુ | 1989 | સ્વાતંત્ર્ય સેનાની | 1955 |
| 39. | સર એમ. વિશ્વેશ્વરૈયા | 1861 | ઈજનેર | 1955 |
| 40. | ડૉ. ભગવાનદાસ | 1869 | શિક્ષણ | 1955 |
| 41. | ડૉ. એસ રાધાકૃષ્ણ | 1888 | શિક્ષણ | 1954 |
| 42. | ડૉ. સી.વી. રમણ | 1888 | વિજ્ઞાન | 1954 |
| 43. | ચક્રવર્તી રાજગોપાલાચારી | 1878 | સ્વાતંત્ર્ય સેનાની | 1954 |

આર્યન




➤ Incredible India For Quality Life

# આ સ્થળો તમે જોયા છે ?

**આપણો ભારત દેશ અનેક ઐતિહાસિક અને સુંદર સ્થળોનો વારસો ધરાવે છે. આજે આપણે વાત કરવી છે, દેશનાં એવાં નોંધપાત્ર અને ગૌરવભર્યા સ્થળોની કે જેની એક વાર મુલાકાત દરેક ભારતવાસીએ લેવી જોઇએ...**

**લાલ કિલ્લો :** દિલ્હીનો ઐતિહાસિક કિલ્લો, જ્યાં 15મી ઓગસ્ટ અને 26મી જાન્યુઆરીનાં રાષ્ટ્રીય પર્વ પ્રસંગે ધ્વજવંદન થાય છે.

**કિસાનઘાટ :** ભારતનાં પૂર્વ વડાપ્રધાન અને કિસાન નેતા ચૌધરી ચરણસિંહનું દિલ્હીમાં આવેલું સમાધિસ્થળ.

**ધોળાવીરા :** ગુજરાતનાં કચ્છ જિલ્લાનું પ્રાચીનતમ સમૃદ્ધ નગર એટલે ધોળાવીરા. સીધું ખીણની સંસ્કૃતિનાં અવશેષો અહીંથી મળી આવ્યાં છે.

**ઓરોવિલે @ અરવિંદનગર :** આધ્યાત્મિકજગત અને યોગવિદ્યાનું આધુનિક કાશી ગણાય છે.

**ગેટ વે ઓફ ઇન્ડિયા :** ઈંગ્લેન્ડનાં રાજા જ્યોર્જ અને રાણી ક્વિન મુંબઈનાં દરિયાકિનારે ઊતર્યા હતાં, એમના સન્માનમાં બાંધવામાં આવેલો દરવાજો.

**પોખરણ @ રાજસ્થાન :** અણુવિસ્ફોટ પરીક્ષણ માટે જાણીતું સ્થળ. 1974 અને 1998માં અણુબોમ્બનું પરીક્ષણ અહીં કરવામાં આવ્યું હતું.

**કૈલાસ મંદિર @ ઇલોરા :** શિલામાંથી બનેલી ભારતની સૌથી મોટી મૂર્તિ.

**બેલૂર મઠ :** રામકૃષ્ણ પરમહંસની સ્મૃતિમાં સ્વામી વિવેકાનંદે સ્થાપેલો મઠ.

**કુતુબમિનાર @ દિલ્હી :** તેરમી સદીમાં જીતની નિશાની રૂપે કુતુબુદ્દીન ઐબક દ્વારા બંધાવેલો 72.5 મીટર ઊંચો મિનારો.

**રાષ્ટ્રપતિ ભવન અને મુઘલ ગાર્ડન @ દિલ્હી :** 400 ઓરડા અને 47 ફુવારા ધરાવતું રાષ્ટ્રપતિ માટેનું શાસકીય નિવાસસ્થાન.

**બિરલા મંદિર @ દિલ્હી :** ઈ.સ. 1986માં બનેલું કમળ આકારનું પૂજાસ્થળ, જે લક્ષ્મીનારાયણ મંદિર તરીકે પણ વિશ્વવિખ્યાત છે.

**ઇન્ડિયા ગેટ @ દિલ્હી :** પ્રથમ વિશ્વયુદ્ધમાં માર્યા ગયેલા 90,000 ભારતીય સૈનિકોનાં માનમાં 1971થી અહીં અમર જ્યોત અવિરત પ્રગટે છે.

**આનંદ ભવન :** અલાહાબાદ સ્થિત નેહરુ પરિવારનું નિવાસસ્થાન.

**અભયઘાટ @ અમદાવાદ :** પ્રથમ ગુજરાતી વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈનું સમાધિસ્થળ.

**હુમાયુનો મકબરો :** દિલ્હીમાં આવેલો આ મકબરો મુઘલ બાદશાહ હુમાયુની યાદમાં તેની પત્ની હમીદા બેગમે બંધાવ્યો હતો.

**લોહસ્તંભ :** દિલ્હીમાં કુતુબમિનાર પાસે આવેલાં લોખંડનો સ્તંભ.

**રાજઘાટ :** દિલ્હીમાં યમુના નદીનાં કિનારે આવેલી મહાત્મા ગાંધીની સમાધિ.

**હિમાચલ પ્રદેશ @ ડેલહાઉઝી :** 2039 મીટરની ઊંચાઈએ પાંચ ટેકરીઓ પર વસેલું ગિરિમથક.

**દીવાને આમ અને દીવાને ખાસ @ દિલ્હી :** દિલ્હીમાં આવેલાં મોટાં સભાગૃહો, જ્યાં રાજા લોકોને મળતા.

**અજંતાની ગુફાઓ @ મહારાષ્ટ્ર :** સહ્યાદ્રિની પહાડીઓમાં આવેલી ગુફાઓ. ભગવાન બુદ્ધનાં જીવનચરિત્રો અને ઉપદેશ આધારિત રંગીન ભીંતચિત્રો.

**જંતરમંતર @ દિલ્હી :** અવકાશીય સંશોધન માટે બંધાવેલી વેધશાળા.

**દાંડી :** દક્ષિણ ગુજરાતનાં દરિયાકાંઠે ગાંધીએ મીઠાનાં કાયદાનો ભંગ કર્યો.

**શાંતિઘાટ :** દિલ્હીમાં યમુના નદીનાં કિનારે આવેલું પંડિત નેહરુનું સમાધિસ્થળ.

**શાંતિનિકેતન @ કોલકાતા :** રવીન્દ્રનાથ ટાગોર સ્થાપિત આશ્રમ, વિશ્વભારતી વિદ્યાલય છે.

**સાંચીનો સ્તૂપ @ સાંચી :** બૌદ્ધ ધર્મનાં અનુયાયીઓનું સ્થાપત્ય.

**સૂર્યમંદિર @ કોણાર્ક :** તેરમી સદીમાં બંધાયેલું સૂર્યદેવનું મંદિર.

**ગુરુવાયુર @ કેરળ :** પ્રસિદ્ધ કૃષ્ણમંદિર, જે દક્ષિણની દ્વારકાનગરી છે.

**શક્તિસ્થળ @ દિલ્હી :** ઈન્દિરા ગાંધીનું સમાધિસ્થળ.

**વીરભૂમિ @ દિલ્હી :** રાજીવ ગાંધીનું સમાધિસ્થળ.

**દેલવાડાનાં દેરાં @ માઉન્ટ આબુ :** જૈન ધર્મનું પવિત્ર સ્થળ.

**કીર્તિમંદિર @ પોરબંદર :** ગાંધીજીનું જન્મ સ્થળ.

**તાજમહલ @ આગ્રા :** દુનિયાની સાત અજાયબીઓમાંની એક, 1630 થી 1948 વચ્ચે સફેદ સંગેમરમરથી શાહજહાંએ પોતાની પ્રિય રાણી મુમતાઝ મહલની યાદમાં બંધાવેલો મકબરો.

**જગન્નાથ મંદિર @ પૂરી :** અષાઢ સુદ બીજનાં રોજ રથયાત્રા નીકળે છે.

**સોમનાથ મંદિર @ ગુજરાત :** બાર જ્યોતિર્લિંગ પૈકીનું એક છે. પુરાણકથા મુજબ ચંદ્રદેવે તેનું નિર્માણ કરેલું. મહમદ ગઝનવીએ 17 વખત એના ઉપર આક્રમણ કર્યું હતું.

**સુવર્ણમંદિર @ અમૃતસર :** ઈ.સ. 1577માં બંધાયેલું શીખ સંપ્રદાયનું મંદિર.

**હલ્દીઘાટી :** રાણા પ્રતાપે મોગલ સૈન્ય સામે આ સ્થળે યુદ્ધ કર્યું હતું.

**વિજયસ્તંભ :** ચિત્તોડગઢમાં રાણા કુંભાએ બનાવેલો સ્તંભ.

**સેવાગ્રામ :** મહારાષ્ટ્રમાં વર્ધા નજીક ગાંધીજીની કર્મભૂમિ.

**મીનાક્ષી મંદિર @ મદુરાઈ :** નકશીકામનો ઉત્તમ નમૂનો.

**જુમ્મા મસ્જિદ @ દિલ્હી :** શાહજહાંનાં સમયમાં બંધાવેલી, એકસાથે 20,000 લોકો નમાજ અદા કરી શકે તેવી મસ્જિદ.

**ત્રિમૂર્તિ ભવન :** દિલ્હીનું જવાહરલાલ નેહરુનું નિવાસ સ્થાન.

**જોગનો ધોધ :** કર્ણાટકમાં શરાવતી નદી ઉપર આવેલો ભારતનો ઊંચો ધોધ.

**આગાખાના મહેલ @ પુણે :** કસ્તુરબા ગાંધીનું સ્મારક.

**બુલંદ દરવાજો @ ફતેહપુર :** ભારતનો સૌથી ઊંચો પ્રવેશ દ્વાર.

**ચાર મિનાર @ હૈદરાબાદ :** 1591માં બાંધેલો સુંદર પ્રવેશદ્વાર.

**ગોળગુંબજ @ બિજાપુર :** દુનિયાનો સૌથી મોટો ગુંબજ.

**એલિફન્ટા @ મહારાષ્ટ્ર :** મુંબઈ સામે બેટ પર આવેલું ગુફા મંદિર. પ્રખ્યાત ત્રિમૂર્તિ મંદિર અને પ્રાચીન શિલ્પો જોવાલાયક છે.

**વિજયઘાટ :** દિલ્હીમાં યમુના નદીનાં કિનારે સ્થિત શાસ્ત્રીની સમાધિ.

**હવામહલ @ જયપુર :** અઢારમી સદીમાં બનાવેલ 953 બારીવાળો મહેલ.

**નાલંદા @ બિહાર :** પ્રાચીન સમયની બૌદ્ધ વિદ્યાપીઠનાં અવશેષો છે.

**ગંગોત્રી @ ઉત્તરાખંડ :** ગંગા નદીનું ઉદ્ભવસ્થાન. ગંગામૈયાનું મંદિર, ગરમ પાણીનાં ઝરા, ગૌમુખ જેવા પવિત્ર સ્થળો.

**હમ્પી @ કર્ણાટક :** ઐતિહાસિક શહેર છે. યુનેસ્કોની સૂચિ અનુસાર આ વિશ્વવારસો છે. રાણીનું સ્નાનગૃહ અને પંપાવતી મંદિર જોવાલાયક છે.

પ્રિયા

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवती भारत।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मनं सृजाम्यहम ॥

➤ Supreme God

# ભગવાન શ્રીકૃષ્ણ

नारायण नमस्कृत्य नरं चैव नरोत्तमम् । देवी सरस्वती व्यासं ततो जयमुदीरयेत् ।।




જગન્નિયન્તા દેવાધિદેવ ભગવાન નારાયણ વાસુદેવ શ્રીકૃષ્ણનાં રૂપે આ અવનીતલ ધરા પર અવતરિત થયાં હતાં. ભાગવતની માફક મહાભારતમાં પણ આ વાત સ્વીકારવામાં આવેલ છે. ધર્મરાજ યુધિષ્ઠિરનાં રાજસૂર્ય યજ્ઞમાં અનેક મહર્ષિઓની સાથે દેવર્ષિ નારદ પણ યજ્ઞની શોભા જોવા માટે પધારે છે. બીજા રાજાઓની સાથે ભગવાન શ્રીકૃષ્ણને સભામંડપમાં બિરાજીત જોઈ, ભગવાન નારાયણ ભૂમંડળ પર અવતીર્ણ થયાની વાત યાદ આવી જાય છે. તેઓ શ્રીહરિનું ચિંતન કરવા લાગે છે. જ્યારે સભામાં એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે પધારેલા મહાનુભાવોમાં સૌથી પહેલી પૂજા કોની કરવામાં આવે ત્યારે વીર શિરોમણિ મહાત્મા ભીષ્મ કહે છે કે, "હું તો ભૂમંડળમાં શ્રીકૃષ્ણને પ્રથમ પૂજાને યોગ્ય સમજું છું." આટલું કહી ભરી સભામાં તેમના મહિમાની પ્રશંસા કરતાં તેઓ કહે છે કે, "વાસુદેવ આ વિશ્વની ઉત્પત્તિ અને પ્રલયસ્વરૂપ છે. આ પ્રાણીજગતનું અસ્તિત્વ તેમના થકી છે. વાસુદેવ અવ્યક્ત પ્રકૃતિ, સનાતન કર્તા અને સમસ્ત પ્રાણીઓનાં અધિપતિ છે. દેવર્ષિ નારદ આ પ્રસ્તાવનું સમર્થન કરે છે, એટલું જ નહીં ભીષ્મ પિતામહનાં આ પ્રસ્તાવને ટેકો આપનાર સહદેવ પર આકાશમાંથી દેવતાઓ પુષ્પવૃષ્ટિ કરે છે અને આકાશવાણી પણ 'સાધુ સાધુ' કહી તે વાતને અનુમોદન આપે છે. શ્રીકૃષ્ણની બાળલીલાઓનું વર્ણન મહાભારતમાં સીધે સીધું જોવા નથી મળતું, તેનું કારણ એટલું જ છે કે તે લીલાઓને મહાભારતનાં મુખ્ય કથાનક સાથે કોઈ સંબંધ નથી, છતાં 'હરિવંશ પર્વ' જે મહાભારતનો જ એક પરિશિષ્ટ ભાગ છે. તેમાં આ ઉણપને પૂરી કરવામાં આવી છે. મહાભારતનાં જુદાં જુદાં પાત્રો દ્વારા પ્રસંગોપાત્ત શ્રીકૃષ્ણની બાળલીલાઓનો અહીં ઉલ્લેખ થયેલ છે. ભીષ્મ પિતામહનાં ઉપરોક્ત પ્રસ્તાવનો વિરોધ કરનાર ચેદિરાજ શિશુપાલ કે જે જન્મથી જ શ્રીકૃષ્ણનો વિરોધી હતો. રુક્મિણી હરણ પછી તેમનો કટ્ટર દુશ્મન થઈ ગયો હતો. શિશુપાલે શ્રીકૃષ્ણને તથા તેમની પ્રશંસા કરનાર ભીષ્મ પિતામહને ઘણું જ અણછાજતું સંભળાવ્યું, પરંતુ શ્રીકૃષ્ણ વીરતાભરી ધીરજથી તેના બધા અપરાધોને સહન કરતાં રહ્યાં. છેલ્લે અન્ય સભાસદોનાં સમજાવવા છતાંય તે શાંત નથી થતો ત્યારે સુદર્શન ચક્રનું સ્મરણ કર્યું અને સૌના દેખતાં જ એ તીક્ષ્ણ ધારવાળા ચક્રથી તેનું મસ્તક ધડતી જુદું કરી નાખ્યું. સભામાં ઉપસ્થિત સર્વ લોકોએ જોયું કે શિશુપાલનાં શરીરમાંથી એક તેજપૂંજ નીકળી, શ્રીકૃષ્ણને પ્રમાણ કરી તેમના શરીરમાં પ્રવેશી ગયું. આ અલૌકિક ઘટનાથી શ્રીકૃષ્ણની ભગવત્તા સિદ્ધ થાય છે. જે લોકો ત્યાં એકત્રિત થયેલ તે લોકોને એ વાતનું પ્રત્યક્ષ પ્રમાણ મળી ગયું કે ભલેને કોઈ ગમે તેવો પાપી કેમ ન હોય, ભગવાનનાં હાથે માર્યા જવાથી તેની મુક્તિ થઈ જાય છે, અર્થાત્ તે ભગવાનનાં સ્વરૂપમાં લીન થઈ જાય છે. આ જ તેમની અનુપમ દયાળુતા છે. તેઓ મારીને પણ જીવનો ઉદ્ધાર કરે છે. દુષ્ટ દુઃશાસન દ્વારા અપમાનિત દ્રૌપદી જે સમયે શ્રીકૃષ્ણને પોકારે છે, ત્યારે તેમને 'ગોપીજન વલ્લભ', 'વ્રજનાથ' આદિ નામોથી યાદ કરે છે. એ વાતથી પણ એ જ સિદ્ધ થાય છે કે વૃંદાવનનાં શ્રીકૃષ્ણ અને દ્વારકાનાં શ્રીકૃષ્ણ અલગ વ્યક્તિ ન હતાં. દ્રૌપદીનો કરુણ આર્તનાદ સાંભળતાં જ કરુણામય કેશવ દ્વારકાથી દોડી આવે છે અને ધર્મરૂપે પોતે જ વસ્ત્રાવતાર ધારણ કરીને દ્રૌપદીની લાજ બચાવે છે. શું કોઈ સામાન્ય મનુષ્ય દ્વારા દૂર રહેલ પોતાના ભક્તની આ પ્રકારે અલૌકિક ઢંગથી રક્ષા સંભવિત છે ?

ધર્માત્મા પાંડવો જુગારમાં પોતાનું સર્વસ્વ ગુમાવી વનવાસનાં કષ્ટો ઉઠાવી રહ્યાં હતાં, ત્યારે શ્રીકૃષ્ણ પણ ત્યાં પધાર્યા. એ વખતે મહાતપસ્વી ચિંરજીવી માર્કણ્ડેય મુનિ તેમની પાસે આવે છે અને વાતવાતમાં તેમને શ્રીકૃષ્ણનો મહિમા સંભળાવવા લાગે છે. પ્રલયકાળનો અનુભવ વર્ણવી તેઓ કહે છે કે, અનંત જળરાશિની વચ્ચે વટપત્ર પર શયન કરનાર અદ્‌ભુત શિશુનાં રૂપમાં મેં જે પરમાત્માનાં દર્શન કર્યાં હતાં તે શ્રીકૃષ્ણ છે. તેમના વરદાનનાં પ્રભાવથી મારી અખંડ સ્મૃતિ જળવાઈ રહી છે અને મેં હજારો વર્ષોનું આયુષ્ય તથા સ્વેચ્છામૃત્યુની સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

એક વાર પાંડવોનું અહિત કરવાની ઈચ્છાથી દુર્યોધને મહાક્રોધી દુર્વાસા મુનિને તેમના દસ હજાર શિષ્યો સાથે વનવાસી પાંડવો પાસે અતિથિ તરીકે મોકલ્યાં. મહારાજ યુધિષ્ઠિરને ભગવાન સૂર્યનારાયણ પાસેથી એક એવું ચમત્કારી અક્ષયપાત્ર મળ્યું હતું કે જેમાં પકવેલ રસોઈમાંથી ગમે તેટલા અતિથિઓને ભોજન કરાવી શકે, પરંતુ તે ત્યાં સુધી સંભવ હતું કે જ્યાં સુધી દ્રૌપદી ભોજન ન કરી લે. દુર્યોધનનાં કુચક્રથી દુર્વાસાજી બરાબર એવા સમયે આવી ચડ્યા કે સૌને જમાડીને દ્રૌપદીએ પોતે પણ જમી લીધું હતું. અતિથિવત્સલ ધર્માત્મા યુધિષ્ઠિરે સમસ્ત મુનિઓને ભોજન માટે નિમંત્રિત કર્યા અને સૌ મુનિઓ સ્નાન તેમજ નિત્ય કર્મ આદિ કરવા ગંગા કિનારે ગયાં. આવી વિકટ પરિસ્થિતિમાં હજારો બ્રાહ્મણોનાં ભોજન માટે કોઈ સામગ્રી ન

હોઈ દ્રૌપદીનાં મનમાં મોટી ચિંતા થઈ. જેવું તેણે મનોમન પોતાના હિતૈષી અને આત્મીય એવા શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું કે તરત ભગવાન ત્યાં દોડતા આવી પહોચ્યાં. આવતાં જ તેમણે કહ્યું, બહેન મને ખૂબ ભૂખ લાગી છે, દ્રૌપદીએ તેમને સંઘળી વાત કહી સંભળાવી. તે બોલી હું હમણાં જ ભોજન કરીને ઊઠી, એ પાત્રમાં હવે કંઈ જ બચ્યું નથી. શ્રીકૃષ્ણએ તેની વાતને ટાળતા કહ્યું, એ પાત્ર હું જોઉં તો ખરો, દ્રૌપદીએ પાત્ર લાવી ભગવાનની સામે ધર્યું. શ્રીકૃષ્ણએ જોયું તો કાંઠા પર ભાજીનું એક પાંદડું ચોટેલું હતું, જે ભગવાને પોતાના મોમાં મૂકતા કહ્યું કે, આ ભાજીનાં પાંદડાથી યજ્ઞભોક્તા વિશ્વાત્મા ભગવાન શ્રીહરિ તૃપ્ત થઈ જાઓ. તેમણે સહદેવજીને કહ્યું કે, મુનિમંડળીને ભોજન માટે બોલાવી લાવો. સહદેવે ગંગાતટ પર જઈને જોયું તો ત્યાં કોઈ ન હતું. વાત એમ બની કે જે સમયે ભગવાને ભાજીનું પાંદડું મોઢામાં મૂકી સંકલ્પ કર્યો. એ સમયે સૌ મુનિઓ જળમાં ઊભા રહી અઘમર્ષણ કરી રહ્યાં હતાં. તે સૌને એવો અનુભવ થયો કે જાણે તેમનું પેટ ગળા સુધી અન્નથી ભરાયેલું છે. આમ થવાથી તેઓ ગભરાઈ ગયાં કે પાંડવોને ત્યાં જે રસોઈ બની હશે તે બધી બગડશે. પાંડવોનાં ક્રોધનાં ભયથી તેઓ સૌ ચુપચાપ ભાગી ગયાં. તેઓ જાણતા હતાં કે પાંડવો ભગવદ્‌ભક્ત છે. અંબરીષને ત્યાં દુર્વાસાજી પર જે વીતી હતી ત્યારથી તેઓને ભગવાનનાં ભક્તનો ખૂબ ભય લાગતો. ગંગાતટ પર તેઓને ન જોતાં, સહદેવ પાછા ફર્યા. આ રીતે શરણાગત વત્સલ શ્રી હરિએ પોતાના આશ્રિતોની રક્ષા કરી. સંજય ધૃતરાષ્ટ્રનાં મંત્રી અને કૃપાપાત્ર હતાં. તેઓ કૌરવોનાં દૂત બનીને ઉપપ્લવ્યમાં પાંડવોની પાસે જાય છે અને ત્યાંથી પાછા ફરી ધૃતરાષ્ટ્રને તેમનો સંદેશ સંભળાવે છે. એ પ્રસંગે તેઓ શ્રીકૃષ્ણનાં મહિમાનું વર્ણન કરતાં કહે છે, શ્રીકૃષ્ણ ધારે તો સંકલ્પ માત્રથી આ સંપૂર્ણ જગતને બાળીને ભસ્મ કરી નાખે, પણ આખું જગત શ્રીકૃષ્ણને ભસ્મ કરી ન શકે. જ્યાં સત્ય, ધર્મ, લજ્જા અને સરળતા છે ત્યાં શ્રીકૃષ્ણ છે. જ્યાં શ્રીકૃષ્ણ છે ત્યાં વિજય છે. ભગવાન શ્રીકૃષ્ણ યોગશક્તિથી કાળચક્ર, જગતચક્ર અને યુગચક્રને રાત દિવસ ઘુમાવતા રહે છે. તેઓ જ કાળનાં, મૃત્યુનાં અને ચરાચર વિશ્વનાં સ્વામી છે. મહાભારતનાં રચયિતા ભગવાન વેદવ્યાસ એ સમયે ત્યાં હાજર હતાં. તેઓ પણ સંજયની વાતનું સમર્થન કરતાં કહે છે કે, રાજન્ સંજય બિલકુલ સાચું કહે છે. એ માયાને વશમાં રાખનાર, પુરાણપુરુષ, સર્વનાં અંતર્યામી શ્રીકૃષ્ણનાં સ્વરૂપને જાણે છે. જો તમે એકાગ્ર ચિત્તથી તેની વાત કાને ધરશો તો તમને સંસાર ભયથી મુક્ત કરી દેશે. જે સમયે શ્રીકૃષ્ણ પાંડવો તરફથી સંધિનો પ્રસ્તાવ લઈ કૌરવોની સભામાં જાય છે તે સમયે પરશુરામ, કણ્વ, નારદ વગેરે અનેક મહર્ષિ, દેવર્ષિ શ્રી કૃષ્ણની દિવ્ય વાણી સાંભળે છે. જ્યારે શ્રીકૃષ્ણ પોતાનો ધર્મ સંદેશ સંભળાવે છે ત્યારે મહર્ષિગણ ક્રમશઃ તે પ્રસ્તાવનું અનુમોદન કરતાં દુર્યોધનને સમજાવે છે અને શ્રીકૃષ્ણનો મહિમા પણ સંભળાવે છે. તેઓ તેને બતાવે છે કે સંપૂર્ણ જગતનાં સ્વામી અને સૌના કર્મનાં સાક્ષી ભગવાન નારાયણ શ્રીકૃષ્ણનાં રૂપમાં પ્રગટ થયાં છે. દુર્યોધનનાં માથા પર કાળ નાચી રહ્યો હતો, તેથી તેણે મહાત્માઓની હિતભરી વાણી પર ધ્યાન આપ્યું નહીં. ઊલટાનો શ્રીકૃષ્ણ પર ગુસ્સે થઈ તેમને કેદ કરવાનો ઉપાય વિચારવા લાગ્યો. શ્રીકૃષ્ણને તેની એ કપટભરી ચાલનો ખ્યાલ આવી ગયો. તેમણે સૌની સમક્ષ તેને ફટકારતાં કહ્યું, અરે દુષ્ટ તું એમ સમજી રહ્યો છે કે હું એકલો છું તેથી તું મને કેદ કરવા માગે છે. તને ખબર નહીં હોય કે બધા પાંડવો, અંધકો અને વૃષ્ણીઓ તથા આદિત્ય, રુદ્ર, વસુ અને સંપૂર્ણ મહર્ષિઓ પણ અહીં છે. આમ કહી શ્રીકૃષ્ણ મોટેથી હસ્યા. એ જ વખતે તેમનાં અંગોમાં વીજળી સમાન કાન્તિવાળા બ્રહ્મા આદિ દેવતાઓ દેખાવા લાગ્યાં, તે સૌના શરીરો અંગૂઠા જેવડાં હતાં. તેઓ પોતાના દેહમાંથી અગ્નિની ચિનગારીઓ છોડી રહ્યાં હતાં. શ્રીકૃષ્ણનાં લલાટમાં બ્રહ્મા, વક્ષઃ સ્થલમાં રુદ્ર તથા ભુજાઓમાં ઈન્દ્ર આદિ લોકપાલો બિરાજમાન હતાં. એટલું જ નહીં અગ્નિ, આદિત્ય, સાધ્ય, વસુ, અશ્વિનીકુમાર, મરુદ્‌ગણ, વિશ્વદેવો તથા યક્ષો, કિન્નરો, ગંધર્વો આદિ સૌ ત્યાં દેખાઈ રહ્યાં હતાં. શ્રીકૃષ્ણની જમણી ભુજામાંથી ગાંડીવધારી અર્જુન અને ડાબી ભુજામાંથી હળધર બલરામજી પ્રકટ થયાં. યુધિષ્ઠિર, ભીમસેન, નકુળ, સહદેવ તથા પ્રદ્યુમ્ન આદિ અંધક તેમજ વૃષ્ણીવંશી યાદવો તેમની પીઠમાંથી પ્રકટ થયાં. પોતાના અસ્ત્રશસ્ત્ર આદિથી સુસજ્જ થઈ શ્રીકૃષ્ણની આગળ ગોઠવાઈ ગયાં. શંખ, ચક્ર, ગદા, શક્તિ, શાર્ડગ ધનુષ્ય તેમજ ખડગ આદિ સૌ ચમકતા આયુધો પણ શ્રીકૃષ્ણની ભુજાઓમાં સુશોભિત થઈ ગયાં. તેમનાં નેત્રો, નસકોરા તથા કાનનાં છિદ્રોમાંથી ભીષણ અગ્નિ જવાળાઓ નીકળવા લાગી. રોમેરોમમાંથી સૂર્યસમાન તેજસ્વી કિરણો ફૂટવા લાગ્યાં. શ્રીકૃષ્ણનાં આવા ભયાનક રૂપને જોઈ ત્યાં હાજર રહેલા સૌ રાજાઓ ભયભીત થઈ કંપવા લાગ્યાં. તેઓએ પોતાની આંખો બંધ કરી દીધી. માત્ર આચાર્ય દ્રોણ, પિતામહ ભીષ્મ, મહાત્મા વિદુર, સંજય તેમજ તપોધન ઋષિઓ જેમના તેમ બેસી રહ્યાં. તેઓને ભગવાને દિવ્ય દૃષ્ટિ આપી હતી, એ સમયે દેવતાઓ દુંદુભિ વગાડી આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યાં. ધૃતરાષ્ટ્રની વિનંતીથી ભગવાને તેને દિવ્ય દૃષ્ટિ આપી અને તે પણ એ ચમત્કારી વિગ્રહને જોઈને ચકિત થઈ ગયાં. થોડી જ વારમાં ભગવાને એ દિવ્ય રૂપને સંકેલી લીધું અને તરત જ સભાભવનમાંથી ચાલી નીકળ્યાં. શ્રીકૃષ્ણની ભગવત્તાનું આનાથી વિશેષ પ્રમાણ બીજું કયું હોઈ શકે ? ભીષ્મ પર્વ અંતર્ગત શ્રીમદ્‌ભગવત્‌ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણનો મહિમા ભારોભાર જોવા મળે છે. તેઓ અર્જુનને સ્પષ્ટ શબ્દોમાં પોતાના શ્રીમુખે કહે છે કે, હું અજન્મા અવિનાશી ઈશ્વર છું. સત્પુરુષોની રક્ષા, દુષ્ટોનો વિનાશ તથા ધર્મની સ્થાપના કરવા માટે હું સમય સમય પર અવતાર લેતો રહું છું. તેઓ કહે છે કે, જે મારા જન્મ કર્મોની દિવ્યતાને તત્ત્વથી જાણી લે છે. તે જન્મ મરણનાં ચક્રથી સદાને માટે છૂટી જાય છે. શ્રીકૃષ્ણ આપણી માફક જન્મ મરણવાળા સાધારણ મનુષ્ય ન હતાં. ગીતાજીમાં તેઓ કહે છે કે, સમસ્ત વિશ્વ મારામાંથી ઉત્પન્ન થાય છે અને મારામાં જ વિલીન થાય છે, મારા સિવાય બીજું કશું પણ છે જ નહીં. તેઓ અર્જુનને સ્પષ્ટપણે સમજાવે છે કે, હું યોગ માયાથી મારી ભગવત્તાને છુપાવીને રહું છું, જેથી અજ્ઞાની લોકો મને ઓળખી શક્તા નથી. શ્રીકૃષ્ણ જ્યારે દિવ્ય વિગ્રહરૂપે આ પૃથ્વી પર વિચરી રહ્યાં હતાં, એ સમયે કંસ, જરાસંઘ, શિશુપાલ, દુર્યોધન વગેરે અનેક એવા પાત્રો મોજૂદ હતાં, જેઓ તેમને સામાન્ય મનુષ્ય સમજી અવહેલના કરી બેસતા હતાં. આવી સ્થિતિમાં આજના લોકો તેમની અનુપસ્થિતિમાં તેમનાં વિષયમાં અનેક પ્રકારની નાની મોટી કલ્પનાઓ કરે તો તેમાં શું આશ્ચર્ય ? શ્રીકૃષ્ણ પોતાનાં અતુલનીય મહિમાને પ્રત્યક્ષ કરાવવા માટે અર્જુન પર કૃપા કરી તેને વિશ્વરૂપનાં દર્શન કરાવે છે. અર્જુને જોયું કે તેમના શરીરમાંથી હજારો સૂર્યોની આભા પ્રકટ થઈ રહી છે. સમસ્ત દેવતાઓ, ઋષિઓ તેમજ અન્ય ભૂત સમુદાય તેમના શરીરમાં રહેલ છે. તેમને અનેક ભુજાઓ, પેટ, મુખ અને નેત્રો છે. તેઓ સર્વ રીતે અનંત છે. તેમનો આદિ, મધ્ય કે અંત જોઈ શકાતો નથી. અર્જુને એ પણ જોયું કે ભીષ્મ, દ્રોણ, કર્ણ વગેરે કૌરવ પક્ષનાં મોટા યોદ્ધાઓ તેમની વિકરાળ દાઢો વચ્ચે પીસાઈ રહ્યાં છે. બધાં લોકો તેમનાં મુખમાં હોમાઈ રહ્યાં છે. શ્રીકૃષ્ણનાં આવા ભયાનક રૂપને જોઈને અર્જુન ભયભીત થઈ તેમની સ્તુતિ કરવા લાગે છે. તેમને મિત્ર માની અત્યાર સુધી જે સમાનતાભર્યો વ્યવહાર કરેલ તે બદલ ક્ષમા યાચના માગે છે. અર્જુનને ડરી ગયેલ જોઈ ભગવાન પોતાનાં એ રૂપને સમેટી લે છે અને ફરી તેની સમક્ષ શ્યામસુંદર રૂપે પ્રકટ થઈ જાય છે. તેમને યથાર્થ સ્વરૂપે ઓળખવાનું, જોવાનું અને પામવાનું તેમની ભક્તિથી સંભવ છે. ભગવાન અંતે અર્જુનને એ ઉપદેશ આપે છે કે, તું મારું ચિંતન કર, મારામાં જ પ્રીતિ રાખ, મારું જ ભજન પૂજન કર તથા અન્ય સર્વનો આધાર છોડી મારે શરણે આવી જા. ભગવદ્‌ગીતાનો અંતિમ ઉપદેશ આ જ છે. શ્રીકૃષ્ણનું પણ વાસ્તવિક સ્વરૂપ જે ભગવદ્‌ગીતામાં વ્યક્ત થયેલ છે. તેઓ આત્માથી પણ શ્રેષ્ઠ પૂર્ણ પુરુષોત્તમ છે. શ્રીકૃષ્ણ વાસ્તવમાં શું છે તે જાણવા માટે આપણી બુદ્ધિનું અભિમાન છોડીને તેમનું શરણ સ્વીકારવું જોઈએ. આ જ ગીતાની પરમ સિદ્ધિ છે. પિતામહ ભીષ્મ પણ ભગવાનનાં એક યંત્ર હતાં. અર્જુનનાં બાણોથી મર્માહત થઈ શર શય્યા પર પડેલા ભીષ્મ ઈચ્છાનુસાર

શરીર છોડવા માટે ઉત્તરાયણનાં સૂર્યની પ્રતીક્ષા કરી રહ્યાં હતાં. યુદ્ધ સમાપ્ત થયાં બાદ યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક થયો. એક દિવસ ભગવાન શ્રીકૃષ્ણ બધાં પાંડવોને સાથે લઈ સૌને ધર્મનો ઉપદેશ સંભળાવવા કુરુક્ષેત્રનાં મેદાનમાં ગયાં. શ્રીકૃષ્ણને પધારેલા જોઈ ભીષ્મ હર્ષથી ગદ્‌ગદ થઈ ગયાં અને અત્યંત પ્રેમપૂર્વક તેમની સ્તુતિ કરવાં લાગ્યાં. શ્રીકૃષ્ણે ભીષ્મની ખૂબ પ્રશંસા કરી અને પાંડવોને જ્ઞાનોપદેશ આપવાની પ્રાર્થના કરતાં કહ્યું, શરીરના ત્યાગ સાથે આપની વિદાયથી સઘળું જ્ઞાન અહીંથી જતું રહેશે. ભીષ્મે કહ્યું, પ્રભુ મારું મન બાણોની પીડાથી ખિન્ન થઈ રહ્યું છે, અંગે અંગમાં વેદનાં થઈ રહી છે તથા પ્રતિભાશક્તિ લુપ્ત થઈ ગઈ છે. મારાં મર્મસ્થાનોમાં આગ લાગી રહી છે, મારી વાણી અટકતી જાય છે. આવી સ્થિતિમાં હું ઉપદેશ કેવી રીતે આપી શકું ? મને તો દિશાઓનું પણ ભાન નથી રહ્યું. હું માત્ર આપની શક્તિથી જીવી રહ્યો છું. નાથ મને ક્ષમા કરો અને આપ પોતે પાંડવોને ઉપદેશ આપવાની કૃપા કરો, કારણ કે સઘળાં શાસ્ત્રોનું ઉદ્‌ગમસ્થાન આપ છો. આપની સામે બોલતા બૃહસ્પતિ પણ સંકોચ પામે તો પછી બીજાની શું વિસાત. જેમ ગુરુની ઉપસ્થિતિમાં શિષ્ય કોઈને ઉપદેશ ન આપી શકે, એ રીતે આપની ઉપસ્થિતિમાં મારા જેવો મનુષ્ય કેવી રીતે ઉપદેશ આપી શકે ? આ સાંભળી શ્રીકૃષ્ણે ભીષ્મને વરદાન આપ્યું કે, હવે તમને ગ્લાનિ નહીં થાય, નહીં મૂર્છા થાય, ન દાહ થશે, ન પીડા કે નહીં ભૂખ તરસ સતાવે. તમને મારી કૃપાથી સઘળું જ્ઞાન આપોઆપ સ્મરણમાં આવવા લાગશે અને તમારી બુદ્ધિ નિરંતર સત્ત્વગુણમાં સ્થિર રહેશે. એ વખતે વ્યાસ આદિ અનેક મહર્ષિ પણ ત્યાં ઉપસ્થિત હતાં. સૌએ વેદમંત્રો અને સ્તોત્રો દ્વારા શ્રીકૃષ્ણની પૂજા કરી, આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ. બીજા દિવસે ભીષ્મએ પોતાનાં ઉપદેશનો આરંભ કર્યો. ભગવાનની કૃપાથી તેમનો દાહ, મોહ, થાક, ગ્લાનિ અને પીડા બંધુ એકીસાથે નષ્ટ થઈ ગયું. તેમની વાણી અને મનમાં બળ આવી ગયું. પછી તેમણે વર્ણાશ્રમધર્મ, રાજધર્મ, આપદ્દ્ધર્મ, મોક્ષધર્મ, શ્રાધધર્મ, દાનધર્મ, સ્ત્રીધર્મ આદિ અનેક મહત્ત્વપૂર્ણ વિષયો પર સતત ઉપદેશ આપ્યો. જ્યારે સૂર્ય ઉત્તરાયણમાં આવી ગયો, ત્યારે મહાત્મા ભીષ્મએ ભગવાન શ્રીકૃષ્ણની સામે જ યોગ ધારણાથી શરીરનો ત્યાગ કર્યો અને દિવ્યલોકમાં ચાલ્યાં ગયાં. તે સમયે દેવતાઓએ દુંદુભિઓ વગાડી અને આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ. પાંડવોએ વિધિવત્ તેમના ઔર્ધ્વદેહિક સંસ્કાર કર્યા. ધર્મરાજ યુધિષ્ઠિરને હસ્તિનાપુરની ગાદી પર પ્રતિષ્ઠિત કરી ભગવાન શ્રીકૃષ્ણ દ્વારકા પાછા ફરે છે. રસ્તામાં તેમને મહાતેજસ્વી ઉત્તંક ઋષિ મળ્યાં. શ્રીકૃષ્ણ પાસેથી કૌરવોનાં વિનાશની વાત સાંભળી ઋષિને અત્યંત ક્રોધ આવ્યો. તેમણે કહ્યું, કૌરવો તમારા સંબંધી અને પ્રિય હતાં. તમારામાં શક્તિ હોવા છતાં તમે રક્ષા ન કરી, તેમને પ્રયત્નપૂર્વક યુદ્ધ કરતા અટકાવ્યા નહીં, તેથી હું તમને શાપ આપીશ. શ્રીકૃષ્ણએ કહ્યું કોઈ પણ પુરુષ તપનાં બળથી મારો તિરસ્કાર કરવા સમર્થ નથી. હું જાણું છું કે આપ તપસ્વી અને ગુરુભક્ત છો, તેથી હું આપના તપનો નાશ થાય તેવું ઈચ્છતો નથી. શ્રીકૃષ્ણએ દયાપૂર્વક તેમને કહ્યું કે, સમસ્ત ભૂતોને રચનાર તથા સંહારનાર હું જ છું. જ્યારે યુગપરિવર્તન થાય છે, ત્યારે હું પ્રજાનાં હિતની કામનાથી ભિન્ન પ્રકારનાં જન્મ ધારણ કરી ધર્મની સ્થાપના કરું છું. હું જે યોનિમાં પ્રકટ થાઉં છું તે યોનિને અનુકૂળ જ વ્યવહાર કરું છું. હું મનુષ્યરૂપે અવતરિત થયો છું, તેથી મનુષ્ય જેવો વ્યવહાર કરું છું. મેં એક સામાન્ય માણસની જેમ દીનતાપૂર્વક કૌરવોને સુલેહ સ્થાપવા પ્રાર્થના કરી તથા ભય પણ બતાવ્યો, છતાં તે લોકોએ મોહવશ મારી વાત કાન પર ન ધરી, તેથી જ તેઓ યુદ્ધમાં માર્યા ગયાં, પરંતુ યુદ્ધમાં મરવાને કારણે તેઓએ ઉત્તમ ગતિ પ્રાપ્ત કરી છે, ત્યાર પછી ઉત્તંક ઋષિની વિનંતીથી ભગવાને પોતાના વિશ્વરૂપનું દર્શન કરાવ્યું અને દ્વારકા તરફ રવાના થયાં.

ઉત્તંક ઋષિની જેમ એકવાર શ્રીકૃષ્ણને ગાંધારીનાં ક્રોધનો શિકાર પણ બનવું પડ્યું હતું. યુદ્ધ સમાપ્ત થયાં બાદ પોતાના મૃત સ્વજનોનાં અગ્નિસંસ્કાર કરવા તથા જલાંજલિ આપવા માટે રાજા ધૃતરાષ્ટ્ર પાંડવો, ગાંધારી, કુન્તી, દ્રૌપદી આદિ કુરુવંશની સમસ્ત સ્ત્રીઓને સાથે લઈ કુરુક્ષેત્રનાં મેદાનમાં ગયાં હતાં. ત્યાં લોકોએ જોયું કે પુત્ર, ભાઈ, પિતા,પતિઓની લાશો જમીન પર પડી હતી અને માંસાહારી પશું પંખીઓ તેમના માંસને પીંખી પીંખીને ખાઈ રહ્યાં હતાં. આ ભયાનક દશ્યને જોઈ કુરુવંશની સઘળી સ્ત્રીઓ પછડાટ ખાઈ ભૂમિ પર પડીને આર્તનાદ કરવા લાગી. પતિપરાયણા ગાંધારી પણ શોકનાં વેગને રોકી ન શકવાને કારણે મૂર્છિત થઈ પૃથ્વી પર પડી ગઈ. થોડીવાર પછી તે ભાનમાં આવી ત્યારે તેણીએ શ્રીકૃષ્ણની સામે રોષભરી નજરે જોયું અને કહેવા લાગી, શ્રીકૃષ્ણ જો તમે ધાર્યું હોત તો આ ભયંકર નર સંહારને અટકાવી શક્યાં હોત, પરંતુ સામર્થ્ય હોવા છતાં તમે અટકાવેલ નથી, તેથી મેં પતિની સેવા કરીને જે તપનો સંચય કરેલ છે તેના બળ પર હું તમને શાપ આપું છું કે જે રીતે કૌરવોનાં નાશની તમે ઉપેક્ષા કરી છે, એ જ રીતે તમે પોતાનાં જ સંબંધીઓનાં નાશનું કારણ બનશો. આજથી છત્રીસમાં વર્ષે તમારા બધા મંત્રીઓ અને પુત્રોનો નાશ થઈ જશે. તમે પોતે પણ વનમાં ભટકતા એક સાધારણ નિમિત્તથી અનાથની જેમ માર્યા જશો, લોકોને એ વાતની ખબર પણ નહીં પડે. શ્રીકૃષ્ણ ધારત તો ગાંધારીનાં આ શાપને વ્યર્થ કરી શકત, પરંતુ યાદવોને વિનાશ અભીષ્ટ હતો. મહાભારતનાં યુદ્ધથી તેમનાં અવતારનો ઉદ્દેશ્ય અને ભૂભાર હરણનો અધિકાંશ પૂર્તિ થઈ ગઈ હતી. યાદવોનો સંહાર કરાવીને તેમને આ યજ્ઞની પૂર્ણાહુતિ કરવી હતી, પરંતુ કોઈની તાકાત ન હતી કે તેમની છત્રછાયામાં રહેલ યાદવોનો વાળ પણ વાંકો કરી શકે. તેથી ગાંધારીનાં શાપને નિમિત્ત બનાવી પરસ્પર યુદ્ધ દ્વારા જ પોતાનાં બાંધવોનો નાશ કરાવવાનું તેમણે ઉચિત માન્યું. તેથી ગાંધારીનાં અસાધારણ પતિવ્રત બળનો આદર કરી તેના શાપને સહર્ષ સ્વીકારી લીધો. સમય આવ્યે સમગ્ર યાદવકુળને અંદરોઅંદર લડાવી ઝઘડાવીને યાદવકુળનો અંત લાવી દીધો. પોતાનાં અવતારનું પ્રયોજન સિદ્ધ થઈ જવાથી ભગવાને પરમ ધામમાં પધારવાનો નિશ્ચય કર્યો અને ગાંધારીનાં શાપને ચરિતાર્થ કરવા માટે તેઓ ઈન્દ્રિય, મન અને વાણીને સંપૂર્ણપણે રોકીને સમાધિમાં સ્થિત થઈ ગયાં. તે વખતે તેમની પ્રેરણાથી જરા નામનો એક વ્યાધ શિકારની શોધમાં એ તરફ આવી ચડ્યો. તેણે ભૂલથી હરણ સમજી સમાધિદશામાં નિશ્ચેષ્ટ બિરાજેલા શ્રીકૃષ્ણનાં પગનાં તળિયામાં બાણનો પ્રહાર કર્યો. પાસે આવીને જોતા પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો, ત્યારે તેણે ભયભીત થઈ શ્રીકૃષ્ણનાં બંને ચરણ પકડી લીધાં. શ્રીકૃષ્ણએ તેને આશ્વાસન આપ્યું અને પોતાનાં અતુલિત તેજથી પૃથ્વી તેમજ આકાશને દેદીપ્યમાન કરતાં પોતાનાં દિવ્યધામમાં જતાં રહ્યાં. એ સમયે ઈન્દ્ર, અશ્વિનીકુમારો, રુદ્ર, આદિત્ય, વસુ, વિશ્વદેવો, મુનિઓ, સિદ્ધો અને અપ્સરાઓ સહિત મુખ્ય ગંધર્વો તેમનું સ્વાગત કરવા આવ્યાં. આ રીતે ભગવાન શ્રીકૃષ્ણએ પોતાનાં લોકપાવન ચરિત્રોથી ભક્તોને આનંદિત કરીને તથા દુષ્ટોનાં સંહારને બહાને તેમનો ઉદ્ધાર કરીને પોતાની દિવ્ય અવતાર લીલા સમાપ્ત કરી. પાંડવોએ યાદવોનાં વિનાશની તથા શ્રીકૃષ્ણનાં સ્વધામ ગમનની વાત સાંભળી ત્યારે તેઓને અત્યંત દુઃખ થયું. તેઓએ પણ પોતાનાં પૌત્ર અભિમન્યુકુમાર પરીક્ષિતને રાજગાદી પર બેસાડી તથા ધૃતરાષ્ટ્ર પુત્ર યુયુત્સુને દેખભાળ માટે નિયુક્ત કરી હિમાલય તરફ પ્રસ્થાન કર્યું. હિમાલયને ઓળંગીને તેઓ મેરું પર્વત તરફ આગળ વધવા લાગ્યાં. રસ્તામાં ક્રમશ દ્રૌપદી, સહદેવ, નકુલ, અર્જુન તથા ભીમસેન આયુષ્ય પૂર્ણ થઈ જવાને કારણે ઢળી પડ્યાં. એકલા ધર્મરાજ એક કૂતરાને લઈને આગળ વધ્યાં અને સદેહે સ્વર્ગ સુધી પહોંચી ગયાં. તેમણે દેવનદી ગંગામાં સ્નાન કર્યું અને પોતાનાં મનુષ્ય શરીરનો ત્યાગ કરીને દિવ્ય શરીર ધારણ કર્યું. એ જ દિવ્ય શરીરથી તેઓ ભગવાનનાં પરમધામમાં ગયાં. ત્યાં તેમણે બ્રહ્મરૂપ ધારણ કરેલા શ્રીકૃષ્ણને જોયા. ચક્ર આદી તેમના આયુધો દિવ્ય પુરુષોનાં શરીર ધારણ કરીને તેમની સેવા કરી રહ્યાં હતાં. વીર અર્જુન પણ તેમની સેવામાં હાજર હતાં. આ જ છે ભગવાન શ્રીકૃષ્ણનું વાસ્તવિક સ્વરૂપ. શ્રીકૃષ્ણ નિત્ય છે તેઓ આજે પણ ભક્તોને દર્શન આપી તેમની સાથે ક્રીડા કરી આનંદ આપે છે. આપણે ઈચ્છીએ તો તેમનાં અભય ચરણોનું શરણ સ્વીકારી સદાને માટે અભય થઈ શકીએ.

# હે સૂર્યવંશી ! જાગો અને જગ જીતી લો ...

## ગરીબ હો કે અમીર, રાજા હો કે રંક, મૂઢ હો કે મહાજ્ઞાની સૌ માટે સૂર્ય ઉપાસના શ્રેયસ્કર છે

ઈશાવાસ્ય ઉપનિષદનો પંદરમો મંત્ર આપણા તત્વ વિજ્ઞાનનું અણમોલ રત્ન છે. ઋષિ કહે છે, હે પોષણ કરનાર સૂર્ય નારાયણ ચમકતા કિરણોથી આપનું મુખારવિંદ ઢંકાયેલું છે. તેને હટાવીને આપના મૂળ સ્વરૂપનું સત્ય ધર્મીને દર્શન કરાવો. આ મંત્રને જુદા દ્રષ્ટિકોણથી જોતાં અનેક ભાવાર્થો મનનાં ધરાતલ ઉપર ઊભરી આવે છે. આ મંત્ર એક સૂર્ય ઉપાસનાની પ્રાર્થના છે. સૂર્ય નારાયણ આ સૃષ્ટિનાં સર્જક અને પોષક છે. પૃથ્વી પરનું વાતાવરણ, ઋતુઓ, વર્ષા, વનસ્પતિઓ અને ઔષધો તેમના પરિશ્રમની ફળશ્રુતિ છે. તેઓ માત્ર આપણી ભૌતિક સારસંભાળ રાખે છે તેવું નથી. આપણને કુશાગ્ર બુદ્ધિ અને દિવ્ય ચેતના પણ આપે છે. સતત વ્યસ્ત સૂરજદાદા ક્યારેય મોડા ઉઠ્યાં હોય અથવા કોઈ પ્રદેશ પ્રત્યે ઓરમાયું વર્તન રાખ્યું હોય તેવું બન્યું છે ખરું? ગંગાનો પાવન પ્રવાહ હોય કે ગંધાતું મડદું હોય સૂર્યનારાયણ સહુને પાવન કરે. સમદ્રષ્ટિનો સૌથી મજબૂત દાખલો એટલે સૂર્ય. સૂર્યોદય પહેલાં ઊઠી જાઓ, સ્નાન ધ્યાન કરી તાંબાનાં કળશમાં શુદ્ધ જળ વડે અર્ધ્ય અને એકાદ માળાનો જપ કરો. સૂર્ય ઉપાસનાનું આટલું સંક્ષેપ કર્મ મોટું ફળ આપશે. કહેવાય છે કે તમે જે દેવતાની ઉપાસના કરો તેવા બનશો. તાંત્રિક ઉપાસના માણસને તામસી બનાવશે, તો સાત્ત્વિક સૂર્ય ઉપાસના તમારા જીવનમાં દિવ્ય ચેતના ભરી દેશે. તમે એક વિદ્યાર્થી હશો તો તમારું વ્યક્તિત્વ શિસ્ત, સંયમ અને પરિશ્રમથી નિખરી ઊઠશે. તમારી સ્મૃતિ અને મેધા ખીલી ઉઠશે. તમે અઘરામાં અઘરા વિષયોને સહજતાથી આત્મસાત્ કરી લેશો. જો તમે એક શિક્ષક છો તો તમારા ચહેરા ફરતે હકારાત્મક તેજોવલય નિર્માણ થશે. તમે કોઈ રાજનીતિજ્ઞ કે પ્રકાશક છો તો સૂર્યનારાયણની સાધના તમારા ચારિત્ર્યમાં અખંડતાનું અમરત ભરી દેશે. જો તમે એક વ્યવસાયી છો તો તમારા વ્યક્તિત્વમાં નિયમિતતા અને સેવાનાં સદ્‌ગુણોની વસંત ખીલશે. મા રન્નાદેનાં લાડલા સૂર્યદેવ તમારા ગુણ અને ધનભંડાર છલકાવી દેશે! ગરીબ હો કે તવંગર, રાજા હોય કે રંક, મૂઢ હોય કે મહાજ્ઞાની સૌ માટે સૂર્ય ઉપાસના શ્રેયસ્કારક છે. ભારત શબ્દની એક વ્યુત્પતિ છે, ભાસિ રતઃ ઈતિ ભારતઃ એટલે કે જે પ્રકાશિત ભૂમિ છે તે ભારત. ભારતીયોએ જ્ઞાનનાં પ્રકાશ અને સંસ્કારની સંપદા માટે કામના કરી છે. જ્યાં આ બે મૂલ્યો અખંડપણે અસ્તિત્વમાન છે ત્યાં ભૌતિક સંપદા તો અનાયાસપણે ઉપલબ્ધ થાય તે નિ:શંક છે. એટલે પ્રાચીન યુગમાં આંખુ વિશ્વ જ્યારે તમસનાં દળદળમાં સબડતું હતું ત્યારે ભારતમાં સમૃદ્ધિ અને સંસ્કૃતિની છોળો ઊડતી હતી. કાળનાં પ્રવાહમાં આપણો સમાજ અજ્ઞાન, અંધશ્રદ્ધા અને ભેદભાવની નબળાઈઓમાં સપડાયો. આવી રુગ્ણતાનો ઈલાજ વેદાંતનાં દર્શનમાં છે. એક સંવત્સર નિષ્ઠાથી સૂર્ય ઉપાસના કરી જુઓ. તમારી અંદર જ્ઞાનનો સૂર્ય ઝળહળી ઊઠશે અને તમારા પર્યાવરણમાં સકારાત્મક્તાનું તેજોવલય બનશે. જે તમને સફળતાનાં રાજપથ પર અગ્રેસર રાખશે.


**સાબરમતીથી સત્યાગ્રહ, ભારત નિર્માણ માટે...**
**પ્રતિધ્વનિનો સંકલ્પ 125 કરોડ માટે...**

**થેન્કયુ ઈન્ડિયા ! અમને દિલથી અપનાવવા બદલ...**

પ્રતિધ્વનિએ પોતાના પારદર્શક પત્રકારત્વ વડે ભારતનું દિલ જીત્યું છે. વાચકોએ અમને શ્રેષ્ઠ બનાવ્યાં છે. વાચકોનાં આ પ્રેમ અને વિશ્વાસનું પરિણામ છે કે પ્રતિધ્વનિએ ઐતિહાસિક 17 વર્ષ પૂર્ણ કર્યા છે. અમારો સંકલ્પ છે કે વાચકોનાં 17 વર્ષનો પ્રેમ અને વિશ્વાસ આજ રીતે જાળવી રાખીશું.

**પ્રતિધ્વનિએ વાચકોનાં સમર્થન દ્વારા સ્થાપ્યા જનહિતનાં કીર્તિમાન...**

**સ્વસ્થ ભારત :** આ અભિયાન અંતર્ગત ઉતરાયણ પર્વે ગળાં કાપતી ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ માટેની ઝુંબેશ ચલાવી. ગુટકા નાબૂદીનું અભિયાન ચલાવવામાં આવ્યું. પ્રતિધ્વનિ દ્વારા શરૂ કરાયેલું આ અભિયાન પરિણામદાયી રહ્યું અને રાજ્ય સરકારે ગુટકાબંધીની જાહેરાત કરી. ધૂળેટીનાં પર્વે પાણીનો બગાડ રોકવા તિલક હોળીનું અભિયાન ચલાવ્યું.

**સાક્ષર ભારત :** આ અભિયાન અંતર્ગત પઢેગા ઈન્ડિયા તો આગે બઢેગા ઈન્ડિયાની ઝુંબેશ ચલાવવામાં આવી.

**સ્વચ્છ ભારત :** આ અભિયાન અંતર્ગત ઘેર ઘેરથી કચરો ઉપાડવાની વ્યવસ્થા માટે ઝુંબેશ ચલાવવામાં આવી.



**ઈકો ઈન્ડિયા :** આ અભિયાન અંતર્ગત પ્રદૂષણ ફેલાવે એવી મૂર્તિનાં બદલે માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિનું ચલણ વધે તે માટે સફળ ઝુંબેશ ચલાવી.

**ગ્રીન ઈન્ડિયા :** આ અભિયાન અંતર્ગત એક વૃક્ષ, એક જીવનની ઝુંબેશ ચલાવવામાં આવી.

**પ્રતિધ્વનિ વાચકોનાં અતૂટ વિશ્વાસ અને લાગણીઓને પ્રણામ કરે છે...**


### વહેંચવાથી વધશે ખુશીઓ...



**દરેક ચહેરા પર હોય સ્મિત તો માનવતાનું થાય સન્માન.**
**વહેંચવાથી જિંદગી ખીલે છે અને આપવાનું સુખ મળે છે.**

**આપવાની રીતો :**
જે આપના અને અન્યનાં ચહેરા પર સ્મિત લાવશે...

**બાળકો :** તરવરાટ
- નજીકમાં રહેતા જરૂરિયાતમંદ બાળકોને ભણવા માટે પુસ્તકો આપો.

**યુવાનો :** ઉત્સાહ
- અઠવાડિયામાં એક વાર ગરીબ બાળકોને 30 મિનિટ ટ્યુશન આપો.
- આપના જન્મદિવસ પર એક છોડને રોપી તેને ઉછેરવાની પ્રતિજ્ઞા લો.

**યુવતીઓ :** ઉંમગ
- કોઈ એક બાળકનાં શિક્ષણનો ખર્ચ ઉપાડો.
- કુદરતને પાછું આપવા છોડ વાવો, તેનાથી તમને ખુશી મળશે.
- માતા પિતા સાથે ડીનર પર જાવ, આ અનુભવ ખુશી આપશે.

**ગૃહિણીઓ :** શક્તિ
- તહેવારોમાં સાફ સફાઈ જરૂરી છે. ઘરમાં જમા થયેલો વધારાનો સામાન કોઈ જરૂરિયાતમંદને આપો.

**વ્યવસાયી :** ક્ષમતા
- કોઈ બાળકને શિક્ષણ આપવાની પ્રતિજ્ઞા લો, બે બાળકોને સ્કૂલ ડ્રેસ અને પુસ્તકો આપો.
- જૂના ફોન અને ઈલેક્ટ્રોનિક સામાન કોઈ જરૂરિયાતમંદને આપો.

**વરિષ્ઠ નાગરિક :** અનુભવ
- આસપાસનાં ગરીબ બાળકોને એકઠા કરી તેમને ભણાવો, તેમની સાથે સમય વીતાવો, શાંતિ અનુભવશો.



## જીલુભા ભારાજી જાડેજા

**વતન** ભૂજ જિલ્લામાં આવેલા ભચાઉ તાલુકાનું શિવલખા ગામ. ઉંમર 70 વર્ષ. અભ્યાસ Old SSC સુધી કર્યો. છેલ્લા 20 વર્ષથી કૃષિ વ્યવસાય સાથે સંકળાયેલા છે. દરબારી ગામ શિવલખાનાં તેઓ સરપંચ છે. ભચાઉ તાલુકા પંચાયતમાં કૉંગ્રેસ તરફથી વિરોધ પક્ષનાં નેતા છે. ભચાઉ તાલુકા રાજપૂત સમાજનાં પ્રમુખ તરીકે નિષ્ઠાપૂર્વક સેવા આપે છે. તેઓ કહે છે કે સમાજમાં એક્તા જરૂરી છે. ભણો અને વ્યાપાર કરો એ તેમનો જીવન સંદેશ છે.




## અજયસિંહ જાડેજા

**યુવાનો ફિલ્મી હિરો કે ક્રિકેટરોને બદલે શહીદો અને ક્રાંતિવીરોનાં પગલે ચાલે તો કોઈ ભારત દેશનો વાળ પણ વાંકો ન કરી શકે...**

**મૂળ** વતન ભાવનગર જિલ્લાનું મેઘાવડ ગામ. અજયસિંહ જાડેજાએ ફોટોગ્રાફી ક્ષેત્રે અનેક સિધ્ધીઓ મેળવી છે. 2013માં અકસ્માતની ફોટોગ્રાફીમાં તેમને લિમ્કા બૂક રેકોર્ડમાં સ્થાન મળ્યું. લલિત કલા આકદમી ગુજરાત સરકાર દ્વારા એક લાખની સહાય ગોવામાં ફોટો પ્રદર્શન માટે મળી. ઉતરાખંડનાં પૂર હોનારતમાં સતત સાત દિવસ સેવા આપવા બદલ ભાવનગર ક્ષત્રિય સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું. આ અગાઉ તેઓ કચ્છનાં ભૂકંપ અને સુરતનાં પૂર હોનારતમાં પાંચ દિવસ હોમગાર્ડની ટીમ સાથે સમર્પિત રહ્યાં હતાં.

## પ્રદિપસિંહ ગોહિલ

**વતન** ઘોઘા તાલુકાનું ભિકડા ગામ. આર્ટ્સમાં સ્નાતક. પિતાજી કૃષિ સાથે સંકળાયેલા છે. પરિવારમાં માતા, પિતા, પત્ની અને બે પુત્રો સાથે આદર્શ જીવન જીવી રહ્યાં છે. વ્યવસાય બાંધકામનો છે. તેઓ વી.કે. એન્ટરપ્રાઈઝનાં સફળ સંચાલક છે. રાજકીય ક્ષેત્રે ભાવનગર જીલ્લા કૉંગ્રેસનાં મહામંત્રી છે. સમાજનાં દરેક કાર્યોમાં તેમની હાજરી અચૂક હોય. તેઓ કહે છે કે રાજપૂત સમાજમાં શિક્ષણ અને એકતાની જરૂર છે. શિક્ષણ અને ટેકનોલોજી દ્વારા સમાજનો વિકાસ શક્ય છે.



**Save Earth**



## ઉમેદસિંહ વનરાજસિંહ જેઠવા

**પોરબંદર** જિલ્લામાં આવેલ કાટવા ગામનાં વતની છે. દાદાજી સરદારસિંહ નાગસિંહ જેઠવા અને પિતાજી વનરાજસિંહ જમીનદાર હતાં. પત્ની ગીતાબા આદર્શ ગૃહિણી છે. સુશીલ દીકરી પૂજાબા અને આર્ય પુત્ર અર્જુનસિંહએ ક્ષત્રિય સંસ્કારોને જાળવી રાખ્યાં છે. જેઠવા કુળ હનુમાનજીનાં વંશજ કહેવાય છે. ઉમેદસિંહ જેઠવા 20 વર્ષ મુંબઈમાં રહ્યાં, ત્યારબાદ રાજકોટમાં આવી કોન્ટ્રાક્ટર તરીકે કામકાજની શરૂઆત કરી. અત્યારે સફળ ફાયનાન્સર અને ડેવલોપર્સ તરીકે નામના ધરાવે છે. રાજપૂત ફાયનાન્સ અને બિલ્ડર્સ નામની પેઢીનું સફળતાપૂર્વક સંચાલન કરી રહ્યાં છે. ઉમેદસિંહ કહે છે કે જેઠવાનો ઈતિહાસ ઘણો જૂનો છે. જેઠવાઓ મૂળ રાજસ્થાનથી આવી ગુજરાત અને સૌરાષ્ટ્રમાં સ્થાયી થયાં. મોરબી સ્ટેટ પહેલાં જેઠવા ક્ષત્રિયોનું હતું. તેઓ કહે છે કે સમાજમાં ખોટાં દૂષણો બંધ થવા જોઈએ. શિક્ષણ મેળવો અને વ્યવસાય કરો.









રણજીતસિંહ એન. જાડેજા


# રાજપૂત સમાજનાં રાહબર

**મૂળ** વતન કચ્છ જિલ્લામાં આવેલા અબડાસા તાલુકાનું જખૌ ગામ. વ્યવસાય ટ્રાન્સપોર્ટનો છે. તેઓ રણજીત ટ્રાન્સપોર્ટનું સફળ સંચાલન કરી રહ્યાં છે. ગર્વમેન્ટ કોન્ટ્રાક્ટર અને કમિશન એજન્ટ તરીકે ઉત્કૃષ્ટ સર્વિસ આપે છે. તેઓ કહે છે કે રાજપૂત સમાજમાં નારી શિક્ષણનું મહત્વ આજના પરિપ્રેક્ષ્યમાં અદકેરું છે. આપણી કન્યાઓને લીધે જ આપણો સમાજ ટકી રહ્યો છે તેમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. રાજ્યમાં જુદી જુદી જગ્યાએ રાજપૂત કન્યાઓ માટેનાં છાત્રાવાસની સુવિધાઓ સાથેનાં સંકુલો હવે વિકસતા જાય છે. રાજપૂત કન્યાઓ અન્ય સમાજની કન્યાઓ સાથે હરિફાઈમાં ખરી ઉતરતી જોવા મળે છે. રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશમાં ઘણી રાજપૂત કન્યાઓ IAS અને IPS જેવી ઉચ્ચ પદવીઓ મેળવી જે તે રાજ્યોમાં કલેક્ટર કે DSP જેવા ઉચ્ચ સરકારી હોદ્દાઓ શોભાવી સમગ્ર રાજપૂત સમાજનું ગૌરવ વધારી રહી છે. ગુજરાતની રાજપૂત કન્યાઓએ હવે ધીમી પણ મક્કમ શરૂઆત કરી GPSC ની પરીક્ષા પાસ કરીને રાજ્ય સરકારનાં ઉચ્ચ હોદ્દાઓ જેવા કે ડેપ્યુટી કલેક્ટર, DySP અને મામલતદાર જેવી જગ્યાઓ શોભાવી ગૌરવ વધારી રહી છે. સમાજ જીવનમાં રાજપૂત કન્યાઓએ વધુ કાઠું કાઢ્યું છે. કુમારો કરતાં કન્યાઓમાં શિસ્તનું પ્રમાણ વધુ બહેતર જોવા મળે છે. શિક્ષણમાં અભિરૂચી પણ વિશેષ જોવા મળે છે. માત્ર યોગ્ય તકનાં અભાવે 'માતૃશક્તિ'નો વિકાસ અટકતો હતો. હવે જાગૃતિ આવી રહી છે અને તે ચરમસીમાને પાર કરશે જ તેમાં કોઈ શંકાને સ્થાન નથી. કુમારોનાં સંદર્ભમાં આજનો સમય જરૂર ચિંતા કરાવે તેવો છે. આ અંગે સમાજનાં આગેવાનોએ સાથે બેસીને ચિંતન મનન કરવાનો સમય પાકી ગયો છે. જો આ બાબતે સાવચેતીનાં પગલાંઓ નહિ ભરીએ તો આવનારા સમયમાં અનેક સામાજિક વિટંબણાઓનો સામનો કરવો પડશે. કન્યા શિક્ષણનાં સંદર્ભમાં 'જાગ્યા ત્યારથી સવાર' સમજીને હવે ચેતી જવાની જરૂર છે.

યશપાલસિંહ રામસંગજી જાડેજા

# લોકસેવા માટે હરપલ તૈયાર


**ઉંબર ઓળંગીને, વાડાઓ તોડીને... કામ નવાં કરશું... શેહ શરમ છોડીને...**




**જન્મ** 1986માં થયો. વતન કચ્છ જિલ્લાનાં અંજાર તાલુકામાં આવેલ વરસામેડી ગામ. ધોરણ 12 સુધી અભ્યાસ કર્યો. પિતાજી ગામમાં જમીનદાર અને સરપંચ હતાં. તેઓ સંયુક્ત કુટુંબમાં રહે છે. કારકિર્દીની શરૂઆત સામાજીક કાર્યોથી કરી. વરસામેડી ગ્રામ પંચાયતમાં ઉપસરપંચ તરીકે તેમની કામગીરી સરસ છે. અંજાર તાલુકા યુવા ભાજપાનાં ઉપપ્રમુખ તરીકે પ્રશંસનીય સેવા આપે છે. તેમણે કચ્છ જિલ્લાનાં રાજપૂત સમાજને સાથે લઈને સ્કૂલ, બોર્ડિંગ અને વાડીનું સફળ નિર્માણ કર્યું છે. હેલ્થ, ખેલકૂદ અને શિક્ષણને લગતાં કાર્યક્રમોમાં અગ્રેસર રહે છે. રાજપૂત સમાજનાં વિકાસ માટે તેમણે બહેતર ટીમ બનાવી છે. તેઓ કહે છે કે યુવાનો સમાજનાં વિકાસ અર્થે સમય અને શક્તિ ફાળવે તે જરૂરી છે. સમાજે શિક્ષણ અને વ્યવસાયમાં વિકાસ કરવો જોઈએ. રાજપૂત સમાજ અન્ય સમાજ સાથે કદમ મિલાવશે તો ઉત્કૃષ્ટ પરિણામ મળશે.

### જીવન સંદેશ

**બીજાનાં જીવનનું સન્માન કરો** : સ્ટાર્મવેલ નામના એક પત્રકાર હતાં. તે કોઈનો ઈન્ટરવ્યૂ લેતા તો અંગત વાતો ખચકાયા વગર કહી દેતા. એક વખત સ્ટાર્મવેલને કૃષ્ણ મેનનનો ઈન્ટરવ્યૂ લેવાનો હતો. તેમણે આક્રમક અંદાજમાં શરૂઆત કરી, મેનન તમારું સ્વાગત છે. અમે જાણીએ છીએ કે તમે જીવનની શરૂઆત અત્યંત નીચલા સ્તરથી કરી છે. એક અંગ્રેજ મહિલાએ તમારી જવાબદારી લીધી હતી. તેણે જ તમને કાયદા અને અર્થશાસ્ત્રનો અભ્યાસ કરવા લંડન મોકલ્યા હતાં. પાછા આવીને વકીલાતમાં સંઘર્ષ કર્યો, પછી નેહરુની તમારા પર કૃપાદૃષ્ટિ થઈ એટલે તમે મંત્રી બનવા જઈ રહ્યાં છો. તમે જમીનથી આકાશ તરફ પહોંચી રહ્યાં છો. મેનન મને જણાવો કે શું તમે કમ્યુનિસ્ટ છો ? મેનને શાંત જવાબમાં કહ્યું, સ્ટાર્મવેલ  તમે પણ સડક પર અખબાર વેચીને ઉપર આવ્યાં છો. આજે તમારો તગડો પગાર છે, શું તમે હકીકતમાં ગેરકાનૂની સંતાન છો? મેનનનો જવાબ સાંભળીને સ્ટાર્મવેલની બોલતી બંધ થઈ ગઈ અને તેણે વિષય બદલી નાંખ્યો.



**વનરાજસિંહ બહાદુરસિંહ જાડેજા**

**રાજેન્દ્રસિંહ વનરાજસિંહ જાડેજા**



# રાજપૂત સમાજનાં હિતચિંતક

## જીવો એવું કે મોતને મરી જવું પડે, ખીલો એવું કે કંટકને ખરી જવું પડે.

**જન્મ** 27 સપ્ટેમ્બર 1951માં થયો. જામનગરનાં વતની છે. વાણિજ્યમાં સ્નાતક છે. પિતાજી બહાદુરસિંહ જાડેજા રેલ્વેમાં હતાં. વનરાજસિંહ જાડેજા રાજકોટમાં શ્રી રેલરાજ ક્રેડીટ કો.ઓ. સોસાયટી લિ.નાં પ્રમુખ છે. મહિલા ઉત્કર્ષની પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહે છે. અબોલ પ્રાણીઓની સેવા કરવા માટે એનીમલ હેલ્પ લાઈન સાથે પણ જોડાયેલા રહે છે. રાજકીય અને સામાજિક પ્રવૃત્તિઓમાં રસ ધરાવે છે.

**જીવન સંદેશ**

**પરોપકારમાં અનેરો આનંદ મળે છે :** દરેક માનવીને પોતાનો ગમો અણગમો હોય છે, જે અનુસાર તે જીવવા માગે છે. ઘણી વખત તમારે બીજાની મરજી પર ચાલવું પડે છે. પછી નોકરી કરતા હો કે વ્યવસાય. આવી સ્થિતિમાં ઘણી વખત આપણે ગમતી બાબત ભૂલી જઈએ છીએ. જ્યારે યાદ આવે છે ત્યારે પોતાની ઈચ્છા પ્રમાણે કામ કરી શકીએ એવી પરિસ્થિતિ હોતી નથી. પછી અંદરથી અવાજ આવે છે કે આ તે કેવું જીવન છે. ક્યાં સુધી બીજા માટે કામ કરીશું. પોતાના માટે તો કશું કરી શક્યા નથી. જીવનમાં જ્યારે તમારું ગમતું ન થાય ત્યારે ખુદને પરહિત સાથે જોડી દો. આ વિચારને પ્રબળ કરો કે આપણે જે કંઈ કામ કરીશું તેમાં બીજાનું ભલું થશે. તેના બદલામાં આપણને કંઈ મળશે કે નહી તેની ચિંતા છોડી દો. ત્યાર બાદ તમે જે કોઈ કામ કરશો તેમાં તમને પોતાનું ગમતું કામ કર્યાનો આનંદ મળશે. જ્યારે તમે ઈશ્વર સાથે જોડાયેલા હશો ત્યારે પરોપકારમાં સ્વાર્થ યાદ નહીં આવે.

**જન્મ** 2 એપ્રિલ 1980માં થયો. કોમર્સમાં સ્નાતક છે. 2002 માં વ્યવસાયિક ક્ષેત્રે પદાર્પણ કર્યું. આશાપુરા કન્સ્ટ્રક્શનનું સફળ સંચાલન કરી રહ્યાં છે. તેઓ કહે છે કે રાજપૂત સમાજ 100% સાક્ષર થાય તે જરૂરી છે. કુરિવાજો અને વ્યસન મુક્તિથી સમાજનો વિકાસ સંભવ છે.

**જીવન સંદેશ**

**વડીલો સાથે મિત્રભાવે વર્તન કરો :** બાળપણ, યુવાની, પ્રૌઢતા અને વૃદ્ધત્વ ઉંમરનાં ચાર પડાવ છે. દરેકનો એક સ્વાદ હોય છે. આપણે વૃદ્ધો સાથેનાં સંબંધો અંગે ચર્ચા કરીશું. મોટેરાની ગતિવિધિઓથી ઘણું બધું શીખવા મળે છે, જે કોઈ સ્કૂલ કે યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત થતું નથી. વડીલો જૂની વસ્તુઓને તાત્કાલિક ફેંકી દેતા નથી, તેને રિપેર કરાવવાનો કે અન્ય ઉપયોગ શોધવાનો પ્રયાસ કરે છે. આજની પેઢી યૂઝ એન્ડ થ્રો શૈલીમાં માને છે, જેની અસર સંબંધો પર પડે છે. લોકો કાયમી સંબંધોથી કંટાળવા લાગ્યાં છે. સંબંધો પણ ઉપયોગ કરવાની વસ્તુ બની ગયાં છે. ઉપયોગ કરો, ફેંકો, આગળ વધો અને બીજા શોધો. આ બધું પ્રબંધન માની લેવાયું છે. આથી ઘરનાં વડીલો સાથે મિત્રતાનાં ભાવે બેસો. તમે ભલે ગમે તેટલા સમજદાર હોવ કે વડીલોની સરખામણીએ ઊંચા પદ પર બેસેલા હોવ, પરંતુ તેમની સાથે વાત કરતી વખતે એવું માનો જાણે કે પ્રસાદ વહેંચાઈ રહ્યો છે.



**ગીરીરાજસિંહ તખુભા ચુડાસમા**

# ગૌરવશાળી વ્યક્તિત્વ









**જન્મ** 12 જુલાઈ 1968માં થયો. અમદાવાદ જિલ્લામાં આવેલા ધંધુકા તાલુકાનું વાગડ ગામ તેમનું વતન છે. ધોરણ 8 સુધી અભ્યાસ કર્યો. શિક્ષણ ભલે ઓછું હોય પણ કોઠાસૂઝ ગજબની છે. પિતાજી તખુભા ટેમુભા અને માતા હુલ્લાસબા કૃષિજીવનનાં ચાહક છે. પત્ની જ્યોતિબા આદર્શ ગૃહિણી છે. પુત્ર મેઘરાજસિંહ અને યુવરાજસિંહ તથા પુત્રી અલ્પાબાએ ક્ષાત્ર સંસ્કારોને ઉજાગર કર્યા છે. ગીરીરાજસિંહ ટ્રાન્સપોર્ટનાં વ્યવસાયમાં સફળ રહ્યાં છે. જી.ટી. ચુડાસમા સપ્લાયર્સ ગ્રાહકોને ઉત્કૃષ્ટ સેવા આપવા કટિબધ્ધ છે. રાજકીય ક્ષેત્રે ભારતીય જનતા પાર્ટી સાથે સંકળાયેલા છે. સામાજિક કાર્યોમાં અગ્રેસર રહે છે. રાજપૂત દીકરીઓએ ઉચ્ચ શિક્ષણ મેળવી જમાના સાથે કદમ મિલાવવા જોઈએ.



**જીવન સંદેશ**

**સત્ય સમજીને જીવનમાં ઉતારો :** કેટલાક લોકો સાચી વાત સાંભળવા તૈયાર હોતા નથી. તેઓ બે પ્રકારનાં હોય છે. એક અંદરથી જાણે છે કે અમે ખોટું કરી રહ્યાં છીએ અને બીજા અજાણ છે. ફકીર, મહાત્મા અને ભોળા વ્યક્તિ આવા લોકોને જગાડવા માટે સતત ચેષ્ટા કરતાં રહે છે. તેઓ જાણે છે કે જે સમજવા તૈયાર ન હોય તેની સામે સત્ય કેવી રીતે જાહેર કરવું, તેમ છતાં તેઓ નિરાશ થતા નથી. તેઓ એક ને એક દિવસ તેમની અંદર સત્યનો પ્રકાશ જરૂર ફેલાશે તેવા વિશ્વાસ સાથે પ્રયત્ન કરતા રહે છે. એટલે જ રાવણને લક્ષ્મણે પત્ર મોકલ્યો હતો. 'અરે મૂર્ખ, માત્ર વાતોથી જ મનને ખુશ કરીને તારા કુળનો સર્વનાશ ન કર. શ્રીરામનો વિરોધ કરીને તું બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની શરણમાં જઈશ તો પણ નહી બચે. અભિમાન છોડી દે. હે દુષ્ટ! શ્રીરામજીનાં બાણસ્વરૂપી અગ્નિમાં પરિવાર સહિત બળીને રાખ થવા તૈયાર થઈ જા' લક્ષ્મણનાં આ પત્રથી સ્પષ્ટ થાય છે કે જીવનમાં આપણે જ્યારે પણ ખોટા માર્ગે હોઈશું, ચેતવણીનો એક પત્ર જરૂર આવશે, તેને વાંચી જીવનમાં ઉતારીએ.







# આપણા મલકનાં માયાળું માનવી

**સંસ્કાર એ સંસ્કૃતિનો માપદંડ છે. રાષ્ટ્ર, સમાજ, પ્રશાસન અને પરિવાર ત્યાં સુધી સંપૂર્ણ નથી, જ્યાં સુધી સ્ત્રીને શિક્ષણ પ્રાપ્ત ન થાય.**

### ભૂપેન્દ્રસિંહ છનુભા વાળા

**જન્મ** 13 જૂન 1969માં થયો. તરેડી ગામનાં વતની છે. અભ્યાસ SSC સુધી કર્યો. પિતાજી જમીનદાર હતાં. ભૂપેન્દ્રસિંહ શરૂઆતમાં સર્વિસ કરતા હતાં. શહેરમાં આવ્યાં પછી વ્યવસાયમાં ઝંપલાવ્યું. આશાપુરા એન્ટરપ્રાઈઝનું સફળ સંચાલન કરી રહ્યાં છે. સામાજિક ક્ષેત્રે સમૂહ લગ્નમાં તેમનો ફાળો અવશ્ય હોય છે. ક્ષત્રિય વિધવા સ્ત્રીઓને મદદ અચૂક કરે છે. સમાજનાં દરેક કાર્યક્રમોમાં હંમેશા હાજર રહે છે. તેઓ કહે છે કે બધાં જ ભગવાનો ક્ષત્રિય કુળમાં જન્મ્યા હતાં. આથી તેમને ક્ષત્રિય હોવાનું ગૌરવ છે. કુરિવાજો અને વ્યસનરૂપી દૈત્યને નાથવો જરૂરી છે. ગ્રામ્ય કક્ષાએ શિક્ષણનું સ્તર વધવું જોઈએ.


### સંગીતાબા વાળા

**જન્મ** 20 ઓક્ટોબર 1980માં થયો. સ્નાતક સુધી અભ્યાસ કર્યો. તેઓ કહે છે કે સ્ત્રી પુરુષ સમાનતાથી જ સમાજનો વિકાસ શક્ય છે. સ્ત્રીઓએ શિક્ષણ અને કેળવણી દ્વારા સફળતાનાં શિખરો સર કરવા જોઈએ. વિધવા સ્ત્રીઓ પુનઃ લગ્ન કરી સફળ જીવન જીવે તે જરૂરી છે.

### જીવન સંદેશ

**પીડિતની સેવા સૌથી મોટો ધર્મ છે :** જાણીતા લેખક અને પત્રકાર સખારામ ગદેડસ્કરે સ્વામી વિવેકાનંદની ખૂબ જ ખ્યાતિ સાંભળી હતી. તેઓ વિવેકાનંદને મળી તેમની પાસેથી કંઈક બોધપાઠ મેળવવા ઈચ્છતા હતાં. એક વખત ગદેડસ્કરનાં બે મિત્રો મળવા આવ્યાં, ત્રણેય મિત્રો સ્વામી વિવેકાનંદને મળવા પહોંચી ગયાં. એક મિત્ર પંજાબનો હતો. એ સમયે પંજાબમાં દુષ્કાળ પડ્યો હતો. આથી સ્વામીજીએ દુષ્કાળ અંગે લાંબી ચર્ચા કરી. સ્વામીજીએ શિક્ષણ, નૈતિકમૂલ્યો અને સામાજિક પ્રગતિની જરૂરિયાત પર ભાર મૂક્યો. વિદાય લેતી વખતે ગદેડસ્કર બોલ્યાં, સ્વામીજી હું તો તમારી પાસે ધર્મનો ઉપદેશ લેવા આવ્યો હતો. સ્વામીજીએ કહ્યું, હું અહંકારી સન્યાસી નથી. ગદેડસ્કર સ્વામીજીની મહાનતાથી અભિભૂત થઈ ગયાં. માનવતા જ સૌથી મોટો ધર્મ છે.





### વિક્રમસિંહ એમ. જાડેજા

## સાચાબોલા રાજપૂત

**વતન** સુમરી ગામ. કર્મ ભૂમિ ભાવનગર. દાદાજી સાવરકુંડલામાં જમીનદાર હતાં. જમીનનો પટ્ટો રાજ તરફથી મળ્યો હતો. પિતાજી સર્વિસ કરતાં હતાં. પુત્ર અનિરુદ્ધસિંહ, ક્રિપાલસિંહ અને સહદેવસિંહ પિતાજીનો વ્યવસાય મજબૂત કરી રહ્યાં છે. શિવ મંડપ સર્વિસ ડેકોરેશનનાં વ્યવસાયમાં મોટું નામ ધરાવે છે. જમીન લે વેચનાં કામમાં પણ સફળ રહ્યાં છે. વિક્રમસિંહ ભાવનગર મંડપ એસોસિયેશનનાં પ્રમુખ છે. સામાજિક કાર્યોમાં અગ્રેસર રહે છે. તેઓ કહે છે કે સમાજની દીકરીઓને ભણવા માટે સગવડ મળવી જોઈએ, તેમજ સારા સંસ્કાર મળે એ પણ એટલું જ મહત્વનું છે.

### સ્ત્રી શિક્ષણની સાથે ઘડતર અને સંસ્કૃતિનું જ્ઞાન જરૂરી છે





### જીવન સંદેશ

**જીવનમાં સંયોગ પ્રમાણે નિર્ણય લો :** એક રાજા થોડો ધૂની હતો. તે રાજકાજ તો સારી રીતે ચલાવતો, પરંતુ ક્યારેક પોતાની વિચિત્ર ઈચ્છાઓ અને આદેશોથી નજીકનાં લોકો માટે મુસીબત ઊભી કરતો હતો. મંત્રી, સેનાપતિ, કુટુંબીઓ વગેરે સાથે પ્રજા પણ ઘણી વખત તેના ધૂની સ્વભાવનો ભોગ બનતી હતી. એક દિવસ રાજાએ નગરશેઠને બોલાવ્યાં. રાજાએ તેની સાથે વેપાર વિશે લાંબી ચર્ચા કરી, પછી નોકરને આદેશ કરી ભંડારમાંથી એક બોરી મંગાવી. બોરી ખોલી, તેમાં ઘઉં હતાં. તેમ છતાં રાજાએ શેઠને પૂછ્યું કે, આ બોરીમાં શું છે ? શેઠ જવાબ આપવા જતો હતો ત્યારે તેને રાજાનો ધૂની સ્વભાવ યાદ આવ્યો, તેણે જવાબ માટે ત્રણ દિવસનો સમય માંગ્યો. ત્રણ દિવસ બાદ શેઠ એક બોરીમાં ઘઉં ભરીને લાવ્યો અને રાજા સામે મૂકીને કહ્યું કે, જે આ બોરીમાં છે, એ જ પેલી બોરીમાં છે. રાજા ખુશ થયો અને શેઠને ઈનામ આપ્યું. આપણા જીવનમાં પણ અનેક પ્રસંગે જ્ઞાનનો સીધો ઉપયોગ ન કરીને ચતુરાઈથી કામ લેવું ફાયદાકારક સાબિત થાય છે.






વનરાજસિંહ ધીરૂભા ગોહિલ

# સમાજ સેવાનાં ભેખધારી

**નિરાશા તો નજરની ફક્ત ખામી અને પગની થકાવટ છે,
જુઓ મંજિલ ઝળકતી સાવ સામી છે.**

**દીકરીને ખુલ્લા આભમાં ઊંચી ઊડાન ભરવા દો,
ભણવું અને રમવું એ દીકરીનો અધિકાર છે.**

**જન્મ** 15 જૂન 1966માં થયો. વતન ભાવનગર જિલ્લાનું અલંગ ગામ. પિતા ધીરૂભા ગુમાનસિંહ ગોહિલ જમીનદાર હતાં. માતા હિરાબા પરિવારની ખૂબ જ કાળજી રાખતા હતાં. ત્રણ ભાઈઓનું સંયુક્ત કુટુંબ સુખેથી રહે છે. મોટાભાઈ પ્રવિણસિંહ સફળ કોન્ટ્રાક્ટર છે. નાના ભાઈ મહાવીરસિંહ સ્ક્રેપનાં વ્યવસાયમાં મદદરૂપ થાય છે. વનરાજસિંહએ કૃષિ વ્યવસાય સાથે 1987માં શીપ બ્રેકિંગનું કામ ચાલું કર્યું. પેટ્રોલિયમનાં વ્યવસાયમાં પણ સફળતા મેળવી. શ્રી રામ સ્ક્રેપ ટ્રેડર્સ અને સાંઈ પેટ્રોલિયમ ગ્રાહકોને ઉત્તમ સર્વિસ આપે છે. સામાજીક કાર્યોમાં તેઓ આગળ રહે છે. જરૂરિયાતમંદોને હંમેશા મદદરૂપ થાય છે. તેઓ કહે છે કે શિક્ષણ અને વ્યવસાયમાં આગળ આવવું જોઈએ, તેમજ કુરિવાજો અને વ્યસનોથી મુક્તિ મળે તે જરૂરી છે.

### જીવન સંદેશ

**ઈચ્છાશક્તિ સામે બધું જ વિકલાંગ :** અમેરિકાની એક સ્કૂલમાં અપંગ છોકરી ભણતી હતી. એક દિવસ ક્લાસમાં શિક્ષક ઓલિમ્પિક રમતોત્સવ અંગે ચર્ચા કરતાં હતાં. છોકરીએ બધી જ વાતો ધ્યાનથી સાંભળી અને રમત અંગે કેટલીક જિજ્ઞાસા વ્યક્ત કરી. શિક્ષકે તેના પ્રશ્ન પર વ્યંગ કરતાં કહ્યું કે, પહેલાં તારા પગનું ધ્યાન રાખ, પછી ઓલિમ્પિકનાં રેકોર્ડ અંગે વાત કરજે. શિક્ષકની વાત સાંભળીને બધા જ હસવા લાગ્યાં. તેણીએ કહ્યું હું અપંગ છું, ચાલી શક્તી નથી, પરંતુ યાદ રાખો, જો મનમાં પાકો ઈરાદો કરી લઈએ તો કશું પણ અશક્ય નથી. એક દિવસ આ અપંગ છોકરી હવામાં ઉડીને દેખાડશે, તેની વાત સાંભળીને શિક્ષક સહિત બધા હસવા લાગ્યાં. પછી છોકરીએ દરરોજ ચાલવાનો અભ્યાસ શરૂ કર્યો. થોડા સમયમાં તે ચાલવા અને દોડવા લાગી. 1960ની ઓલિમ્પિકમાં તેણે ત્રણ સુવર્ણ પદક જીત્યાં. તેનું નામ હતું વિલ્મા ગોલ્ડીન રૂડોલ્ફ. ઈચ્છાશક્તિની દ્રઢતા કપરા લક્ષ્યને મેળવવાનો માર્ગ સરળ બનાવે છે.

**રચનાત્મકતાને સીમા નડતી નથી :** સોવિયત રશિયાનાં પ્રોફેસર વારાન્નિકોવ હિન્દી અને રશિયન બંને ભાષાઓનાં જાણકાર હતાં. તેઓ હિન્દી રચનાને રશિયન ભાષામાં સરળતાથી ભાષાંતર કરી લેતા હતાં. હિન્દી સાહિત્યનાં ક્ષેત્રમાં તેમની સૌથી મોટી ઉપલબ્ધી 'શ્રીરામચરિતમાનસ'નો રશિયન ભાષામાં અનુવાદ છે. 1917માં તેઓ પાર્ટીનાં કામ માટે ઈરાન અફઘાનિસ્તાનની સરહદ પર ગયાં હતાં. તેમને અહીં કેટલાક ભારતીય સૈનિકો મળ્યાં, જે બ્રિટિશ સરકારની અત્યાચારી નીતિઓથી કંટાળીને ત્યાં છુપાયેલા હતાં. વિદેશી શાસકો વિરુદ્ધ સંઘર્ષની યોજના બનાવતા હતાં. તેમણે જોયું કે દરરોજ સાંજે એક સૈનિક પુસ્તક વાંચતો હતો અને અન્ય તમામ સૈનિકો ધ્યાનથી તેને સાંભળતા હતાં. વારાન્નિકોવે આ અંગે પૃચ્છા કરી અને અવધિ ભાષા શીખવાનું શરૂ કરી દીધું. રચનાત્મક્તા પ્રત્યે સમર્પિત હૃદય ગમે ત્યાંથી પ્રેરણા મેળવી લે છે.



દિગુભા ઝાલા [હોટલ શિવ ઈન્ટરનેશનલ]

# પરિશ્રમ અને પુરુષાર્થનાં પ્રતિક

## ચળશે ભિંતડીયું ભોવન, ચિતર કેદી ચળશે ના... કે' ને કામધજ રા' ક્યું વડેરું કલ્યાણ મલ્લ ?

**જેના** પાયામાં સમાજ પ્રત્યેનો ઉદ્દાત ભાવ ધનનાં સહકાર સમો ઘરબાયેલ છે. જેની પ્રાણચેતનામાં કંઈક કરી છૂટવાની સુગંધ અવિરતપણે આવ્યાં જ કરે છે તેવા દિગુભા ઝાલાની નિષ્ઠા અનુભવાય તે સ્વાભાવિક છે. સગવડની સાથે ભારોભાર સમજણની પ્રધાનતા અનિવાર્ય છે. સંસ્કાર એ સંસ્કૃતિનો માપદંડ છે. દિવ્યતા સાથે સમગ્ર રાજપૂત સમાજનું હિત સધાય તેવી સુકન્યા મંગલકારી અને દિવ્યતાનું દર્શન કરાવે છે. સ્વકર્મ સ્વયં આશીર્વાદ છે તે ન્યાયે આ પ્રગટાવેલ જ્યોતમાં દરેકે દિવેલ પૂરતા રહેવું જોઈએ. જ્યોત કોઈની ફૂંકથી ઓલવાય નહીં તે માટે કવચ પણ બનાવવું એ પણ ક્ષત્રિય ધર્મ છે.

**જીવન સંદેશ**

**દર્દીને પ્રેમ અને સહાનુભૂતિ આપો :** જમીનદાર કાલીચરણ કોલકાતામાં પોતાના ભવ્ય બંગલામાં રહેતા હતાં. શ્રીમંત હોવા છતાં તેમનામાં જરા પણ અહંકાર ન હતો. પોતાના નોકરોને પણ કુટુંબીજન જેવો પ્રેમ કરતા હતાં. એક દિવસ તેમના રસોઈયાનાં નાના પુત્રને તાવ આવી ગયો. રસોઈયાએ શેઠને વાત કરી. શેઠે અનુભવી વૈદ્યને બોલાવ્યાં. વૈદ્યે નાડી તપાસીને પૂછ્યું કે, તું તડકામાં બહાર ગયો હતો? છોકરાએ હા પાડી, તો વૈદ્ય તેને ધમકાવવા લાગ્યાં. આ જોઈને કાલીચરણે વૈદ્યને કહ્યું કે માફ કરો, અમારા કૌટુંબિક વૈદ્ય બહાર ગામથી આવી ગયાં છે. હવે તેઓ જ છોકરાનો ઈલાજ કરશે. આમ કહીને તેમણે પેલા વૈદ્યને ફી આપીને રવાના કરી દીધાં. રસોઈયાને કશું સમજાયું નહી. તેમણે કહ્યું કે વૈદ્યને ખબર નથી કે દર્દીની અડધી બીમારી બે મીઠાં વેણથી જ દૂર થઈ જતી હોય છે. બીમાર વ્યક્તિને પ્રેમ અને સહાનુભૂતિની જરૂર હોય છે, કડવા વેણની નહી. પછી તેમણે છોકરાનો ઈલાજ પ્રેમાળ વૈદ્ય પાસે કરાવ્યો અને છોકરો બે દિવસમાં જ સાજો થઈ ગયો.

**મદદ લો પરંતુ આધારીત ન બનો :** આપણે સફળતા માટે સંપૂર્ણ શક્તિ લગાવતા હોઈએ ત્યારે કોઈ ભૂલ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. આ ભૂલ મદદ લેવાની બાબતે થાય છે. બીજાની મદદ લેવાની ટેવ પડી જાય તો જીવનમાં આળસ આવી જાય છે. ન લેવાની ઈચ્છા પ્રબળ બની જાય તો અહંકારનો પ્રવેશ થઈ જાય છે. જો કે સફળતા માટે સહયોગ જરૂરી તત્ત્વ છે. તેમાં એક જોખમ છે બીજા પર આધારીત થઈ જવાનું. કોઈનાં પર આધારીત થવું અને તેની મદદ લેવી બન્ને અલગ બાબતો છે. મદદ લેવી એક નબળાઈ છે. પતિ પત્ની વચ્ચે પણ ક્યારેક આ ખેલ જામે છે. મહિલાઓ જાણે છે કે તેઓ પોતાના પતિને સરળતાથી વશ નહીં કરી શકે, આથી તેને પોતાના પર આધારીત બનાવી દે છે. ઓફિસમાં અનેક બોસ પોતાના હાથ નીચેના કર્મચારી પર આધારીત થઈ જાય છે. પરિણામે હાથ નીચેનાં કર્મચારીઓ તેનો ફાયદો ઉઠાવે છે. આથી મદદ લેવા અને આપવા પર ધ્યાન કેન્દ્રિત કરો.






## C.D. Singh [L.L.M.]

# Advocate of India

- Supreme Court of India
- Senior Counsel for Govt. of India
- Standing counsel for State of Uttar Pradesh
- Standing Counsel for State of Chhattisgarh
- Standing Counsel for State of Madhya Pradesh

**Father's Name :** Sh. Adya Prasad Singh
**Date of Birth :** 12 July 1969
**Appeared in cases as an Advocate :** About more than 5000/-
**Conducted cases as an Advocate on Record :** more than 3000/-
**Educational Qualification :** LLB [Delhi University],
LLM [National Law University, Jodhpur]

**Professional Experience :** Practicing in the Supreme Court of India as an Advocate on Record. Dealing in Original Side, Civil and Criminal matters in Delhi High Court, other High Courts and Trial Courts, Also dealing with cases before the CEGAT, MRTP Commission, CAT, BIFR, AAFIR and Consumer Courts. Expert in dealing, conducting, pleading in Service Law, Labor Laws, Electricity Laws, Excise and Custom related matters, Contractual Obligation, Suits, Complaint Cases under Negotiable Instrument Act, Arbitration matters, MRTP, Banking Laws, Educational Matters and other Corporate and Industry related matters.

**Specialized fields :**

**01.** ARBITRATION.
**02.** INDUSTRY AND LABOR DISPUTES.
**03.** EDUCATION AND SERVICE LAW.
**04.** Issues pertaining to banking related with Bank guarantee, specially its use, nature and enforce ability, Banker's lien, Recovery of Debt, Encasement of Bank Guarantee, Embezzlement, and Banking Regulation Act, 1994, letters of credit, bill of leading etc. and matters related to Negotiable Instrument Act.
**05.** Customs Act; matters related to import, Export, Grant of OGL, Goods Classification, Assessment of Tax, Real price, Invoice price, SKD CKD goods, Home Consumption, Wrong/misleading declaration, Test Report.
**06.** Excise matters pertaining to classification and Valuation of Goods, Interpretation of exemption, Notification at the level of Assistant Collector, Collector [appeals], caged etc.
**07.** Electricity Law related matters like disconnection, grant of electricity, MCG, Demand charges, Shunt Capacitors [LPF], Misuse of electricity, Subletting etc.
**08.** Property matters and Suits; Power of Attorney, Indemnity, Recovery Proceedings. Mines & Coal mines related Matters dealing with mining lease, mineral quarries, compensation to the owners, Royalty and Dead rent, Coal Slurry etc.
**09.** Service Law Cases like Temporary Appointments, Appointments on Contractual basis, officiating Appointments, Regularization and Confirmation, Recruitment, Direct Recruitment vis a vis Promotions, Quota and Roster System, Seniority, Reversion, Transfers, Departmental Enquiry, Dismissal/Suspension, Pay fixation and revision, Back wages, Pension, Retirement, Termination, Retrenchment and Superannuating etc.
**10.** Socio Economic Act' matter related with investigation, Statement and its subsequent retraction, Interrogation, Penalty etc. Offences by a Company and liability of its Directors.

Assisted most of the Senior Counsels at the Supreme Court including the Attorney General of India, Solicitor General of India, Additional Solicitor General of India, Mr. K. Parasrn, Senior Advocate, Mr, Altaf Ahmed, Mr. Mukul Rohatagi, Senior Advocate, Mr. F.S. Nariman, Senior Advocate, Mr. Harish Salve, Senior Advocate, Mr. Arun Jaitely, Sr. Advocate, Mr. Soli J. Sorabjee, Senior Advocate etc.

**Professional Membership :**

- Supreme Court Bar Association
- Supreme Court Advocates-on-record Association
- Bar Association of India
- Awadh Bar Association, High Court of Allahabad, Lucknow Bench

**Standing Counsel :**

- State of Madhya Pradesh
- State of Uttar Pradesh
- State of Chhattisgarh
- University of Lucknow, Lucknow
- High Court of Madhya Pradesh.
- Bar Council of U.P. Allahabad
- Chandra Shekhar Azad University of Agric. & Tech. Kanpur.
- Uttar Pradesh Government Sugar Mills Federation Ltd.

**Panels :** The various panels, including the Central and different State Government on which the undersigned works in the capacities of a Penal Counsel are :

1. Counsel for the Union of India.
2. Hindustan Copper Ltd.
3. Indian Tourism Development Corporation
4. Council of Scientific & Industrial Research
5. Airport Authority
6. NOIDA Authority
7. MP Small industries Corporation Ltd.
9. Coal india Limited

**Additional Information :**

1. Elected Additional Secretary, Supreme Court Bar Association
2. Elected Hon. Secretary, Supreme Court Advocates on Record Association [2009-2011]
3. Standing Counsel for Government of Jharkhand [2005-2007]
4. Senior Panel Counsel for Government of UP [1997-2009]






### ધર્મેન્દ્રસિંહ દિલીપસિંહ ચુડાસમા

# માનવતાવાદી વિચારધારા

**દીકરીને પૂરેપૂરું ભણવા દઈએ, અધવચ્ચેથી કદી નહી ઉઠાડીએ, દીકરી ભણે વધારે, ઘર આખાને તારે...**

**જન્મ** 15 સપ્ટેમ્બર 1973માં થયો. મૂળ વતન ધંધુકા તાલુકાનું પીપળી ગામ. ધોરણ 12 સુધી અભ્યાસ કર્યો. તેમના દાદાજી જનસંઘમાં હતાં. માતા ગજરાબા અને પિતા દિલીપસિંહનાં સંસ્કારો તેમને વારસામાં મળ્યાં છે. ધર્મપત્ની રીનાબા સ્નાતક છે. પુત્ર કુલદિપસિંહ અને અભિજીતસિંહ ક્ષાત્ર ધર્મને ઉજાગર કરી રહ્યાં છે. કૃષિ અને હોટલ વ્યવસાય સાથે સંકળાયેલા છે. હોટલ સીતારામ : ભાવનગર અમદાવાદ હાઈવે [પીપળી], હોટલ શ્રીનાથ : ભાવનગર વડોદરા હાઈવે અને હોટલ સાંઈ સીતારામ : વડોદરા બાયપાસ [આજવા] સ્વાદ રસિકોનું ભાવભર્યું સ્વાગત કરે છે. ધર્મેન્દ્રસિંહ નાની વયે પીપળી ગામનાં સરપંચ બનવાનું ગૌરવ ધરાવે છે. સામાજીક અને રાજકીય ક્ષેત્રે તેઓ અગ્રેસર રહે છે. ચુડાસમા રાજપૂત સમાજ ધંધુકાનાં ઉપપ્રમુખ તરીકે ઉત્કૃષ્ટ સેવા આપી રહ્યાં છે. અમદાવાદ જીલ્લા ભાજપ કિસાન મોરચાનાં મહામંત્રી તરીકે જવાબદારી સંભાળે છે. સેવા સહકારી મંડળી પીપળીમાં તેઓ કાર્યરત છે. શૈક્ષણિક, સામાજિક અને ધાર્મિક કાર્યક્રમોમાં તેમની ઉપસ્થિતિ જરૂર હોય છે. મેડિકલ કેમ્પો અને ખેલકૂદનું પણ આયોજન કરે છે. સ્ત્રી શિક્ષણ અને કેળવણીનાં હિમાયતી છે. કુરિવાજો અને વ્યસન મુક્તિ માટે સતત પ્રયત્નશીલ રહે છે.

**ચુડાસમા સમાજનો ઈતિહાસ :** ચુડાસમાઓ યદુકુળનાં વંશજ છે. ભગવાન શ્રીકૃષ્ણની 140મી પેઢીએ ગર્વગોડ યાદવ થયાં, જે શોણિતપુર [બેબિલોન]માં રાજ કરતાં હતાં. તેમની 22મી પેઢીએ દેવેન્દ્ર થયાં જેમને ચાર પુત્ર હતાં.

અજપતઃ ચગદા વંશ, ગજપત : રા' વંશ [ચુડાસમા] ચૂડચંદ્ર [સોરઠ ગાદી], નરપત : જાડેજા વંશ, ભૂપત : ભટ્ટી વંશ [જેસલમેર, રાજસ્થાન]

ચૂડચંદ્ર : હમીર, મૂળરાજ, રા'ગ્રહરિપુ, રા'ક્વાટ [પ્રથમ], રા'દીયાસ, શ્રી કૃષ્ણની 153મી પેઢીએ રા'નોંઘણ [કુળદેવી ખોડિયારમા], રા'નોંઘણ બીજા, રા'ખેંગાર. રા'નવઘણ બીજા : વંથલી ચુડાસમાઓની રાજધાની તરીકે અગત્યનું સ્થાન ધરાવે છે. હાલમાં ભાણાવાવની પગથિયાં વાળી જગ્યાએ શિલાલેખ છે. ખેંગારવાવ, ઉપરકોટ અને જૂનાગઢમાં આવેલી ઈમારતો ચુડાસમા રાજવંશની ભવ્યતા અને દુરન્દેશી દૃષ્ટિનો પુરાવો છે.

ચુડાસમા રાજવીઓ શૈવધર્મી હતાં. સોમનાથ તેનું ઉદાહરણ છે. જૂનાગઢનું મૂળ નામ ખેંગારગઢ ઈતિહાસમાં લખાયેલું છે. રા'દીયાસ વંથલી ગાદીનાં પરાક્રમી શાસક હતાં. ભારત વર્ષનો કોઈ ક્ષત્રિય રાજવી એની તોલે આવી શકે એમ નથી, તેઓ બોલેલું પાળતા હતાં. પાટણનાં દુર્લભસેન સોલંકીએ સોરઠનાં રા'દીયાસ ઉપર ચડાઈ કરી. લાંબા સમયનાં સંઘર્ષ બાદ સોરઠ પરનાં વિજયની કોઈ આશા દેખાઈ નહિં, ત્યારે બીજલ ચારણને રા'દીયાસનું માથું લાવવા કહ્યું, ચારણને રા'દીયાસે માથું ઉતારી આપ્યું. માથું આપતા પહેલા કહેલું, "જો મારે હજાર માથાં હોત તો બધાં જ દાનમાં આપી દેત" આટલો મોટો દાતાર આ જગતનાં ઈતિહાસમાં બીજો કોઈ નથી થયો. રા'દીયાસનાં અવસાન બાદ તેમના કુંવર રા'નવઘણને તેમના રાણીએ પોતાની વિશ્વાસુ દાસી વાલબાઈ વડારણ સાથે સોરઠનાં વફાદાર બોડીદરનાં દેવાયત આહીરને આશરે મોકલી આપ્યો. દેવાયતે બાળ કુંવર નવઘણને ઉછેરીને મોટા કર્યા. સોલંકી રાજાએ દેવાયતનાં પુત્ર ઉગાને રા'નવઘણ માનીને મોતને ઘાટ ઉતારેલ. આહીર દંપતીએ પોતાના એકનાં એક પુત્રનું, રાજયનાં વારસદારને જીવનદાન આપવા બલિદાન આપ્યું હતું. તેમનું ઋણ આંશિક રીતે ચૂકવવાનાં પ્રયત્ન રૂપે 08 મે 2009નાં રોજ ચુડાસમા રાજપૂત સમાજે બોડીદર મુકામે રાયજાદા, સરવૈયા તથા આહીર ભાઈઓની વિશાળ હાજરીમાં એક ભવ્ય સંમેલનનું આયોજન કર્યું હતું. આ રીતે શ્રી ચુડાસમા રાજપૂત સમાજે ઈતિહાસની એક ભવ્ય બલિદાનની ગાથાને જીવંત બનાવી હતી. રા'નવઘણ [ઈ.સ. 1067 થી 1094] એ પોતાના ચાર પુત્રો પૈકી [રાયઘણજી]ને ભડલીની જાગીર આપી. રાયઘણજીએ પોતાની ચુડાસમા શાખા ચાલુ રાખી. બીજા પુત્ર છત્રસાલજીને સરવાનો ગરાસ મળ્યો હતો, તેમના વંશજો સરવા પરથી સરવૈયા કહેવાય છે. ત્રીજા પુત્ર દેવઘણજી [સવઘણજી] નાં વંશજો ચુડાસમા [લાઠીયા] કહેવાય છે. જ્યારે સૌથી નાના પુત્ર ખેંગાર જૂનાગઢની ગાદીએ બેઠા તેથી તેમના વંશજો રાયજાદા એટલે કે રાય [રા']નાં પુત્ર તરીકે ઓળખાય છે. ભડલીનાં રાયઘણજીનાં વંશમાં રાયસળજી થયાં, તે પહેલાં જૂનાગઢનાં કરમજીને ભાલનો ગરાસ મળ્યો હતો, તેમને ધંધુકાનાં મેર સાથે સંઘર્ષ થતાં રાયસળજી તેમની મદદે આવ્યાં અને ધંધુકા જીતી ગોરાસુ ગાદી સ્થાપી.

**રાજપૂત વિદ્યાલય [દરબાર બોર્ડિંગ] ધંધુકાની સ્થાપના**

કુમાર શ્રી હરભમજીરાજ સાહેબની દૃષ્ટિએ ગીરાસદારોની સમસ્યાઓનું મૂળ કારણ કેળવણીનો અભાવ હતો. સમસ્યાઓનાં ઉકેલ અર્થે સમાજનાં બાળકો માટે હોસ્ટેલોની આવશ્યક્તા તેમને દેખાઈ. હોસ્ટેલો સ્થાપવા તેઓ રાજાઓ અને ઠાકોરોને મળ્યાં. સારો પ્રતિભાવ ન મળ્યો. તે વખતે ભારતમાં અંગ્રેજોનું શાસન હતું, પોતે ઈંગ્લેન્ડમાં અભ્યાસ કરી બેરીસ્ટર થયેલા. ખૂબ જ પ્રતિભાવન અને બુદ્ધિશાળી હતાં, તેથી ભારતનાં અને ઈંગ્લેન્ડનાં ઘણા અંગ્રેજ અધિકારીઓ, ગવર્નરો તથા ગવર્નર જનરલ [વાઈસ રોય] સાથે પરિચયમાં હતાં. હોસ્ટેલોની સ્થાપના માટે અંગ્રેજ અધિકારીઓને મળ્યાં. એ વખતે અમદાવાદ જિલ્લાનાં ગીરાસદારો કોઈ રાજાની નીચે નહીં, પણ એજન્સી નીચે અર્થાત અંગ્રેજોની સીધી હકૂમત નીચે હતાં. એક અંગ્રેજ અમદાવાદ જિલ્લાનાં સેટલમેન્ટ ઓફિસર હતાં. શ્રી હરભમજીરાજ સાહેબ તેમને મળ્યાં. મુંબઈનાં ગવર્નરને પણ વાત કરી અને નક્કી કર્યું કે ધંધુકામાં આવી એક હોસ્ટેલ શરૂ કરવી. આ બધી વિગત કુમારશ્રી એ લખેલ તેમની રોજનીશી ડાયરીમાં વાંચવા મળી. તે ડાયરીમાંથી તેમના જ અક્ષરોમાં લખેલ થોડી વિગત આ અંકમાં છાપી છે. તે પ્રમાણે 18 માર્ચ 1909ની સાંજે એક હજાર ભાઈઓની હાજરીમાં ધંધુકાની હોસ્ટેલનો શુભારંભ થયો. 20 દીકરાઓ દાખલ થયાં. અત્યારે બોર્ડિંગનાં મેદાનમાં વચ્ચે જે બંગલો છે તે અંગ્રેજોનો ઉતારો હતો, તેમાં વિદ્યાર્થીઓને રહેવાની વ્યવસ્થા કરી. અત્યારે જે મકાન છે તેના નિર્માણની કાર્યવાહી શરૂ કરવામાં આવી, જે ઈ.સ. 1912માં પુરી થઈ. આ રીતે ઈ.સ. 1909માં સમગ્ર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં ગીરાસદારોનાં બાળકોનાં શિક્ષણ માટે સૌ પ્રથમ હોસ્ટેલ ધંધુકામાં શરૂ થઈ. ધંધુકા અને ભાલનાં જ નહી, સમગ્ર ગીરાસદારો માટે ઉજ્જવળ ભવિષ્યનાં સુપ્રભાતનો આ રીતે ઉદય થયો.







### કલ્પનાબા તેજસિંહ ઝાલા

# તરવરાટ અને ઉત્સાહનો સમન્વય

**શિખરૂં ઉંચા ને મારગ આકરા,**
**ચડવાં ચઢાણો તસું તસું એકલાં,**
**લિયે એ મારગ નર કોઈ બંકડા,**
**છોડી આળને પંપાળ, રાખી રમૈયો રખવાળ.**

**જન્મ** 13 ઓગસ્ટ 1958માં થયો. જન્મ સ્થળ સાંગણવા ગામ. સાયકોલોજીમાં સ્નાતક અને લાયબ્રેરી સાયન્સમાં અનુસ્નાતક છે. પિતા સુખદેવસિંહ જાડેજા રાજકોટમાં સ્થાયી છે. તેમના પતિ તેજસિંહ હિંમતસિંહ ઝાલા ધંધુકા તાલુકામાં આવેલ રંગપુર ગામનાં વતની છે. તેઓ પરિવાર સાથે મુંબઈમાં રહે છે. તેઓ AIA ટાટા લાઈફ ઈન્સ્યોરન્સમાં બિઝનેસ એસોસિએટસ છે. તેમની બે દીકરીઓ ત્રિશુલાબા અને હર્ષલાબા ક્ષાત્ર સંસ્કારોને દીપાવી રહી છે. ત્રિશુલાબા સ્નાતક છે અને હર્ષલાબા ધોરણ 11 માં ભણે છે. અત્રે ઉલ્લેખનીય છે કે હર્ષલાબા ધોરણ 10 માં 92% માર્કસ સાથે વિજ્ઞાનમાં ઊતીર્ણ થઈ હતી. આથી મુંબઈનાં એક ક્ષત્રિય સંમેલનમાં રવિરાજસિંહ જાડેજાએ તેમનું સન્માન કર્યું હતું. કલ્પનાબા ઝાલા ખૂબ સુખી અને સંપન્ન પરિવારનાં હોવાં છતાં Tata Aia Life ઈન્સ્યોરન્સમાં એક્ઝિક્યુટીવ એડવાઈઝર તરીકે કાર્યરત છે. 2009 તથા 2010માં બે વખત MDRT બન્યાં. કંપનીનાં સેમીનાર અર્થે તેઓ વિદેશમાં વાનકુંવર, કેનેડા, સ્વીટ્ઝરલેન્ડ, એટલાન્ટા, USA તથા રોમ જઈ આવ્યાં છે. 2007માં શેરબજારનો કોર્ષ કર્યા પછી પતિનાં શેર માર્કેટનાં કામમાં પણ મદદરૂપ થાય છે. તેમણે આ વર્ષે Tata Aia Life Insurance માં બિઝનેસ એસોસિએટ બની તેમનું કામ વિસ્તૃત કર્યું છે. કલ્પનાબા કહે છે કે દરેક સ્ત્રીએ પ્રવૃત્તિમય રહેવું જોઈએ, તેમજ શીખવાની કોઈ ઉંમર હોતી નથી. ધગશ અને મહેનતથી આગળ વધી પોતાની આગવી ઓળખ બનાવી શકાય છે. રાજપૂત નારીએ આજે ઘરમાંથી બહાર આવી પોતાની મર્યાદામાં રહી શિક્ષિત અને આર્થિક નિર્ભર બનવાની જરૂર છે. વડીલ વર્ગે યુવાન વહુ દીકરીઓને પોતાનાં ક્ષેત્રમાં પગભર થાય તે માટે પ્રોત્સાહન આપવું જોઈએ. આજનાં ઉભરતા ક્ષેત્રો જેવા કે બેંકિંગ, ટેક્ષ, વીમા, કોમ્પ્યુટર અને અંગ્રેજી ભાષાની જાણકારી રાખવી જરૂરી છે. કલ્પનાબા ઝાલા કહે છે કે 'બાપુજી' હિંમતસિંહ ઝાલા તથા 'બા' દેવકુમારી ઝાલાએ વિપ્રો કંપનીનાં શેરને વર્ષો સુધી જતન કરી સાચવ્યાં, જેના પરિણામ સ્વરૂપે અમે આર્થિક અને ભૌતિક વિકાસ કરી શક્યા છીએ. બા બાપુજીનાં સંસ્કારો પરિવારને વારસામાં મળ્યાં, એ સંસ્કારોનું તેઓ જતન કરી રહ્યાં છે. નણંદ ઉષાબા હરિશચંદ્રસિંહ સરવૈયા કવિયત્રી છે. તેમના પુત્ર મોહિતસિંહ સરવૈયા લંડનની બેંક ઓફ અમેરિકાનાં MD છે. કલ્પનાબાનાં પિયર સાંગણવા ગામમાં ભારતની પ્રથમ વાઈફાઈ શાળા બની તેનું તેમને ખૂબ જ ગૌરવ છે. સાંગણવા ગામમાં શ્યામ બેનેગલની હિન્દી ફિલ્મ મંથનનું દશ્યાંકન થયેલું. એ ફિલ્મમાં તેમના પિતાજીએ સુંદર પાત્ર ભજવ્યું હતું.

### જીવન સંદેશ

**કુટુંબમાં એકતા ખૂબ જરૂરી છે :** અગાઉનાં સમયમાં પિતા, પતિ કે મોટાભાઈ સમગ્ર કુટુંબનું નેતૃત્વ કરતા હતાં. તેમની સરમુખત્યારશાહીથી કામ થતું હતું. હવે ભારતીય કુટુંબવ્યવસ્થાનું માળખું બદલાયું છે. શિક્ષણે ઘણાં ફાયદા કરાવ્યાં છે, તેનાથી લોકોનું જીવન ધોરણ બદલાયું છે. અગાઉની સરખામણીએ કુટુંબનાં સભ્યો વધુ ભણેલા છે, આથી નેતૃત્વ વહેંચાઈ ગયું છે. સૌનો પોતપોતાનો અભિપ્રાય છે. તેમાં કોઈ જોખમ નથી, પરંતુ એ અભિપ્રાય પાછળ અહંકાર કામ કરવા લાગ્યો છે. ઘરની બહાર મેળવેલું શિક્ષણ ઘરની અંદર વિસ્ફોટનું કારણ બનવા લાગ્યું છે. ઘરનાં બીજા સભ્યો વચ્ચે થોડો ઘણો ખટરાગ પેદા થાય ત્યાં સુધી તો વાંધો નથી, પરંતુ પતિ પત્ની વચ્ચે ખટરાગ પેદા થાય ત્યારે મોટું નુકસાન થાય છે. આથી કુટુંબમાં પતિ પત્નીએ નદીની જેમ રહેવું જોઈએ. નદી પોતાના ઉદ્ગમસ્થાનેથી નીકળીને અંતે સમુદ્રમાં સમાઈ જાય છે.









### મેરુસિંહ ચૌહાણ

# ક્ષત્રિય સમાજનું ગૌરવ

## ધગશ હૃદયે રહી સદૈવ, નવીન કરતાં રહેવાની,
## પડકારને ઝીલતા રહી, પુરુષાર્થ સદા કરતાં રહ્યાં.

**આપણે** ત્યાં એક સરસ માન્યતા છે કે જે વ્યકિતમાં પૈસા કરતાં સંસ્કાર વધુ હશે તો તે કુટુંબ અને દેશને પ્રગતિનાં પંથે લઈ જશે. આમ, માનવીનાં જીવનમાં સંસ્કાર ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. સંસ્કારમાં વ્યકિતનાં આચાર, વિચાર અને વ્યવહાર સમાયેલા હોય છે. આથી સંસ્કારમય માનવી કોઈપણ કાર્ય કરે ત્યારે સેવાની સાથે પોતાનાં વિચારોની સુંદરતાને કારણે પ્રજાલક્ષી કાર્ય માનવીય દૃષ્ટિકોણથી સાર્થક કરે છે. આમ તેના વ્યકિતત્વમાં ધર્મ અને સંસ્કારનું પ્રતિબિંબ જોવા મળે છે. અહીં એવા જ એક સંસ્કારી અને નિખાલસ વ્યકિતત્વનો ચિતાર રજૂ કર્યો છે. મેરુસિંહ ચૌહાણનું વતન બનાસકાંઠા જિલ્લામાં આવેલ થરાદ તાલુકાનું ચંદ્રા ગામ. પરિવારમાં પત્ની મીનાબા આદર્શ ગૃહિણી છે. પુત્રી રાધિકાબા અને પુત્ર કિષ્નાસિંહ સંસ્કારી બાળકો છે. 1983માં મુંબઈ આવ્યાં. મેરુસિંહ Jabs ઈન્ટરનેશનલ પ્રા.લી. કંપનીમાં મેનેજર છે. રાજપૂત ક્ષત્રિય ગૌરવ ટ્રસ્ટ નવી મુંબઈનાં ટ્રસ્ટી તરીકે ઉત્કૃષ્ટ સેવા આપે છે. નાનપણથી સંઘર્ષ કરી શૂન્યમાંથી સર્જન કર્યું. તેમણે ક્ષાત્રત્વનાં ઉમદા ગુણોને ચરિત્રાર્થ કર્યા છે. તેઓ સામાજીક ક્ષેત્રે અગ્રેસર રહે છે. તેઓ કહે છે કે રાજપૂત સમાજે કુરિવાજો અને વ્યસનો છોડવા જોઈએ, તેમજ વટ અને અહમ છોડવો. જમાના સાથે કદમ મેળવવા જરૂરી છે. શિક્ષણ વિકાસની આધારશીલા છે. સમાજની બહેનોએ શિક્ષણ ક્ષેત્રે જે હરણફાળ ભરી છે તે આનંદ અને ગૌરવ સમાન છે.

### જીવન સંદેશ

**સુખ દુ:ખ પર નિયંત્રણ રાખો :** જન્મની સાથે જે વસ્તુઓ મળે છે તેમાં સુખ દુ:ખ અને રાગ દ્વેષ દરેકને મળતા હોય છે. દાર્શનિક લોકોએ કહ્યું છે કે સુખ દુ:ખનો જન્મ રાગ દ્વેષથી થાય છે. રાગ દ્વેષનો સરળ અર્થ છે કોઈ વસ્તુ સાથે વધુ પડતો પ્રેમ થઈ જવો, તેને પ્રાપ્ત કરવા માટે શક્ય પ્રયાસ કરવો. જો ન મળે તો દુશ્મનાવટનો ભાવ આવી જાય, અહીંથી જ સુખ દુ:ખની શરૂઆત થાય છે. જો તમે શાંતિ ઈચ્છતા હો તો સુખ અને દુ:ખ બંનેથી દૂર રહેવું જોઈએ. જેણે આ કળા શીખી લીધી તેઓ સુખ દુ:ખ બંનેથી અલગ જે આનંદ છે તે મેળવે છે. આ અલગ થવાની ક્રિયાને સાક્ષીભાવ કહેવામાં આવે છે. સાક્ષી ભાવનો અર્થ એ નથી કે જવાબદારીમાંથી છટકી જવું. પોતાના મન મસ્તિષ્કની દરેક ગતિવિધિનું સતત નિરીક્ષણ કરવું. સાક્ષી ભાવ આવવાથી આપણી બુદ્ધિ જાગૃત થાય છે અને ખોટાં કાર્યોથી બચી શકાય છે.

**કર્મ પ્રત્યે સમર્પણ શ્રેષ્ઠ આરાધના :** રામકૃષ્ણ પરમહંસ પાસે લોકો પોતાની જિજ્ઞાસાઓનું સમાધાન કરાવવા આવતાં હતાં. એક વ્યક્તિએ આવીને કહ્યું, હું મારી જવાબદારીમાં એટલો વ્યસ્ત રહું છું કે ઈશ્વરની આરાધના કરવાનો સમય મળતો નથી. મને એવો કોઈ માર્ગ બતાવો, ફરજપાલનની સાથે હું ઈશ્વરની આરાધના પણ કરી શકું ? રામકૃષ્ણ પરમહંસે સ્મિત રેલાવીને કહ્યું, તમે ક્યારેય કોઈ મહિલાને કામ કરતી જોઈ છે, તે એક કામની સાથે બીજાં અનેક કામ કરતી હોય છે અને પડોશી મહિલા સાથે વાતો પણ કરતી હોય છે. જોકે, તેમાં તેનું મૂળ કામ અટકતું નથી. તમારે પણ મહિલાઓની જેમ અન્ય કામોની સાથે ઈશ્વરની આરાધના કરવી જોઈએ. તે માટે અલગથી સમય ન મળતાં દુ:ખી ન થવું જોઈએ. પોતાની તમામ જવાબદારીઓ ઈશ્વરનું સ્મરણ કરતાં પૂરી કરવી એ જ સાચી પૂજા છે. કર્મ પ્રત્યે સમર્પણ આરાધનાનો સર્વશ્રેષ્ઠ માર્ગ છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ આ જ મેસેજ આપ્યો છે.



દેવેન્દ્રસિંહ બાપાલાલ ચુડાસમા

# દિલાવર અને દૂરંદેશી

**શૈશવકાળથી જ સાહસિક બની, કુતૂહલને શમાવ્યું સહજ થઈ, પગરણ માંડ્યા પ્રૌઢતા પ્રતિ ને વર્ષોનાં વૈભવે ગાંભીર્યને વર્યા.**

**જન્મ** 2 જુલાઈ 1968માં થયો. વતન અમદાવાદ જિલ્લામાં આવેલ ધંધુકા તાલુકાનું બાવલીયારી ગામ. સ્નાતક સુધી અભ્યાસ કર્યો. માતા ઈન્દ્રાબા અને પિતાજી બાપાલાલનાં સંસ્કાર વારસામાં મળ્યાં છે. પિતાજી ધંધુકાની બિરલા હાઈસ્કુલમાં પ્રિન્સીપાલ હતાં. તેમણે ચુડાસમા રાજપૂત સમાજમાં પ્રમુખ તરીકે ઉત્કૃષ્ટ સેવા આપી હતી. અમદાવાદ જિલ્લા RSS નાં સંઘચાલક તરીકે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાથે ગાંધીનગરમાં તેમની ઘણી મુલાકાતો થતી. તેઓ ફ્રીડમ ફાઈટર પણ હતાં. બાબરી ધ્વસ સમયે તેઓ અયોધ્યામાં હતાં. આમ, પિતાજી બાપાલાલ ધર્મપ્રેમી, રાષ્ટ્રપ્રેમી અને સમાજપ્રેમી હતાં. દેવેન્દ્રસિંહ પત્ની દિવ્યબા, બાળકો જયપાલસિંહ અને યજ્ઞદેવસિંહ સાથે ખુશખુશાલ છે. તેમનાં બહેન ગાંધીનગર મહિલા સંઘમાં પણ સેવા આપી ચૂક્યાં છે. દેવેન્દ્રસિંહજીએ કારકિર્દીની શરૂઆત ભાવનગરથી કરી. તેઓ પેટ્રોલ અને બાંધકામનાં વ્યવસાય સાથે સંકળાયેલા છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનનાં ડિલર અને ભાલ પેટ્રોલિયમનાં માલિક છે. રાજકીય ક્ષેત્રે BJP નાં કારોબારી સભ્ય છે. તેઓ બાવલીયારી સહકારી મંડળીનાં ચેરમેન છે. સમાજનાં દરેક કામોમાં અગ્રેસર રહે છે. તેઓ કહે છે કે રાજપૂત સમાજમાં ઘણાં પ્રશ્નો વણઉકેલ્યા છે. જેનો સત્વરે ઉકેલ લાવવો જોઈએ. રાજપૂત સમાજ પાસે પૈસો અને પાવર બન્ને છે. પરંતુ તેનો સદ્દઉપયોગ થવો જરૂરી છે. સમાજમાં એક્તા છે, પણ અન્ય સમાજની સરખામણીમાં ઓછી છે. અહમ, વ્યસન અને કુરિવાજોથી મુક્તિ મેળવવી જરૂરી છે. ક્ષત્રિય કન્યાઓ શિક્ષણ મેળવવા ઘર બહાર નીકળી એ ઘટનાનું ઐતિહાસિક મહત્વ છે. પહેલા કેટલીક રાજકન્યાઓએ ઉચ્ચ શિક્ષણ મેળવીને સમાજની જાગૃતિ માટે દૃષ્ટાંત પૂરા પાડેલા. આજે અધ્યયન, સંશોધન અને વહીવટી ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી ધરાવતી ક્ષત્રિય મહિલાઓ સમગ્ર સમાજની શોભા બની છે.

**જીવન સંદેશ**

**સામાજિક શિસ્ત ગાયબ થઈ રહી છે :** આજકાલ કોઈનાં ખિસ્સામાંથી પૈસા કઢાવવા સરળ નથી. પૈસાની બાબતે બધા જ સમજદાર બન્યાં છે. સામેની વ્યક્તિ એવું વિચારે છે કે તેનો હાથ અને તમારૂં ખિસ્સું. આજ બાબત સન્માનને લાગુ પડે છે. આપણે કોઈની પાસેથી બળજબરીપૂર્વક સન્માન મેળવી શકીએ નહીં. તમારૂં પદ અને તેની મજબૂરી હોય તો વાત જુદી છે, પરંતુ હૃદયપૂર્વક સન્માન મેળવવું સરળ નથી. જો તમે મળેલા સન્માનને લાયક ન હો તો એ સન્માન વધુ દિવસ ચાલતું નથી. સમાજમાં એવી ચર્ચા પણ થવા લાગી છે કે હૃદયપૂર્વક સન્માન મેળવનારા લોકોની સંખ્યા સમાપ્ત થઈ રહી છે. ભૂતકાળમાં લોકો સમાજની શિસ્તને કારણે જ એક બીજાને સન્માનથી બોલાવતા હતાં. હવે એવો સમાજ કે એવી શિસ્ત પણ રહી નથી. એક વિચિત્ર સ્વેચ્છાચારિત્ર્ય સમાજમાં સ્વતંત્રતાને નામે ફેલાઈ ગયું છે. આધુનિકતાનો અર્થ ઉદાર હોવું માની લેવાયો છે.



સ્વ. શ્રી વિરમદેવસિંહ મનુભા ચુડાસમા

# કન્યા છાત્રાલયનો પ્રાણ

રેતી, ઈંટ, સિમેન્ટ, લોખંડ અને લાકડાથી ઈમારત તો બંધાઈ જાય, પરંતુ તેને જીવંત અને ધબકતી રાખવા તેમાં પ્રાણ પૂરવા પડે છે. ભગવાનનું મંદિર બંધાઈ ગયાં પછી એમાં મૂર્તિનું સ્થાપન કરવામાં આવે છે. મૂર્તિ તો પથ્થરની હોય છે, પરંતુ એમાં ચેતન આવે એ માટે બ્રાહ્મણો વિધિ વિધાન કરી પ્રાણ પૂરે છે. જેને આપણે પ્રાણ પ્રતિષ્ઠા કહીએ છીએ. એવી જ રીતે સમાજનાં દાતા અને અગ્રણીઓનાં સાથ સહકારથી ધંધુકામાં કન્યા છાત્રાલયનું મકાન તો ઊભું થઈ ગયું. હવે એને સતત પ્રવૃત્તિમય અને જીવંત રાખવું અતિ મહત્વનું હતું.


કન્યા છાત્રાલયને ધબકતું રાખવા માટે વિરમદેવસિંહજીએ એમાં પ્રાણ પૂર્યા, એના થકી જ આજે આ છાત્રાલય રાજપૂત સમાજમાં પોતાની સુગંધ પ્રસરાવી ચૈતન્યની સાબિતી આપી રહ્યું છે. BSc સુધી અભ્યાસ કરી લેબોરેટરી ટેકનિશિયન બનેલા વિરમદેવસિંહને સમાજ માટે કંઈક કરી છૂટવાનો આદર્શ વિચાર વારસામાં જ મળ્યો હતો. મનુભા ચુડાસમા એ વખતનાં ક્રાંતિકારી સમાજ સુધારક હતાં. એમના કાર્યોને પુત્રએ આગળ ધપાવી મહાન પિતાને સાચી શ્રદ્ધાંજલિ આપી. આજે ધંધુકાનું કન્યા છાત્રાલય પચીસ વરસનું યુવાન થઈ ગુજરાતનાં રાજપૂત સમાજમાં પ્રતિષ્ઠા પામ્યું છે. પોતાના સંતાનો ઉપરાંત કન્યા છાત્રાલયની દરેક દીકરીનાં આદર પાત્ર 'બાપુ' બનવાનું સૌભાગ્ય વિરમદેવસિંહને મળ્યું એ જ એમના ત્યાગ, સમર્પણની યથાર્થતા સૂચવે છે.



**જીવન સંદેશ**

**સુખ દુ:ખ બોધપાઠ આપે છે :** પીડા ભોગવ્યા વગર જીવનની વાસ્તવિક તસવીર બહાર આવતી નથી. કેટલાંક દુ:ખ એવાં હોય છે જે જીવનમાં આવી બોધપાઠ શીખવાડી જાય છે, જે કોઈ યુનિવર્સિટીમાં પણ ન શીખવા મળે. જીવનની પાઠશાળાનો અભ્યાસક્રમ દરરોજ બદલાય છે. એ ક્યારેક અરીસો બની જાય છે તો ક્યારેક તેને પુસ્તકનાં સ્વરૂપમાં વાંચી શકો છો. જીવનમાં કેટલાંક કષ્ટ સુખ પણ સાથે લઈને આવે છે, પરંતુ આ પીડાને આપણે સમજવાની હોય છે. એટલા માટે જ તમામ ધર્મોએ વિરહને માન આપ્યું છે. પરમાત્માની સત્તામાં વિશ્વાસ મૂકવો તમામ ધર્મોનું મૂળ છે. આપણા મનમાં એ પરમશક્તિને શોધવાની ઈચ્છા જાગે ત્યારે ધર્મનો પ્રારંભ થાય છે. અવતારોની લીલા જુઓ તો તેમાં કષ્ટ અને પીડાનાં અનેક દૃશ્યો જોવા મળે છે. આપણા જીવનમાં જ્યારે પણ કોઈ દુ:ખ આવે ત્યારે કોઈ અવતાર, પરમાત્માનાં બંદા કે ઈશ્વરનાં દૂતની જીવનગાથા માંથી બોધપાઠ અને મદદ બંને મળશે.






મનહરબા વિરમદેવસિંહ ચુડાસમા


# અનેક દીકરીઓનાં સવાયા મા એટલે કે... કાકી મા

**સૌરાષ્ટ્રનાં** બંધિયા ગામનાં મનહરબા વિરમદેવસિંહ સાથે લગ્ન કરી ધંધુકા આવ્યાં. મનહરબા ગોંડલની મહારાણી શ્રી રાજકુંવરબા સાથે રાજપૂત કન્યા વિદ્યાલયમાં આઠ ધોરણ સુધી ભણ્યાં હતાં. શિક્ષણનું મૂલ્ય તેઓ સમજતા હતાં. 1963-64માં પતિ વિરમદેવસિંહે ઘરમાં જ કન્યા છાત્રાલય ઊભું કર્યું અને તે બે વરસ ચાલ્યું. તેનો યશ દીકરીઓને પોતાની મા કરતાંય સવાયો પ્રેમ આપ્યો તેવા મનહરબાને જાય છે. એ વખતે વિરમદેવસિંહ અને મનહરબા એકદમ યુવાન હતાં. એમણે ધાર્યું હોત તો એમનું દામ્પત્યજીવન મોજ શોખમાં વિતાવ્યું હોત, પરંતુ મનહરબાએ પોતાના અંગત જીવનને હાંસિયામાં મૂકી સમાજનાં જાહેર જીવનનાં પાના અજવાળવા માટે ભેખ લીધો. એ પછી 1988માં વિધિવત કન્યા છાત્રાલય શરૂ થયું, ત્યારે છાત્રાલયમાં રહેતી દીકરીઓ માટે ગૃહમાતાની નિમણૂક કરાઈ. છતાંય મનહરબા શારીરિક રીતે સ્વસ્થ રહ્યાં ત્યાં સુધી દીકરીઓની દેખભાળ ખૂબ પ્રેમ ભાવથી રાખી. આજે અનેક દીકરીઓનાં મનમાં વ્હાલથી વસેલાં મનહરબા સાચા અર્થમાં દીકરીઓનાં 'બા' એટલે કે કાકી મા બની રહ્યાં હતાં. દીકરીઓને પ્રાર્થના કરાવવા માટે મનહરબાને વહેલું ઊઠવું પડ્યું હશે. કંઈ કેટલીય દીકરીઓનાં માથા ધોયા કે વાળ ઓળી આપ્યાં હશે. છાત્રાલય એટલે ઘર, મા બાપથી દૂર એય પાછું શિસ્તમાં રહેવાનું, નવી દીકરીઓ માટે તો અઘરી વાત. રોજ સવારે ગીતાનાં શ્લોકોનું શુદ્ધ ઉચ્ચારો સાથે ગાન અને ગાયત્રી મંત્ર વગેરે જેવી આધ્યાત્મિક બાબતો છાત્રાલયની પરંપરામાં વણાઈ ગઈ છે એનો શ્રેય મનહરબાને જાય છે.










### શક્તિસિંહ ધીરુભા ચુડાસમા

# નવા વિચારોનાં વાહક


**વીરતા પરમો ધર્મ, એકતા પરમો ધર્મ, સંપ્રદાય મુક્ત ધાર્મિકતા...**


**વતન** અમદાવાદ જિલ્લામાં આવેલ ધંધુકા તાલુકાનું બાવલીયારી ગામ. 12 સાયન્સ સુધી અભ્યાસ કર્યો. પિતા ધીરૂભા ચુડાસમા ડૉક્ટર છે. તેમણે 50 વર્ષ મેડિકલ ક્ષેત્રે સેવા આપી, તેમજ યાત્રાધામ જતા પદયાત્રીઓને વિનામૂલ્યે સેવા આપતાં. શક્તિસિંહ ચુડાસમા કૃષિ, સમાજસેવા અને રાજકીય ક્ષેત્રે સંકળાયેલા છે. તેમના પરિવારમાં લાગણી અને નિષ્ઠાની જ્યોત એટલે પરાક્રમસિંહ મેઘુભા ચુડાસમા. તેઓ ભાડિયાદની ADC બેંકમાં કાર્યરત છે. પરિવારનાં બીજા સદસ્ય જીતેન્દ્રસિંહ એમ. ચુડાસમા APMC ભાવનગરનાં ચેરમેન છે. શક્તિસિંહ ચુડાસમા સ્વામી સચ્ચિદાનંદજીનાં વિચારોથી ઘણાં પ્રભાવિત છે. તેઓ દંતાલી, કોબા અને ઊંઝા ખાતે આવેલ શ્રી સચ્ચિદાનંદજી સેવા સમાજ ટ્રસ્ટનાં ટ્રસ્ટી તરીકે નિઃસ્વાર્થ સેવા આપી રહ્યાં છે. સ્વામીજી સાથે ભારત અને વિશ્વ ભ્રમણ કરવાનું સદ્ભાગ્ય તેમને મળ્યું છે. તેઓ વિશ્વ ભ્રમણનું શ્રેય સ્વામીજીને અચૂક આપે છે. શ્રી સચ્ચિદાનંદજી સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે દર વર્ષે સવા કરોડનું દાન કરવામાં આવે છે. જે ખરા અર્થમાં નાણાંનો સદ્ઉપયોગ કહેવાય. શક્તિસિંહજીએ સ્વામીજીનાં ક્રાંતિકારી વિચારોને લોકો સુધી પહોંચાડવાનું બીડું ઝડપ્યું છે. આમ, તેઓ સાચા અર્થમાં સમાજપ્રેમી, દેશપ્રેમી અને ધર્મપ્રેમી પુરૂષ છે. તેઓ કહે છે કે કોઈક એવો ભેખધારી જન્મે જે રાહબર બને. જો તલવાર અને ત્રાજવાનો સમન્વય થાય તો રોયલ રાજપૂતો વિશ્વમાં ડંકો વગાડે. રાજપૂતોએ તલવારનું બળ તો ઘણું બતાવ્યું. હવે કલમનું બળ બતાવે તે જરૂરી છે. સમાજ શિક્ષિત બનશે તો પ્રગતિ નક્કી છે. રાજપૂતોનાં ખોળે વિશ્વની મહાન વિભૂતિઓ જન્મી છે. રોયલ બ્લડ ધરાવતો રાજપૂત સમાજ સ્ત્રી શિક્ષણ અને કેળવણી થકી વિશ્વમાં ખ્યાતિ મેળવશે. પૂર્વજોએ દેશ અને સમાજ માટે બલિદાન આપી હિન્દુ સંસ્કૃતિની રક્ષા કરી. યુવાનો રાષ્ટ્ર અને ધર્મની રક્ષા અર્થે શિક્ષણ અને ટેકનોલોજી અપનાવે તે જરૂરી છે.

**જીવન સંદેશ**

**જીવન જીવવાની કળા** : જેનો જન્મ થયો છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. માત્ર જન્મ લેવાથી જ મનુષ્યતાનું ગૌરવ મળતું નથી. જન્મ તો પ્રાણીનો પણ થાય છે. જન્મને જીવનમાં બદલવાની સંભાવના ઉપરવાળાએ મનુષ્યને આપી છે. આમ મનુષ્ય પ્રાણીથી શ્રેષ્ઠ છે. જન્મ મૃત્યુ વચ્ચે જો જીવન ન ઘટે તો આપણામાં અને પ્રાણીમાં અંતર રહેતું નથી. મારી વિદેશ યાત્રા દરમિયાન ત્રીજો અને છેલ્લો દિવસ આત્મા પર કેન્દ્રિત હતો. જે શરીર અને મનને પાર કરી આત્મા સુધી પહોંચશે તેઓ મૃત્યુની કળા શીખી લેશે. વિદેશનાં હજારો લોકો આ વાત સાથે સહમત હતાં. ભારતીય સંસ્કૃતિ પાસે ચાર મુખ્ય ગ્રંથ છે. મહાભારત ધર્મ શીખવે છે. ગીતા કર્મનો બોધ આપે છે. રામાયણ જીવન અને ભાગવત મૃત્યુ શીખવે છે. આપણે જેટલા આત્માની નજીક હોઈશું, એટલું જીવનને સભાન રીતે જીવી શકીશું. જીવન તો જાતે જીવવું પડે છે, બીજાનાં ખભા પર તો શબયાત્રા નીકળે છે. આથી યોગનાં માધ્યમથી આત્માની નજીક જાઓ.

**મન પરનો કાબૂ સાચો વિજય** : પ્રસન્નતા જે કિંમતે મળે આપણે તેને પ્રાપ્ત કરી લેવી જોઈએ. આ આદર્શ વાક્ય ઘણી વખત કહેવા અને સાંભળવામાં આવે છે, પરંતુ તેને ઘટતું જોવું એક અલગ જ અનુભવ છે. વિદેશ યાત્રા દરમિયાન ભાગવત કથાનો મારો બીજો દિવસ મન પર કેન્દ્રિત હતો. મુખ્ય પ્રસંગ કૃષ્ણ જન્મનો હતો. હજારો હિન્દુઓની સાથે ખ્રિસ્તીઓ અને મુસ્લિમો પણ કથા સાંભળવા આવતા હતાં. તેમણે જણાવ્યું કે, કિશન નામના પાત્રથી અમે એ જાણ્યું કે મોટા સંઘર્ષમાં પણ અંદરની શાંતિ સમાપ્ત ન થવી જોઈએ. આપણે જેને આનંદ કહીએ છીએ, તેને કેટલાક મુસ્લિમોએ માત્ર ખુશી જણાવ્યો હતો. તેમનું કહેવું હતું કે તેની શોધ અમે પણ કરી રહ્યાં છીએ. કૃષ્ણનાં ચરિત્રએ જણાવ્યું કે, બીજાનાં હિત માટે કેવી રીતે જીવવું જોઈએ. મનુષ્યનું મન વાસનાઓને મુદ્દે ધર્મ જોતો નથી. એ સૌને સમાન રીતે બરબાદ કરે છે.







હરદેવસિંહ જે. પરમાર

# ધર્મપરાયણ વ્યકિતત્વ

**ભૌતિક સગવડની સાથે રાજપૂત દીકરીને સારા સંસ્કાર મળે અને સર્વાંગી વિકાસ થાય તે જરૂરી છે.**

**જન્મ** 9 મે 1964માં થયો. વતન સુરેન્દ્રનગર જિલ્લાનું મૂળી ગામ. કાયદામાં સ્નાતક અને આર્ટસમાં અનુસ્નાતક છે. પિતાજી જેઠુભા પરમાર પોલીસ ખાતામાં હતાં. હરદેવસિંહ પરમાર પત્ની ઉમાબા અને દીકરી પૂજાબા સાથે રહે છે. 1990માં ટ્રાન્સપોર્ટ બિઝનેસની શરૂઆત કરી. ટ્રાન્સપોર્ટની સાથે ટ્રાવેલ્સનાં વ્યવસાયમાં પણ સફળતા મળી. 1999માં રાજકીય ક્ષેત્રે પદાર્પણ કર્યુ. 2000માં મૂળી તાલુકા ભાજપા યુવા મોરચાનાં પ્રમુખ બન્યાં. 2003માં તાલુકા પંચાયતનાં પ્રમુખ બન્યાં, સુરેન્દ્રનગર જિલ્લા ભાજપમાં મહામંત્રીનાં પદ પર રહ્યાં અને APMC મૂળીનાં ચેરમેન તરીકે ઉત્કૃષ્ટ સેવા આપી. 2005માં સુરેન્દ્રનગર જીલ્લા પંચાયતમાં પ્રથમ વાર ચૂંટાઈ કારોબારી સમિતિનાં ચેરમેન અને ઉપપ્રમુખની જવાબદારી સંભાળી. 2009થી ધી સુરેન્દ્રનગર ડિસ્ટ્રીક કો.ઓ.બેંક લી.નાં ચેરમેન તરીકે સેવા આપે છે. સમાજ સેવામાં તેઓ અગ્રેસર રહે છે. મહારાજ મંદિરનાં ટ્રસ્ટી તરીકે તેમની સેવા ઉત્કૃષ્ટ છે. તેઓ કહે છે કે ટેકનોલોજી અને શિક્ષણનો યુગ છે. વર્તમાન સમયમાં દરેક લોકો સાથે કદમ મેળવવા જરૂરી છે.

**જીવન સંદેશ**

**શ્રીમંતાઈનું પ્રદર્શન કરવું નહી :** બંગાળનાં જાણીતા કવિ અને નાટ્યકાર ગિરીશચંદ્ર ઘોષ ખૂબ જ લોકપ્રિય હતાં, છતાં તેમનામાં જરા પણ અહંકાર ન હતો. ઘોષબાબુનાં એક શ્રીમંત મિત્ર હતાં, જેમને પોતાની સંપન્નતા પર ઘમંડ હતો. ઘોષબાબુને એ ગમતું ન હતું. એક વખત તેમણે પોતાને ત્યાં જમણવારનું આયોજન કર્યું હતું. શ્રીમંત મિત્રની ટેવ હતી કે તેઓ જ્યાં જાય ત્યાં ચાંદીનાં વાસણ સાથે લઈ જતાં. અહીં પણ તેમણે એમ જ કર્યું, પરંતુ ઘોષબાબુએ તેમને બધાથી અલગ બેસાડ્યા અને પતરાળામાં જ ભોજન પીરસ્યું. મિત્રને ગમ્યું તો નહીં, પરંતુ કશું બોલી શક્યા નહી. જ્યારે જવાનું થયું ત્યારે ઘોષબાબુનો રસોઈયો તેમણે લાવેલા ચાંદીનાં વાસણમાં જમવાનું લાવ્યો. ઘોષબાબુએ કહ્યું, અમને એમ કે તમે તમારા બાળકો માટે ભોજન લઈ જવા ચાંદીનાં વાસણ લાવ્યાં હશો. મહેરબાની કરીને બાળકોને આપજો. આ સાંભળીને તેમનો મિત્ર શરમાઈ ગયો, પછી જીવનમાં ક્યારેય ચાંદીનાં વાસણ લઈને ગયો નહી.


## શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ મુળી, જી. સુરેન્દ્રનગર




**ડિરેક્ટર :** હરદેવસિંહ જેઠુભા પરમાર @ રાજેન્દ્રસિંહ દિલુભાઈ પરમાર @ અભિજીતસિંહ મહેન્દ્રસિંહ પરમાર @ રણજીતસિંહ નાનભા પરમાર @ ધીરૂભાઈ કેહાભાઈ ઝેંઝરીયા @ ગોરધનભાઈ ત્રિકમભાઈ કઠેકિયા @ કનુભાઈ પ્રભુભાઈ સાંતોલા @ રામકુભાઈ મોકાભાઈ કરપડા @ અરજણભાઈ કરશનભાઈ રબારી @ નીરૂભા ગોવુભા પરમાર @ શૈલેષકુમાર લાલજીભાઈ ઠક્કર @ ભરતસિંહ ધીરૂભાઈ મોરી @ સહકારી અધિકારીશ્રી બજાર @ વિસ્તરણ અધિકારીશ્રી ખેતી.

**સેક્રેટરી : દેવેન્દ્રસિંહ બળવંતસિંહ ચુડાસમા @ વાઈસ ચેરમેન : છત્રપાલસિંહ મહાવીરસિંહ રાણા @ ચેરમેન : મુગઠભાઈ રામજીભાઈ પટેલ**







સહદેવસિંહ બી. સરવૈયા

# સમાજ સેવાનું અભિન્ન અંગ

**સુશિક્ષિત અને પવિત્ર માતાઓને ખોળે જગતની મહાન વિભૂતિઓ જન્મે છે.**

**જન્મ** 11 માર્ચ 1959માં થયો. આર્ટસમાં સ્નાતક છે. ભાવનગરનાં વતની છે. કુળદેવી અંબામાતા છે. પિતાજી જમીનદાર હતાં. તેઓ પત્ની અને બાળકો સાથે ખુશખુશાલ છે. પુત્રી મયુરીબા, હેતલબા અને પુત્ર યજ્ઞદિપસિંહ ક્ષાત્ર ધર્મ ઊજાગર કરી રહ્યાં છે. RTOમાં કારકિર્દીની શરૂઆત કર્યા પછી બાંધકામનાં વ્યવસાયમાં ઝંપલાવ્યું. 2005થી હોટલ વ્યવસાયમાં પદાર્પણ કર્યું. તેઓ શિવ ડેવલોપર્સ, હોટલ સંકલ્પ અને હોટલ શિવરંજનીનું સફળ સંચાલન કરી રહ્યાં છે. ઓલ ગુજરાત RTOનાં પ્રમુખ છે. જાયન્ટસ ગ્રુપનાં ઉપપ્રમુખ છે. સામાજીક ક્ષેત્રે પોતાનું યોગદાન અવશ્ય આપે છે. 2006થી સમૂહ લગ્નનું આયોજન કરતાં રહે છે. તેઓ કહે છે કે 15% રાજપૂતો સમાજને બદનામ કરવાનું કામ કરે છે. ક્યારેક અન્ય સમાજ રાજપૂતોને ઉશ્કેરવાનું કામ કરતાં હોય છે. આવાં સમયે સંયમ રાખવો જરૂરી છે.

જીવન સંદેશ

**દેશભક્તને સ્વાર્થ હોતો નથી :** ગોપાલકૃષ્ણ ગોખલે ભારતનાં સ્વાતંત્ર્ય આંદોલનનાં ટોચનાં નેતાઓમાં એક હતાં. ગાંધીજીએ તેમને પોતાના રાજકીય ગુરુ માન્યા હતાં. તેમણે એક સંસ્થા બનાવી હતી. 'ભારત સેવક સમાજ'. તેઓ આ સંસ્થામાં સાચો દેશભક્ત હોય તેને જ સભ્ય બનાવતા હતાં. મુંબઈ નગરપાલિકામાં એક એન્જિનિયર હતાં, જેઓ આ સંસ્થામાં જોડાઈને દેશસેવા કરવા માગતા હતાં. સંકોચને કારણે તેમણે પત્ર ન લખ્યો, પરંતુ કોઈ અન્ય પાસે લખાવ્યો. તેણે પરિચિતને કહ્યું કે, હું પહેલા 'ભારત સેવક સમાજ'ને વિનંતી કરીશ અને પછી નોકરીમાંથી રાજીનામું આપીશ. ગોખલેજીને ક્યાંકથી આ વાતની ખબર પડી, એટલે તેમણે એન્જિનિયરને સંદેશો મોકલ્યો કે તે પહેલા નોકરી છોડે, પછી જ તેની વિનંતી પર વિચાર કરાશે. એન્જિનિયરે તાત્કાલિક નોકરીમાંથી રાજીનામુ આપ્યું. જે આગળ જતાં મહાન દેશભક્ત ઠક્કર બાપાનાં નામે પ્રખ્યાત થયાં. દેશ સેવા માટે અંગત સ્વાર્થનો ત્યાગ કરવો પડે છે.





દિલીપસિંહ જી. વાઘેલા

# જન વિકાસ એજ નિર્ધાર

**જન્મ** 1951માં થયો. વતન અમદાવાદ જીલ્લામાં આવેલા સાણંદ તાલુકાનું કાણેટી ગામ. વાણિજ્યમાં સ્નાતક છે. પિતાજીએ પોલીસ ડિપાર્ટમેન્ટમાં સેવા આપી હતી. કારકિર્દીની શરૂઆત કોલેજકાળથી થઈ. શરૂઆતમાં ખાનગી ક્ષેત્રે નોકરી કરી, ત્યાર પછી ટેલિફોન ડિપાર્ટમેન્ટમાં કામ કર્યું. એકાઉન્ટન તરીકે 5 વર્ષ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી. સરકારી નોકરી કર્યા પછી GIDC માં પણ કામ કર્યું હતું. પોલિસ ઈન્સ્પેક્ટર બનવાની તેમની ઈચ્છા પ્રબળ હતી. આથી 1970માં PSI તરીકે જોઈન્ટ થયાં. પરિવારનાં અન્ય સભ્યો પોલીસ ખાતામાં હોવાથી તેમને પોલીસ ખાતાનું આકર્ષણ હંમેશા રહેતું. તેમણે બનાસકાંઠાની બોર્ડર પર 6 વર્ષ સેવા આપી. તેઓ 2004માં થરાદ આવ્યાં, પછી જામનગરમાં સ્થાયી થયાં. જામનગરમાં તેમની કામગીરીથી પ્રભાવિત થઈ સરકારે રાષ્ટ્રપતિ એવોર્ડ દ્વારા સન્માનિત કર્યા. તેમણે મુંબઈનાં 1993માં થયેલ બોમ્બ બ્લાસ્ટનું રહસ્ય શોધી આપ્યું હતું. અત્યારે નિવૃત DYSP દિલીપસિંહ વાઘેલા સામાજીક પ્રવૃત્તિમાં અગ્રેસર રહે છે. તેઓ કહે છે કે રાજપૂત યુવાનો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી સમાજ અને દેશનું ગૌરવ વધારે તે જરૂરી છે.



જીવન સંદેશ

**શાસકની સાચી શક્તિ પ્રજા છે :** એક રાજ્યની પ્રજાએ રાજાનાં મહેલને ઘેરી લીધો. તો રાજાએ પ્રજા વચ્ચે આવીને સમગ્ર રાજપાટ તેને સોંપી દીધું. તેણે કહ્યું કે, હવે હું આમ આદમી બનીને તમારી સાથે ખેતરોમાં, બગીચામાં અને સડકો પર કામ કરીશ. પ્રજા ચકિત થઈ ગઈ. જે રાજાને તેઓ પોતાની સમસ્યાનું મૂળ માનતી હતી, તેણે તો શાસન જ તેમને સોંપી દીધું. ત્યારબાદ રાજ્યનાં તંત્રમાં કોઈ સુધારો થયો નહી. એ સમયે પ્રજાએ રાજાને સંપૂર્ણ શક્તિ અને ન્યાય સાથે શાસન કરવાનો આગ્રહ કર્યો, પછી રાજા ફરીથી સિંહાસન પર બેઠો. તે એક પછી એક પ્રજાની ફરિયાદોનો નિકાલ કરવા લાગ્યો. એક દિવસ ફરીથી પ્રજાએ રાજાનો મહેલ ઘેરી લીધો. રાજા જેવો પ્રજા વચ્ચે પહોંચ્યો તો રાજાએ સાચો રાજા જાહેર કર્યો. રાજાએ કહ્યું, હું નહીં તમે બધા જ રાજા છો. તમે જ્યારે મને અશક્ત અને ગેરલાયક સમજ્યો, ત્યારે તમે ખુદ અશક્ત અને ગેરલાયક હતાં. તમે જેવા સમર્થ થયાં, એ શક્તિ શાસનમાં પણ દેખાવા લાગી. મારું અસ્તિત્વ તમારાથી છે.



## કિશોરસિંહ ઝાલા

**તમારી દીકરીને**
**ઘરેણાં આપશો તો**
**પતિ છીનવી લેશે,**
**પરંતુ જ્ઞાન આપશો તો**
**કોઈ છીનવી નહિ શકે.**



**સુરેન્દ્રનગરનાં** વતની છે. નાનપણથી જ બાપુજીની છત્રછાયા ગુમાવી છે. માતા જનકબાએ સંતાનોને ભણાવી ગણાવી આગળ વધાર્યા. કિશોરસિંહજી એ ખૂબ સંઘર્ષ કરી પાવર ટ્રેક સોલાર પ્રોજેક્ટસ લી. કંપનીની સ્થાપના કરી. વ્યવસાયની સાથે સામાજીક અને રાજકીય ક્ષેત્રે પણ અગ્રેસર છે. શિક્ષણ, મેડિકલ અને વ્યસન મુક્તિનાં કાર્યક્રમોમાં તેમનો ઉત્સાહ બમણો હોય છે. દરેક સફળ પુરુષની પાછળ એક સ્ત્રી હોય છે. જ્યારે કિશોરસિંહની સફળતા પાછળ માતા જનકબા અને પત્ની નિલમબા એમ બે સ્ત્રીઓએ મહત્વનો ભાગ ભજવ્યો છે. બાપુજીનાં આશીર્વાદ અને ભાઈનાં સહકારથી ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યાં છે.

### જીવન સંદેશ

**અંદરનો વીર ભાવ જગાડો :** સારું કામ હાથમાં લેવાનો અર્થ એ નથી કે સફળતા મળી જશે. સદ્કાર્યોમાં વિઘ્નો નડે જ છે. કેટલાંક મનુષ્યોનો સ્વભાવ બની જાય છે કે સારા કામમાં કારણ વગર અડચણ પેદા કરવી. જ્યારે આવા લોકોનો સામનો કરવો પડે ત્યારે શ્રીરામ અને સમુદ્રવાળો પ્રસંગ ધ્યાનમાં રાખવો જોઈએ. સમુદ્ર સંપૂર્ણ રીતે સમજી ગયો છે કે શ્રીરામ સાથે વેર લેવું ઉચિત નથી. તેણે ભૂલની માફી માગી. એ વખતે તુલસીદાસજી માનવ પર ટિપ્પણી કરે છે. શ્રીરામ કથાનાં ચાર વક્તા અને ચાર શ્રોતા છે. શંકરજીએ પાર્વતીજીને સંભળાવી. યાજ્ઞવલ્કજીએ ભારદ્વાજજીને શ્રવણ કરાવ્યું. કાકભુશુણ્ડિજી કહે છે અને પક્ષીરાજ ગુરુડજી કથા સાંભળી રહ્યાં છે. તુલસીદાસજી દ્વારા આપણને શ્રીરામ કથા સાંભળવા મળી. સારા કામમાં ખોટા લોકો વિઘ્નો પેદા કરે ત્યારે અંદરનાં વીર ભાવને જગાડવો જોઈએ.

**ચાર બાબતો વડે સંઘર્ષનો સામનો કરો :** આજે જે જરૂરી છે, એવું જ આવતીકાલે મળી જાય એ નક્કી નથી. જીવનની સૌથી મોટી સરખામણી રસાયણશાસ્ત્ર સાથે થઈ શકે. તે વિવિધ તત્વોનાં મિશ્રણથી મળતા પરિણામનો અભ્યાસ છે. જીવન પણ અનેક લોકોનાં મિશ્રણથી તૈયાર થાય છે. માનવીનાં જીવનમાં ક્યારે સંઘર્ષ આવી જાય કહી શકાય નહીં. કેટલાંક લોકોનું જીવન એવા સંઘર્ષ સાથે જોડાયેલું હોય છે કે તેને જીવનશૈલી જ માનવું પડે છે. કેટલાંક લોકોને બધું જ સરળતાથી મળી જાય છે, તેમના જીવનમાં જ્યારે સંઘર્ષ આવે છે ત્યારે તેઓ ચિંતિત કે સમજદાર બની જાય છે. સંઘર્ષ ચાર બાબતોથી આવે છે. પરિસ્થિતિ, વ્યક્તિ, વસ્તુ અને આપણે ખુદ. જીવનમાં જ્યારે પણ સંઘર્ષ આવે ત્યારે વિચાર, પરિશ્રમ, ધીરજ અને પ્રસન્નતા પર કામ કરવાનું શરૂ કરી દો. આ બાબતો તમારા માટે શસ્ત્રનું કામ કરશે.

## ડૉ. શંકરસિંહ આર. રાણા



શંકરસિંહ રાણા ગાંધીનગરમાં આવેલ મધુર ડેરીનાં ચેરમેન તરીકે ઉત્કૃષ્ટ સેવા આપી રહ્યાં છે. તેઓ કહે છે કે જ્ઞાન સતત વહેતું રહેવું જોઈએ : પ્રાચીનકાળની ઘટના છે. શીમક નામનો એક શ્રીમંત વ્યક્તિ પોતાનાં નાણાંનો સમજી વિચારીને ખર્ચ કરતો હતો. આ કારણે લોકો તેને કંજૂસ કહેતા હતાં. કેટલાંક લોકોએ તેને ધનનાં સદ્ઉપયોગની સલાહ આપી. તેણે બધાની વાત સાંભળી, પરંતુ ધાર્યું જ કર્યું. એક દિવસ તેને ખબર પડી કે નગરનાં વિદ્વાન આચાર્ય મહીધરે ખૂબ જ મહેનત કરીને વેદોનું ભાષાંતર કર્યું હતું, નાણાંનાં અભાવે તેઓ તેને પ્રકાશિત કરી શક્તા ન હતાં. આથી શીમકે પોતાનું બધું જ ધન આપી દીધું અને કહ્યું કે, નાણાંનાં અભાવે જ્ઞાનનો પ્રવાહ અટકવો ન જોઈએ. આચાર્યએ શીમકનાં ધનનો ઉપયોગ કરીને વેદોનું જ્ઞાન ઘેર ઘેર પહોંચાડ્યું.


## સુધારો

પ્રતિધ્વનિ નવેમ્બર 2013નાં પાનાં નંબર 47 પર છપાયેલ અનિશસિંહ તખ્તસિંહ દેસાઈની જગ્યાએ વાંચકોએ હનિતસિંહ તખ્તસિંહ દેસાઈ વાંચવા નમ્ર વિનંતી. પ્રિન્ટીંગ ક્ષતિ બદલ ક્ષમાયાચના.

**પ્રતિધ્વનિ @ યુનિવર્સલ મિડીયા**



**હનિતસિંહ તખ્તસિંહ દેસાઈ**



## SHRADDHANJALI

**Late Urvashi [Mona]**

**Birth :** 28 Oct. 1987
**Marriage :** 29 June 2012
**Death :** 22 March 2014

You Always Had A Smile To Share.
Time To Give And Time To Care.
A Loving Nature.
A Heart Of Gold.
You Were The Best
This World Could Hold...

**HARINDRASINH RANA**

## શ્રધ્ધાંજલિ @ પુષ્પાંજલિ

**સ્વ. રવુભા વાઘેલા**

સત્કાર્યો તમારી શોભા હતી,
સજ્જનતા તમારી સુવાસ હતી,
પ્રસન્નતા તમારું જીવન હતું,
પરોપકાર તમારું રટણ હતું, માયાળું સ્વભાવ,
લાગણી શીલતા, કૌટુંબિક ભાવના જેવા
ઉચ્ચ ગુણ અમો જીવનભર ભુલીશું નહિ.
પરમાત્મા આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના.....

**પ્રતિધ્વનિ @ યુનિવર્સલ મિડીયા**





# પિતામહ ભીષ્મ

મહાત્મા ભીષ્મ પ્રસિદ્ધ કુરુવંશી મહારાજા શાન્તનુનાં પુત્ર હતાં. તેઓ ગંગાદેવીથી ઉત્પન્ન થયાં હતાં. મહર્ષિ વશિષ્ઠનાં શાપથી વસુ નામનાં દેવતાઓમાંના 'દ્યૌ' નામનાં નવમાં વસુ ભીષ્મનાં રૂપે અવતરિત થયાં હતાં. તેમણે કુમારાવસ્થામાં જ વેદોનું અધ્યયન તથા અન્ય શાસ્ત્રોનો અભ્યાસ કરી લીધો હતો. અસ્ત્રવિદ્યાનો અભ્યાસ કરતી વખતે તેમણે પોતાનાં બાણોનાં પ્રભાવથી ગંગાનાં પ્રવાહને પણ રોકી દીધો હતો. તેમને લોકો બચપણમાં દેવવ્રત કહેતા. એક દિવસ રાજર્ષિ શાન્તનું વનમાં વિચરી રહ્યાં હતાં. તેમની દૃષ્ટિ એક સુંદરી પર પડી. તે કૈવર્ત રાજની કન્યા સત્યવતી હતી. રાજા તેના પર આસક્ત થઇ ગયાં અને તેની સાથે વિવાહ કરવાની ઇચ્છા થઇ આવી. સત્યવતી હતી એક રાજકન્યા, તે કૈવર્તરાજને ત્યાં ઊછરી હતી. તેના પાલકપિતા કૈવર્તરાજે મહારાજ શાન્તનું સામે તેના વિવાહ માટે એવી શરત રજૂ કરી કે તેના ગર્ભથી જે પુત્ર ઉત્પન્ન થાય તે જ રાજ્ય અધિકારી બને. રાજાએ તે શરત મંજૂર ન રાખી, પરંતુ તેઓ એ કન્યાને ભૂલી ન શક્યાં. તેઓ તેને પ્રાપ્ત કરવાની ઇચ્છામાં ઉદાસ રહેવા લાગ્યાં. દેવવ્રતને જ્યારે પિતાનાં ઉદાસીપણનું કારણ જાણવા મળ્યું, તો પોતે જ કૈવર્તરાજ પાસે ગયાં અને તેમણે પોતાનાં પિતાની ખુશી માટે કન્યાની માગણી કરી. તેમણે તેની શરત સ્વીકારીને સૌની સમક્ષ એ પ્રતિજ્ઞા કરી કે, આના ગર્ભથી જે પુત્ર થશે, તે અમારો રાજા થશે. કૈવર્તરાજને સંતોષ ન થયો. તેણે વિચાર કર્યો કે દેવવ્રતનું વચન તો ક્યારેય અન્યથા નહીં થાય, પરંતુ તેનો પુત્ર તો રાજ્યનો અધિકારી થઈ શકે છે, બુદ્ધિમાન દેવવ્રત તેનો અભિપ્રાય જાણી ગયાં. તેમણે દૃઢ પ્રતિજ્ઞા કરી કે હું આજીવન બ્રહ્મચર્યનું પાલન કરીશ. કુમાર દેવવ્રતની આ ભીષ્મ પ્રતિજ્ઞા સાંભળી દેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરી અને ત્યારથી લોકો તેમને ભીષ્મનાં નામે ઓળખવા લાગ્યાં. ભીષ્મએ સત્યવતીને સાથે લઈ જઈ પોતાનાં પિતાને સોંપી, પુત્રનું આ દુષ્કર કાર્ય સાંભળી રાજા શાન્તનું અત્યંત પ્રસન્ન થયાં અને તેને ઇચ્છા મૃત્યુનું વરદાન આપ્યું. આ રીતે ભીષ્મએ પોતાનાં જીવનનાં પ્રારંભમાં જ પિતાની ઇચ્છા પૂર્ણ કરવા માટે જગત સમક્ષ અલૌકિક ત્યાગનો આદર્શ સ્થાપિત કર્યો. જે રાજ્ય માટે તેમની બે પેઢી બાદ તેમના જ પુત્રો પૌત્રો વચ્ચે તેમની જ હાજરીમાં ભીષણ સંહારકારી યુદ્ધ થયું. એ જ રાજ્યને તેમણે પિતાની એક ક્ષુલ્લક ઇચ્છા ઉપર ન્યોચ્છાવર કરી દીધું. એક ઘાસનાં તણખલાની માફક ત્યાગ કરી તેમણે વિરક્ત મહાત્મા જેવું આચરણ કરી બતાવ્યું. સત્યવતીનાં ગર્ભથી મહારાજા શાન્તનુને બે પુત્રો થયાં. મોટાનું નામ હતું ચિત્રાંગદ અને નાનાનું નામ હતું વિચિત્રવીર્ય. હજું તો ચિત્રાંગદ યુવાન થયો ન હતો ત્યાં જ રાજા શાન્તનુએ આ લોકમાંથી વિદાય લીધી. ચિત્રાંગદ રાજા થયો, પણ તે ટૂંક સમયમાં ગંધર્વો સાથેના એક યુદ્ધમાં માર્યો ગયો. વિચિત્રવીર્ય તો હજું બાળક હતો, તેથી તે ભીષ્મની દેખરેખ નીચે શાસન કરવા લાગ્યો. થોડા દિવસો પસાર થતાં ભીષ્મને તેના વિવાહની ચિંતા થઇ. તે દિવસોમાં કાશી નરેશની ત્રણ કન્યાઓનો સ્વયંવર યોજાયેલ હતો. ભીષ્મ એકલા રથ પર સવાર થઇ કાશી પહોંચ્યાં. તેમણે પોતાનાં ભાઈ માટે કન્યાઓનું બળપૂર્વક હરણ કરી, રથમાં બેસાડી હસ્તિનાપુર તરફ રથ દોડાવી મૂક્યો. સ્વયંવરમાં આવેલા બધા જ રાજાઓ સાથે મળી તેમની પાછળ દોડ્યા અને સૌ તેમના પર તૂટી પડ્યાં, પરંતુ ભીષ્મ સામે તેઓનું કંઇ જ ન ચાલ્યું. એકલા ભીષ્મએ તે સૌને પરાજિત કરી દીધાં. કન્યાઓ વિચિત્રવીર્યને સોંપી દીધી. તેમના અદ્‌ભુત પરાક્રમ અને અસ્ત્ર કૌશલ્યનો જગતને પહેલી વાર પરિચય થયો. ભીષ્મ કાશીરાજની જે ત્રણ કન્યાઓને હરણ કરીને લાવ્યાં હતાં તેમાંની સૌથી મોટી કન્યા અમ્બા મનોમન રાજા શાલ્વને વરી ચૂકી હતી. ભીષ્મને એ વાતની ખબર પડી, ત્યારે તેમણે અમ્બાને વિદાય કરી અને બાકીની બે કન્યાઓનાં લગ્ન વિચિત્રવીર્ય સાથે કરાવી આપ્યાં. લગ્ન પછી થોડાં જ વર્ષમાં વિચિત્રવીર્ય ક્ષય રોગનો ભોગ બન્યો અને સંસારમાંથી ચાલ્યો ગયો. તેને કોઇ સંતાન ન હતું તેથી કુરુવંશનાં ઉચ્છેદની નોબત આવી પડી. ભીષ્મ ઇચ્છત તો સહેલાઇથી રાજ્ય પર અધિકાર કરી શક્યા હોત. પ્રજા પણ તેમને ચાહતી હતી. વંશ રક્ષા માટે લગ્ન કરી લેવામાં હવે તેમની સામે કોઇ અડચણ ન હતી, પરંતુ મોટામાં મોટું પ્રલોભન અને આવશ્યકતા પણ ભીષ્મને પોતાના વચનથી ડગાવી ન શકી. સત્યવતીનાં પિતા પાસે કરેલી પ્રતિજ્ઞાનો પુનરુચ્ચાર કરતા તેમણે એક વખત કહ્યું હતું કે, હું ત્રિલોકીનું રાજ્ય, બ્રહ્માનું પદ અને તે બંનેથી અધિક એવા મોક્ષનો પણ પરિત્યાગ કરી શકું છું, પણ સત્યનો ત્યાગ નથી કરી શકતો. કદાચ પાંચેય ભૂતો પોતપોતાના ગુણોને છોડી શકે, ચન્દ્ર પોતાની શીતળતાનો ત્યાગ કરે, અધિક તો શું સ્વયં ધર્મરાજ પોતાનાં ધર્મને છોડી શકે, પરંતુ હું મારી સત્ય પ્રતિજ્ઞા છોડવાનો વિચાર પણ ન કરી શકું. આ બાજુ

શાલ્વે અમ્બાનો સ્વીકાર ન કર્યો. તે શરમની મારી પિતાને ઘરે પણ ન જઈ શકી. પોતાની આ દુર્દશાનું કારણ ભીષ્મને માનીને તે મનોમન ધિક્કારવા લાગી અને બદલો લેવાનો ઉપાય વિચારવા લાગી. પોતાનાં નાનાશ્રી રાજર્ષિ હોત્રવાહનની સલાહથી તે જમદગ્નિનંદન પરશુરામને શરણે ગઈ અને તેમને દુઃખનું કારણ કહી સંભળાવ્યું. ભીષ્મએ પરશુરામ પાસેથી અસ્ત્રવિદ્યા શીખી હતી. તેમણે ભીષ્મને કુરુક્ષેત્રમાં બોલાવી કહ્યું, આ કન્યાનો બળપૂર્વક સ્પર્શ કરીને તમે તેને દૂષિત કરી છે તેથી શાલ્વે પણ તેનો સ્વીકાર નથી કર્યો. હવે તમારે તેની સાથે લગ્ન કરવાં પડશે. ભીષ્મએ પરશુરામજીની આ વાત સ્વીકારી નહીં. તેમણે કહ્યું, આ કન્યાએ જ મને કહ્યું હતું કે, હું શાલ્વની બની ચૂકી છું. એ સ્થિતિમાં હું તેને કેવી રીતે રાખી શકું ? જેનો પરપુરુષ ઉપર પ્રેમ છે, તેને કોઈ ધાર્મિક પુરુષ કેવી રીતે રાખી શકે ? ભીષ્મનાં ઉત્તરથી પરશુરામજી ખૂબ ગુસ્સે થઈ ગયાં અને બોલ્યાં, ભીષ્મ તમે જાણતા નહીં હો કે મેં એકવીસ વાર પૃથ્વી ક્ષત્રિય હીન કરી છે. ભીષ્મએ કહ્યું, ગુરુજી એ વખતે આ પૃથ્વી પર ભીષ્મનો જન્મ થયો ન હતો. આ સાંભળી પરશુરામજીએ તેમને યુદ્ધ માટે લલકાર્યા. ભીષ્મએ તેમના પડકારને સ્વીકારી લીધો. ગુરુ શિષ્ય વચ્ચે ભયંકર યુદ્ધ છેડાઈ ચૂક્યું. સતત ત્રેવીસ દિવસ સુધી બંને અજેય યોદ્ધાઓ લડતા રહ્યાં, પરંતુ કોઈએ હાર માની નહીં. અંતે દેવતાઓ અને મુનિઓએ વચ્ચે પડી યુદ્ધ અટકાવ્યું. આ રીતે ભીષ્મએ પરશુરામજીની આજ્ઞા ન માનીને પોતાના સત્યની રક્ષા કરી. મહાભારત યુદ્ધમાં કૌરવ પક્ષનાં સર્વશ્રેષ્ઠ યોદ્ધા ભીષ્મ હતાં. પ્રથમ સેનાપતિ બનવાનું ગૌરવ તેમને પ્રાપ્ત થયું હતું. પાંડવો અને કૌરવો બન્નેનાં પિતામહ હોવાથી બંને પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ ધરાવતા હતાં. બંનેનું સમાન રીતે હિત ચાહતા હતાં. પાંડવો પ્રત્યે વિશેષ સહાનુભૂતિ હતી. તેઓ હૃદયપૂર્વક ઈચ્છતા હતાં કે વિજય પાંડવોનો જ થાય. પાંડવોનાં પક્ષપાતી હોવા છતાં યુદ્ધમાં પાંડવો સામે પૂરા જોમથી લડ્યાં અને પ્રાણપર્યંત જીતવાની ચેષ્ટા કરી. યુદ્ધનાં અઢાર દિવસોમાં એકલા ભીષ્મએ જ દસ દિવસ સુધી કૌરવોનું સેનાપતિત્વ કર્યું. તે દરમિયાન પાંડવપક્ષની ઘણી સેનાનો સંહાર કરી નાખ્યો. વૃદ્ધ હોવા છતાં યુદ્ધમાં એવું પરાક્રમ કરી બતાવ્યું કે ભગવાન શ્રીકૃષ્ણને અર્જુનની રક્ષા કરવા માટે પોતાની શસ્ત્ર નહીં ઉઠાવવાની પ્રતિજ્ઞાનો ભંગ કરીને ભીષ્મનો સામનો કરવા ઊભા રહેવું પડ્યું. અર્જુનની તાકાત ક્ષીણ થતી જોઈ એક વાર શ્રી કૃષ્ણ ચક્ર લઈ ભીષ્મની સામે ધસી ગયેલાં. બીજીવાર ચાબુક લઈ ભીષ્મને લલકાર્યા હતાં. આ રીતે ભગવાને પોતાનાં એક ભક્તનાં પ્રાણની રક્ષા કરીને અને બીજા ભક્તનું ગૌરવ વધારી પોતાની ઊભયમુખી ભક્તવત્સલતાનો પરિચય આપ્યો. પાંડવોએ જોયું કે જ્યાં સુધી ભીષ્મદાદા છે ત્યાં સુધી કૌરવો પર વિજય મેળવવો અશક્ય છે. ત્યારે ખુદ પિતામહને જ તેમના મૃત્યુનો ઉપાય પૂછ્યો અને તેમણે કૃપાપૂર્વક તે ઉપાય બતાવી દીધો. તેમણે કહ્યું કે, દ્રુપદકુમાર શિખંડી સ્ત્રીરૂપે જનમ્યો હતો, અત્યારે તે પુરુષરૂપમાં બદલાઈ ગયો છે, છતાં મારી દૃષ્ટિએ તે સ્ત્રી છે. આ સ્થિતિમાં હું તેના પર શસ્ત્ર ઉઠાવી ન શકું. તે મારી સામે યુદ્ધ કરવા આવશે, તો હું શસ્ત્ર નહીં ચલાવું. એ વખતે અર્જુન મને મારી શકે છે. આનાથી મોટું ક્ષત્રિય ધર્મનાં પાલનનું અને વીરતાનું ઉદાહરણ બીજું ક્યું હોઈ શકે ? યુદ્ધમાં ઘવાઈને ભીષ્મ ધરાશાયી થયાં ત્યારે તેમનું શરીર બાણોથી વિંધાયેલું હતું. ધરતી સાથે તેમના શરીરનો સ્પર્શ થતો ન હતો. એ વખતે સૂર્ય દક્ષિણાયનમાં હતો, જે સમય દેહત્યાગ માટે ઉપયુક્ત ન સમજી તેઓ અયન પરિવર્તનની રાહ જોતા બાણ શય્યા પર પડ્યાં રહ્યાં. પિતાનાં વરદાનથી મૃત્યુ તેમને આધીન હતું. ભીષ્મએ દેહ ત્યાગ કરતાં જ યુદ્ધ બંધ કરી દેવામાં આવ્યું. કૌરવો અને પાંડવો વીર ભીષ્મને ઘેરીને આજુબાજુ ઊભા રહી ગયાં. ભીષ્મનું આખું શરીર બાણો પર તોળાયેલું હતું, માત્ર તેમનું મસ્તક નીચે લટકી રહ્યું હતું. તેમણે કોઈ ટેકાની માગણી કરી. લોકોએ ઉત્તમમાં ઉત્તમ તકિયાઓ લાવીને હાજર કર્યાં, પરંતુ તેમને એ પસંદ ન પડ્યાં. પછી તેમણે અર્જુનને કહ્યું, બેટા તું ક્ષત્રિય ધર્મ જાણે છે. આથી ઉચિત તકિયાની વ્યવસ્થા કર. અર્જુન વીર શિરોમણીનાં અભિપ્રાયને સમજી ગયાં. વીરનાં સંકેતને વીર જ પારખે. તેણે એક બાણ મારી ભીષ્મનાં મસ્તકને ઊંચુ કરી આપ્યું. એ બાણનાં આધારે તેમનું મસ્તક ટકી ગયું. દુર્યોધને દાદાજીનાં શરીરમાંથી બાણો ખેંચી કાઢવા કુશળ ચિકિત્સકો બોલાવ્યાં. દાદાજીએ તે સૌને આદરપૂર્વક પાછા વાળ્યાં. આવી વીર સ્થિતિને પામ્યા પછી તેમણે ચિકિત્સા સ્વીકારવામાં પોતાનું અપમાન ગણ્યું. સૌ લોકો તેમની અસાધારણ ધર્મનિષ્ઠા અને અપ્રતિમ સાહસ જોઈ દંગ રહી ગયાં. એ વખતે યુદ્ધ અટકાવવા માટે બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવી શાંતિ સ્થાપવા માટે તેમણે પૂરતા પ્રયત્નો કર્યા હતાં.

બાણોની અસહ્ય પીડાથી ભીષ્મનું ગળું સૂકાઈ રહ્યું હતું. તેમના આખા શરીરમાં બળતરા થઈ રહી હતી. તેમણે પીવા માટે પાણી માગ્યું. લોકોએ સુવર્ણની ઝારીમાં શીતલ અને સુંગધિત જળ તેમની સામે ધર્યું, પણ ભીષ્મએ એ પાછું વાળ્યું. તેમણે કહ્યું કે, પહેલાં ભોગવેલા માનવીય ભોગોને હવે હું સ્વીકારી ન શકું, કારણ કે અત્યારે હું શર શય્યા પર પડ્યો છું. પછી તેમણે અર્જુનને બોલાવીને કહ્યું. બેટા તું જ મને વિધિવત્ જળ પિવડાવી શકીશ. અર્જુને એક ચમકતું બાણ કાઢ્યું અને પર્જન્યાસ્ત્રથી અભિમંત્રિત કરી, ભીષ્મની બાજુની ધરતીમાં માર્યું. પૃથ્વીમાંથી દિવ્યજળની ધારા ફૂટી, તે સીધી ભીષ્મનાં મોંમાં પ્રવેશી. અમૃત સમાન જળનું પાન કરી દાદાજી તૃપ્ત થઈ ગયાં. અર્જુનની પ્રશંસા કરવા લાગ્યાં. એ જ વખતે ભીષ્મએ અન્નજળનો ત્યાગ કરી દીધો. પછી તેઓ જેટલા દિવસ જીવિત રહ્યાં, બાણોની મર્માન્તક પીડાની સાથે ભૂખ તરસની અસહ્ય વેદના સહન કરતા રહ્યાં. આ રીતે તેમણે વીરતાની સાથે ધૈર્ય અને સહનશીલતાની પરાકાષ્ટા બતાવી. મહાત્મા ભીષ્મ આદર્શ પિતૃભક્ત, આદર્શ સત્યપ્રતિજ્ઞ તેમજ આદર્શ વીર હતાં. શાસ્ત્રોનાં મહાન જ્ઞાતા, ધર્મ અને ઈશ્વરતત્ત્વનાં જાણકાર તેમજ મહાન દેશભક્ત પણ હતાં. તેમના અગાધ જ્ઞાનની સ્વયં ભગવાન શ્રીકૃષ્ણએ પ્રશંસા કરેલી અને ત્યાં સુધી કહેલ કે, આપના ચાલ્યા જવાથી સમગ્ર જ્ઞાન લુપ્ત થઈ જશે, સંસારમાં જે સંદેહગ્રસ્ત વિષય છે, તેનું સમાધાન કરનાર આપ સિવાય અન્ય કોઈ છે નહીં. ભગવાન શ્રીકૃષ્ણની પ્રેરણા અને શક્તિથી કેટલાંય દિવસો સુધી તેમણે યુધિષ્ઠિરને વર્ણાશ્રમધર્મ, રાજધર્મ, આપદ્ધર્મ, મોક્ષધર્મ, શ્રાધધર્મ, દાનધર્મ, સ્ત્રીધર્મ આદિ અનેક મહત્ત્વપૂર્ણ વિષયો પર ઉપદેશ આપ્યો જે મહાભારતનાં શાંતિપર્વ તથા અનુશાસનપર્વમાં સંગ્રહિત છે.

સાક્ષાત્ ધર્મનાં અંશથી ઉત્પન્ન થયેલા અને ધર્મની પ્રત્યક્ષ મૂર્તિ એવા મહારાજ યુધિષ્ઠિરની ધર્મવિષયક શંકાઓનું નિવારણ કરવું એ માત્ર ભીષ્મનું કામ હતું. તેમનો ઉપદેશ સાંભળવા એ વખતે ત્યાં વ્યાસ આદિ મહર્ષિઓ પણ ઉપસ્થિત હતાં. ધૃતરાષ્ટ્ર તથા દુર્યોધનને તેમણે કેટલીય વાર શ્રીકૃષ્ણનો મહિમા કહી સંભળાવેલ. રાજસૂર્ય યજ્ઞમાં શ્રીકૃષ્ણનાં મહિમાનું ગાન કરેલ અને તેમણે સાક્ષાત્ ઈશ્વર તરીકે ઓળખાવેલ. યુદ્ધ દરમિયાન જ્યારે શ્રીકૃષ્ણ અર્જુનને બચાવવા ચક્ર લઈ દોડ્યાં ત્યારે તેમણે તેમનાં હાથે મરવામાં પોતાનું ગૌરવ સમજી શસ્ત્રો દ્વારા તેમની પૂજા કરવા માટે આવાહન આપ્યું હતું. તેમણે યુધિષ્ઠિરને ભગવાનનાં એક હજાર નામ ધરાવતા વિષ્ણુ સહસ્ત્રનામથી પ્રસિદ્ધ સ્તોત્ર કહી સંભળાવેલ, જેમાં તેમની ભગવદ્ભક્તિ જોવા મળે છે.

આજે પણ અનેક ભગવદ્ભક્તો એ સ્તોત્રનો પૂર્ણ શ્રદ્ધા અને આદર સહિત પાઠ કરે છે. ભગવાન શંકરાચાર્યે શ્રીમદ્ભગવદ્ગીતા, ઉપનિષદો અને બ્રહ્મસૂત્રોની જેમ જ વિષ્ણુસહસ્ત્રનામ પર વિસ્તૃત ભાષ્ય લખેલ છે. તેમની ભક્તિનું જ એ ફળ હતું કે સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણએ અંત સમયે તેમને દર્શન આપી કૃતાર્થ કર્યા. આ રીતે ભક્તિ, જ્ઞાન, સદાચાર એમ ગમે તે દિશાએથી આપણે ભીષ્મનાં જીવન પર નજર નાખીએ, તો તે દિશામાં આપણે તેમને એક ઉત્તમ આદર્શ તરીકે જોઈ શકીએ. ભીષ્મ જેવાં મહાપુરુષો સંસારનાં ઈતિહાસમાં ગણ્યાં ગાંઠ્યાં મળી આવે છે. ભીષ્મ અપુત્ર વિદાય થયાં છતાંય સઘળા હિન્દુઓ આજે પણ પોતાનાં પિતૃઓનું તર્પણ કરતી વખતે તેમને જલાંજલિ આપે છે. આ પ્રકારનું ગૌરવ ભારતનાં ઈતિહાસમાં અન્ય કોઈને મળેલ નથી. તેથી પ્રત્યેક ભારતવાસી આજે પણ તેમને પિતામહનાં આદરણીય નામથી ઓળખે છે.

# ધર્મરાજ યુધિષ્ઠિર



મહારાજ યુધિષ્ઠિર પણ પિતામહ ભીષ્મની જેમ અત્યંત ઉચ્ચ કોટિનાં મહાપુરુષ હતાં. તેઓ ધર્મનાં અંશથી ઉત્પન્ન થયેલા હતાં. સાક્ષાત્ ધર્મનાં મૂર્તિમંત સ્વરૂપ હતાં, તેથી જ લોકો તેમને 'ધર્મરાજ' નાં નામે ઓળખે છે. તેમનામાં ધૈર્ય, સ્થિરતા, સહિષ્ણુતા, નમ્રતા, દયાળુતા અને અવિચલ પ્રેમ આદિ અનેક લોકોત્તર ગુણો હતાં. તેઓ પોતાનાં શીલ, સદાચાર તથા વિચારશીલતાનાં કારણે બચપણથી અત્યંત લોકપ્રિય હતાં. તેઓ નાના હતાં ત્યારે પિતા મહાત્મા પાંડુનો સ્વર્ગવાસ થયો હતો. તેઓ મોટાબાપા ધૃતરાષ્ટ્રને પિતાતુલ્ય સમજી તેમનો અત્યંત આદર કરતાં અને તેમની કોઇ પણ આજ્ઞા ઉથાપતા નહીં. ધૃતરાષ્ટ્ર પોતાનાં કુટિલ સ્વભાવને કારણે તેમનાં ગુણોની પ્રશંસા સાંભળી, મનમાં ને મનમાં તેમની ઈર્ષ્યા કરવા લાગ્યાં. ધૃતરાષ્ટ્ર પુત્ર દુર્યોધન એમ ઈચ્છતો હતો કે કોઇ પણ રીતે પાંડવો હસ્તિનાપુરથી દૂર જતા રહે, તેઓની ગેરહાજરીમાં વારસાગત અધિકાર છીનવીને પોતે રાજા બની જાય. તેણે પ્રજ્ઞારહિત પિતાને આડુઅવળું સમજાવી મનાવી લીધાં. ધૃતરાષ્ટ્રે પાંડવોને મેળો જોવાનાં બહાને 'વારણાવત' મોકલવાની દરખાસ્ત મૂકી. પાંડવોએ તેમની આજ્ઞા માની સ્વીકાર કર્યો. પાંચેય ભાઈઓ પોતાની માતા કુન્તી સાથે ચુપચાપ 'વારણાવત' જતાં રહ્યાં. ત્યાં તેમને જીવતા સળગાવી દેવા માટે દુર્યોધને એક લાક્ષાગૃહ તૈયાર કરાવેલ. એમાં જ તેમને રહેવાની આજ્ઞા કરવામાં આવી. વિદુરજીની મદદથી તેઓ ભયંકર આગમાંથી જીવ બચાવી ભાગ્યા અને જંગલનો આશ્રય લીધો. પાછળથી કૌરવોએ તેમને મરી ગયેલા સમજી હસ્તિનાપુરની ગાદી પર અધિકાર કરી લીધો. કેટલાંક દિવસો પછી દ્રૌપદીનાં સ્વયંવરમાં જ્યારે પાંડવોનું રહસ્ય ખૂલ્યું ત્યારે ધૃતરાષ્ટ્રે વિદુરજીને મોકલી પાંડવોને હસ્તિનાપુર બોલાવી લીધાં. પોતાનાં પુત્રો સાથેનો તેમનો વિરોધ શાંત પડે તે માટે અડધું રાજ્ય લઈ ખાંડવપ્રસ્થમાં રહેવાનો પ્રસ્તાવ મૂક્યો. યુધિષ્ઠિરે તેમની આજ્ઞા સ્વીકારી લીધી અને પોતાનાં ભાઈઓ સાથે ખાંડવપ્રસ્થમાં રહેવા લાગ્યાં. ત્યાં તેમણે એક અલગ રાજધાની વસાવી, જેનું નામ ઈન્દ્રપ્રસ્થ રાખવામાં આવ્યું. તેમણે એક રાજસૂર્ય યજ્ઞ પણ કર્યો, જેમાં મોટા રાજાઓએ તેમને અતિ કિંમતી ભેટો આપી અને યુધિષ્ઠિરને પોતાનાં સમ્રાટ તરીકે સ્વીકાર કર્યો.

ધૃતરાષ્ટ્રપુત્રોએ તેમને ત્યાં પણ શાંતિથી રહેવા ન દીધાં. તેમનો વૈભવ જોઈ દુર્યોધન ઈર્ષ્યાથી બળવા લાગ્યો. તેણે એક વિશાળ સભાભવન તૈયાર કરાવી, પાંડવોને જુગાર માટે આમંત્રણ મોકલ્યું. જુગારને ખરાબ સમજતા હોવાં છતાંય ધૃતરાષ્ટ્રની આજ્ઞા સમજી યુધિષ્ઠિરે તે આમંત્રણનો સ્વીકાર કર્યો. પાંડવો મામા શકુનિની કપટભરી રમતથી પોતાનું સર્વસ્વ હારી ગયાં. ભરી સભામાં દ્રૌપદીની લાજ લૂંટવાનો પ્રયાસ કરી અત્યંત માનહાનિ કરવામાં આવી. તેમ છતાંય યુધિષ્ઠિરનો ધૃતરાષ્ટ્ર તરફનો ભાવ સકારાત્મક રહ્યો. ધૃતરાષ્ટ્રે પણ તેમનું બધું ધન અને રાજ્ય પાછું આપ્યું. દુર્યોધનથી એ સહન થઈ શક્યું નહીં. તેણે ધૃતરાષ્ટ્રને સમજાવી પટાવીને વનવાસની શરત પર જુગાર રમવાની દરખાસ્ત ધૃતરાષ્ટ્ર પાસે જ મુકાવી. જુગારનાં દુષ્પરિણામને યુધિષ્ઠિર એક વખત જોઈ ચૂક્યાં હતાં. પિતાતુલ્ય ધૃતરાષ્ટ્રની આજ્ઞાને તેઓ ટાળી ન શક્યાં. આ વખતે પણ યુધિષ્ઠિર જ હાર્યા, પરિણામે સઘળું છોડી ભાઈઓ તથા દ્રૌપદી સાથે બાર વર્ષ સુધી વનવાસ અને તેરમાં વર્ષનાં અજ્ઞાતવાસ માટે જવું પડ્યું. ધર્મનાં નિર્વાહ માટે તેમણે આ બધું ચુપચાપ સહન કરી લીધું.મહારાજ યુધિષ્ઠિર ખૂબ જ ધર્મભીરુ તથા સહનશીલ હતાં. તેઓ બધી હાનિ સહન કરી શકતાં હતાં, પણ ધર્મની હાનિ તેમનાંથી સહન થઈ શકતી ન હતી. તેઓ જુગારમાં પોતાનાં ચારેય ભાઈઓ તથા દ્રૌપદીને પણ હારી ગયાં અને કૌરવો ભરી સભામાં દ્રૌપદીનો તિરસ્કાર કરવા લાગ્યાં. તે વખતે ધર્મપાશથી બંધાયેલા હોવાને કારણે તેઓ કંઈ જ ન બોલી શક્યાં. કોઈ સામાન્ય માણસ નજર સામે પત્નીની આ પ્રકારે થતી દુર્દશા સહન ન કરી શકે. તેમનાં ભયથી ભીમ તથા અર્જુન વગેરે ભાઈઓ પણ કંઈ જ ન બોલ્યાં અને સમસમીને બેસી રહ્યાં. તેઓ ધારત તો બળપૂર્વક એ અમાનુષી અત્યાચારને અટકાવી શકે એટલાં સમર્થ હતાં, પરંતુ તેઓ એમ સમજીને ચુપ રહ્યાં કે ધર્મરાજ સ્વેચ્છાપૂર્વક દ્રૌપદીને દાવ પર લગાવીને હારી ગયાં છે. તેમના દેખતાં જો કોઈ દ્રૌપદીની સામે આંખ ઊંચી કરીને જુએ તો પણ તેને જીવતા રહેવું ભારે પડી જાય, એવા બલિષ્ઠ અને તેજસ્વી પાંડવોએ પોતાની નજર સામે દ્રૌપદીની એ દુર્દશા કશો પ્રતિકાર કર્યા વિના સહી લીધી. યુધિષ્ઠિર જાણતા હતાં કે શકુનિએ તેમને કપટપૂર્વક જીત્યા છે. છતાં પણ

ધર્મનો ત્યાગ કરવાનું ઉચિત ન સમજ્યું. તેમણે આ બધું સહન કરીને સત્ય અને ધર્મની રક્ષા કરી. ધર્મપ્રેમ અને સહનશીલતાનું આનાથી મોટું ઉદાહરણ જગતનાં ઈતિહાસમાં જવલ્લેજ જોવા મળશે.

પાંડવો વનમાં ગયાં ત્યારે હસ્તિનાપુરની પ્રજાને ખૂબ જ દુઃખ થયું. પ્રજાજનો કૌરવોની નિંદા કરવા લાગ્યાં અને મોટી સંખ્યામાં નગરવાસીઓ પોતાનાં ઘરબાર છોડીને તેમની પાછળ ચાલવા લાગ્યાં. યુધિષ્ઠિરે કૌરવો વિરુદ્ધ એક શબ્દ પણ ન ઉચ્ચાર્યો અને સૌને પ્રયત્નપૂર્વક સમજાવીને પાછા વાળ્યાં. ઘણાં બ્રાહ્મણો જબરદસ્તીપૂર્વક તેમની પાછળ ચાલ્યાં. એ વખતે ધર્મરાજને એ ચિંતા થઈ કે આટલા બધા બ્રાહ્મણો મારી સાથે આવી રહ્યાં છે, તેમનાં ભોજનની શું વ્યવસ્થા થશે ? તેમને પોતાનાં કષ્ટની કોઈ ચિંતા ન હતી, પણ તેઓ બીજાનું કષ્ટ જોઈ શકતા ન હતાં. તેમણે ભગવાન સૂર્યનારાયણની આરાધના કરીને એક એવું દિવ્ય પાત્ર પ્રાપ્ત કર્યું કે જેમાં પકાવેલું અન્ન અક્ષય થઈ જતું. એ પાત્રનાં પ્રભાવે જંગલમાં રહીને તેઓ બ્રાહ્મણ અતિથિઓને જમાડીને પછી જ પોતે ભોજન કરતાં. વનવાસનું કષ્ટ સહન કરીને તેમણે આતિથ્ય ધર્મનું યથાયોગ્ય પાલન કરી બતાવ્યું. મહારાજા યુધિષ્ઠિરનાં ધર્મપ્રેમથી આકર્ષિત થઈને અનેક મહર્ષિઓ વનવાસનાં સમય દરમિયાન તેમની પાસે આવતાં રહેતા. યજ્ઞ આદિ અનેક પ્રકારનાં અનુષ્ઠાનો કરતા હતાં. મહારાજ યુધિષ્ઠિર અજાતશત્રુ તરીકે ઓળખાતા હતાં. તેમની દૃષ્ટિએ શત્રુ પણ સેવા અને સહાનુભૂતિને પાત્ર હતાં. અપકાર કરનાર ઉપર પણ ઉપકાર કરવો એ જ સંતોનું સૌથી મોટું લક્ષણ છે.

उमा संत कइ इहइ बड़ाई । मंद करत जो करह भलाई ।।

ગોસ્વામી તુલસીદાસજીની આ ઉક્તિ મહારાજ યુધિષ્ઠિરનાં જીવનમાં બરાબર ચરિતાર્થ થતી હતી. એક સમયની વાત છે. પાંડવો જ્યારે દ્વૈતવનમાં હતાં, એ વખતે ઘોષયાત્રાનાં બહાને રાજા દુર્યોધન પોતાનાં મંત્રીઓ, ભાઈઓ, રાણીવાસની સ્ત્રીઓ તથા અત્યંત મોટી સેનાને સાથે લઈ વનવાસી પાંડવોને પોતાનાં વૈભવનાં પ્રદર્શનથી દુઃખી કરવાનાં પાપી ઉદ્દેશથી તે વનમાં પહોચ્યો. જલક્રીડાનાં વિચારથી સરોવરનાં તટે પહોચ્યો, જ્યાં મહારાજ યુધિષ્ઠિર કુટીર બનાવીને રહેતા હતાં. એ સરોવરને ગંધર્વોએ ઘેરી રાખ્યું હતું. દુર્યોધનને તેઓનો સામનો કરવો પડ્યો. બંને વચ્ચે ખૂબ જ ભયાનક અને રોમાંચકારક યુદ્ધ છેડાઈ ગયું, જેમાં વિજય ગંધર્વોનો થયો. તેમણે રાણીઓ સહિત દુર્યોધનને કેદ કરી પકડી લીધો. જ્યારે મહારાજ યુધિષ્ઠિરને આ વાતની ખબર પડી ત્યારે તેમણે તરત જ પોતાનાં ભાઈઓને આજ્ઞા કરી કે, તમે સૌ સાથે મળી, બળપૂર્વક દુર્યોધનને છોડાવી લાવો. ભલે તે આપણો દુશ્મન રહ્યો, પણ અત્યારે તે આપત્તિમાં છે. આ વખતે તેના અપરાધોને ભૂલીને તેને મદદ કરવી એ આપણો ધર્મ છે. શત્રુ છે તો શું થયું, અંતે છે તો આપણા ભાઈઓ ને ? આપણે હોઈએ અને તેમની દુર્દશા થાય એ આપણાથી કેમ સાંખી શકાય ? અર્જુને પોતાની બાણવર્ષાથી ગંધર્વોનાં છક્કા છોડાવી દીધાં. દુર્યોધનને ભાઈઓ અને રાણીઓ સહિત એમની ચુંગાલમાંથી છોડાવ્યો. દુર્યોધનની મેલી મુરાદ જોઈને ઈન્દ્રએ તેને બાંધીને લાવવા માટે ગંધર્વોને મોકલ્યાં હતાં. મહારાજ યુધિષ્ઠિરનાં વિશાળ હૃદયને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયાં. ધન્ય છે તેમની અજાતશત્રુતા. એક સમયની વાત છે. દ્રૌપદીને આશ્રમમાં એકલી છોડીને પાંડવો વનમાં ગયાં હતાં. પાછળથી દુર્યોધનનો બનેવી સિંધુરાજ જયદ્રથ ત્યાં આવી ચડ્યો. દ્રૌપદીનાં અનુપમ રૂપલાવણ્યને જોઈ તેનું મન બગડ્યું. તેણે દ્રૌપદી સમક્ષ પોતાનો પાપભર્યો પ્રસ્તાવ રજૂ કર્યો, દ્રૌપદીએ તેને તિરસ્કારપૂર્વક નકાર્યો. આથી તેણે દ્રૌપદીને ખેંચીને જબરજસ્તીપૂર્વક પોતાનાં રથમાં બેસાડી દીધી અને રથ દોડાવી મૂક્યો. પાંડવોને જયદ્રથની આ શેતાનિયતની ખબર પડી, ત્યારે તેનો પીછો કર્યો અને થોડી જ વારમાં તેને પકડી પાડ્યો. પાંડવોએ ઘડીનાં છઠ્ઠા ભાગમાં તેની સેનાને હતી ન હતી કરી નાંખી. પાપી જયદ્રથે ભયભીત થઈ દ્રૌપદીને રથમાંથી નીચે ઉતારી મૂકી અને પોતે જીવ બચાવવા ભાગ્યો. ભીમસેને તેનો પીછો કરી તરત પકડી લીધો અને ધર્મરાજ સમક્ષ ઉપસ્થિત કર્યો. ધર્મરાજે પોતાનો સંબંધી જાણી દયાપૂર્વક જવા દીધો. આ રીતે પોતાની અદ્‌ભુત દયાળુતા અને ક્ષમાશીલતાનો પરિચય આપ્યો.


મહારાજ યુધિષ્ઠિર વિદ્વાન, નીતિજ્ઞ અને ધર્મજ્ઞ હતાં. તેમનામાં સમતા પણ અદ્‌ભુત હતી. એક સમયની વાત છે. જે વનમાં તેઓ રહેતા હતાં, ત્યાં એક બ્રાહ્મણે પોતાનાં અરણિનાં મંથન કાષ્ઠને એક વૃક્ષની ડાળી પર રાખેલું, ત્યાં એક હરણ આવી ચડ્યું અને તે ડાળી સાથે પોતાનું શીંગડું ખંજવાળવાં લાગ્યું. આથી બ્રાહ્મણનું અરણિકાષ્ઠ હરણનાં શીંગડામાં ભરાઈ ગયું અને હરણ તે લઈને ભાગ્યું. મંથન કાષ્ઠનાં અભાવે બ્રાહ્મણને પોતાનાં અગ્નિહોત્ર કાર્યમાં વિઘ્ન આવી પડ્યું. તેણે પાંડવો પાસે આવીને તેનું મંથનકાષ્ઠ પાછું મેળવી આપવા વિનંતી કરી. ધર્મરાજ યુધિષ્ઠિર પોતાનાં ચારેય ભાઈઓ સહિત પેલા હરણ પાછળ દોડ્યાં, હરણ ઘણું જ દૂર જતું રહ્યું હતું. પાંડવો દોડીને અત્યંત થાકી ગયાં હતાં, તેમને તરસ પણ ખૂબ લાગી હતી. ધર્મરાજની આજ્ઞાથી નકુળ પાણીની શોધ માટે ગયો. થોડે દૂર તેણે એક જળાશય જોયું, તે જેવો જળ પીવા ગયો કે તરત તેને આકાશમાંથી એક ગેબી અવાજ સંભળાયો, પહેલાં મારા પ્રશ્નનાં જવાબ આપ, પછી પાણી પીજે. નકુળને અત્યંત તરસ લાગી હતી, તેથી તેણે એ આકાશવાણીની પરવા ન કરી. પરિણામે પાણી પીતાં જ તે નિર્જીવ થઈ જમીન પર ઢળી પડ્યો. ધર્મરાજે ક્રમશઃ સહદેવ, અર્જુન તથા ભીમસેનને મોકલ્યાં, પરંતુ એ લોકોની પણ એ જ દશા થઈ. અંતે ધર્મરાજ પોતે એ સરોવરને કિનારે પહોચ્યાં. તેમણે પણ એ જ અવાજ સાંભળ્યો અને પોતાનાં ભાઈઓને નિર્જીવ હાલતમાં જોયા. તેમણે એક વિશાળકાય યક્ષને સામે ઊભેલો જોયો. તે યક્ષે યુધિષ્ઠિરને કહ્યું, મારા પ્રશ્નાનાં ઉત્તર આપ્યાં વિના પાણી પીવાને કારણે તમારા ભાઈઓની આ દશા થઈ છે. જો તમે પણ અનધિકૃત ચેષ્ટા કરશો તો તમારી પણ આ જ દશા થશે. યુધિષ્ઠિર તેના પ્રશ્નોનાં ઉત્તર આપવા તૈયાર થઈ ગયાં. યક્ષે તેમને જે પ્રશ્નો પૂછ્યાં તે બધાનાં યોગ્ય ઉત્તર આપી તેમણે યક્ષનાં મનનું સારી રીતે સમાધાન કર્યું. યુધિષ્ઠિરનાં જવાબોથી પ્રસન્ન થઈ યક્ષે કહ્યું, રાજન્ તમારા આ ભાઈઓમાંથી કોઈ એકને તમે પુનર્જીવિત કરવાનું કહો, તેને હું જીવિત કરી આપું. ધર્મરાજે નકુળને જીવિત કરી આપવા કહ્યું. તેમ કહેવાનું કારણ પૂછતા તેમણે કહ્યું કે, મારા પિતાજીને બે પત્નીઓ હતી. કુન્તી અને માદ્રી. મારી દૃષ્ટિએ એ બંને સમાન છે. હું ઈચ્છું છું કે તેઓ બંને પુત્રવતી રહે. કુન્તીનો પુત્ર હું છું, તેથી માદ્રીનો એક પુત્ર પણ જીવતો રહે તેમ હું ઈચ્છુ છું. તેથી મેં ભીમ કે અર્જુનને બદલે નકુળને જીવતાં કરવાની પ્રાર્થના કરી. યુધિષ્ઠિરની બુદ્ધિમત્તા તથા ધર્મશીલતાની પરીક્ષા કરવા માટે સ્વયં ધર્મની જ આ લીલા હતી. તેમની આવી અદ્‌ભુત સમતા જોઈ તેઓ અત્યંત પ્રસન્ન થયાં અને પોતાનો પરિચય આપી ચારેય ભાઈઓને જીવિત કરી આપ્યાં. ધર્મએ કહ્યું કે હું હરણ બનીને બ્રાહ્મણનું મંથનકાષ્ઠ લઈ ગયો હતો. યુધિષ્ઠિરે કાષ્ઠ લઈ બ્રાહ્મણને સોંપી દીધું.

યુધિષ્ઠિર જેટલા સદાચાર સંપન્ન હતાં, એટલાં જ વિનયી પણ હતાં. ગુરુજનોની માન મર્યાદાનું તેઓ હંમેશા ધ્યાન રાખતાં. ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ તેઓ શિષ્ટાચારની મર્યાદાનું ઉલ્લંઘન કરતા ન હતાં. યુદ્ધનાં આરંભ વખતે બંને પક્ષની સેનાઓ યુદ્ધ માટે સજ્જ થઈને ઊભી હતી ત્યારે તેમણે સૌપ્રથમ શત્રુસેનાની વચ્ચે જઈને પિતામહ ભીષ્મ, આચાર્ય દ્રોણ, કૃપાચાર્ય તથા મામા શલ્યનાં ચરણોમાં પ્રણામ કર્યા અને આશીર્વાદ માગ્યાં. તેમનાં આવા વિનયભર્યા વ્યવહારથી ગુરુજનો અત્યંત પ્રસન્ન થયાં અને હૃદયપૂર્વક પાંડવોનાં વિજયની મનોકામનાં કરી. ચારેય ગુરુજનોએ અન્યાયી કૌરવોનાં પક્ષે લડવા માટે પોતાની લાચારીને નબળાઈ તરીકે વર્ણવી. સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરનાં આ આદર્શ વ્યવહારનું અનુમોદન કર્યું. યુધિષ્ઠિરની સત્યવાદિતા જગપ્રસિદ્ધ હતી. તેઓ ભય અથવા લોભવશથી ક્યારેય અસત્ય બોલતા નહીં. સત્યનિષ્ઠાનાં બળ પર તેમનાં રથનાં પૈડાં હંમેશા પૃથ્વીથી ચાર આંગળ ઊંચા રહેતાં. જીવનમાં માત્ર એક વાર તેમણે અસત્ય વાત કરેલી. અશ્વત્થામા નામનો હાથી માર્યા ગયાં પછી તેમણે દ્રોણાચાર્ય સમક્ષ એમ કહ્યું કે, અશ્વત્થામા માર્યો ગયો છે. આ સત્યચ્યુતિથી તેમનો રથ પૃથ્વીને અડકીને

ચાલવા લાગેલ. તેમને એક મુહૂર્તભર માટે કલ્પિત નરકનું દશ્ય જોવું પડ્યું. યુધિષ્ઠિર મહારાજની ઉદારતા પણ અલૌકિક હતી. કૌરવોએ કોઈ પણ રીતે રાજ્ય સોંપવાની વાત ન સ્વીકારી, ત્યારે તેઓ માત્ર પાંચ ગામ મેળવીને સંતોષ માનવા તૈયાર થયાં. શ્રીકૃષ્ણ સાથે દુર્યોધનને એમ કહેવડાવ્યું કે, જો અમને પાંચ ગામ આપી દેવામાં આવશે, તો અમે યુદ્ધ નહીં કરીએ. દુર્યોધને સોઈની અણી જેટલી જમીન આપવાનો ઈન્કાર કરી દીધો, ત્યારે અનિચ્છાએ યુદ્ધ જાહેર કરવું પડ્યું. દુર્યોધનની આખી સેના નાશ પામી હતી, પોતે એક તળાવમાં જઈને છુપાઈ ગયો હતો, ત્યારે તેને છેલ્લી વાર યુદ્ધનો લલકાર કરતા કહી દીધું કે, તું અમારા પાંચમાથી કોઈ પણ એક સાથે દ્વંદ્વ યુદ્ધ કરી શકે છે. યુદ્ધમાં એકને પણ જીતી જઈશ તો આખું રાજ્ય તારું થઈ જશે. આ પ્રકારની ઉદાર શરત બીજો કોઈ મૂકી શકે ? પાંડવોમાં સૌથી અધિક બળવાન અને ગદાયુદ્ધમાં પ્રવીણ એવો ભીમસેન દુર્યોધન સાથે મુકાબલો કરતાં હિચકિચાટ અનુભવતો, તેની સાથે એ શરત લગાવવી કે, અમારામાંથી કોઈ એકને હરાવવાથી રાજ્ય તારું થઈ જશે. એ યુધિષ્ઠિર જેવા મહાનુભાવનું જ ગજુ હતું. અંતે ભીમસેન સાથે તેનું યુદ્ધ થયું અને તે માર્યો ગયો.

યુદ્ધ સમાપ્તિ બાદ યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક થઈ ગયો. ધૃતરાષ્ટ્ર તથા ગાંધારી તેમની સાથે રહેવા લાગ્યાં. તેમણે તેમની સાથે એવો સુંદર વર્તાવ કર્યો કે તેઓ પુત્રોનાં મરણનું દુ:ખ ભુલી ગયાં. યુધિષ્ઠિરે બંનેને એટલો સુખનો અહેસાસ દેવડાવ્યો કે જેટલો તેમને પોતાનાં પુત્રો દ્વારા પણ મળ્યો ન હતો. તેઓ રાજ્યનો બધો કારભાર ધૃતરાષ્ટ્રની સલાહ લઈને જ કરતાં હતાં. માતા કુન્તી પણ દ્રૌપદી તથા અન્ય પુત્રવધુઓને સાથે રાખી દેવી ગાંધારીની સેવા કરતાં હતાં. તેઓ એ વાતની વિશેષ કાળજી રાખતા કે ધૃતરાષ્ટ્ર અથવા ગાંધારી સાથે કોઈ એવી વાત ન થઈ જાય કે જેથી તેમનો પુત્રશોક જાગ્રત થાય. ધૃતરાષ્ટ્ર અને ગાંધારીએ પોતાનું શેષ જીવન વનમાં જઈને પસાર કરવાનું નક્કી કર્યું ત્યારે યુધિષ્ઠિરને ખૂબ જ દુ:ખ થયું. તેઓ પોતે પણ વનમાં જવા તૈયાર થઈ ગયાં. વ્યાસજીએ તેમને સમજાવ્યાં, ત્યારે જ તેમનું સમાધાન થયું. માતા કુન્તી પોતાનાં જેઠ જેઠાણીની સાથે જ ગયાં અને છેવટે સુધી તેમની સેવા કરી. તેમની સાથે જ પોતાનું શરીર પણ છોડ્યું. વનમાં જતાં પહેલાં ધૃતરાષ્ટ્રને પોતાનાં મૃત પુત્રો તથા અન્ય સંબંધીઓનું વિધિવત્ શ્રાદ્ધ કરાવવાની તેમજ સૌના કલ્યાણ માટે બ્રાહ્મણોને દાન આપવાની ઈચ્છા થઈ. યુધિષ્ઠિરને તેમની એ ઈચ્છાની જાણ કરી, ત્યારે તેમણે વિદુરજી મારફત કહેવડાવ્યું કે, અર્જુન સહિત મારા પ્રાણપર્યંત સર્વસ્વ આપને અર્પણ છે. તેમની ઈચ્છા કરતાં વધુ ખર્ચ કરવાની વ્યવસ્થા કરી આપી. ધૃતરાષ્ટ્રે પૂર્ણ વિધિ વિધાનથી મૃત સંબંધીઓનું શ્રાદ્ધ કર્યું અને બ્રાહ્મણોને અપરિમિત દાન આપ્યું. મહારાજ યુધિષ્ઠિરે ધૃતરાષ્ટ્રની આજ્ઞા અનુસાર ધન અને રત્નોની નદી વહેવડાવી દીધી. જ્યાં સો સુવર્ણમુદ્રાની આજ્ઞા કરી ત્યાં હજાર આપવામાં આવી. ધૃતરાષ્ટ્ર અને ગાંધારી વનમાં ગયાં ત્યારે પાંડવો રાણીઓ સાથે તેમને દૂર સુધી વળાવવા ગયાં. જેને કારણે પાંડવોને મહાન વિપત્તિઓનો સામનો કરવો પડ્યો હતો, તેમને વારસાગત અધિકારથી વંચિત રહેવું પડ્યું અને અનેક પ્રકારનાં વનવાસનાં કષ્ટો સહન કરવાં પડ્યાં હતાં, જેની હાજરીમાં જ તેનાં પુત્રોએ સતી શિરોમણી દ્રૌપદીનું ભરી સભામાં ઘોર અપમાન કર્યું હતું અને જેણે અડધા રાજ્યને બદલે પાંચ ગામડાં આપવાનો પણ ઈન્કાર કરી દીધો હતો, જેને પરિણામે બંને પક્ષે ભીષણ નરસંહાર થયો, એ જ ધૃતરાષ્ટ્ર પ્રત્યે આટલો નિશ્છલ પ્રેમભાવ રાખવો અને છેવટ સુધી તેને સુખ પહોચાડવાનો પૂરતો પ્રયત્ન કરવો એ યુધિષ્ઠિર જેવા મહાપુરુષ જ કરી શકે. દુશ્મન પ્રત્યે પણ સદ્વ્યવહારનાં ઉદાહરણ જગતનાં ઈતિહાસમાં ઓછાં જોવા મળે છે. મહારાજ યુધિષ્ઠિરમાં શરણાગત વત્સલતા અને પ્રેમ વિશેષ વિલક્ષણ રૂપે જોવા મળે છે. ભગવાન શ્રીકૃષ્ણનાં પરમધામ ગમનની તથા યાદવોનાં સંહારની વાત જયારે તેમણે સાંભળી ત્યારે તેમને અત્યંત દુ:ખ થયું. તેમણે વિચાર્યું કે અમારા હિતચિંતક શ્રીકૃષ્ણ કે જેમનાં થકી અમે સર્વ કંઈ મેળવ્યું હતું, તેઓ આ ધરાતલ પર નથી રહ્યાં, તો પછી આ રાજ્યસુખ શા કામનું ? આ જીવન ટકાવી રાખવાનું પ્રયોજન શું હોઈ શકે ? શ્રીકૃષ્ણ પાંડવોનાં જીવનઆધાર અને સર્વસ્વ હતાં. એ વખતે ભગવાન શ્રીકૃષ્ણ અને મહર્ષિ વેદવ્યાસજીએ મહાપ્રયત્ને તેમને સમજાવીને રાજગાદી પર બેસાડ્યાં હતાં. પિતામહ ભીષ્મએ પણ તેમને ધર્મનો ઉપદેશ આપી, શોક દૂર કરવા પ્રયત્ન કર્યો અને ભીષ્મની આજ્ઞા સ્વીકારી તેમણે રાજ પણ કર્યું. શ્રીકૃષ્ણ આ ધરાતલ પર ન રહ્યાંની વાત સાંભળીને તેમણે વનમાં જતાં રહેવાનો દ્રઢ નિશ્ચય કરી લીધો. અર્જુનનાં પૌત્ર કુમાર પરીક્ષિતને રાજગાદી પર બેસાડી તથા કૃપાચાર્ય અને ધૃતરાષ્ટ્ર પુત્ર યુયુત્સુને તેની દેખભાળ માટે નિયુક્ત કરી, તેઓ ચારેય ભાઈઓ તથા દ્રૌપદીને સાથે લઈને હસ્તિનાપુરથી ચાલી નીકળ્યાં. પૃથ્વી પ્રદક્ષિણાનાં ઉદ્દેશથી તેઓ અનેક પ્રદેશોમાં ફરતાં ફરતાં હિમાલયને ઓળંગી મેરુ પર્વત તરફ આગળ વધી રહ્યાં હતાં. રસ્તામાં દેવી દ્રૌપદી તથા એક પછી એક ક્રમશ: ચારેય ભાઈઓ દેહ ત્યાગ કરતાં ગયાં. તેમની પરવા કર્યા વિના યુધિષ્ઠિર આગળ વધતાં રહ્યાં. દેવરાજ ઈન્દ્ર રથ પર આરૂઢ થઈ તેમને લેવા આવ્યાં અને રથમાં બેસી જવા કહ્યું, યુધિષ્ઠિરે ભાઈઓ તથા પ્રાણપ્રિય દેવી દ્રૌપદીને છોડીને એકલા રથમાં બેસવાની વાત પહેલાં તો ન સ્વીકારી, પણ પછી ઈન્દ્રે ખાતરીપૂર્વક કહ્યું કે, 'તેઓ તમારી પહેલાં સ્વર્ગમાં પહોંચી ગયાં છે.' ત્યારે તેમણે રથમાં બેસવાની વાત માની. એ વખતે એક કૂતરો તેમની સાથે હતો, જે પહેલેથી જ તેમની સાથે ચાલી રહ્યો હતો. યુધિષ્ઠિરની ઈચ્છા એવી હતી કે કૂતરાને પણ રથમાં સાથે લઈ જવો. ઈન્દ્રએ તેમની એ વાતનો વિરોધ કર્યો ત્યારે તેમણે સ્પષ્ટ કહી દીધું કે, સ્વામીભક્ત કૂતરાને છોડીને હું એકલો સ્વર્ગમાં આવવા તૈયાર નથી. આ કૂતરો અન્ય કોઈ નહીં, પણ સ્વયં ધર્મરાજ યુધિષ્ઠિરની પરીક્ષા કરવા માટે સાથે થઈ ગયાં હતાં. યુધિષ્ઠિરની આ અનુપમ શરણાગત વત્સલતા જોઈને તેઓ પોતાનાં વાસ્તવિક સ્વરૂપે પ્રકટ થઈ ગયાં. યુધિષ્ઠિરને રથમાં બેસાડી ઈન્દ્ર આદિ અન્ય દેવતાઓ તથા દેવર્ષિઓ સ્વર્ગલોક તરફ ચાલ્યાં. એ વખતે દેવર્ષિ નારદે તેમની પ્રશંસા કરતાં કહ્યું કે, મહારાજ યુધિષ્ઠિરની પહેલાં આ રીતે બીજું કોઈ ભૌતિક શરીરે સ્વર્ગમાં ગયું હોય તેવું બન્યું નથી. એ વખતે તેમણે દેવરાજ ઈન્દ્રને કહ્યું કે, જ્યાં મારા નાના ભાઈઓ તથા દેવી દ્રૌપદી હોય, ત્યાં જ મને લઈ જાઓ. જ્યાં મારા ભાઈઓ ન હોય એવું સ્વર્ગ પણ મને શા કામનું, ધન્ય છે તેમનો બંધુપ્રેમ.

આગળ જતાં તેમને દેવરાજ ઈન્દ્રની માયાથી નરકનું દશ્ય દેખાયું. યુધિષ્ઠિરે છળથી દ્રોણાચાર્યને તેના પુત્રનાં મરણ બાબતની નરો વા કુંજરો વા જેવી માહિતી આપી હતી, તેના ફળ સ્વરૂપે આ નરકનું દશ્ય જોવું પડ્યું. ઈન્દ્રએ કહ્યું કે તમારા ભાઈઓ દિવ્યલોકમાં પહોંચી ગયાં છે. ત્યાર બાદ યુધિષ્ઠિર ભગવાનનાં પરમધામમાં ગયાં, જ્યાં તેમણે ભગવાન શ્રીકૃષ્ણનાં એ જ રૂપમાં દર્શન કર્યાં કે જે રૂપમાં પહેલાં તેમને મૃત્યુલોકમાં જોયાં હતાં. શ્રીકૃષ્ણની પરિચર્યા કરતા અર્જુનને પણ ત્યાં જોયા. અન્ય ભાઈઓ તથા દેવી દ્રૌપદીને અલગ અલગ સ્થાને બિરાજિત જોઈ અંતે તેઓ પોતાનાં પિતા ધર્મ સાથે એકરૂપ થઈ ગયાં. આ રીતે યુધિષ્ઠિરે ધર્મનાં બળ પર અલભ્ય ગતિ પ્રાપ્ત કરી. યુધિષ્ઠિરની પવિત્રતાનો એવો અદ્ભુત પ્રભાવ હતો કે તેઓ જ્યાં પણ જતાં ત્યાંનું વાતાવરણ પવિત્ર બની જતું. જે સમયે પાંડવો અજ્ઞાતવાસમાં રાજા વિરાટને ત્યાં હતાં તે સમયે કૌરવો તેમની ભાળ મેળવવા મથી રહ્યાં હતાં. પાંડવોનાં પ્રભાવને સારી રીતે જાણનાર ભીષ્મ પિતામહે કહ્યું હતું કે, રાજા યુધિષ્ઠિર જે નગરમાં રહેતા હશે, ત્યાંની પ્રજા પણ દાનશીલ, પ્રિયવાદિની, જિતેન્દ્રિય અને લજ્જાશીલ બની ગઈ હશે. તેઓ જ્યાં રહેતાં હશે ત્યાંનાં લોકો સંયમી, સત્યપરાયણ તથા ધર્મમાં તત્પર હશે. ત્યાંની ભૂમિ ધન ધાન્યથી પૂર્ણ તથા સર્વ પ્રકારનાં ભય અને ઉપદ્રવોથી રહિત હશે. આવા પુણ્ય શ્લોક મહારાજ યુધિષ્ઠિરનાં ચરિત્રનું જેટલું મનન કરીશું એટલા પવિત્ર થઈશું.




# વીરશ્રેષ્ઠ અર્જુન

અર્જુન સાક્ષાત્ નર ઋષિનાં અવતાર હતાં. તે ભગવાન શ્રીકૃષ્ણનાં પરમ ભક્ત, સખા તેમજ પ્રેમી હતાં. તેમને નિમિત્ત બનાવીને ભગવાન શ્રી કૃષ્ણએ મહાભારતનાં યુદ્ધમાં મોટા યોદ્ધાઓનો સંહાર કર્યો. ભગવાન શ્રીકૃષ્ણએ શ્રીમદ્ ભગવદ્ગીતાનાં વિશ્વરૂપ દર્શનનાં પ્રસંગમાં એ વાતનો સ્વીકાર કરતાં કહ્યું છે કે, આ બધા તારા શત્રુઓ મારા દ્વારા અગાઉથી જ મારી નાખવામાં આવ્યા છે, તારે તેઓનાં વધમાં નિમિત્ત માત્ર બનવાનું છે, અર્જુનની ભક્તિ અને મિત્રતાનો ભગવાને ગીતામાં 'भक्तोऽसि मे सखा चेति' તથા इष्टोऽसि मे दृढमिति વગેરે શબ્દોથી સ્વીકાર કર્યો છે. અર્જુનને સ્વયં ભગવાન પોતાનો ભક્ત અને પ્રિય માને છે. ગીતાનાં અંતમાં करिष्ये वचनं तव એમ કહીને અર્જુને પણ ભગવાનનાં યંત્ર બની રહેવાની ખાતરી આપી છે. ગીતાથી એ વાતનું પ્રમાણ મળે છે કે તે ભગવાનને પોતાનાં સખા માનતા હતાં. ભગવાન સાથે સમોવડિયાનો સંબંધ રાખતા હતાં. શ્રીકૃષ્ણ અને અર્જુન અનેક વાર જુદા જુદા સ્થળે મહિનાઓ સુધી સાથે રહ્યાં હતાં. બંનેનો પરસ્પર ખુલ્લો વ્યવહાર હતો, અભિન્ન હૃદયતા હતી. સંજયે ધૃતરાષ્ટ્રને પાંડવોનો સંદેશ સંભળાવતી વખતે બંને વચ્ચે કેવો પ્રેમ હતો તેનું વર્ણન કરેલ છે.

શ્રીકૃષ્ણને અર્જુન કેટલા વ્હાલા હતાં અને તે બંનેમાં કેવી અભિન્નતા હતી, તેના પ્રમાણો મહાભારતનાં કેટલાય પ્રસંગોમાં જોવા મળે છે. વનવાસ દરમિયાન અર્જુન જ્યારે તીર્થયાત્રા નિમિત્તે પ્રભાસ ક્ષેત્રમાં પહોંચે છે, ત્યારે તે સમાચાર મળતાં જ ભગવાન શ્રીકૃષ્ણ તેને મળવા માટે દ્વારકાથી પ્રભાસ ક્ષેત્રે જાય છે. પછી ત્યાંથી બંને દ્વારકા જાય છે અને દ્વારકામાં અર્જુન શ્રીકૃષ્ણનાં પ્રિય અતિથિ તરીકે તેમનાં જ મહેલમાં ઘણા દિવસો સુધી રહે છે. જ્યારે શ્રીકૃષ્ણને ખબર પડે છે કે અર્જુન તેમની બહેન સુભદ્રા સાથે વિવાહ કરવા ઈચ્છે છે, તો તેઓ તેને પૂછ્યાં વિના જ તે માટે અનુમતિ આપી દે છે. તેમજ તેનું હરણ કરીને લઈ જવાની યુક્તિ પણ બતાવે છે. એટલું જ નહીં, પોતાનો રથ અને હથિયારો પણ તેને સોંપી દે છે. સુભદ્રાનું હરણ થઈ ગયાં પછી જ્યારે બલરામજી તેનો વિરોધ કરે છે ત્યારે તેમને પણ સમજાવી લે છે. દ્વારકામાં સુભદ્રા અર્જુનનાં લગ્ન કરાવી આપે છે. ખાંડવવન દહન પ્રસંગમાં ભગવાન શ્રીકૃષ્ણ ઈન્દ્ર પાસે વરદાન માગે છે કે તેમની અર્જુન સાથેની મિત્રતા ઉત્તરોત્તર વધતી રહે. વનનાં ભયંકર અગ્નિ તાંડવમાંથી મયદાનવ ભાગી છૂટવાનો પ્રયાસ કરી રહ્યો હતો. અગ્નિદેવ મૂર્તિમાન બની તેને સળગાવી નાખવા પાછળ દોડી રહ્યાં હતાં. તેમની સહાયતા કરવા ભગવાન શ્રીકૃષ્ણ પોતાનું ચક્ર લઈ તેને મારવા તૈયાર હતાં. મયદાનવે પોતાનાં બચાવનો બીજો કોઈ ઉપાય ન જોતાં અર્જુનનું શરણ લીધું અને અર્જુને તેને અભયદાન આપી દીધું, ત્યારબાદ શ્રીકૃષ્ણએ પોતાનું ચક્ર પાછું ખેંચી લીધું અને અગ્નિદેવે પણ તેનો પીછો કરવાનું છોડી દીધું. મયદાનવનનાં પ્રાણ બચી ગયાં. આ ઉપકારનાં બદલામાં અર્જુનની કંઈક સેવા કરવાની ઈચ્છા વ્યક્ત કરી. અર્જુને કહ્યું, તું શ્રીકૃષ્ણની સેવા કર, એ જ મારી સેવા છે. મયદાનવ અત્યંત કુશળ શિલ્પી હતો. શ્રીકૃષ્ણએ તેની પાસે મહારાજ યુધિષ્ઠિર માટે એક ભવ્ય સભામંડપ તૈયાર કરાવ્યો. આ રીતે અર્જુન અને શ્રીકૃષ્ણ હંમેશા એકબીજાનું પ્રિય કરતાં હતાં. જે રીતે કૃષ્ણ અર્જુનને પ્રેમ કરતા, એ જ રીતે અર્જુન પણ શ્રીકૃષ્ણને પોતાનાં પરમ આત્મીય સમજતા હતાં. આથી તેણે ભગવાનની એક અબજ નારાયણી સેના લેવાને બદલે એકલા નિ:શસ્ત્ર શ્રીકૃષ્ણનું જ સહાયકનાં રૂપમાં વરણ કર્યું હતું. જ્યાં ભગવાન અને તેમના ઐશ્વર્ય વચ્ચે સ્પર્ધા થાય છે. ત્યાં સાચો ભક્ત ઐશ્વર્ય છોડીને ભગવાનનું જ વરણ કરે છે. શ્રીકૃષ્ણએ તેના પ્રેમને વશીભૂત થઈ યુદ્ધમાં તેનું સારથિપણું કરવાનું સ્વીકાર્યું. અર્જુને પોતાનાં જીવનરૂપી રથની લગામ પણ તેમના જ હાથમાં સોંપી કાયમ માટે નિશ્ચિંત થઈ ગયાં. અર્જુનનો વિજય અને રક્ષા બંને ચિંતા સર્વસમર્થ શ્રીકૃષ્ણ પર આવી પડી. આમ તો પાંડવોનો વિજય પ્રથમથી જ નિશ્ચિત હતો, કારણ કે તેમનાં પક્ષે ધર્મ હતો. જ્યાં ધર્મ ત્યાં શ્રીકૃષ્ણ અને જ્યાં શ્રીકૃષણ ત્યાં વિજય નિશ્ચિત છે. યુદ્ધનાં પ્રારંભમાં શત્રુઓને પરાજિત કરવા માટે અર્જુન પાસે રણચંડીનું આવાહન અને સ્તવન કરાવ્યાં. પ્રત્યક્ષ સાક્ષાત્કાર કરાવી વિજય માટે દેવીનાં આશીર્વાદ પ્રાપ્ત કરાવવા, ભગવદ્ગીતાનો ઉપદેશ તથા વિશ્વરૂપ દર્શન દ્વારા મોહનું નિવારણ કરવું, યુદ્ધમાં શસ્ત્ર ધારણ નહીં કરવાની પોતાની પ્રતિજ્ઞાની પરવા કર્યા વિના ભીષ્મની પ્રચંડ બાણ વર્ષાને રોકવામાં અસમર્થ એવા અર્જુનનાં પ્રાણોની રક્ષા માટે એક વાર ચક્ર અને બીજી વાર ચાબુક લઈને ભીષ્મ સામે દોડી જવું, ભગદત્ત દ્વારા છોડવામાં આવેલ સર્વસંહારક વૈષ્ણવાસ્ત્રને પોતાની છાતી પર ઝીલી લેવું, રથને પગથી દબાવીને કર્ણ દ્વારા છોડવામાં આવેલ સર્પમુખી બાણથી અર્જુનની રક્ષા કરવી તથા ભયંકર અસ્ત્રોથી



સળગી ગયેલ અર્જુનનાં રથને પોતાનાં સંકલ્પ દ્વારા ટકાવી રાખવો વગેરે લીલાઓ શ્રીકૃષ્ણએ અર્જુનની રક્ષા માટે કરી.

વૃદ્ધ ભીષ્મને પાંડવો સાથે લડતા નવ દિવસ થઇ ગયાં હતાં, છતાંય તેમનાં પરાક્રમમાં કોઇ શિથિલતાં દેખાતી ન હતી. દરરોજ તેઓ પાંડવ પક્ષનાં હજારો વીરોનાં સંહાર કરી રહ્યાં હતાં. તેમના ંપર વિજય મેળવવાનો કોઇ રસ્તો પાંડવોને સૂઝતો ન હતો. મહારાજ યુધિષ્ઠિરે અત્યંત કરુણાભર્યા શબ્દોથી આ સમગ્ર પરિસ્થિતિ પોતાની નૌકાનાં કર્ણધાર શ્રીકૃષ્ણ સમક્ષ રજૂ કરી. તેમને સાંત્વન આપતા ભગવાને જે કંઇ કહ્યું તેમાં તેમનો અર્જુન પ્રત્યેનો અસાધારણ પ્રેમ પ્રકટ થાય છે. અર્જુન વિશે તેમની કેવી ઊંચી ધારણા હતી તે જોવા મળે છે. શ્રીકૃષ્ણ બોલ્યાં, 'ધર્મરાજ' આપ બિલકુલ ચિંતા ન કરો. ભીષ્મનાં માર્યા જવામાં જો તમને વિજય દેખાતો હોય, તો હું એકલો જ તેમને મારી શકું છું. તમારો ભાઇ અર્જુન મારા સખા, સંબંધી તથા શિષ્ય છે. જરૂર પડે હું તેને માટે મારા પ્રાણ આપી શકું છું. અર્જુને ઉપપ્લવ્યમાં સૌની સમક્ષ ભીષ્મને મારવાની પ્રતિજ્ઞા કરી હતી. તેની પ્રતિજ્ઞાનું મારે બધી રીતે રક્ષણ કરવાનું છે. રાજન્ અર્જુન તૈયાર થઇ જાય તો ગમે તેવું અસંભવ કાર્ય પણ કરી શકે તેમ છે. દૈત્ય અને દાનવો સહિત સઘળા દેવતાઓ પણ યુદ્ધ કરવા સામે આવી જાય તો એકલો અર્જુન તે સૌને પરાસ્ત કરી શકે તેવો છે.

પુત્રશોકથી વ્યથિત અર્જુન અભિમન્યુનાં મૃત્યુનું મુખ્ય કારણ જયદ્રથને સમજી, બીજા દિવસનાં સૂર્યાસ્ત પહેલાં જયદ્રથને મારી નાંખવાની પ્રતિજ્ઞા કરી બેસે છે. 'જો એમ નહીં' કરી શકું તો હું પોતે ચિતા ખડકીને બળી મરીશ. એ વચન અનુસાર અર્જુનની એ પ્રતિજ્ઞા પૂરી કરવાનો ભાર શ્રીકૃષ્ણ પર આવી પડ્યો. અર્જુન તેમનાં ભરોસે નિશ્ચિત હતાં. આ તરફ કૌરવો દ્વારા જયદ્રથને બચાવવાનાં સઘળા પ્રયાસો થઇ રહ્યાં હતાં. એ દિવસે શ્રીકૃષ્ણ અડધી રાતે જાગી ઊઠ્યાં અને સારથિ દારૂકને બોલાવી કહેવા લાગ્યાં, દારૂક, મારા માટે અર્જુનથી વધુ પ્રિય સ્ત્રી, મિત્ર, બંધુ કે બાંધવ કોઇ નથી. આ સંસારમાં અર્જુન વિના એક ક્ષણ પણ હું રહી શકતો નથી. આખી દુનિયાને એ વાતની પ્રતીતિ થઇ જશે કે હું અર્જુનનો મિત્ર છું. જે તેનો દ્વેષ કરે છે તે મારો દ્વેષી છે અને જે તેને અનુકૂળ વર્તે છે તે મને અનુકૂળ છે. તું એ વાત નિશ્ચયપૂર્વક સમજી લે કે અર્જુન તો મારું અડધું અંગ છે. ભક્તવત્સલ ભગવાન જેને માટે આટલા ઉદ્યત હોય તેના વિજયમાં શું સંદેહ હોઇ શકે. બીજા દિવસે શ્રીકૃષ્ણ દ્વારા બતાવવામાં આવેલ યુક્તિથી જયદ્રથનો વધ કરી અર્જુને પોતાની પ્રતિજ્ઞા પૂરી કરી અને જગતે જોયું કે શ્રીકૃષ્ણની કૃપાથી અર્જુનનો વાળ પણ વાંકો ન થયો.

કર્ણ અર્જુન સામે પ્રારંભથી જ ઈર્ષ્યાભાવ ધરાવતો હતો. બંને એકબીજાનાં વિરોધી હતાં. ભીષ્મનાં ઢળી પડ્યાં પછી ભગવાન શ્રીકૃષ્ણને અર્જુન માટે સૌથી વધુ ખતરો કર્ણનો જ દેખાતો હતો. કર્ણની પાસે ઈન્દ્રની આપેલી એક અમોઘ શક્તિ હતી, જે તેણે અર્જુનને મારવા માટે રાખી મૂકી હતી. આ શક્તિનાં આધારે તે અર્જુનને મરેલો સમજતો હતો, પણ તેનો ઉપયોગ માત્ર એક વખત થઇ શકે તેમ હતો. કર્ણની શક્તિ હીન કરી નાખવા માટે ભગવાનને તેનો મુકાબલો ભીમસેનનાં વીર પુત્ર ઘટોત્કચ સાથે કરાવ્યો. ઘટોત્કચે એવું અદ્‌ભુત પરાક્રમ બતાવ્યું કે કર્ણ માટે જીવ બચાવવાની નોબત આવી ગઇ. તે ઘટોત્કચનાં પ્રહારોને સહન ન કરી શક્યો અને ઈલાજ ન થતાં તેણે ઈન્દ્ર દત્ત શક્તિ ઘટોત્કચ પર છોડી અને તેને પૂરો કરી દીધો. ઘટોત્કચનાં મરણથી પાંડવોની છાવણીમાં શોક છવાઇ ગયો. સૌની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. આ ઘટનાથી શ્રીકૃષ્ણ અત્યંત પ્રસન્ન થયાં. તેઓ હર્ષથી ઝૂમીને નાચવાં લાગ્યાં. તેમણે અર્જુનને ગળે લગાવી તેની પીઠ થાબડી વારંવાર હર્ષનાદ કર્યો. અર્જુને કસમયે આ પ્રકારનો આનંદ મનાવવાનું રહસ્ય પૂછ્યું, કારણ કે તે જાણતા હતાં કે ભગવાનની કોઇ ક્રિયા અકારણ નથી હોતી. જવાબમાં ભગવાને જે કહ્યું તેમાં તેમનો અર્જુન પ્રત્યેનો અગાધ પ્રેમ જોઇ શકાય છે. તેમણે કહ્યું, અર્જુન આજે મારા માટે ખૂબ જ આનંદનો અવસર છે. કારણ જાણવું છે ? સાંભળ તું એમ સમજે છે કે કર્ણે ઘટોત્કચને માર્યો છે, પરંતુ હું કહું છું કે ઈન્દ્રની આપેલી શક્તિને નિષ્ફળ બનાવી ઘટોત્કચે કર્ણને મારી નાખ્યો છે હવે તું કર્ણને મર્યા બરાબર સમજ. કર્ણનાં હાથમાં જ્યાં સુધી એ શક્તિ હતી, ત્યાં સુધી કોઇની તાકાત ન હતી કે તેની સામે ટકી શકે. "ભગવાને એમ પણ કહ્યું કે, 'મેં તારા હિત માટે પહેલેથી જરાસંઘ અને શિશુપાલ પૂરા કરાવ્યાં છે. એ લોકોને અગાઉથી મારી નાખવામાં ન આવ્યાં હોત તો અત્યંત ભયંકર પરિસ્થિતિ પેદા થાત. દેવદ્રોહીઓનો નાશ કરવા માટે જ મારો અવતાર છે." અર્જુન માટે એ શક્તિ મૃત્યુરૂપ છે એમ વિચારતા મને રાત્રે ઊંઘ પણ આવતી ન હતી. આજે એ શક્તિ ઘટોત્કચ પર વપરાઈ

ગઈ એ જોઈ હું સમજુ છું કે અર્જુન મોતનાં મુખમાંથી ઊગરી ગયો. તેથી મેં ગઈ રાતે ઘટોત્કચને કર્ણ સામે લડવા મોકલ્યો હતો. તેના સિવાય બીજું કોઈ કર્ણને દબાવી શકે તેમ ન હતું. ભગવાનનાં આવા વાક્યોથી સ્પષ્ટ થઈ જાય છે કે અર્જુન ભગવાનને અત્યંત પ્રિય હતાં. આવા ભક્તવત્સલ ભગવાનનું શરણ છોડી જે બીજા લૌકિક આધારો શોધતા ફરે છે, તેના જેવું મૂર્ખ કોણ હોય ? દ્રોણાચાર્યનાં વધથી ઉશ્કેરાઈ જઈ વીર અશ્વત્થામાએ પાંડવો પર આગ્નેયાસ્ત્રનો પ્રયોગ કર્યો. આકાશમાંથી અગ્નિ વરસાવતાં બાણોની વર્ષા થવા લાગી અને સેનામાં ચારે તરફ આગ ફેલાઈ ગઈ. એ વખતે અર્જુન એકલો જ અક્ષૌહિણી સેના લઈ અશ્વત્થામાનો સામનો કરી રહ્યો હતો. આગ્નેયાસ્ત્રનાં પ્રહારથી તેની સેના સળગવા લાગી. પરંતુ શ્રીકૃષ્ણ અને અર્જુનનાં શરીરને કોઈ આંચ ન આવી. એ વખતે આ બંને મહાપુરુષોને પોતાનાં અસ્ત્રનાં પ્રભાવથી મુક્ત જોઈ અશ્વત્થામા નવાઈ પામ્યો અને ચિંતિત થઈ ગયો. તે પોતાનું ધનુષ્ય ફેંકી દઈ રથમાંથી કૂદી પડ્યો અને 'ધિક્કાર છે, ધિક્કાર છે.' એમ કહેતો રણભૂમિમાંથી ભાગ્યો. એટલામાં તેને વ્યાસજી સામે મળ્યાં. અશ્વત્થામાએ તેમને પ્રણામ કર્યા અને સર્વસંહારક અસ્ત્રનો શ્રીકૃષ્ણ અને અર્જુન પર કંઈ જ પ્રભાવ ન પડવાનું કારણ પૂછ્યું. ત્યારે વ્યાસજીએ તેને કહ્યું, 'શ્રીકૃષ્ણ નારાયણ ઋષિનાં અને અર્જુન નર ઋષિનાં અવતાર છે. એ બંને ઋષિ જગતમાં ધર્મનાં રક્ષણ માટે પ્રત્યેક યુગમાં અવતાર ધારણ કરે છે.' વ્યાસજીની આ વાત સાંભળી અશ્વત્થામાની શંકા દૂર થઈ ગઈ. વ્યાસજીનાં આ શબ્દોથી શ્રીકૃષ્ણ અને અર્જુનની અભિન્નતા પણ સિદ્ધ થાય છે.

અર્જુન ભગવાન શ્રીકૃષ્ણનો કૃપાપાત્ર હતો, તેમજ ભગવાન શંકરની પણ તેના પર ઘણી કૃપા હતી. યુદ્ધમાં શત્રુસેનાનો સંહાર કરતી વખતે તેને દેખાતું કે એક અગ્નિ સમાન તેજસ્વી મહાપુરુષ તેની આગળ ચાલી રહ્યાં છે અને તેઓ શત્રુઓનો નાશ કરી રહ્યાં હતાં, પરંતુ લોકોને લાગે છે કે આ અર્જુનનું કાર્ય છે. એ સૂર્યસમાન તેજસ્વી પુરુષે હાથમાં ત્રિશુળ ધારણ કરેલું હતું. આ બાબતમાં મહર્ષિ વેદવ્યાસજીએ અર્જુનને સમજાવેલ કે એ બીજું કોઈ નહીં પણ સાક્ષાત્ ભગવાન સદાશિવ હતાં. જેનાં પર શ્રીકૃષ્ણની કૃપા હોય તેના પર સૌ કોઈ કૃપા કરે છે.

जा पर कृपा राम कै होई । ता पर कृपा करहिं सब कोई ।।

ભગવાનનાં પરમ ભક્ત અને કૃપાપાત્ર હોવા ઉપરાંત અર્જુનમાં બીજા ઘણાં ગુણો હતાં. તેઓ અત્યંત ધીર, વીર, ઈન્દ્રિય વિજયી, દયાળુ, કોમળ સ્વભાવનાં અને સત્યપ્રતિજ્ઞ હતાં. દૈવી ગુણો તો તેમનામાં જન્મથી જ મોજૂદ હતાં. એ વાતનો ઉલ્લેખ સ્વયં ભગવાને ગીતામાં કરેલ છે. અર્જુનનાં જન્મ સમયે આકાશવાણીએ તેની માતાને સંબોધન કરતાં કહેલ કે, કુન્તી આ બાળક ભગવાન શંકર સમાન પરાક્રમી અને ઈન્દ્રસમાન અજેય થઈ તમારો યશ વધારશે. જેમ વિષ્ણુએ પોતાની માતા અદિતિને પ્રસન્ન કર્યા હતાં તેમ આ તમને પ્રસન્ન કરશે." આ આકાશવાણી એ વખતે માત્ર કુન્તીએ જ નહીં પણ ત્યાં ઉપસ્થિત સૌ લોકોએ સાંભળી હતી. ત્યારે ઋષિ મુનિઓ, દેવતાઓ તેમજ સમસ્ત પ્રાણીઓ ખૂબ જ પ્રસન્ન થયાં હતાં. આકાશમાં નગારાં વાગ્યાં અને પુષ્પવર્ષા થઈ. આ રીતે તેના જન્મથી જ અલૌકિકતા પ્રગટ થવા લાગી હતી. જ્યારે તેઓ મોટા થયાં ત્યારે ભાઈઓ તથા દુર્યોધન આદિ ધૃતરાષ્ટ્ર પુત્રોની સાથે તેની શિક્ષા દીક્ષાની જવાબદારી પહેલાં કૃપાચાર્ય અને પછી દ્રોણાચાર્યને સોંપવામાં આવી હતી. સૂતપુત્રનાં નામથી ઓળખાતો કર્ણ તે સૌની સાથે જ શિક્ષણ મેળવતો હતો. દ્રોણાચાર્યનાં સઘળા શિષ્યોમાં અભ્યાસ, બાહુબળ અને મહેનતની દૃષ્ટિએ તથા સમસ્ત શસ્ત્રોનાં પ્રયોગ, સ્ફુર્તિ અને સ્વચ્છતા આદિમાં અર્જુન સૌથી મોખરે રહેતાં. તેઓ ગુરુજીની સેવા પણ ખૂબ કરતાં હતાં. તેની સેવા, લગન અને બુદ્ધિચાતુર્યથી પ્રસન્ન થઈ એક દિવસ દ્રોણાચાર્યએ તેને કહેલ કે, બેટા હું એવો પ્રયત્ન કરીશ કે સંસારમાં તારા જેવો ધનુર્ધર બીજો કોઈ ન થાય.' દ્રોણાચાર્ય જેવા સિદ્ધ ગુરુની આ પ્રતિજ્ઞા શું ક્યારેય ખોટી પડે ? અર્જુન વાસ્તવમાં વિશ્વનાં અદ્વિતીય ધનુર્ધર સિદ્ધ થયાં. જ્યારે પાંડવ તથા કૌરવ રાજકુમારોએ અસ્ત્રવિદ્યાનો અભ્યાસ પૂર્ણ કર્યો અને ગુરુદક્ષિણા આપવાનો સમય આવ્યો, ત્યારે ગુરુ દ્રોણાચાર્યએ પોતાનાં સૌ શિષ્યોને કહ્યું, તમે પાંચાલ નરેશ દ્રુપદને યુદ્ધમાં પકડીને મારી પાસે લાવી આપો, એ જ મારી ગુરુદક્ષિણા ગણાશે.'

સૌએ પ્રસન્નતાપૂર્વક ગુરુદેવની આજ્ઞા માથે ચડાવી અને અસ્ત્ર શસ્ત્રથી સુસજ્જિત થઈ રથ પર સવાર થઈને દ્રુપદનાં નગર પર ચડાઈ કરી. પાંચાલ નરેશે પોતાનાં ભાઈઓ સાથે મળી તે સૌનો સામનો કર્યો. પહેલાં તો એકલા કૌરવોએ તેના પર હુમલો કર્યો, પરંતુ પાંચાલરાજથી હારીને તેમને પીછેહઠ કરવી પડી. અંતે ભીમ, નકુળ તથા સહદેવને સાથે લઈ અર્જુને રાજા દ્રુપદ પર આક્રમણ કર્યું. અર્જુને દ્રુપદને હરાવી દ્રોણાચાર્ય સમક્ષ રજૂ કર્યા. આ પ્રસંગથી અર્જુનનાં પરાક્રમની પ્રશંસા સર્વત્ર ફેલાઈ ગઈ.

દ્રૌપદીનાં સ્વયંવરનાં સમાચાર જાણી પાંડવો દ્રુપદનગરી તરફ જઈ રહ્યાં હતાં. રસ્તામાં તેઓને ગંધર્વો સાથે લડાઈ થઈ. અર્જુને પોતાનાં અસ્ત્ર કૌશલ્યથી ગંધર્વોનાં છક્કા છોડાવી દીધાં. તેમનાં રાજા ચિત્રરથને પકડી લીધો. અંતે બંને વચ્ચે મિત્રતા થઈ. દ્રૌપદીનાં સ્વયંવરમાં એકઠા થયેલા રાજાઓમાંથી કોઈ જે ન કરી શક્યું તે કામ અર્જુને કરી બતાવ્યું. દુર્યોધન, શાલ્વ, જરાસંધ અને શલ્ય આદિ અનેક મહાબળવાન રાજાઓ અને રાજકુમારોએ ત્યાં રાખવામાં આવેલ ધનુષ્ય ઉઠાવવાની ચેષ્ટા કરી, પરંતુ સૌ નિષ્ફળ ગયાં. અર્જુને લક્ષ્યનું વેધન પણ કરી બતાવ્યું.એ વખતે અર્જુન બ્રાહ્મણનાં વેશમાં હતાં. તેથી તેને બ્રાહ્મણ સમજી બધાં રાજાઓ સાથે મળી તેનો પરાભવ કરવા તૈયાર થયાં, પરંતુ તેઓ અર્જુન તથા ભીમનો વાળ પણ વાંકો ન કરી શક્યાં. એ વખતે અર્જુન તથા કર્ણ વચ્ચે બાણયુદ્ધ અને ભીમ તથા શલ્ય વચ્ચે ગદાયુદ્ધ થયું હતું. અર્જુન તથા ભીમ સામે તેમનાં પ્રતિદ્વંદ્વીઓને શરમાવા જેવું થયું હતું. ખાંડવવન દહન વખતે પણ અર્જુને અદ્ભુત પરાક્રમ દાખવ્યું હતું. અગ્નિદેવતાએ શ્રીકૃષ્ણ તથા અર્જુનની મદદથી ખાંડવવન બાળવાનો પ્રારંભ કર્યો, ત્યારે તેની ગરમીથી બધા દેવતાઓ ત્રસ્ત થઈ દેવરાજ ઈન્દ્રની પાસે ગયાં. ત્યારે ઈન્દ્રની આજ્ઞાથી વરુણ દેવ મૂશળધાર વરસવા લાગ્યાં. અર્જુને પોતાની ધનુર્વિદ્યાની તાકાતથી મેઘધારાઓને આકાશમાં જ રોકી દીધી. ઈન્દ્રએ શ્રીકૃષ્ણ અને અર્જુન સાથે મળી પોતાના ચક્ર અને બાણોથી દેવતાઓની આખી સેનાને વેરવિખેર કરી નાખી. ભગવાને તેના જવાબમાં તીક્ષ્ણ અસ્ત્રો છોડ્યાં. બંને વચ્ચે ઘમસાણ યુદ્ધ થયું. ભગવાન શ્રીકૃષ્ણએ પોતાનું કાલસ્વરૂપ પ્રગટ કરી દીધું હતું. દેવતા અને દાનવો સૌ તેનું પૌરુષ્ય જોઈને દંગ થઈ ગયાં. અંતે ઈન્દ્રને સંબોધન કરતી આકાશવાણી થઈ કે, 'તમે કોઈ પણ રીતે અર્જુન તથા શ્રીકૃષ્ણને યુદ્ધમાં જીતી શકશો નહીં. તેઓ સાક્ષાત્ નરનારાયણ છે. તેમની શક્તિ અને પરાક્રમ અસીમ છે. તેઓ કોઈથી જીતી શકાય તેવા નથી. તમે દેવતાઓને લઈને અહીંથી ભાગી જાઓ, એમાં જ તમારી શોભા છે. આકાશવાણી સાંભળી દેવરાજ ઈન્દ્ર પોતાની સેના સાથે પાછા જતાં રહ્યાં અને અગ્નિએ વિશાળ વનને ભસ્મ કરી નાખ્યું. અર્જુનની સેવાથી પ્રસન્ન થઈ અગ્નિદેવે તેને દિવ્ય અસ્ત્રો આપ્યાં. ઈન્દ્રએ પણ તેના અસ્ત્ર કૌશલ્યથી પ્રસન્ન થઈ સમય આવ્યે તેને શસ્ત્રો આપવાની જાહેરાત કરી તથા અગ્નિની વિનંતીથી વરુણદેવે તેને અક્ષય ભાથો, ગાંડીવ ધનુષ્ય અને કપિ ચિહ્નયુક્ત ધજાથી શોભતો દિવ્ય રથ યુદ્ધ પહેલાં જ આપી દીધો હતો.

પાંડવો જ્યારે વનમાં વિચરી રહ્યાં હતાં, ત્યારે મહર્ષિ વેદવ્યાસજી તેમની પાસે આવ્યાં અને યુધિષ્ઠિરને એકાંતમાં લઈ જઈ સમજાવ્યાં કે, "અર્જુન નારાયણનાં સહચર મહાતપસ્વી નર છે. તે અચ્યુત સ્વરૂપ છે, તેથી તેને યુદ્ધમાં કોઈ જીતી શકે તેમ નથી. તે પોતાની તપસ્યા અને પરાક્રમ દ્વારા દેવતાઓનાં દર્શનની યોગ્યતા પણ ધરાવે છે, તેથી તેને અસ્ત્રવિદ્યા પ્રાપ્ત કરવા માટે ભગવાન શંકર, દેવરાજ ઈન્દ્ર, વરુણ, કુબેર તેમજ ધર્મરાજ પાસે મોકલો. તે સૌ પાસેથી અસ્ત્રો મેળવી એ મહાન પરાક્રમ કરી બતાવશે અને તમારું ગુમાવેલું રાજ્ય પાછું મેળવી આપશે." યુધિષ્ઠિરે વેદવ્યાસજીની એ આજ્ઞા શિરોમાન્ય કરી એ મહર્ષિ દ્વારા જ આપવામાં આવેલ મંત્રવિદ્યા વડે

અર્જુનને ઈન્દ્રનાં દર્શન માટે ઈન્દ્રકીલ પર્વત પર મોકલ્યાં. ત્યાં પહોંચી તેણે એક તપસ્વીનાં વેશમાં ઈન્દ્રનાં દર્શન કર્યાં. ઈન્દ્રએ તેને સ્વર્ગનાં ભોગો અને ઐશ્વર્યનું પ્રલોભન આપ્યું, પરંતુ તેણે એ બધું છોડી તેમની પાસે અસ્ત્રવિદ્યા શીખવાનો જ આગ્રહ રાખ્યો. ઈન્દ્રએ કહ્યું, "પહેલાં તમે તપ કરી ભગવાન શંકરનાં દર્શન કરો. તેમના દર્શનથી સિદ્ધ થઈ સ્વર્ગમાં આવજો, ત્યાં હું તમને અનેક દિવ્ય શસ્ત્રો આપીશ." અર્જુન મનસ્વી હતાં. તેઓ તરત ઉગ્ર તપ કરવા લાગ્યાં. તેમના તપથી પ્રસન્ન થઈ ભગવાન શંકર ભીલનાં રૂપમાં પ્રકટ થયાં. એક જંગલી સૂવર માટે બંને વચ્ચે વિવાદ ઊભો થયો અને તેમાંથી યુદ્ધ છેડાઈ ગયું. અર્જુનનાં અસ્ત્ર કૌશલ્યથી ભોળાનાથ પ્રભાવિત થયાં અને બોલ્યા, "અર્જુન! તારા અદ્‌ભુત શૌર્યથી હું પ્રસન્ન છું. તારા સમાન વીર ક્ષત્રિય બીજો કોઈ નથી. તું તેજ અને બળમાં મારા સમાન છે. તું સનાતન ઋષિનો જ અવતાર છે. હું તને દિવ્ય જ્ઞાન આપું છું. તું દેવતાઓને પણ જીતી શકીશ." આટલું કહી ભગવાન શંકરે અર્જુનને પાર્વતી સહિત પોતાના દિવ્ય અસલી સ્વરૂપનાં દર્શન કરાવી, વિધિપૂર્વક શિક્ષા આપી. આ રીતે દેવાધિદેવ મહાદેવજીની કૃપા પ્રાપ્ત કરી, તે સ્વર્ગમાં જવાનું વિચારી રહ્યાં હતાં એટલામાં જ ત્યાં વરુણ, કુબેર, યમ તથા ઈન્દ્ર એ ચારેય લોકપાલો પ્રકટ થયાં. યમ વરુણ તથા કુબેરે અનુક્રમે દંડ, પાશ તથા અંતર્ધાન નામનાં અસ્ત્રો આપ્યાં અને ઈન્દ્ર તે સ્વર્ગમાં આવશે ત્યારે અસ્ત્ર આપીશ એમ વચન આપતા ગયાં. ત્યાર બાદ ઈન્દ્રનાં મોકલાવેલા રથમાં બેસી અર્જુન સ્વર્ગમાં જાય છે. ત્યાં પાંચ વર્ષ સુધી દિવ્ય અસ્ત્ર વિદ્યા શીખે છે. ઈન્દ્ર પાસેથી અસ્ત્રવિદ્યા મેળવી અર્જુન સર્વ પ્રકારનાં અસ્ત્રો ચલાવવામાં નિષ્ણાત થઈ ગયાં, ત્યારે દેવરાજે તેને નિવાતકવચ નામના દાનવોનો વિનાશ કરવાનું કહ્યું. દાનવો સમુદ્રની અંદર આવેલા એક દુર્ગમ સ્થાનમાં રહેતા હતાં. કહેવાય છે કે તેઓની સંખ્યા ત્રણ કરોડ હતી. દેવતાઓ પણ તેઓને જીતી શકે તેમ ન હતાં. અર્જુને સમુદ્રમાં પ્રવેશી એકલાએ જ તે સર્વનો નાશ કરી નાખ્યો. નિવાતકવચોને મારીને પાછા ફરતી વખતે તેણે કાવિકેય અને પૌલોમ નામના અતિભયંકર દૈત્યો સાથે યુદ્ધ થયું, તે બંનેને પણ પૂરા કરી દીધાં. આ રીતે ઈન્દ્રનું પ્રિય કાર્ય પુરું કરીને તથા થોડા દિવસ ઈન્દ્રપુરીમાં રહીને અર્જુન પોતાના ભાઈઓ પાસે પાછા આવી ગયાં.

સ્વર્ગમાંથી આવીને એક વર્ષનાં અજ્ઞાતવાસ દરમિયાન વિરાટનગરમાં પણ અર્જુને અદ્‌ભુત પરાક્રમ કરી બતાવ્યું. વનમાં તેણે દુર્યોધન આદિને છોડાવવા માટે ગંધર્વો સાથે યુદ્ધ કરેલું, જેનો ઉલ્લેખ યુધિષ્ઠિરનાં પ્રસંગમાં આવે છે. વનવાસનાં બાર વર્ષ પૂરા થઈ ગયાં ત્યારે પાંડવો એક વર્ષનાં અજ્ઞાતવાસની શરત પૂરી કરવા વિરાટને ત્યાં રહેવા લાગ્યાં. તે વખતે તેમની ભાળ મેળવવા માટે દુર્યોધને વિરાટનગર પર ચડાઈ કરી. ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, કર્ણ, અશ્વત્થામા વગેરે મુખ્ય વીર યોદ્ધાઓ તેમાં સામેલ હતાં. તે બધા સાથે મળી વિરાટ નરેશની સાઠ હજાર ગાયોનું હરણ કરી ગયાં. વિરાટકુમાર ઉત્તર તે ગાયોને છોડાવવા પાછળ ગયો. તે વખતે તેના સારથિ તરીકે બૃહન્નલાનાં રૂપમાં અર્જુન જોડાયા હતાં. કૌરવોની વિશાળ સેનાને જોઈ ઉત્તર ગભરાઈ ગયો અને રથમાંથી ઊતરીને ભાગવા લાગ્યો. બૃહન્નલાએ તેને પકડીને પાછો વાળ્યો અને સમજાવ્યો. ઉત્તરને સારથિ બનાવી, અર્જુન પોતે યુદ્ધ કરવા લાગ્યાં. તેણે એક પછી એક ક્રમશઃ કર્ણ, કૃપા, દ્રોણ, અશ્વત્થામા અને દુર્યોધનને પરાજિત કર્યા અને પિતામહ ભીષ્મને મૂર્છિત કરી દીધાં. થોડી વાર પછી એ સૌ મહારથીઓ સચેત થઈ, ચારે બાજુથી ઘેરો ઘાલ્યો અને એકીસાથે અર્જુન પર તૂટી પડ્યાં, પરંતુ અર્જુને પોતાના ગાંડીવમાંથી બાણોની ઝડી વરસાવીને સૌને મહાત કર્યા. અંતે તેણે સમ્મોહન નામના અસ્ત્રનો પ્રયોગ કર્યો, જેથી બધાં કૌરવ વીરો બેહોશ થઈ ગયાં, તે સૌના હાથમાંથી શસ્ત્રો પડી ગયાં. એ વખતે અર્જુન સૌનો સહેલાઈથી વધ કરી શકે તેમ હતાં, છતાં તેમણે એમ ન કર્યું. ભાનમાં આવ્યાં પછી કૌરવોએ ભીષ્મની સલાહ અનુસાર ગાયોને છોડીને ભાગી જવાનું જ શ્રેયસ્કર માન્યું. અર્જુન વિજય ઘોષ કરતા નગરમાં પાછા ફર્યા, આ રીતે તેણે વિરાટની ગાયો અને માનમર્યાદાની પણ રક્ષા કરી. પોતાના આશ્રયદાતાનું ઋણ અનેકગણું ચૂકવી આપ્યું.

મહાભારતનાં યુદ્ધમાં અર્જુનની ભૂમિકા મુખ્ય હતી. પાંડવોની સેનાનાં સેનાપતિ તેઓ જ હતાં. ભગવાન શ્રીકૃષ્ણએ તેનું સારથિપણું સ્વીકાર્યું હતું. ભીષ્મ, કર્ણ, અશ્વત્થામા આદિ દુર્જેય યોદ્ધાઓ સામે ટક્કર ઝીલવી એ અર્જુનનું જ ગજું હતું. તે સૌ યોદ્ધાઓ અર્જુનો મુકાબલો કરવાનું અઘરું સમજતા હતાં. જયદ્રથ વધનાં દિવસે અર્જુને જે અદ્‌ભુત પરાક્રમ અને રણકૌશલ્ય બતાવ્યું તે બીજું કોઈ ન બતાવી શકે. તેની ભયંકર પ્રતિજ્ઞા સાંભળીને કૌરવોએ જયદ્રથને સમગ્ર સેનાની પાછળ સુરક્ષિત રાખ્યો હતો. અર્જુન અનેક અક્ષૌહિણી સેનાની વચ્ચેથી રસ્તો કાપી, અત્યંત કુશળતા અને ઉત્સાહપૂર્વક પોતાના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યાં હતાં. શત્રુઓનાં હજારો વીરો અને હાથી ઘોડા તેમનાં અમોઘ બાણોનાં શિકાર થઈ ચૂક્યા હતાં. તેના ઘોડાઓ પણ બાણો વાગવાથી વ્યથિત થઈ રહ્યાં હતાં. તેઓને ભૂખ તરસ પણ સતાવી રહી હતી. એ વખતે અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું, "આપ ઘોડાઓને રથમાંથી છોડીને તેને વાગેલાં બાણો" ખેંચી કાઢો. હું ત્યાં સુધી કૌરવોની આખી સેનાને રોકી રાખીશ." આટલું કહી અર્જુન રથમાંથી નીચે ઊતરી. અત્યંત સાવધાનીપૂર્વક ધનુષ્ય ખેંચી, અવિચલ ભાવથી ઊભા રહ્યાં. એ વખતે તેમને પરાજિત કરવાની સારી તક જોઈ શત્રુસેનાનાં સઘળા યોદ્ધાઓએ એકીસાથે મળી તેમને ઘેરી લીધાં. વિવિધ પ્રકારનાં અસ્ત્ર શસ્ત્રોથી તેમને ઢાંકી દીધાં. વીર અર્જુને ધનુર્વિદ્યાથી દુશ્મનોને આચ્છાદિત કરી દીધાં. આ બાજુ શ્રીકૃષ્ણએ અર્જુનને કહ્યું કે, "ઘોડાઓ તરસથી ખૂબ વ્યાકુળ થઈ રહ્યાં છે, નજીકમાં કોઈ જળાશય નથી." અર્જુને તરત એક તીક્ષ્ણ બાણ કાઢી, મંત્રથી અભિમંત્રિત કરી, પૃથ્વીમાં માર્યું, કે તરત ત્યાં પાણીનો ધોધ વહેવા લાગ્યો અને એક સુંદર સરોવર બની ગયું. અર્જુને એ સરોવર તીરે બાણો દ્વારા એક ઘર પણ બનાવી આપ્યું. અર્જુનનું આ અદભુત પરાક્રમ જોઈ સૌ સૈનિકો આશ્ચર્યચકિત બની ગયાં. શ્રીકૃષ્ણએ અત્યંત ચપળતાપૂર્વક ઘોડાનાં બાણો ખેંચી કાઢી તેમને નવડાવી, માલિશ કરી, પાણી પિવડાવ્યું, ઘાસ ખવડાવ્યું, થોડા જમીન પર આળોટાવ્યાં અને પાછા રથમાં જોડી દીધાં. અર્જુન જ્યારે જયદ્રથની લગોલગ પહોંચ્યાં ત્યારે તેમના પર એકીસાથે આઠ મહારથીઓએ ભીષણ આક્રમણ કર્યું અને દુર્યોધને પોતાના બનેવીની રક્ષાનાં હેતુથી તેમને ચારે બાજુથી ઘેરી લીધા,પરંતુ અર્જુન એ સૌનો મુકાબલો કરતા આગળ વધતા જ રહ્યાં. તેના વેગને કોઈ ખાળી ન શક્યું. તેમણે ભગવાન શ્રીકૃષ્ણની કૃપાથી સૂર્યાસ્ત થતાં પહેલાં જ જયદ્રથને પોતાના બાણનો શિકાર બનાવી દીધો. શ્રીકૃષ્ણની સલાહ અનુસાર તેના મસ્તકને અત્યંત કુશળતાપૂર્વક એવી રીતે ઉડાવ્યું કે તે કુરુક્ષેત્રની બહાર જઈ તેના પિતાનાં ખોળામાં જ પડ્યું. આ રીતે શ્રીકૃષ્ણ ની સહાયતાથી અર્જુને જયદ્રથને સૂર્યાસ્ત પહેલાં જ મારી નાખવાની પ્રતિજ્ઞા પૂરી કરી. પાંડવો જ્યારે ઈન્દ્રપ્રસ્થમાં રાજ્ય કરતા હતાં તે વખતે લૂંટારાઓ કોઈ બ્રાહ્મણની ગાયો લઈને ભાગ્યાં. બ્રાહ્મણે પાંડવો પાસે ધા નાખી. અર્જુને તે બ્રાહ્મણનો કરુણ પોકાર સાંભળ્યો અને તેને ગાયો પાછી લાવી આપવાનું વચન આપ્યું, પરંતુ એ સમયે તેમનું ધનુષ્ય એ ઓરડામાં હતું કે જ્યાં મહારાજ યુધિષ્ઠિર દ્રૌપદીની સાથે એકાંતમાં બેઠા હતાં. અર્જુન ગૂંચવણમાં પડી ગયાં. જો બ્રાહ્મણની ગાયોની રક્ષા ન કરવામાં આવે તો ક્ષાત્રધર્મનો ભંગ થાય છે અને તે કાર્ય માટે ધનુષ્ય લેવા યુધિષ્ઠિરનાં કક્ષમાં જાય તો નિયમભંગ થાય છે. અંતે અર્જુને નિયમભંગ કરીને બ્રાહ્મણની ગાયોની રક્ષા કરવાનો નિશ્ચય કર્યો. તેમણે વિચાર કર્યો કે, " નિયમભંગને કારણે મારે ગમે તેવું કઠણ પ્રાયશ્ચિત કેમ ન કરવું પડે, કદાચ પ્રાણ કેમ નથી જતા રહેતા; બ્રાહ્મણનાં ગોધનની રક્ષા કરી અપરાધીઓને દંડ દેવો એ મારો ધર્મ છે અને એ મારા જીવનથી પણ વધુ મહત્વનું છે." ધન્ય છે તેમનો ધર્મપ્રેમ !

અર્જુન યુધિષ્ઠિરનાં અંતઃપુરમાં જઈ ધનુષ્ય લઈ આવ્યાં અને તરત લૂંટારાઓનો પીછો કરી ગાયોને છોડાવી લાવ્યાં. પાછા આવી પોતે કરેલ નિયમભંગનાં પ્રાયશ્ચિત રૂપે વનમાં જવા માટે મોટાભાઈની આજ્ઞા માગી. યુધિષ્ઠિરે તેને સમજાવતાં કહ્યું કે, "મોટાભાઈ પોતાની પત્ની સાથે બેઠા હોય ત્યાં



નાનાભાઈએ જવામાં કોઈ અપરાધ નથી. ધર્મપાલન માટે નિયમભંગ કરેલ છે, તેથી વનમાં જવાની જરૂર નથી." યુધિષ્ઠિરનાં ખૂબ સમજાવવા છતાં પણ તેમણે સત્યની રક્ષા માટે નિયમનું પાલન જરૂરી ગણ્યું અને વનવાસની દીક્ષા લઈ ઘરેથી ચાલી નીકળ્યાં. જે વખતે અર્જુન ઈન્દ્રપુરીમાં રહી અસ્ત્રવિદ્યા અને ગંધર્વવિદ્યા શીખી રહ્યાં હતાં તે દરમિયાન ઈન્દ્રએ રાત્રિનાં સમયે સેવા માટે સ્વર્ગની શ્રેષ્ઠ અપ્સરા ઉર્વશીને તેની પાસે મોકલી. તે દિવસે સભામાં ઈન્દ્ર અર્જુનને ઉર્વશીની સામે એકીટશે જોતાં જોઈ ગયેલ. ઉર્વશી અર્જુનનાં રૂપ અને ગુણો પર મુગ્ધ હતી. તે ઈન્દ્રની આજ્ઞાથી ખૂબ જ બનીઠનીને અર્જુનની પાસે આવી. રાત્રિનાં સમયે આ રીતે ઉર્વશીને નિ:સંકોચપણે પોતાની પાસે આવેલી જોઈ, અર્જુન ચોંકી ઊઠયાં. તેમણે શીલવશ પોતાના નેત્રો બંધ કરી દીધાં અને માતૃભાવ સાથે ઉર્વશીને પ્રણામ કર્યા. અર્જુનનાં આ પ્રકારનાં વર્તનથી ઉર્વશી દંગ થઈ ગઈ. તેણે અર્જુન સમક્ષ નિર્લજ્જપણે પોતાનો કામ ભાવ પ્રકટ કર્યો. તેમણે બંને હાથ વડે પોતાના કાન ઢાંકી દીધા અને કહ્યું, "માતા! આ શું બોલી રહી છે ? દેવી! નિ:સંદેહ તું મારી ગુરુપત્ની સમાન છે. દેવસભામાં મેં તને અપલકનેત્રે જરૂર જોઈ હતી, પરંતુ તે વખતે મારા મનમાં કોઈ કુભાવ ન હતો. હું તો ત્યારે એમ વિચારી રહ્યો હતો કે આ તો પુરુવંશની જનેતા છે. દેવી! મારા વિશે તારે બીજી કોઈ વાત વિચારવી ન જોઈએ. તું વડીલ તુલ્ય મારા પૂર્વજોની માતા છે. જેમ કુન્તી, માદ્રી તથા ઈન્દ્રપત્ની શચી મારી માતાઓ છે, એમ તું પણ મારી પૂજનીય માતા છે. હું તારા ચરણોમાં મસ્તક ઝુકાવી પ્રણામ કરું છું" આ સાંભળી ઉર્વશીનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. તેણે અર્જુનને શાપ આપ્યો, "હું ઈન્દ્રની આજ્ઞાથી કામાતુર થઈ તારી પાસે આવી હતી, પરંતુ તેં મારા પ્રેમને ઠુકરાવ્યો છે, તેથી તારે સ્ત્રીઓની વચ્ચે નાચણિયો બનીને એક વર્ષ રહેવું પડશે અને લોકો તને 'હીજડો' કહીને બોલાવશે." અર્જુને ઉર્વશીનાં આ શાપનો સહર્ષ સ્વીકાર કરી લીધો, પણ ધર્મનો ત્યાગ ન કર્યો. એકાંતમાં આવેલી ઉર્વશી જેવી અનુપમ સુંદરીનો પરિત્યાગ કરવો એ અર્જુનનું જ કામ હતું. જ્યારે ઈન્દ્રને આ વાતની ખબર પડી ત્યારે તેમણે અર્જુનને બોલાવીને કહ્યું, " બેટા! તેં તારા ધૈર્યથી ઋષિઓને પણ જીતી લીધાં છે. તું બિલકુલ ચિંતા ન કરતો. ઉર્વશીએ આપેલ શાપ તારા માટે વરદાનરૂપ સિદ્ધ થશે. તેરમાં વર્ષે જ્યારે તમે અજ્ઞાત વાસમાં રહેશો ત્યારે આ શાપ તને છૂપા રહેવામાં મદદરૂપ થશે. તે પછી તને ફરી પુરુષત્વની પ્રાપ્તિ થઈ જશે." સાચું જ કહ્યું છે. 'धर्मो रक्षति रक्षितः ।'

વિરાટનગરમાં અજ્ઞાતવાસની મુદત પૂરી થયાં પછી જ્યારે પાંડવોએ વિરાટ નરેશને પોતાનો સાચો પરિચય આપ્યો ત્યારે રાજા વિરાટે કૃતજ્ઞતાવશ પોતાની કન્યા ઉતરાનાં વિવાહ અર્જુન સાથે કરી આપવાની ઈચ્છા વ્યક્ત કરી, પરંતુ અર્જુને તેના એ પ્રસ્તાવનો સ્વીકાર ન કર્યો. તેણે કહ્યું કે, "રાજન્ ! હું લાંબો સમય આપના અંત:પુરમાં રહ્યો છું. તે દરમિયાન આપની પુત્રીને એકાંતમાં તથા સૌની વચ્ચે પુત્રી ભાવથી જોતો આવ્યો છું. તેણે મારા ઉપર પિતા સમાન જ વિશ્વાસ કર્યો છે. હું તેને નૃત્ય તથા સંગીત શીખડાવું છું તેથી તે મારા પર પ્રેમ તો અત્યંત ધરાવે છે, પણ તે મને હંમેશાં ગુરુ માનતી રહી છે. તે વયસ્ક થઈ ગઈ છે અને મારે તેની સાથે એક વર્ષ રહેવું પડ્યું છે, તેથી અન્ય કોઈને અમારા બંને તરફ અનુચિત સંદેહ ન રહે એટલા માટે હું તેને મારી પુત્રવધુનાં રૂપમાં વરણ કરું છું, જેથી અમારા બંનેનાં ચારિત્ર્ય શુદ્ધ સાબિત થશે." અર્જુનની આ પવિત્ર ભાવનાની સૌએ પ્રશંસા કરી અને ઉતરાનાં લગ્ન અભિમન્યુ સાથે કરવામાં આવ્યાં.

રાત્રિનાં અંધકારમાં સૂતેલા પાંડુપુત્રો તથા ધૃષ્ટદ્યુમ્નને મારીને જ્યારે અશ્વત્થામા ગંગાકિનારે બેઠો હતો, ત્યારે તેના આ ક્રૂર કર્મની વાત સાંભળી ભીમસેન તથા અર્જુન બદલો લેવાની ઈચ્છાથી તેની શોધમાં નીકળ્યાં. આ બંને વીર યોદ્ધાઓને આવતા જોઈ અશ્વત્થામા ખૂબ ડરી ગયો અને તેઓનાં સકંજામાંથી બચવાનો બીજો કોઈ ઉપાય ન દેખાતાં તેણે તેમના પર બ્રહ્માસ્ત્ર છોડ્યું. જોતજોતામાં ત્યાં પ્રલયકાળ સમાન અગ્નિ પ્રકટ થયો અને ચારે તરફ ફેલાવા લાગ્યો. તેને શાંત કરવા માટે અર્જુને પણ બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો, કારણ કે બ્રહ્માસ્ત્રને બ્રહ્માસ્ત્ર દ્વારા જ શાંત કરી શકાય છે. બંને અસ્ત્રો સામસામા ટકરાવાથી ભયંકર ગર્જના થવા લાગી. આ ભીષણ કાંડ જોઈને દેવર્ષિ નારદ અને મહર્ષિ વ્યાસજી ત્યાં પધાર્યા અને બંને વીરોને સમજાવવા લાગ્યાં. આ બંન્ને મહાપુરુષોનાં આદેશને માન આપી અર્જુને પોતાનું દિવ્ય અસ્ત્ર પાછું ખેંચી લીધું. તેણે માત્ર અશ્વત્થામાનાં અસ્ત્રને શાંત કરવા માટે જ છોડ્યું હતુ. બ્રહ્માસ્ત્ર એક એવું અસ્ત્ર છે કે તે એક વાર છોડ્યા પછી પાછું ખેંચવું ખૂબ જ મુશ્કેલ છે. જે બ્રહ્મચારી હોય તે જ એને પાછું ખેંચી શકે. અશ્વત્થામાએ મહાપુરુષોનાં આદેશ અનુસાર પોતાનું બ્રહ્માસ્ત્ર પાછું ખેંચવા પ્રયત્ન કર્યો, પણ તે સંયમી ન હોવાથી તેમાં સફળ ન થયો. અંતે વ્યાસજીનાં કહેવાથી તેણે પોતાના એ અસ્ત્રને ઉતરાનાં ગર્ભ તરફ વાળ્યું અને ગર્ભસ્થ શિશુ મૃતસ્થિતિમાં જન્મ્યો, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણએ તેને સજીવન કરી દીધો. આ રીતે અર્જુનમાં શૂરવીરતા, અસ્ત્ર કૌશલ્ય અને સંયમ એ બધા ગુણોનો અદ્ભુત સમન્વય હતો. અર્જુનનું જીવન એક દિવ્ય જીવન હતું. તેના ચરિત્ર પર આપણે જેટલો વિચાર કરીએ એટલું તે અધિક શિક્ષાપૂર્ણ અને આદર્શ પ્રતીત થાય છે.

# માતા કુન્તી



કુન્તીદેવી એક આદર્શ મહિલા હતાં. તેઓ મહાત્મા પાંડવોનાં માતા તથા ભગવાન શ્રીકૃષ્ણનાં ફોઈબા હતાં. તેઓ વસુદેવજીનાં સગાં બહેન હતાં; પરંતુ રાજા કુન્તીભોજે તેમને દત્તક લીધાં હતાં. લોકો તેમને જન્મથી પૃથાનાં નામે ઓળખતા, પરંતુ રાજા કુન્તીભોજને ત્યાં તેમનું પાલન થયું તેથી કુન્તીનાં નામથી પ્રસિદ્ધ થયાં. તેઓ બાળપણથી અત્યંત સુશીલ, સદાચારિણી, સંયમી તથા ભક્તિમાન હતાં. રાજા કુન્તીભોજને ત્યાં એકવાર તેજસ્વી બ્રાહ્મણ અતિથિ તરીકે પધાર્યા. નાનકડી બાલિકા કુન્તીને તેમની સેવાનું કાર્ય સોંપવામાં આવ્યું. તેને બ્રાહ્મણો પર ખૂબ જ પ્રેમ અને અતિથિ સેવામાં રુચિ હતી. રાજપુત્રી પૃથા આળસ અને અભિમાનનો ત્યાગ કરી તન મનથી બ્રાહ્મણ દેવતાની સેવામાં લાગી ગયાં. શુદ્ધ મનથી સેવા કરી તેણે બ્રહ્મદેવને પ્રસન્ન કર્યા. બ્રાહ્મણ દેવતાનું વર્તન ખૂબ અટપટું હતું. ભોજન માટે તેઓ ક્યારેક ખૂબ જ વહેલા પધારતા તો ક્યારેક ઘણા મોડા. ક્યારેક તો આવતા જ નહીં અને આવીને જમવામાં એવી વસ્તુઓની માગણી કરતા કે તે વખતે તરત બનાવવી મુશ્કેલ હોય! પરંતુ પૃથા તેમનાં બધાં જ કામ એવી રીતે કરી આપતાં કે જાણે અગાઉથી તૈયાર હોય! તેના શીલ સ્વભાવ અને સંયમથી બ્રાહ્મણને અત્યંત સંતોષ થયો. કુન્તીએ બચપણમાં કરેલી આ અતિથિસેવા તેને માટે ખૂબ જ કલ્યાણકારક સિદ્ધ થઈ. આથી તેના જીવનમાં સંયમ, સદાચાર, સેવાભાવના અને ત્યાગનો પાયો દૃઢ થયો. આગળ જતાં તેના જીવનમાં અદ્‌ભુત વિકાસ થયો. નિષ્કામભાવનું બીજારોપણ કુન્તીમાં બચપણથી થયેલ. બ્રાહ્મણ અતિથિની સેવા કરતાં લગભગ એક વર્ષ પસાર થયું. આમ સેવા યજ્ઞનું અનુષ્ઠાન પૂર્ણ થયું. તેની સેવામાં બ્રાહ્મણને કોઈ ત્રુટિ જોવા મળી નહીં, તેથી તેઓ કુન્તી પર પ્રસન્ન થયાં અને કહ્યું, "બેટી! હું તારી સેવાથી અત્યંત પ્રસન્ન છું. મારી પાસેથી કોઈ વરદાન માગી લે." કુન્તીએ બ્રાહ્મણ દેવતાને ખૂબ જ સુંદર ઉત્તર આપ્યો. એ ઉત્તર શ્રીકૃષ્ણનાં ફોઈબા અને પાંડવોની માતા માટે સર્વથા અનુરૂપ હતો. તેણે કહ્યું, "ભગવન્! આપ અને પિતાજી મારા પર પ્રસન્ન છો, એ વાતથી જ મારા સઘળા મનોરથ સિધ્ધ થઈ ગયાં. હવે મને વરદાનની કોઈ આવશ્યક્તા નથી." એક નાનકડી બાલિકામાં રહેલ વિલક્ષણ સેવા ભાવના સાથે આ પ્રકારની નિષ્કામતા એ મણિ અને કંચનનાં સંયોગ સમાન હતું. અતિથિ સેવા આપણા સમાજ જીવનનાં પ્રાણ સમાન છે. તેનું શિક્ષણ ભારતવાસીઓને નાનપણથી મળે છે. સાચી અને સાત્વિક સેવા એ જ કહેવાય કે જે પ્રસન્નતાપૂર્વક કરવામાં આવે. પ્રસન્નતાપૂર્વક નિષ્કામભાવથી કરેલી સેવા કલ્યાણનું પરમ સાધન બની જાય છે. કુન્તીએ બ્રાહ્મણ પાસે કંઈ જ ન માગ્યું ત્યારે તેને દેવતાઓનાં આહ્‌વાન મંત્રો સ્વીકારવાનું કહ્યું. તેઓ કુન્તીને કંઈક આપીને જવા ઈચ્છતા હતાં. અનાદરનાં ભયથી કુન્તી ના કહી શક્યાં નહીં. બ્રાહ્મણે તેને અથર્વવેદનાં શિરોભાગમાં આવેલ મંત્રોની દીક્ષા આપી અને કહ્યું, "આ મંત્રોની શક્તિથી તું જે દેવતાઓનું આહ્‌વાન કરીશ તે તને આધીન થઈ જશે." આટલું કહી બ્રાહ્મણ અતિથિ અંતર્ધાન થઈ ગયાં. તે બ્રાહ્મણ બીજા કોઈ નહીં, પણ ઉગ્ર તપસ્વી મહર્ષિ દુર્વાસાજી હતાં. તેમના આપેલા મંત્રોનાં પ્રભાવથી કુન્તી આગળ જતાં ધર્મ આદિ દેવતાઓ મારફત યુધિષ્ઠિરને પુત્રરૂપે પ્રાપ્ત કરી શક્યાં. કુન્તીદેવીનાં લગ્ન મહારાજ પાંડુ સાથે થયાં હતાં. મહારાજ પાંડુ એક મહાપુરુષ હતાં. તેમનાથી ભૂલથી મૃગરૂપ ધારી કિન્દમમુનિની હિંસા થઈ ગઈ, જેનાથી તેમના મનમાં અત્યંત ગ્લાનિ અને વૈરાગ્ય ઉત્પન્ન થયાં. તેમણે બધું છોડીને વનમાં જતા રહેવાનો નિશ્ચય કર્યો. દેવી કુન્તી સાચાં પતિવ્રતા હતાં. તેઓ પણ ઈન્દ્રિયોનો સંયમ કરી, કામજન્ય સુખને તિલાંજલિ આપીને પતિની સાથે વનમાં જવા તૈયાર થઈ ગયાં. ત્યારથી તેમણે આજીવન બ્રહ્મચર્યનું પાલન કર્યું અને સંયમપૂર્વક રહ્યાં. પતિનો સ્વર્ગવાસ થતાં તેમણે પોતાનાં બાળકોની રક્ષાનો ભાર પોતાની સહપત્ની માદ્રીને સોંપીને પતિનું અનુગમન કરવાનો વિચાર પ્રકટ કર્યો, પરંતુ માદ્રીએ તે વાતનો વિરોધ કરતાં કહ્યું, "બહેન! હું યુવાન છું, પતિનું અનુગમન હું જ કરીશ. તમે મારાં બાળકોની સંભાળ રાખજો." કુન્તીએ માદ્રીનાં પ્રસ્તાવને સ્વીકારી લીધો અને છેવટ સુધી માદ્રીનાં પુત્રોને પોતાના પુત્રો કરતાં પણ વધુ પ્રેમથી રાખ્યાં.

સહપત્ની અને તેનાં બાળકો પ્રત્યેનાં આદર્શ વર્તનનું ઉમદા ઉદાહરણ કુન્તીનાં જીવનમાં જોવા મળે છે. પતિનાં જીવનકાળ દરમિયાન તેણે માદ્રી સાથે પોતાની નાની બહેન જેવું વર્તન દાખવેલ. સહદેવ પર તેમને વિશેષ મમતા હતી. પતિનાં પરલોકગમન પછી કુન્તીદેવીનું સમગ્ર જીવન સતત કષ્ટમય વીત્યું. તેઓ ખૂબ જ વિચારશીલ તેમજ ધૈર્યવાન હતાં. તેમણે દુઃખોની પરવા ન કરી અને છેવટ સુધી ધર્મમાર્ગ પર સ્થિત રહ્યાં. દુર્યોધનનાં અત્યાચારોને પણ તેઓ મૂંગા મોંએ સહન કરતાં રહ્યાં. તેમનો સ્વભાવ અત્યંત કોમળ અને દયાળુ હતો. તેમને પોતાના દુઃખોની પરવા ન હતી, પણ તેઓ બીજાનું દુઃખ જોઈ ન શક્તાં. લાક્ષાગૃહની આગમાંથી બચીને તેઓ પોતાના પુત્રો સાથે એકચક્રા નગરીમાં રહેતાં હતાં, તે વખતે ત્યાંની પ્રજા પર એક મોટું સંકટ વીતી રહ્યું હતું. નગરીની પાસે એક બકાસુર નામનો રાક્ષસ રહેતો હતો. એ રાક્ષસ માટે નગરજનોએ દરરોજ એક ગાડી અનાજ તથા બે પાડા પહોંચાડવા પડતાં, જે માણસ તેને આપવા જતો તેને પણ તે ખાઈ જતો. નગરવાસીઓએ સમજૂતી કરીને દરેક ઘરનાં ક્રમશઃ વારા ગોઠવ્યા હતાં. પાંડવો જે બ્રાહ્મણને ત્યાં ભિક્ષુકનાં રૂપમાં રહેતા હતાં તે ઘરમાંથી એક માણસ મોકલવાનો વારો આવ્યો. તે પરિવારમાં ફફડાટ વ્યાપી ગયો. કુન્તીને જ્યારે એ વાતની ખબર પડી ત્યારે તેનું હૃદય દ્રવિત થઈ ગયું. તેણે વિચાર્યું કે, "અમને આશ્રય આપનાર પરિવારને અમારી હાજરીમાં જ આવું દુઃખ ભોગવવું પડે તે અમારા માટે શરમજનક ગણાય. અમારા આશ્રયદાતાનાં ઉપકારનો બદલો અમારે કોઈ ને કોઈ રીતે આપવો જોઈએ. અમે તેના ઘરમાં રહીએ છીએ, તેથી અમારે તેના દુઃખમાં ભાગ લેવો એ અમારું કર્તવ્ય બની જાય છે." આમ વિચારી કુન્તી બ્રાહ્મણને ત્યાં ગયાં. તેમણે જોયું કે બ્રાહ્મણ પોતાની પત્ની, પુત્રી અને નાનકડા પુત્ર સાથે ચિંતાગ્રસ્ત બેઠાં હતાં. તે પોતાની પત્નીને કહી રહ્યાં હતાં, "તુ કુલીન, શીલવતી અને સંતાનોની માતા છે. હું મારી રક્ષા માટે તને રાક્ષસ પાસે ન મોકલી શકું." પતિની વાત સાંભળી બ્રાહ્મણ પત્ની બોલી, "નહિં, રાક્ષસ પાસે હું જ જઈશ. પત્નીનું સનાતન કર્તવ્ય એ જ છે કે તેમણે પોતાના પ્રાણ ન્યોછાવર કરીને પણ પતિનું હિત કરે. સ્ત્રી માટે એ મહાન સદ્‌ભાગ્ય ગણાય કે તે પતિની પહેલાં પરલોકવાસિની બને. કદાચ એમ પણ બને કે સ્ત્રીને અવધ્ય સમજીને રાક્ષસ મને છોડી દે. પુરુષનો વધ તો નિર્વિવાદ છે તેથી મને જ રાક્ષસ પાસે જવા દો." મા બાપની દુઃખભરી વાત સાંભળી કન્યા બોલી, "આપ શું કામ રડી રહ્યાં છો? ધર્મ અનુસાર આપ બન્ને મને એક દિવસ વિદાય આપવાના જ છો, તો પછી આજે મને રાક્ષસ પાસે જવા દઈ પોતાની રક્ષા કેમ નથી કરતા? લોકો સંતાન એટલે ઝંખતા હોય છે કે તેમને દુઃખથી ઉગારે." આ સાંભળી તેના મા બાપ રડવા લાગ્યાં. કન્યા પણ રડી પડી. સૌને રડતાં જોઈ નાનકડો બ્રાહ્મણ બાળક બોલવા લાગ્યો, "પિતાજી! માતાજી! બહેન! તમે બધા રડો નહીં." પછી તેણે એક તણખલું ઉપાડી હસતાં હસતાં કહ્યું, "હું આનાથી એ રાક્ષસને મારી નાખીશ." બાળકની વાત સાંભળી સૌ હસી પડ્યાં. કુન્તીદેવી આ બધું સાંભળી રહ્યાં હતાં. તે આગળ આવ્યાં અને બોલ્યાં, "મહારાજ! આપને તો માત્ર એક પુત્ર અને એક કન્યા છે. આપની કૃપાથી મારે પાંચ પુત્રો છે. રાક્ષસને ભોજન પહોંચાડવા માટે હું તેમાંથી કોઈ એકને મોકલી દઈશ. તમે ચિંતા ન કરો." બ્રાહ્મણ દેવતાએ કુન્તીદેવીનાં આ પ્રસ્તાવ સાંભળી નકારી દીધો. તેમણે કહ્યું, "દેવી! આપનું કહેવું આપને અનુરૂપ છે, પરંતુ મારા માટે અતિથિની હત્યા હું ન કરાવી શકું." કુન્તીએ તેમને સમજાવતા કહ્યું, "હું મારા જે પુત્રને રાક્ષસ પાસે મોકલીશ તે ખૂબ જ બળવાન, મંત્રસિદ્ધ અને તેજસ્વી છે, રાક્ષસ તેને કંઈ જ નહી કરી શકે." આથી બ્રાહ્મણદેવ માની ગયાં. પછી કુન્તીએ ભીમસેનને એ કામ માટે મોકલ્યો. જેણે રાક્ષસને મારીને બ્રાહ્મણની તથા આખા નગરની આપત્તિ દૂર કરી આપી. કોઈ માતા બીજાનાં પ્રાણ બચાવવા માટે આ રીતે પોતાના કાળજાનાં ટુકડાને મોતનાં મોઢામાં ધકેલી શકે ખરી? કુન્તીનાં આ આદર્શ ત્યાગનાં પ્રભાવની અસર સંસાર પર ખૂબ જ સારી પડી. કુન્તીદેવીનો સત્ય પ્રેમ આદર્શ હતો. તે ક્યારેય વિનોદમાં પણ અસત્ય બોલતાં નહીં. તેમનાથી ભૂલથી કંઈ કહેવાઈ ગયું હોય તો ગમે તે ભોગે પાલન કરતા. આ પ્રકારની સત્યનિષ્ઠા બીજે ક્યાંય જોવા મળતી નથી. સ્વયંવરમાંથી દ્રૌપદીને જીતીને જ્યારે અર્જુન તથા ભીમ માતાની પાસે આવ્યાં અને બહારથી જ બોલ્યા કે, "માતા! આજે અમે ભિક્ષા લઈ આવ્યાં છીએ." તો તેમણે જોયા વિના જ કહી દીધું કે, "બેટા! પાંચેય ભાઈઓ મળીને તેનો ઉપયોગ કરો." જ્યારે તેમને ખબર પડી કે તેઓ એક કન્યાને લઈને આવ્યાં છે, ત્યારે મૂંઝવણમાં પડી ગયાં. તેમણે વિચાર્યું, "જો હું મારી વાત પાછી ખેચું તો અસત્યનો દોષ લાગે અને મારા પુત્રોને એ આદેશનું પાલન કરવાનું કહું તો સનાતન મર્યાદાનો લોપ થાય છે." પાંચ ભાઈઓનાં લગ્ન એક કન્યા સાથે થાય એવું અગાઉ ક્યાંય જોયું કે સાંભળ્યું ન હતું. છેવટે તેમણે યુધિષ્ઠિરની સંમતિ માગી અને ધર્મરાજ યુધિષ્ઠિરે સત્ય પર કાયમ રહેવા સલાહ આપી. પાછળથી રાજા દ્રુપદે આ બાબતમાં વિરોધ ઉઠાવ્યો. ત્યારે વેદવ્યાસજીએ દ્રૌપદીનાં પૂર્વજન્મની કથા સંભળાવી તેમને સમજાવ્યાં કે શંકરજીનાં વરદાનથી આ પાંચેય રાજકુમારો દ્રૌપદીનું પાણિગ્રહણ કરશે. આ રીતે દ્રૌપદીનાં લગ્ન પાંચેય ભાઈઓ સાથે વિધિપૂર્વક કરી આપવામાં આવ્યાં. કુન્તીદેવીની સત્યનિષ્ઠાનો વિજય થયો. માતા કુન્તીનું જીવન આરંભથી અંત સુધી ત્યાગ, તપસ્યા અને અનાશક્તિમય રહ્યું. પાંડવોનાં વનવાસ અને અજ્ઞાતવાસ દરમિયાન તેઓ એકલા હસ્તિનાપુરમાં રહ્યાં હતાં. તેમણે પુત્રો માટે પોતાના ભત્રીજા શ્રીકૃષ્ણ મારફત ક્ષત્રિય ધર્મ પર અડગ રહેવાનો સંદેશો મોકલ્યો હતો. તેમણે એ સંદેશમાં વિદુર અને સંજયનું ઉદાહરણ આપી, ખૂબ જ માર્મિક શબ્દોમાં કહેવડાવેલ કે, "પુત્રો! જે કાર્ય માટે ક્ષત્રિયાણી પુત્રોને જન્મ આપે છે, એ કાર્ય કરવાનો સમય પાકી ગયો છે. આ વખતે મારા દૂધને લજાવતા નહીં." મહાભારતનાં યુદ્ધ સમયે તેઓ ત્યાં જ રહ્યાં અને ધર્મરાજ યુધિષ્ઠિરનો સમ્રાટ પદ પર અભિષેક કરાવ્યો. રાજમાતા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું, તે વખતે પુત્રવિયોગથી દુઃખી પોતાના જેઠ [ધૃતરાષ્ટ્ર] અને જેઠાણી [ગાંધારી] ની સેવા કરવાનો ભાર પોતાના ઉપર લઈ લીધો. દ્વેષ અને અભિમાનથી મુક્ત રહી પોતાનો સમય તેમની સેવામાં ગાળવા લાગ્યાં. ધૃતરાષ્ટ્ર અને ગાંધારી યુધિષ્ઠિરની અનુમતિ મેળવી વનમાં જવા લાગ્યાં, ત્યારે તેમની સાથે ચાલી નીકળ્યાં. યુધિષ્ઠિરે ઘણાં સમજાવ્યા છતાં પોતાના નિશ્ચયથી ડગ્યાં નહીં. જીવનભર દુઃખ અને ક્લેશ ભોગવ્યાં પછી સુખનાં દિવસો આવ્યાં, ત્યારે પણ ભૌતિક સુખોને ઠુકરાવી સ્વેચ્છાએ ત્યાગ, તપ અને સેવામય જીવન અંગીકાર કરવું એ કુન્તીમાતા સમાન પવિત્ર આત્માનું જ કામ હતું. જે જેઠ જેઠાણી દ્વારા તેમને તથા પુત્રોને અને પુત્રવધૂઓને કષ્ટ, અપમાન અને અત્યાચાર વિના કંઈ જ મળ્યું ન હતું, તે જેઠ જેઠાણી માટે આટલો ત્યાગ સંસારમાં ક્યાં જોવા મળે? કુન્તીદેવી વનમાં જઈ રહ્યાં હતાં ત્યારે ભીમસેને સમજાવતાં કહ્યું કે, "માતા! તમારે આમ જ કરવું હતું તો પછી અમારી પાસે આટલો બધો નર સંહાર શું કામ કરાવ્યો? અમારા વનવાસી પિતાનાં સ્વર્ગવાસ પછી અમને જંગલમાંથી નગરમાં શું કામ લઈ આવ્યાં?" તેમણે કહ્યું, "બેટા! તમે લોકો કાયર બનીને હાથ પર હાથ રાખી બેસી ન રહો, ક્ષત્રિયોચિત પુરુષાર્થને છોડી અપમાનપૂર્વક જીવન ન ગાળો, શક્તિ હોવા છતાં ન્યાયોચિત અધિકારથી સદાને માટે વંચિત ન રહો, એટલા માટે મેં તમને યુદ્ધ કરવા પ્રેર્યા હતાં, મારા પોતાના સુખ માટે નહીં. મને રાજ્યનાં સુખ ભોગોની કામના નથી. હું તપ દ્વારા શરીર છોડી પતિ લોકમાં જવા ઈચ્છું છું, તેથી મારા વનવાસી જેઠ જેઠાણીની સેવામાં રહી હું મારું શેષ જીવન તપસ્યામાં જ વિતાવીશ. તમે બધાં આનંદથી ઘેર પાછા જાઓ અને ધૈર્યપૂર્વક પ્રજાનું પાલન કરતા રહી પોતાના પરિવાર જનોને સુખ આપો." આ રીતે પોતાના પુત્રોને સમજાવી પોતે ધૃતરાષ્ટ્ર અને ગાંધારીની સાથે વનમાં ચાલ્યાં ગયાં. અંત સમય સુધી તેમની સેવામાં રહીને દાવાગ્નિમાં બળી જઈ યોગીઓની જેમ શરીરનો ત્યાગ કર્યો. કુન્તીદેવી જેવી આદર્શ મહિલાઓ સંસારનાં ઈતિહાસમાં ઘણી જ ઓછી જોવા મળશે.




# દેવી દ્રૌપદી

દેવી દ્રૌપદી પાંચાલ નરેશ રાજા દ્રુપદનાં અયોનિજા પુત્રી હતાં. તેમની ઉત્પત્તિ યજ્ઞવેદીથી થઈ હતી. તેમનું રૂપ લાવણ્ય અનુપમ હતું. એ સમયે પૃથ્વી પર અન્ય કોઈ સુંદરી ન હતી. તેમના શરીરમાંથી તાજા ખીલેલા કમળ જેવી સુંગંધ એક કોશ સુધી ફેલાયેલી રહેતી. તેમના જન્મ સમયે આકાશવાણી થયેલ કે, "દેવતાઓનું કાર્ય સિદ્ધ કરવા માટે ક્ષત્રિયોનાં સંહારનાં ઉદ્દેશથી આ રમણી રત્નનો જન્મ થયો છે. તેના કારણે કૌરવોને ખૂબ ભય થશે." કૃષ્ણવર્ણ હોવાથી લોકો તેને કૃષ્ણા પણ કહેતા. પૂર્વજન્મમાં ભગવાન શંકર દ્વારા આપવામાં આવેલ વરદાનથી તેમને આ જન્મમાં પાંચ પતિ મળ્યાં હતાં. સ્વયંવરમાં એકલા અર્જુન દ્વારા જીતાયેલ હોવા છતાં માતા કુન્તીની આજ્ઞાથી તેમનાં લગ્ન પાંચેય પાંડવો સાથે કરવામાં આવ્યાં હતાં. દ્રૌપદી ઉચ્ચકોટિની પતિવ્રતા તથા ભગવદ્ભક્તા હતી. ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણોમાં તેમનો પ્રેમ અવિચળ હતો. તે ભગવાનને પોતાના રક્ષક, હિતેચ્છુ તેમજ પરમ આત્મીય માનતી હતી. ભગવાનની સર્વવ્યાપક્તા તેમજ સર્વશક્તિમત્તામાં તેને પૂર્ણ વિશ્વાસ હતો. કૌરવોની સભામાં દુષ્ટ દુઃશાસન તેને નિર્વસ્ત્ર કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આ અમાનુષી અત્યાચારને અટકાવવાની સભાસદોમાંથી જ્યારે કોઈએ હિંમત ન કરી, ત્યારે પોતાની લાજ બચાવવાનો તેણે કોઈ બીજો ઉપાય ન જોઈ અત્યંત આતુરભાવે ભગવાન શ્રીકૃષ્ણને પોકાર્યા :

સાચા હૃદયનાં કરુણ પોકારને ભગવાન તરત સાંભળે છે. શ્રીકૃષ્ણ એ વખતે દ્વારકામાં હતાં. ત્યાંથી તેઓ દોડતા આવ્યાં અને ધર્મરૂપે દ્રૌપદીનાં વસ્ત્રમાં છુપાઈને તેની લાજ બચાવી. તે સમયે ભગવાનનો વસ્ત્રાવતાર થયો. ભગવાનની કૃપાથી દ્રૌપદીની સાડી અનંતગણી લાંબી થઈ ગઈ. દુઃશાસન જેમ ખેંચતો રહ્યો, તેમ તે વધતી જતી હતી. જોતજોતામાં ત્યાં સાડીઓનો ઢગલો થઈ ગયો. મહાબલિ દુઃશાસનની પ્રચંડ ભુજાઓ થાકી ગઈ, પરંતુ સાડીનો અંત ન આવ્યો. સભામાં ઉપસ્થિત સૌએ ભગવદ્ભક્તિ અને પતિવ્રતા નારીનાં પ્રભાવનો અદ્ભુત ચમત્કાર જોયો. અંતે દુઃશાસન લજ્જિત થઈ હારી થાકીને બેસી ગયો. ભક્તવત્સલ પરમાત્માએ પોતાની અનન્ય ભક્તની લાજ રાખી. જ્યારે પાંડવો દ્રૌપદી સાથે કામ્યકવનમાં રહેતા હતાં ત્યારે દુર્યોધન દ્વારા મોકલવામાં આવેલ મહર્ષિ દુર્વાસા પોતાના દસ હજાર શિષ્યો સાથે ત્યાં આવી ચડ્યાં. દુર્યોધને ગણતરીપૂર્વક તેમને એવા સમયે ત્યાં મોકલ્યા હતાં કે જ્યારે બધાં ભોજન કરીને વિશ્રામની તૈયારી કરી રહ્યાં હોય. મહારાજા યુધિષ્ઠિરે અતિથિ સેવાનાં ઉદ્દેશથી ભગવાન સૂર્યદેવ પાસેથી એક એવું ચમત્કારી પાત્ર પ્રાપ્ત કર્યું હતું કે જેમાં પકાવેલું થોડું અન્ન પણ અક્ષય બની જતું. પરંતુ શરત એ હતી કે જ્યાં સુધી દ્રૌપદી ભોજન ન કરી લે, ત્યાં સુધી તે પાત્રની વિશેષતા રહેતી. યુધિષ્ઠિર મહારાજે તો મહર્ષિને તેમની શિષ્યમંડળી સહિત ભોજન માટે આગ્રહપૂર્વક કહી દીધું અને સૌ યુધિષ્ઠિરજીનાં નિમંત્રણનો સ્વીકાર કરી સ્નાનાદિ માટે ગંગાતટ પર ચાલ્યા ગયાં. દુર્વાસાજી પોતાની સાથે દસ હજાર શિષ્યોનું એક આખું વિશ્વવિદ્યાલય સાથે લઈને ફરતા હતાં. ધર્મરાજે સૌને ભોજનનું નિમંત્રણ આપી દીધું, ઋષિઓએ તેનો સ્વીકાર પણ કર્યો; પરંતુ કોઈએ એ વાતનો વિચાર ન કર્યો કે દ્રૌપદીએ ભોજન કરી લીધું છે. દ્રૌપદી ચિંતામાં પડી ગયાં. તેણે વિચાર્યું, "મહર્ષિ ભોજન કર્યા વિના પાછા જશે તો શાપ આપ્યા વિના નહીં રહે." દુર્વાસાજીનો ક્રોધી સ્વાભાવ જગવિખ્યાત હતો. દ્રૌપદીને બીજો કોઈ ઉપાય ન સૂઝતા તેમણે મનોમન ભગવાન શ્રીકૃષ્ણનું સ્મરણ કર્યું અને આપત્તિમાંથી ઉગરવા માટે તેમને પ્રાર્થના કરી. શ્રીકૃષ્ણ ઘટ ઘટનાં જાણનાર છે. તેઓ તુંરત ત્યાં આવી પહોંચ્યાં. તેમને જોતાં જ દ્રૌપદીમાં જાણે પ્રાણ આવી ગયાં. ડૂબતા માણસને જાણે આધાર મળી ગયો. દ્રૌપદીએ તેમને ટૂંકમાં બધી વાત કહી સંભળાવી. શ્રીકૃષ્ણએ અધીરતાપૂર્વક કહ્યું, "એ બધી વાત પછી, પહેલાં મને કંઈક ખાવાનું આપ. મને ખૂબ ભૂખ લાગી છે. તું જાણે છે કે હું કેટલે દૂરથી આવું છું." દ્રૌપદી લજ્જાથી સ્તબ્ધ થઈ ગઈ. તેણે અચકાતાં કહ્યું, "પ્રભુ! હું હમણાં જમીને ઊઠી છું. હવે અમારા પાત્રમાં કંઈ નથી બચ્યું." શ્રીકૃષ્ણએ કહ્યું, "તારું પાત્ર મને બતાવ !" કૃષ્ણા પાત્ર લઈને આવ્યાં. શ્રીકૃષ્ણએ પોતાના હાથમાં લઈ જોયું તો તેના કાંઠા પર ભાજીનું એક પાંદડું ચોંટેલું હતું. તેમણે મોંમા મુકતાં કહ્યું, "આ ભાજીનાં એક પત્તાથી સંપૂર્ણ જગતનાં આત્મા યજ્ઞભોક્તા પરમેશ્વર તૃપ્ત થઈ જાઓ," પછી તેમણે સહદેવને કહ્યું, "હવે એ સઘળા મુનીશ્વરોને ભોજન માટે બોલાવી લાવો." સહદેવે ગંગાકિનારે જઈને જોયું તો ત્યાં કોઈ જ ન હતું. વાત એમ બની કે જ્યારે ભગવાને ભાજીનું પાંદડું મોઢામાં મુકી સંકલ્પ કર્યો, એ વખતે

મુનિઓ જળમાં ઊભા રહી અઘમર્ષણ કરી રહ્યાં હતાં. તે સૌને એકાએક એવો અનુભવ થયો કે જાણે એમનું પેટ ગળા સુધી અન્નથી ઠસોઠસ ભરાઈ ગયું હોય! તે સૌ એકબીજાની સામે જોઈ કહેવા લાગ્યાં કે, "આપણે ત્યાં જઈને શું જમીએ?" દુર્વાસાજીએ ત્યાંથી ભાગી જવાનું ઉચિત અને શ્રેયસ્કર માન્યું, કારણ કે તેઓ જાણતાં હતાં કે પાંડવો ભગવદ્‌ભક્ત છે અને અંબરીષને ત્યાં તેમના પર જે વીત્યું હતું, ત્યારથી તેમને ભગવાનનાં ભક્તોનો ખૂબ ડર લાગતો. બધા જ મુનિઓ ત્યાંથી જતાં રહ્યાં. સહદેવે આજુબાજુમાં રહેતા અન્ય તપસ્વીઓ પાસેથી એ સૌના નાસી જવાના સમાચાર મેળવ્યા અને પાછા આવી બધી વાત ધર્મરાજને કહી. આ રીતે દ્રૌપદીની કૃષ્ણભક્તિથી પાંડવો પરની એક મોટી આફત ટળી. શ્રીકૃષ્ણએ આવીને તેમને દુર્વાસાનાં ક્રોધમાંથી બચાવી લીધાં. આ રીતે પોતાની શરણાગત વત્સલતાનો પરિચય આપ્યો. એક વાર ભગવાન શ્રીકૃષ્ણ દેવી સત્યભામાને લઈને વનમાં પાંડવોને મળવા આવ્યાં. એ વખતે વાતવાતમાં સત્યભામાએ દ્રૌપદીને પૂછ્યું, "બહેન! હું તમને એક પ્રશ્ન પૂછવા માંગુ છું. હું જોઉં છું કે તમારા શૂરવીર અને બળવાન પતિદેવો હંમેશાં તમારે આધીન રહે છે, તેનું રહસ્ય શું છે? શું તમે કોઈ જંતર મંતર કે ઔષધ જાણો છો? અથવા શું તમે જપ, તપ, વ્રત, હોમ કે કોઈ અન્ય વિદ્યા દ્વારા તેઓને વશમાં કરી રાખ્યાં છે? મને પણ કોઈ એવો ઉપાય બતાવો કે જેથી ભગવાન શ્યામસુંદર મારા વશમાં થઈ જાય," દેવી દ્રૌપદીએ કહ્યું, "બહેન! આપ શ્યામસુંદરનાં પટરાણી અને પ્રિયતમા થઈ કેવી વાત કહી રહ્યાં છો? સતી સાધ્વી સ્ત્રીઓ જંતર મંતર વગેરેથી એટલી જ દૂર રહે છે, જેટલી સાપ અને વીંછીથી. શું પતિને જંતર મંતરથી વશમાં કરી શકાય ? દુરાચારિણી સ્ત્રીઓ પતિને વશમાં કરવા માટે આ પ્રકારનાં પ્રયોગો અજમાવતી હોય છે. એમ કરીને તેવી સ્ત્રીઓ પોતાનું તથા પતિનું અહિત જ કરે છે. એવી સ્ત્રીઓથી સદા દૂર રહેવું જોઈએ."

દ્રૌપદીએ પતિદેવોને પ્રસન્ન રાખવા કેવા પ્રકારનું આચરણ કરતા હતાં તે કહી બતાવ્યું. તેણે કહ્યું, "બહેન! હું અહંકાર અને કામ ક્રોધનો ત્યાગ કરી ખૂબ જ સાવધાનીપૂર્વક બધા પાંડવો તથા તેમની પત્નીઓની સેવા કરું છું. હું હંમેશાં ઈર્ષ્યાથી દૂર રહું છું. કડવાં વેણથી દૂર રહુ છુ. ખોટી વાતો પર ધ્યાન આપતી નથી, ખરાબ જગ્યાએ બેસતી નથી, દૂષિત આચરણ કદી કરતી નથી. પતિદેવોનાં અભિપ્રાયપૂર્ણ સંકેતોનું અનુસરણ કરું છું. દેવતા, મનુષ્ય, ગંધર્વ, નવયુવક અથવા સૌંદર્યવાન ગમે તેવો પુરુષ કેમ ન હોય, મારું મન પાંડવો સિવાય ક્યાંય જતું નથી. હું ઘરનાં વાસણો માંજી ધોઈને સાફ રાખું છું. સ્વાદિષ્ટ રસોઈ બનાવી સમય પર ભોજન કરાવું છું, હંમેશા સજાગ રહું છું. ઘરમાં અનાજની જાળવણી રાખું છું, ઘરને વાળી ચોળીને સ્વચ્છ રાખું છું. હું વાતચીતમાં કોઈનો પણ તિરસ્કાર કરતી નથી. કુલટા સ્ત્રીઓનો કદી સંગ કરતી નથી અને સદા પતિને અનુકૂળ રહી આળસથી દૂર રહું છું. હંમેશા સત્ય બોલું છું અને પતિ સેવામાં તત્પર રહું છું. પતિદેવ વિના એકલું રહેવું મને બિલકુલ પસંદ નથી. જ્યારે કોઈ કાર્ય અંગે પતિદેવ બહાર ગયાં હોય ત્યારે હું પુષ્પ અને ચંદન આદિ અંગરાગ છોડી નિયમ અને વ્રતોનું પાલન કરી દિવસો વિતાવું છું. સ્ત્રીઓ માટે શાસ્ત્રમાં જે નિયમો બતાવ્યાં છે, એ સર્વનું હું પાલન કરું છું. શરીરને વસ્ત્રાલંકારોથી સુસજ્જિત રાખું છું તથા હંમેશા સાવધાન રહી પતિદેવોનું પ્રિય કરવામાં તત્પર રહું છું." "સાસુજીએ મને અમારી કુળ પરંપરા સંબંધી જે સમજાવ્યું છે તે બધાનું હું પાલન કરું છું. સાધુ સંતો અને અભ્યાગતોને ભિક્ષા આપવી, દેવતાઓનું પૂજન કરવું, સ્ત્રીઓ માટે જે વિહિત ધર્મો છે તે બધાનું હું સાવધાનીપૂર્વક રાત દિવસ પાલન કરું છું. હું સદા સર્વદા વિનયને ધારણ કરી રાખું છું. સાસુજી સાથે ક્યારેય પણ વાદવિવાદ નથી કરતી. સદા સંયમપૂર્વક રહું છું. હંમેશા પતિદેવનાં પહેલાં ઊઠી જાઉં છું તથા કુટુંબનાં વડીલોની સેવામાં રત રહું છું. મારા સાસુની હું ભોજન, જળ અને વસ્ત્ર આદિથી સેવા કરું છું.

જે સમયે ઈન્દ્રપ્રસ્થમાં મહારાજ યુધિષ્ઠિર પૃથ્વીનું પાલન કરી રહ્યાં હતાં તે સમયે તેમની સાથે એક લાખ ઘોડા અને એક લાખ હાથી હતાં. તે બધાની ગણતરી અને વ્યવસ્થા હું જ કરતી તથા તેઓની આવશ્યક્તાઓની સંભાળ રાખતી. અંતઃપુરનાં ગોવાળ અને અન્ય પશુપાલકો સહિત બધાં જ નોકર ચાકરનાં કામકાજની દેખરેખ હું પોતે જ રાખતી હતી."

"મહારાજની આવક જાવક અને બચત જે કંઈ થતી તે બધાંનો હિસાબ પણ હું જ રાખતી. પાંડવો કુટુંબની બધી જવાબદારી મારા પર છોડીને પોતે પૂજાપાઠમાં રહેતાં. આવતાં જતાં અતિથિઓનાં સ્વાગત સત્કાર કરતાં હતાં; હું બધાં જ પ્રકારનાં સુખોનો ત્યાગ કરી તેમની સંભાળ રાખતી. મારા પતિદેવોનો જે અખૂટ ખજાનો હતો તેની જાણકારી પણ હું જ રાખતી હતી. હું ભૂખ તરસ જોયા વિના રાત દિવસ પાંડવોની સેવામાં રહેતી. સત્યભામાજી! પતિને અનુકૂળ કરવાનો હું તો આ ઉપાય જાણું છું." એક આદર્શ ગૃહિણીએ ઘરમાં કેવી રીતે રહેવું જોઈએ, તેની પૂરી શિક્ષા દ્રૌપદીનાં જીવનમાંથી મળી રહે છે. દ્રૌપદી અત્યંત બુદ્ધિમાન તેમજ વિદુષી હતાં. તેમનામાં ત્યાગ ભાવના અદ્‌ભુત હતી. તેમને જ્યારે દુષ્ટ દુઃશાસન ચોટલો ખેંચીને સભામાં ઘસડી લાવ્યો, તે વખતે તેમણે કડક ભાષામાં પોતાના પતિનાં ક્રોધનો ભય બતાવેલ. બધાં સભાસદોની વચ્ચે તેને ધિક્કારેલ અને દ્રોણ, ભીષ્મ તેમજ વિદુર જેવાં ગુરુજનોને ચૂપ રહેવા બદલ ખખડાવેલ. ત્યારે દુર્યોધનનાં ભાઈ વિકર્ણ ઊભા થઈ સૌને દ્રૌપદીનાં પ્રશ્નનો જવાબ આપવા હાકલ કરી તથા પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતાં કહ્યું કે, "એક વાત સ્પષ્ટ છે કે દ્રૌપદી પાંચેય ભાઈઓની પત્ની હોવાથી એકલા યુધિષ્ઠિરને દાવમાં લગાવવાનો કોઈ અધિકાર ન હતો, તેથી તેમની આ ચેષ્ટા અનધિકૃત ગણવી જોઈએ." વિકર્ણની વાત સાંભળી વિદુરજીએ તેનું સમર્થન કર્યું અને કેટલાંક અન્ય સભાસદોએ પણ તેની પ્રશંસા કરી, પરંતુ કર્ણે વિકર્ણને ધમકાવીને બળપૂર્વક બેસાડી દીધો. આ રીતે ભરી સભામાં દુઃશાસન દ્વારા ઘસડાઈને અપમાનિત થવા છતાં દ્રૌપદીનો નૈતિક વિજય થયો હતો. તેની બુદ્ધિ સર્વોપરી સાબિત થઈ. તેની વાતનું ખંડન કોઈ કરી શક્યું નહીં. અંતે વિદુરજીનાં સમજાવવાથી ધૃતરાષ્ટ્રે દુર્યોધનને ઠપકો આપ્યો અને દ્રૌપદીને ખુશ કરવા માટે તેને વરદાન માગવા કહ્યું. તેણે વરદાનમાં ધૃતરાષ્ટ્ર પાસે એ જ માગ્યું કે, "મારા પાંચેય પતિદેવોને ગુલામીમાંથી મુક્ત કરવામાં આવે." ધૃતરાષ્ટ્રે કહ્યું. "બેટી! બીજું કંઈક માગી લે." ત્યારે દ્રૌપદીએ જે ઉત્તર આપ્યો એ દ્રૌપદી માટે સર્વથા અનુરૂપ હતો. તેના એ જવાબમાં નિર્લોભતા અને ધર્મપ્રેમ સ્પષ્ટ દેખાય છે. તેણે કહ્યું, "મહારાજ!વધુ લોભ કરવો તે સારું નહીં. બીજું કંઈ માગવાની મારી બિલકુલ ઈચ્છા નથી. મારા પતિદેવો સ્વયં સમર્થ છે. જ્યારે તેઓ ગુલામીમાંથી મુક્ત થઈ જશે, ત્યારે તેઓ પોતે જ બધું મેળવી લેશે." આ રીતે દ્રૌપદીએ પોતાની બુદ્ધિમતા અને પતિવ્રતાનાં બળથી પતિઓને ગુલામીમાંથી છોડાવ્યાં હતાં.

દ્રૌપદીનાં લાંબા કાળા વાળનો થોડા જ દિવસ પહેલાં રાજસૂર્ય યજ્ઞનાં અવભૃથ સ્નાન સમયે અભિષેક કરવામાં આવ્યો હતો. એ જ વાળને દુષ્ટ દુઃશાસને ભરી સભામાં ખેચ્યાં. એ પ્રસંગને દ્રૌપદી ક્યારેય ભૂલી શક્યાં ન હતાં. એ અમાનુષી અત્યાચારની આગ તેમના હૃદયમાં સદા જલતી રહી. તેમણે ત્યાં સુધી કહી દીધું કે, "પાંડવોની યુદ્ધ કરવાની ઈચ્છા ન હોય તો કંઈ વાંધો નહીં, મારા વૃદ્ધ પિતા પોતાના મહારથી પુત્રો સહિત કૌરવો સામે સંગ્રામ ખેલશે અને અભિમન્યુ સહિત મારા પાંચેય વીર પુત્રો એ યુદ્ધમાં ઝઝૂમશે." કામ્યકવનમાં જ્યારે દુષ્ટ જયદ્રથે જબરદસ્તી કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તેણે પૂરી તાકાતથી ધક્કો મારી કપાયેલા વૃક્ષની જેમ જમીન પર પછાડી દીધો, પરંતુ તે દ્રૌપદીને બળજબરીથી રથ પર બેસાડી ભાગ્યો હતો. પાછળથી ભીમસેન અને અર્જુને તેને પકડી ખૂબ પીટ્યો ત્યારે દ્રૌપદીએ દયાપૂર્વક તેને છોડાવેલ. આ રીતે દ્રૌપદી ક્રોધની સાથે ક્ષમા કરવાનું પણ જાણતા હતાં. જે કોઈએ તેની છેડછાડ કરવાની દુષ્ટ ચેષ્ટા કરી તે સૌને પોતાના પ્રાણથી હાથ ધોવા પડ્યાં. દુર્યોધન, દુઃશાસન, કર્ણ, જયદ્રથ, કીચક વગેરે બધાની એ જ દશા થઈ. મહાભારત યુદ્ધમાં કૌરવોનો જે સર્વનાશ થયો તેનું મૂળ કારણ સતી દ્રૌપદીનું અપમાન જ હતું.



# પતિવ્રતા ગાંધારી

જગતની પતિવ્રતા દેવીઓમાં સતી ગાંધારીનું સ્થાન ઘણું ઊંચુ છે. તે ગાંધારરાજ સુબલનાં પુત્રી અને શકુનિનાં બહેન હતાં. તેમણે કુમારી અવસ્થામાં ભગવાન શંકરની ખૂબ આરાધના કરી, તેમની પાસેથી સો પુત્રોનું વરદાન મેળવ્યું હતું. તેમને જાણવા મળ્યું કે પોતાના લગ્ન નેત્રહીન ધૃતરાષ્ટ્ર સાથે થવાના છે, ત્યારથી તેમણે બંને આંખો પર પટ્ટી બાંધી દીધી. તેમણે વિચાર્યું કે મારા પતિ નેત્રસુખથી વંચિત છે, તો પછી મને સંસારનાં રૂપ રંગ નીરખવાનો શું અધિકાર છે? ત્યારથી તેઓ જીવનપર્યંત પોતાના નિશ્ચય પર દ્રઢતાથી ટકી રહ્યાં. પતિની સાથે ઈન્દ્રિયસુખનાં ત્યાગનું આવું અનોખું ઉદાહરણ વિશ્વનાં ઈતિહાસમાં ક્યાંય જોવા નથી મળતું. તેમનો આ ત્યાગ અને તપ અનુપમ હતાં, જગત સમક્ષ એક સુંદર દૃષ્ટાંત હતું. તેઓ હંમેશા પોતાના પતિને અનુકૂળ જ રહ્યાં. લગ્ન પછી સાસરે આવતા જ તેમણે પોતાના સદ્‌ગુણોથી પતિ તથા સમગ્ર પરિવારજનોને મુગ્ધ કરી દીધાં હતાં. દેવી ગાંધારી જેવાં પતિવ્રતા હતાં, એવાં જ નિર્ભીક અને ન્યાયપ્રિય હતાં. તે હંમેશા સત્ય, નીતિ અને ધર્મનો જ પક્ષપાત કરતાં, અન્યાયનું સમર્થન ક્યારેય કરતાં ન હતાં. તેમના પુત્રોએ ભરી સભામાં દ્રૌપદી પર જે અત્યાચાર ગુજારેલ, તેનું મનમાં ખૂબ દુઃખ થયેલ. તેઓ પુત્રોનાં આ દુષ્કૃત્ય પર નારાજ હતાં. ધૃતરાષ્ટ્રે પુત્રોની વાતમાં આવી જઈને પાંડવોને બીજી વખત જુગાર માટે બોલાવવાનું નક્કી કર્યું ત્યારે તે ખૂબ દુઃખી થયેલ. તેમણે જુગારનો વિરોધ કરતાં પોતાના પતિને કહ્યું હતું કે,"સ્વામી! દુર્યોધન જ્યારે જન્મ્યો ત્યારે ગધેડાની જેમ અવાજ કરી ભોંકવા લાગેલ, જેથી પરમજ્ઞાની વિદુરજીએ કહ્યું હતું કે, 'આ પુત્રનો પરિત્યાગ કરી દો." મને લાગે છે કે દુર્યોધન કુરુવંશનો નાશ કરીને રહેશે. આર્યપુત્ર! આપ સૌને આપત્તિમાં ન નાંખો. આ ઉદ્ધત મુર્ખાઓની હા માં હા ન કરો. આપણા કુળનાં નાશનું કારણ ન બનો. બંધાયેલી પાળને ન તોડો. બુઝાઈ ગયેલી આગ ફરી ભભૂકી ઊઠશે. પાંડવો શાંત છે, તેમના મનમાં કોઈ વેર નથી. તેમને ક્રોધિત કરવા ઉચિત નથી. આપ વૃદ્ધ હોવા છતાં બાળક જેવી વાત કરો છો તે બરાબર નથી. અત્યારે આપણા પુત્ર સમાન પાંડવોને અપનાવી લો. તેઓ દુઃખી થઈને કદાચ આપણાથી અલગ ન પડી જાય. કુળકલંક દુર્યોધનનો ત્યાગ કરવામાં જ કલ્યાણ છે. તેના જન્મ વખતે મેં મોહવશ વિદુરજીની વાત માની ન હતી, તેનું આ પરિણામ છે. શાંતિ, ધર્મ અને મંત્રીઓની સલાહ દ્વારા આપ પોતાની વિચારશક્તિને સુરક્ષિત રાખો. વગર વિચાર્યે કાર્ય કરવાથી પરિણામ અત્યંત દુઃખદાયી આવશે. રાજ્યલક્ષ્મી ક્રૂર લોકોનાં હાથમાં જવાથી તેઓનો જ વિનાશ કરે છે." ગાંધારીનાં આ વાક્યોમાંથી ધર્મ, નીતિ અને નિષ્પક્ષતા ટપકી રહ્યાં છે. તેઓ અનીતિનાં ભાવી દુષ્પરિણામનું સ્પષ્ટ ચિત્ર દુર્યોધનની સામે રજૂ કરતાં હતાં, પણ દુર્યોધનનાં માથા પર કાળ નાચી રહ્યો હતો તેથી માતાની આ હિતભરી વાતો પર તે ધ્યાન આપતો નહીં.

પાંડવો તરફથી સંધિનો પ્રસ્તાવ લઈને જ્યારે સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ હસ્તિનાપુર પધાર્યા અને તેઓ દુર્યોધનને સમજાવતાં થાકી ગયાં, ત્યારે ધૃતરાષ્ટ્રે ગાંધારીને બોલાવીને કહ્યું કે, "હવે તું જ તારા પુત્રોને સમજાવ. તેઓ અમારામાંથી કોઈની વાત સાંભળતા નથી." પતિની વાત સાંભળી ગાંધારીએ કહ્યું, "રાજન્! તમે પુત્રોનાં મોહમાં ફસાયેલા છો, તેથી આ બાબતમાં સૌથી વધુ દોષિત આપ જ છો! દુર્યોધન અત્યંત પાપી છે, એમ જાણવા છતાં આપ તેની પાછળ ચાલી રહ્યાં છો. દુર્યોધનને કામ, ક્રોધ અને લોભે પોતાની ચુંગાલમાં ફસાવી રાખ્યો છે. હવે જબરદસ્તીપૂર્વક તેના માર્ગેથી પાછો વાળી નહી શકો. તમે કંઈ વિચાર કર્યા વિના જ આ મૂર્ખ, દુરાત્મા, કુસંગી અને લોભી પુત્રનાં હાથમાં રાજ્યની ધુરા સોંપી દીધી, તેનું જ ફળ આજે ભોગવી રહ્યાં છો. તમે ઘરમાં જ પડી રહેલી ફૂટફાટની ઉપેક્ષા કરતાં આવ્યાં છો. તમે પાંડવોની દૃષ્ટિમાં હાસ્યાસ્પદ બની રહ્યાં છો. સામ કે ભેદથી કોઈ આપત્તિ ટાળી શકાતી હોય તો કોઈ સમજૂ વ્યક્તિ પોતાનાં સ્વજનો સામે દંડનો પ્રયોગ શું કામ કરે?" ગાંધારીની આ દલીલો નિષ્પક્ષ અને સચોટ હતી!

ગાંધારીએ પોતાનાં પુત્રને બોલાવીને સમજાવતાં કહ્યું, "બેટા! મારી વાત સાંભળ. તને તારા પિતા, ભીષ્મજી, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય તથા વિદુરજીએ જે વાત કરી તેનો સ્વીકાર કરી લે. જો તું પાંડવો સાથે સુલેહ કરી લઈશ, તો તે પિતામહ ભીષ્મની, તારા પિતાજીની, મારી તથા દ્રોણાચાર્ય આદિ



હિતેચ્છુઓની એક મોટી સેવા કરી ગણાશે. રાજ્ય પ્રાપ્ત કરવું, ટકાવી રાખવું અને ભોગવવું એ આપણા હાથની વાત નથી. જે પુરુષ જિતેન્દ્રિય હોય એ જ રાજ્યની રક્ષા કરી શકે છે. જે રીતે ઉદ્દંડ ઘોડાઓ મૂર્ખ સારથિને રસ્તામાં મારી નાખે છે, તે જ રીતે આ ઈન્દ્રિયોને કાબૂમાં રાખવામાં ન આવે તો મનુષ્યનો વિનાશ કરવા માટે તે પર્યાપ્ત છે. ઈન્દ્રિયો જેના નિયંત્રણમાં હોય તે વ્યક્તિ બધાં કાર્યો સમજી વિચારીને કરે છે. તારા દાદા ભીષ્મજી તથા દ્રોણાચાર્યજીએ જે સલાહ આપી તે બરાબર છે. હકીકતમાં શ્રીકૃષ્ણ તથા અર્જુનને કોઈ જીતી શકે તેમ નથી, તેથી તું શ્રીકૃષ્ણનું શરણ સ્વીકાર. જો તેઓ પ્રસન્ન રહેશે તો બંને પક્ષનું હિત થશે. યુદ્ધ કરવામાં કલ્યાણ નથી. તેમાં ધર્મ અને અર્થ પણ નથી; તો સુખ તો ક્યાંથી મળશે? જો તું તારા મંત્રીઓ સહિત સુખપૂર્વક રાજ્ય ભોગવવા ઈચ્છતો હોય, તો પાંડવોને તેમનો વાજબી ભાગ આપી દે. જગતમાં લોભ કરવાથી કોઈને સંપત્તિ મળી જતી નથી, તેથી તું લોભ છોડી પાંડવો સાથે સુલેહ કરી લે." ગાંધારીનો આ ઉપદેશ કેટલો હિતપૂર્ણ અને માર્મિક હતો! આ વાત પરથી સ્પષ્ટ થાય છે કે તેઓ વિદુષી હતાં. તેઓ શ્રીકૃષ્ણ અને અર્જુનનાં મહિમાને પણ જાણતાં હતાં. દુષ્ટ દુર્યોધન પર માતાનાં આ ઉપદેશની કોઈ અસર ન થઈ. તેણે પોતાની જીદ છોડી નહીં. પરિણામ એ આવ્યું કે બંને તરફથી યુદ્ધની તૈયારીઓ થવા લાગી અને અઢાર દિવસ સુધી કુરુક્ષેત્રનાં મેદાનમાં ભયંકર નરસંહાર થતો રહ્યો. યુદ્ધનાં દિવસો દરમિયાન દુર્યોધન દરરોજ પ્રાર્થનાપૂર્વક કહેતો, "મા ! હું શત્રુઓ સાથે યુદ્ધ લડવા જઈ રહ્યો છું; આપ મને આશીર્વાદ આપો કે યુદ્ધમાં મારો વિજય થાય." ગાંધારીમાં પતિવ્રત્યનું અપાર તેજ હતું. જો પુત્રને વિજયનો આશીર્વાદ આપી દે તો તેમાં કોઈ મીન મેખ ન થાય, પરંતુ તે આપે કેવી રીતે? તે જાણતાં હતાં કે દુર્યોધન અત્યાચારી છે. અત્યાચારીનાં હાથમાં રાજ્યલક્ષ્મી ક્યારેય ટકી ન શકે, તેથી તે હરસમયે એક જ જવાબ આપતા, "બેટા! જ્યાં ધર્મ હોય ત્યાં જ વિજય થાય છે. તું જો વિજય ઈચ્છતો હોય તો ધર્મનો આશ્રય લે, અધર્મનો ત્યાગ કર." તેણે ક્યારેય દુર્યોધનની તરફદારી ન કરી, પણ જ્યારે તેણે સાંભળ્યું કે મારા સોએ સો પુત્રો માર્યા ગયાં છે ત્યારે તેના ક્રોધનો વેગ ઊમટી પડ્યો અને તે પાંડવોને શાપ આપવા તત્પર થયાં. ભગવાન વેદવ્યાસજી બીજાનાં મનની વાત પણ જાણી જતાં હતાં. આથી તેઓ ગાંધારી પાસે આવ્યાં અને તેને સાંત્વન આપી તેના અસ્તિ સંકલ્પથી રોક્યા. એ વખતે પાંડવો પણ ત્યાં હાજર હતાં. માતા ગાંધારીનાં મનમાં થયેલ ક્ષોભને જોઈ યુધિષ્ઠિર તેની પાસે ગયાં. ગાંધારીની ક્રોધભરી દૃષ્ટિ આંખ પર બાંધેલી પટ્ટીમાંથી નીચેના ભાગમાં યુધિષ્ઠિરનાં નખ પર પડી એ જ વખતે યુધિષ્ઠિરનાં સુંદર લાલ નખ કાળા પડી ગયાં. તેમની આવી સ્થિતિ જોઈ ગાંધારીનો ક્રોધ શાંત થઈ ગયો. આ પ્રસંગ પરથી ગાંધારીનાં પતિવ્રત તેજનો ખ્યાલ આવે છે. અંતે ગાંધારીએ પોતાનો એ ક્રોધ શ્રીકૃષ્ણ પર ઉતાર્યો અથવા તો એમ કહેવું જોઈએ કે અંતર્યામી ભગવાને તેની બુદ્ધિ ફેરવીને પાંડવોને તેના ક્રોધમાંથી ઉગારી લીધાં અને તેના પર આવી રહેલો શાપ પોતાનાં પર લઈ લીધો. દેવી ગાંધારીએ કુરુક્ષેત્રનાં મેદાનમાં જઈને જ્યારે ત્યાંનું દૃશ્ય જોયું, ત્યારે તે પોતાનાં શોકને સંભાળી ન શક્યાં. તે ગુસ્સામાં આવીને બોલ્યાં કે, "કૃષ્ણ! પાંડવો અને કૌરવો પોતાની અંદરોઅંદરની હૂંસાતૂંસીને કારણે નાશ નથી પામ્યાં, પણ તમે સંબંધીઓની ઉપેક્ષા કરી છે તેનું આ પરિણામ આવ્યું છે. તમે સમર્થ હોવા છતાં યુદ્ધ રોકવાનો હૃદયપૂર્વક પ્રયાસ નથી કર્યો. તમારી પાસે અનેક સેવકો અને વિશાળ સેના હતી. તમે તેની તાકાતથી બંનેને ડરાવીને અથવા તમારા વાક્ ચાતુર્યથી તેમને સમજાવીને યુદ્ધ અટકાવી શક્યા હોત, પરંતુ તમે જાણીબૂઝીને કૌરવોનાં સંહારની ઉપેક્ષા કરી છે, તેથી તમે પણ એનું ફળ ભોગવો. મેં મારા અંધ પતિની સેવા કરીને જે તપનો સંચય કર્યો છે તેના બળ પર હું તમને શાપ આપું છું કે જે રીતે પરસ્પર લડીને મરી રહેલા કૌરવો અને પાંડવોને તમે જોયા છે એ જ રીતે તમારા બંધુ બાંધવોને પણ પરસ્પર લડતા તમે જોશો. તમે પોતે પણ એક અનાથની જેમ માર્યા જશો. જે રીતે અમારા ભરતવંશની વિધવા સ્ત્રીઓ આર્તનાદ કરી રહી છે એ જ રીતે તમારા કુળની સ્ત્રીઓ પણ પોતાનાં બાંધવો અને પતિદેવોનાં માર્યા જવાથી માથા કુટીકુટીને રડશે."

ગાંધારીનાં આ કઠોર વચનો સાંભળી શ્રીકૃષ્ણ સ્મિત કરીને બોલ્યાં, "હું તો જાણતો હતો કે આમ થવાનું જ છે. શાપ આપીને તમે એ જ કરી બતાવ્યું કે જે બનવાનું છે. એ વાતમાં બિલકુલ સંદેહ નથી કે વૃષ્ણિવંશનો નાશ દૈવી કોપથી થશે. તેથી યદુવંશીઓ આપસના કલહથી જ નાશ પામશે. યુધિષ્ઠિરનાં રાજ્યાભિષેક બાદ દેવી ગાંધારી પતિ સાથે વનમાં જતાં રહ્યાં. તપસ્વીની માફક દાવાગ્નિથી પોતાનાં શરીરને ભસ્મ કરી નાખ્યું. આમ તેઓ પતિની સાથે કુબેર લોકમાં જતાં રહ્યાં. આ રીતે પતિપરાયણા ગાંધારીએ આ લોકમાં પતિની સેવા કરી, પરલોકમાં પણ પતિનું સાન્નિધ્ય અને સેવા પ્રાપ્ત કરી. જે પ્રત્યેક પતિવ્રતાનું ઈચ્છિત લક્ષ્ય હોય છે. પ્રત્યેક પતિવ્રતા સ્ત્રીએ ગાંધારીનાં ચરિત્રનું મનન કરી તેમાંથી શિક્ષા લેવી જોઈએ.

# મહાત્મા વિદુર




મહાત્મા વિદુર સાક્ષાત્ ધર્મનાં અવતાર હતાં. માંડવ્ય ઋષિનાં શાપથી તેમને શુદ્ર યોનિમાં જન્મ લેવો પડ્યો હતો. તેઓ મહારાજ વિચિત્રવીર્યની દાસીનાં ગર્ભથી ઉત્પન્ન થયાં હતાં. આથી તેઓ ધૃતરાષ્ટ્ર તથા પાંડુનાં સગા ભાઈ હતાં. તેઓ અત્યંત બુધ્ધિમાન, નીતિજ્ઞ, ધર્મજ્ઞ, વિદ્વાન, સદાચારી તથા ભગવદ્‌ભક્ત હતાં. તેઓ નિર્ભીક તથા સામ્યવાદી હતાં. ધૃતરાષ્ટ્રનાં મંત્રી હતાં. દુર્યોધન જન્મતાની સાથે જ ગધેડાની જેમ ભોંકવા લાગ્યો હતો. તેના જન્મ સમયે અનેક અમંગળ ઉત્પાતો થયાં હતાં. એ બધું જોઈ બ્રાહ્મણો સાથે વિચાર વિમર્શ કરી તેણે ધૃતરાષ્ટ્રને કહ્યું હતું કે, “આપનો આ પુત્ર કુળનાશક થશે, તેથી તેનો ત્યાગ કરવો શ્રેયસ્કર છે. તેના જીવતા રહેવાથી આપને ઘણું દુઃખ સહન કરવું પડશે. શાસ્ત્રોની આજ્ઞા છે કે કુળ માટે એક વ્યક્તિનો, ગામ માટે કુળનો, દેશ માટે ગામનો અને વિશ્વ માટે સમગ્ર દેશનો પણ ત્યાગ કરી દેવો જોઈએ.” પરંતુ ધૃતરાષ્ટ્રએ મોહવશ વિદુરની આ વાત માની નહીં, પરિણામે દુર્યોધનને કારણે તેમને જીવનપર્યંત દુઃખ વેઠવું પડ્યું. પોતાની નજર સામે સમગ્ર કુળનો વિનાશ જોવો પડ્યો. મહાત્માની હિતભરી વાણી પર ધ્યાન ન આપવાથી દુઃખ ભોગવવું પડ્યું. દુર્યોધન પાંડવો પર અત્યાચાર કરવા લાગ્યો ત્યારે વિદુરજીની સહાનુભૂતિ પાંડવો તરફ વધી ગઈ; કારણ કે પાંડવો પિતાને ગુમાવી બેઠાં હતાં, તેમજ ધર્માત્મા હતાં. તેઓ પ્રત્યક્ષ તથા ગુપ્ત બંને રીતે પાંડવોની રક્ષા અને સહાયતા કરતાં રહ્યાં. “ધર્મની સહાનુભૂતિ ધર્માત્માઓ પ્રત્યે હોવી જોઈએ અને વિદુરજી સાક્ષાત્ ધર્મનો અવતાર હતાં. તેઓ જાણતા હતાં કે પાંડવો પર ગમે તેટલી આપત્તિ આવશે તોય વિજય પાંડવોનો થશે. વિદુરજી એ પણ જાણતાં હતાં કે બધાં પાંડવો દીર્ઘાયુ છે, તેથી તેમને કોઈ મારી શકશે નહીં. જ્યારે દુર્યોધને કપટ કરી ભીમસેનને ઝેર ખવડાવી ગંગાજીમાં ફેંકાવી દીધેલ અને તે ઘેર પાછો ન ફરવાથી માતા કુન્તીએ ચિંતાયુક્ત થઈ દુર્યોધન તરફ આશંકા વ્યક્ત કરી, ત્યારે વિદુરજીએ કુન્તી પાસે જઈને તેને સમજાવેલ કે, “અત્યારે ચૂપ રહેવામાં જ સાર છે. દુર્યોધન પર શંકા કરવામાં જોખમ છે. આથી તે ચિડાઈ જશે અને તમારા બીજા પુત્રો ઉપર આપત્તિ ઊભી કરશે. ભીમસેન કદી મરે નહીં. એ થોડા સમયમાં જીવતોજાગતો પાછો આવશે.” કુન્તીએ વિદુરજીની આ નીતિપૂર્ણ સલાહ સ્વીકારી લીધી. તેમની વાત બરાબર નીકળી. ભીમસેન થોડા દિવસોમાં પાછો આવ્યો.

લાક્ષાભવનમાંથી પાંડવોને સહીસલામત નીકળી જવાની યુક્તિ પણ વિદુરજીએ બતાવી હતી. તેઓ નીતિ નિપુણ હોવા ઉપરાંત ઘણી ભાષાઓનાં જાણકાર હતાં. જે વખતે પાંડવો વારણાવત જઈ રહ્યાં હતાં ત્યારે તેમણે યુધિષ્ઠિર પર મ્લેચ્છ ભાષામાં પત્ર લખી, તેમના પર આવનાર આપત્તિ વિશે ચેતવણી આપી હતી. તેમજ બચવાનો રસ્તો બતાવ્યો હતો. તેમણે લાક્ષાભવનમાંથી ભાગી જવા માટે સુંરગ તૈયાર કરાવી રાખી. જ્યારે લાક્ષાભવનમાં આગ લાગવાથી પાંડવો માતા કુન્તી સાથે એ ગુપ્ત રસ્તા દ્વારા સલામત બહાર નીકળી ગયાં, ત્યારે ગંગાકિનારેથી તેમને સામા કિનારે લઈ જવા માટે એક નાવિક સાથેની હોડીની વ્યવસ્થા પણ વિદુરજીએ કરી રાખી હતી, જેના દ્વારા તેઓ ગંગા પાર કરી શક્યાં. આ રીતે વિદુરજીએ બુદ્ધિમત્તા અને નીતિમત્તાથી પાંડવોનાં પ્રાણ બચાવી લીધાં અને દુર્યોધનને એ વાતની ખબર પણ ન પડવા દીધી. તે લોકોએ એમ જ માની લીધું કે પાંડવો પોતાની માતા સાથે લાક્ષાભવનમાં બળીને મરી ગયાં છે. બધી જગ્યાએ માત્ર શારીરિક કે અસ્ત્ર બળ કામ નથી કરતું, આત્મરક્ષા માટે નીતિબળની પણ જરૂર હોય છે. મહાત્મા વિદુર ધર્મ તથા શાસ્ત્ર જ્ઞાનની સાથે નીતિનાં પણ ભંડાર હતાં. વિદુરજી જેમ પાંડવો પ્રત્યે સહાનુભૂતિ અને પ્રેમ રાખતા હતાં, એ જ પ્રકારનો સ્નેહ અને આત્મીયતા તેઓ ધૃતરાષ્ટ્ર તથા તેમના પુત્રો પ્રત્યે પણ ધરાવતા હતાં. તેમના હિતનું તેઓ સતત ધ્યાન રાખતા અને વખતોવખત સાચી સલાહ આપતા હતાં. વિદુરજીની દરેક વાત ચોક્કસપણે સાચી અને હિતકારક હોવા છતાં દુર્યોધનને કડવી લાગતી, જેથી દુર્યોધન અને સાથીદારો તેમનાથી હંમેશા અસંતુષ્ટ રહેતા હતાં, પરંતુ વિદુરજી એ લોકોની નારાજગીની પરવા કર્યા વિના સદા તેમના મંગલની કામના કર્યા કરતાં. તેઓને કુમાર્ગેથી પાછા વાળવાનો સતત પ્રયાસ કરતાં હતાં. ધૃતરાષ્ટ્ર દુષ્ટ પુત્રોની અસર હેઠળ હોવાથી તેમની વાતને સ્વીકારી ન શક્તા અને કષ્ટ પણ ભોગવતા, છતાંય તેમને વિદુરજી પર વિશેષ વિશ્વાસ હતો. તે તેમને બુદ્ધિમાન, દૂરંદર્શી તથા પોતાના હિતચિંતક માનતા હતાં. મોટે ભાગે તેમની સલાહ વિના કોઈ કામ કરતાં નહીં. પાંડવો સાથેનાં વ્યવહારમાં ખાસ કરીને તેમની સલાહ લેતા હતાં. તેઓ જાણતા કે પાંડવોનાં વિષયમાં તેમની સલાહ બિલકુલ પક્ષપાતરહિત હશે. દુષ્ટ દુર્યોધન જ્યારે મામા શકુનિની સલાહથી પાંડવો સાથે જુગાર રમવાની દરખાસ્ત લઈને પોતાના પિતા પાસે ગયો, ત્યારે ધૃતરાષ્ટ્રે પોતાના નિયમ પ્રમાણે વિદુરજીને સલાહ માટે બોલાવ્યાં. પોતાની વાત નહીં સ્વીકારાય તો દુર્યોધને પ્રાણ ત્યજી દેવાની ધમકી આપી, પરંતુ ધૃતરાષ્ટ્રે તેને સ્પષ્ટ સંભળાવી દીધું કે, “વિદુરજીનો અભિપ્રાય લીધાં વિના હું તમને જુગાર રમવાની મંજૂરી આપી શકું નહીં.” દુર્યોધનનાં પાપી પ્રસ્તાવને સાંભળી વિદુરજી સમજી ગયાં કે હવે કળિયુગ આવી રહ્યો છે. તેમણે એ વાતનો સખત વિરોધ કર્યો અને ધૃતરાષ્ટ્રને સમજાવતાં કહ્યું કે, “જુગાર રમવાથી તમારા પુત્રો અને ભત્રીજાઓ વચ્ચે દુશ્મનાવટની વૃદ્ધિ થશે. તેઓમાંથી કોઈનું પણ હિત નહીં થાય. જુગારનું આયોજન ન કરવું એ જ ઠીક છે, તેમાં બંને પક્ષનું કલ્યાણ છે.” ધૃતરાષ્ટ્રે વિદુરજીનાં આ અભિપ્રાયની પ્રશંસા કરી અને દુર્યોધનને સમજાવવા ખૂબ મહેનત કરી, પરંતુ તેણે પિતાની વાત બિલકુલ સ્વીકારી નહીં. દુર્યોધન પાંડવોને જુગારમાં હરાવી ને હલકા પાડવા તડપી રહ્યો હતો. તેનાથી પાંડવોનો અપાર વૈભવ જોઈ શકાતો ન હતો. દુર્યોધન કોઈ રીતે ન માન્યો ત્યારે ધૃતરાષ્ટ્રે પુત્ર મોહવશાત્ તેની વાત સ્વીકારી લીધી અને વિદુરજીને ઈન્દ્રપ્રસ્થ નિમંત્રણ આપવા મોકલ્યાં. વિદુરને એ વાત યોગ્ય લાગતી ન હતી, છતાં મોટાભાઈની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું તેમણે ઉચિત ન માન્યું.

પાંડવો પાસે જઈ વિદુરજીએ બધી વાત રજૂ કરી. મહારાજ યુધિષ્ઠિરે પણ જુગાર રમવાનું ઉચિત ન સમજવા છતાં પિતાનો આદેશ સમજી દુર્યોધનનાં નિમંત્રણનો સ્વીકાર કર્યો. જુગાર રમવાનું શરૂ થયું ત્યારે પણ વિદુરજીએ જુગારનાં દોષ બતાવી રાજા ધૃતરાષ્ટ્રને કહ્યું કે, “આપ હજુ પણ સમજી જાઓ, દુર્યોધનની ‘હા’માં ‘હા’ કરવાનું છોડી દો અને કુળને સર્વનાશમાંથી બચાવો. પાંડવો સાથે વિરોધ કરી તેમને પોતાના શત્રુ ન બનાવો.” પાંડવો વનમાં જતા રહ્યાં પછી ધૃતરાષ્ટ્રનાં મનમાં ઘણી ચિંતા અને વ્યાકુળતા થઈ. તેણે વિદુરજીને બોલાવીને પોતાના મનની વ્યથા તેમની સમક્ષ રજૂ કરી. તેમની સલાહ માગી કે, “હવે અમારે શું કરવું જોઈએ કે જેથી રાજ્યની પ્રજા અમારાથી સંતુષ્ટ રહે અને પાંડવો પણ અમારા પર ક્રોધિત ન થાય.” વિદુરજીએ તેમને સમજાવતાં ઉત્તર આપ્યો કે, “રાજન્! અર્થ, ધર્મ અને કામ એ ત્રણેયની પ્રાપ્તિ ધર્મથી થાય છે. રાજ્યનો પાયો ધર્મ છે તેથી આપ ધર્મમાં

સ્થિતિ રાખી પાંડવોની તથા આપના પુત્રોની રક્ષા કરો. આપના પુત્રોએ શકુનિની સલાહથી ભરી સભામાં ધર્મનો તિરસ્કાર કર્યો છે, કારણ કે સત્યસંઘ યુધિષ્ઠિરને દ્યૂતમાં કપટથી હરાવીને તેનું સર્વસ્વ છીનવી લીધું છે, એ મોટો અધર્મ થયેલ છે. તેના નિરાકરણનો મારી દૃષ્ટિએ એક જ ઉપાય છે, કે પાંડવોનું જે કંઈ લીધું છે, તે બધું પાછું સોંપી દેવામાં આવે. રાજાનો એ પરમધર્મ છે કે તે પોતાના હકમાં સંતુષ્ટ રહે, બીજાનાં હક પર તરાપ ન મારે. મેં જે ઉપાય બતાવ્યો છે તેનાથી આપનું કલંક દૂર થઈ જશે, ભાઈ ભાઈ વચ્ચે ફૂટ નહીં પડે અને ધર્મની રક્ષા થશે. જો આપના પુત્રોનું થોડું પણ સદ્ભાગ્ય હોય તો શીઘ્રાતિશીઘ્ર આમ કરી લેવું જોઈએ. આપ મોહવશાત્ તેમ નહીં કરી શકો તો કુરુવંશનો નાશ થઈ જશે. આપનો પુત્ર દુર્યોધન આ વાત પ્રસન્નતાપૂર્વક સ્વીકારી લે તે ઠીક છે, નહીં તો પરિવાર અને પ્રજાનાં સુખ માટે એ કુળ કલંક અને દુરાત્માને કેદ કરી, યુધિષ્ઠિરને રાજસિંહાસન પર બેસાડી દો. યુધિષ્ઠિરનાં મનમાં કોઈનાં પ્રત્યે રાગદ્વેષ નથી, તેથી તે ધર્મ પૂર્વક પૃથ્વીનું પાલન કરશે. દુઃશાસન સૌ સભાસદોની વચ્ચે ભીમસેન તથા દ્રૌપદીની માફી માગે. આટલું કરવાથી આપ સંકટમુક્ત થઈ જશો."

વિદુરજીની આ સલાહ કેટલી સાચી, હિતપૂર્ણ, ધર્મયુક્ત અને નિર્ભીક હતી! જેમ મૃત્યુ નજીક આવવાથી ઔષધ સારું લાગતું નથી, તેમ ધૃતરાષ્ટ્રનાં ગળે વિદુરજીની સલાહ ન ઊતરી. તેઓ વિદુરજી પર ગુસ્સે થઈને બોલ્યાં. "વિદુર! મને તમારી કોઈ જરૂર નથી, તમારી મરજી હોય તો રહો અથવા ચાલ્યા જાઓ. હું જોતો આવ્યો છું કે તમે પાંડવોનો જ પક્ષ લો છો. હું તેમના માટે મારા પુત્રોનો ત્યાગ કેવી રીતે કરી શકું?" વિદુરજીએ જોયું કે હવે કૌરવ કુળનો નાશ નિશ્ચિંત છે, તેથી તેઓ ચુપચાપ ઊભા થઈ બહાર નીકળી રથ પર સવાર થઈ કામ્યકવનમાં પાંડવો પાસે ગયાં. ત્યાં તેમણે આવતા રહેવાનું કારણ કહ્યું અને પ્રસંગ અનુસાર પાંડવોને ખૂબ ઉપયોગી વાત કરી. ધૃતરાષ્ટ્રને ખબર પડી કે વિદુરજી પાંડવો પાસે જતાં રહ્યાં છે, ત્યારે તેમને ખૂબ પસ્તાવો થયો. તેમણે વિચાર કર્યો કે વિદુરની સલાહ અને મદદ મેળવીને પાંડવો વધુ બળવાન થઈ જશે, તેથી તેમને પાછા બોલાવી લાવવા સંજયને મોકલ્યાં. વિદુરજી રાગદ્વેષથી પર હતાં. તેમના મનમાં ધૃતરાષ્ટ્ર પ્રત્યે કોઈ રોષ ન હતો. આથી તેઓ હસ્તિનાપુર આવી ગયાં. આવીને તેમણે ધૃતરાષ્ટ્રને કહ્યું કે, "મારા માટે પાંડવો અને આપના પુત્રો બંને સમાન છે, છતાં પાંડવોને નિરાધાર જોઈ મારા મનમાં સ્વાભાવિક રીતે તેમને મદદરૂપ થવાની ઈચ્છા થાય છે. મને આપના પુત્રો તરફ કોઈ દ્વેષ નથી." ધૃતરાષ્ટ્રએ તેમના પ્રત્યે કરેલા અનુચિત વ્યવહાર બદલ ક્ષમા માગી. વિદુરજી પૂર્વવત્ ધૃતરાષ્ટ્રની પાસે રહી તેમની સેવા કરવા લાગ્યાં. એક વાર ધૃતરાષ્ટ્રને રાત્રે ઊંઘ નહોતી આવતી, ત્યારે તેમણે વિદુરજીને બોલાવીને શાંતિનો ઉપાય પૂછ્યો. એ વખતે વિદુરજીએ ધૃતરાષ્ટ્રને ધર્મ અને નીતિવિષયક જે સુંદર ઉપદેશ આપ્યો તે 'વિદુરનીતિ' નાં નામથી મહાભારતનાં ઉદ્યોગ પર્વનાં આઠ અધ્યાયોમાં બતાવવામાં આવેલ છે.

વિદુરજીની વાતથી ધૃતરાષ્ટ્રને તૃપ્તિ ન થઈ. તેમણે વધુ સાંભળવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે વિદુરજીએ કહ્યું, "રાજન્! મારે જે કહેવાનું હતું તે કહી સંભળાવ્યું. હવે બ્રહ્માજીનાં પુત્ર સનાતન ઋષિ તમને તત્વવિષયક ઉપદેશ આપશે." આટલું કહી તેમણે મહર્ષિ સનાતનનું સ્મરણ કર્યું કે તરત તેઓ ઉપસ્થિત થઈ ગયાં. સનાતન ઋષિએ રાજા ધૃતરાષ્ટ્રનાં પ્રશ્નનાં ઉત્તર આપી પરમાત્માનાં સ્વરૂપ વિશે સુંદર વિવેચન કર્યું. આ રીતે વિદુરજીએ ધૃતરાષ્ટ્રને ધર્મ અને નીતિની વાતો સંભળાવી, તેમજ સનાતન ઋષિ દ્વારા તત્વનો ઉપદેશ કરાવી તેમના કલ્યાણનો માર્ગ ખુલ્લો કરી આપ્યો. વિદુરજી દ્વારા ધૃતરાષ્ટ્ર તેમજ તેનાં પુત્રો માટે જે કંઈ ચેષ્ટા થતી તે તેમનાં કલ્યાણ માટે થતી હતી. મહાત્માઓનું જીવન બીજાનાં કલ્યાણ માટે હોય છે. સનાતન ઋષિનો આ ઉપદેશ મહાભારતનાં ઉદ્યોગ પર્વનાં છ અધ્યાયોમાં દર્શાવેલ છે. વિદુરજી જ્ઞાની તેમજ તત્વદર્શી હોવા ઉપરાંત ભગવાનનાં અનન્ય ભક્ત હતાં. તેમની ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણોમાં નિષ્કપટ પ્રીતિ હતી. ભગવાન શ્રીકૃષ્ણનો તેમના પર અગાધ પ્રેમ હતો. શ્રીકૃષ્ણ પાંડવોનાં દૂત બની હસ્તિનાપુર ગયાં ત્યારે તેઓ સીધા વિદુરજીને ઘેર પહોંચ્યા હતાં. તેમના પ્રેમભર્યા આતિથ્યનો સ્વીકાર કર્યો હતો. ત્યાર પછી ફોઈબા કુન્તીજીને મળવા ગયાં હતાં. આ પ્રસંગ પરથી અનુમાન કરી શકીએ કે વિદુરજીનો શ્રીકૃષ્ણ પ્રત્યે કેવો અનુરાગ હશે!

ભોજન પછી આખી રાત શ્રીકૃષ્ણ વિદુરજીને ત્યાં રહી પ્રેમભરી વાતો કરી. સવારે નિત્યકર્મ કરી શ્રીકૃષ્ણ કૌરવોની સભામાં ગયાં. દુર્યોધને શ્રીકૃષ્ણને પકડીને કેદ કરી લેવાનો દુઃસાહસભર્યો વિચાર કર્યો, તે વખતે વિદુરજીએ શ્રીકૃષ્ણની શક્તિ અને મહિમાનું વર્ણન કરતાં કહ્યું કે, "તેઓ સાક્ષાત્ પરમાત્મા છે. જો તું તેમનો તિરસ્કાર કરવાનું સાહસ કરીશ તો જેમ પતંગિયું અગ્નિમાં પડીને નષ્ટ થઈ જાય છે તેમ નષ્ટ થઈ જઈશ." પછી ભગવાને સભા વચ્ચે પોતાનું વિરાટ સ્વરૂપ પ્રગટ કર્યું, ત્યારે ઉપસ્થિત લોકોએ ભયભીત થઈ પોતાની આંખો બંધ કરી દીધી. માત્ર દ્રોણાચાર્ય, ભીષ્મજી, વિદુરજી, સંજય તેમજ હાજર રહેલા ઋષિઓ તેમના સ્વરૂપનું દર્શન કરી શક્યાં, કારણ કે ભગવાને એ સૌને દિવ્ય દ્રષ્ટિ આપી હતી. પછી ભગવાન પોતાની લીલાને સંકેલીને ઉપપ્લવ્ય તરફ જતાં રહ્યાં. અન્ય લોકોની સાથે વિદુરજી પણ તેમને વળાવવા માટે ગયાં. શ્રીકૃષ્ણ સુલેહ સ્થાપવામાં સફળ થયાં વિના પાછા ફર્યા પછી બંને તરફ યુદ્ધની તૈયારીઓ થવા લાગી. અઢાર અક્ષૌહિણી સેના લઈ બંને દળ કુરુક્ષેત્રનાં મેદાન પર એકત્રિત થયાં અને અઢાર દિવસમાં એ બધાંજ ઘાસની જેમ કપાઈ ગયાં. રાજા ધૃતરાષ્ટ્ર પોતાના સઘળા પુત્રો તથા પૌત્રોનો વિનાશ થઈ જવાથી અત્યંત દુઃખી થઈ ગયાં. એ વખતે વિદુરજીએ મૃત્યુની અનિવાર્યતાનું નિરૂપણ કરતાં સમજાવ્યું કે, "યુદ્ધમાં જે લોકો મૃત્યુ પામે છે તેમની ઉત્તમ ગતિ થાય છે, તેથી તેમના માટે શોક ન કરવો જોઈએ." તેમણે એ પણ સમજાવ્યું કે, "પ્રાણી જેટલી વાર જન્મ લે છે, તેટલી વાર અલગ વ્યક્તિઓ સાથે સંબંધ જોડે છે અને મૃત્યુ બાદ તે સંબંધો સ્વપ્નની માફક વિલીન થઈ જાય છે. તેથી મૃત્યુ પામેલા સંબંધીઓ પાછળ શોક કરવો એ બુદ્ધિયુક્ત નથી. સુખ દુખ સાથે સંબંધ ધરાવનારી જેટલી ઘટનાઓ ઘટે છે, તે બધી જ પોતે કરેલા શુભાશુભ કર્મોનાં ફળ રૂપે પ્રાપ્ત થતી હોય છે. કર્મફળ સૌ કોઈને ભોગવવાં પડે છે." એ પછી વિદુરજીએ સંસારનાં દુઃખોથી મુક્ત થવાના ઉપાયોનું દિગ્દર્શન કરાવ્યું.

યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક થઈ ગયાં બાદ ધૃતરાષ્ટ્ર પાંડવોની સાથે રહેવા લાગ્યાં, ત્યારે વિદુરજી પણ તેમની સાથે રહેતા અને ધર્મ ચર્ચા સંભળાવતા હતાં. ધૃતરાષ્ટ્ર અને ગાંધારીએ વનમાં જવાનો નિશ્ચય કર્યો ત્યારે તેઓ પણ તેમની સાથે ગયાં. વનમાં જઈ વિદુરજીએ ઘોર તપસ્યાનું વ્રત લીધું. તેઓ નિરાહાર રહી નિર્જન વનમાં એકાન્તવાસ કરવા લાગ્યાં. જ્યારે મહારાજ યુધિષ્ઠિર પોતાની સેના તથા સમસ્ત પરિવારને સાથે લઈને જંગલમાં ધૃતરાષ્ટ્ર, ગાંધારી તથા માતા કુન્તીને મળવા આવ્યાં ત્યારે તેમની સાથે વિદુરજીને ન જોતા રાજા ધૃતરાષ્ટ્રને એમના વિશે પૂછવા લાગ્યાં. એટલામાં વિદુરજી તેમની નજરે ચડ્યાં. તેમણે શિર પર જટા ધારણ કરી હતી અને મોઢામાં એક પથ્થર દબાવી રાખ્યો હતો. તેઓ દિગમ્બર વેશમાં હતાં. ધૂળથી ખરડાયેલા તેમના દૂર્બળ શરીર પર એક એક નસ દેખાઈ રહી હતી. શરીર પર મેલ જામી ગયો હતો. યુધિષ્ઠિર તેમને મળવા માટે પાછળ દોડ્યા અને પોતાનું નામ બતાવી મોટેથી સાદ પાડવા લાગ્યાં. ઘોર જંગલમાં વિદુરજી એક વૃક્ષને ટેકે સ્થિર ભાવથી ઊભા રહી ગયાં. રાજા યુધિષ્ઠિરે જોયું કે તેમનું શરીર હાડપિંજર જેવું થઈ ગયું હતું. યુધિષ્ઠિરે તેમની પૂજા કરી. વિદુરજી સમાધિસ્થ દશામાં નિર્નિમેષ નયને યુધિષ્ઠિર તરફ તાકી રહ્યાં હતાં. તેઓ યોગબળથી પોતાના અંગોને યુધિષ્ઠિરનાં અંગોમાં, ઈન્દ્રિયોને તેમની ઈન્દ્રિયોમાં તથા પ્રાણોને તેમના પ્રાણો સાથે મેળવી દઈ, યુધિષ્ઠિરનાં શરીરમાં પ્રવેશ કર્યો. વિદુરજીનું શરીર નિર્જીવ બની વૃક્ષનાં આધારે ઊભું રહી ગયું. આ રીતે સાક્ષાત્ ધર્મનાં અવતાર મહાત્મા વિદુરજી ધર્મમય જીવન વિતાવી અંતે ધર્મમૂર્તિ મહારાજ યુધિષ્ઠિરનાં જ શરીર સાથે એકરૂપ થઈ ગયાં.



# મંત્રીશ્રેષ્ઠ સંજય

સંજય મહારાજ ધૃતરાષ્ટ્રનાં મંત્રી હતાં. તેઓ અત્યંત સ્વામીભક્ત, બુદ્ધિમાન, નીતિજ્ઞ તથા ધર્મજ્ઞ હતાં. તેઓ સત્યવાદી તેમજ નિર્ભીક હતાં. તેઓ ધૃતરાષ્ટ્રને હંમેશા ઉત્તમ સલાહ આપતા અને હિતની દ્રષ્ટિએ કડવી વાત કહેતાં અચકાતા નહીં. ધૃતરાષ્ટ્રને તેમણે છેવટ સુધી સાથ આપ્યો. તેઓ મહર્ષિ વેદવ્યાસજીનાં કૃપાપાત્ર તથા અર્જુન તેમજ ભગવાન શ્રીકૃષ્ણનાં પ્રેમી હતાં. દુર્યોધનનાં અત્યાચારોનો તેઓ ખૂબ વિરોધ કરતાં હતાં. પાંડવો જ્યારે જુગારમાં હારીને વનમાં રહેતા હતાં ત્યારે તેમણે પાંડવો સાથેનાં દુર્યોધનનાં અનુચિત વ્યવહારની ખૂબ જ કડક ટીકા કરતાં ધૃતરાષ્ટ્રને કહ્યું હતું કે, "મહારાજ! હવે આપના કુળનો વિનાશ નિશ્ચિત છે, નિર્દોષ પ્રજા પણ બચવા નહીં પામે, પિતામહ ભીષ્મ, આચાર્ય દ્રોણ અને વિદુરજીએ આપના પુત્રોને ઘણી મનાઈ કરી, છતાં એ નિર્લજ્જે ધર્મપરાયણ દ્રૌપદીને સભામાં બોલાવી અપમાનિત કરી. વિનાશ કાળ નજીક આવે ત્યારે બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. અન્યાય પણ ન્યાય જેવો લાગે છે. આપના પુત્રોએ અયોનિજા, પતિપરાયણા, અગ્નિવેદીમાંથી પ્રકટ થયેલી સુંદરી દ્રૌપદીને ભરી સભામાં અપમાનિત કરીને યુદ્ધને નિમંત્રણ આપ્યું છે. આવું નિંદનીય કર્મ દુર્યોધન સિવાય બીજું કોઈ ન કરી શકે." એક સમ્રાટની સાથે તેના યુવરાજ વિશે આટલી સ્પષ્ટ અને સત્ય વાત શું કોઈ નિર્ભીકમાં નિર્ભીક વ્યક્તિ પણ કહી શકે ખરી? શાસ્ત્રમાં પણ કહ્યું છે કે ધૃતરાષ્ટ્રે સંજયની વાતનું અનુમોદન કરતાં પોતાની એ કમજોરીનો સ્વીકાર પણ કર્યો કે જેને લઈ તેઓ દુર્યોધનનાં અત્યાચારોને અટકાવી શક્યા ન હતાં.

સંજય 'સામ' નીતિનાં દ્રઢ આગ્રહી હતાં. યુદ્ધ અટકાવવા તેમણે ઘણો પ્રયાસ કરેલો. બંને પક્ષોને યુદ્ધનાં ભયંકર પરિણામ વિશે ચેતવણી આપી હતી. પાંડવો તેની વાત સ્વીકારી લેવા તૈયાર હતાં, પરંતુ દુર્યોધને સમાધાનનાં પ્રસ્તાવને તિરસ્કારપૂર્વક નકારી કાઢ્યો, જેથી યુદ્ધ અનિવાર્ય થઈ પડ્યું. દેવનું વિધાન એમ જ હતું. કૌરવોનાં પક્ષમાં ભીષ્મ, દ્રોણ, વિદુર અને સંજયનો અભિપ્રાય લગભગ એક જ રહેતો. ચારેય મહાપુરુષો ધર્મનાં પક્ષપાતી હતાં અને હૃદયપૂર્વક પાંડવો તરફ સહાનુભૂતિ ધરાવતા હતાં. તેઓ રાજા ધૃતરાષ્ટ્રની કે તેમના પુત્રોની અપ્રસન્નતાની જરા પણ પરવા કર્યા વિના તેમને સાચી વાત કહેતા ક્યારેય પણ અચકાતા નહીં.

પાંડવોની સાથે વાતચીત કરવા જ્યારે ધૃતરાષ્ટ્રે પોતાના તરફથી સંજયને ઉપપ્લવ્ય મોકલ્યાં, ત્યારે પાંડવોની સાચી પ્રશંસા કરી યુદ્ધથી વિરત થવાની સલાહ આપી. તેમણે કહ્યું કે યુદ્ધથી અર્થ કે ધર્મ કંઈ જ નહી સાંધી શકાય, સંધિ કરી લેવી એ જ શાંતિનો સર્વોત્તમ ઉપાય છે. રાજા ધૃતરાષ્ટ્ર પણ શાંતિ ઈચ્છે છે, યુદ્ધ નહીં." શ્રીકૃષ્ણ અને અર્જુનનાં કૃપાપાત્ર હોવાથી તેમને પૂર્ણ વિશ્વાસ હતો કે પાંડવો વાત જરૂર સ્વીકારશે. અર્જુન વિશે તેમણે ત્યાં સુધી કહ્યું હતું કે, "અર્જુન મારા વચન પર પોતાનો પ્રાણ પણ આપી શકે છે." આથી એ સિદ્ધ થાય છે કે સંજય શ્રીકૃષ્ણ તથા અર્જુનનાં અનન્ય પ્રેમી હતાં. યુધિષ્ઠિરે પ્રેમપૂર્વક સંજયની વાતનું સમર્થન કર્યું, પરંતુ સંધિની એ શરત મૂકી કે ઈન્દ્રપ્રસ્થનું રાજ્ય પાછું સોંપી દેવામાં આવે. ભગવાન શ્રીકૃષ્ણએ પણ ધર્મરાજનું સમર્થન કર્યું. સંજય યુધિષ્ઠિરનો સંદેશ લઈ હસ્તિનાપુર પાછા ફર્યા. ધૃતરાષ્ટ્ર પાસે જઈ પાંડવોનો ધર્મયુક્ત સંદેશ સંભળાવ્યો. યુદ્ધની તૈયારી તેમજ પાંડવ પક્ષનાં વીરોની તાકાતનું વિસ્તારથી વર્ણન કર્યું. તેમણે અર્જુન તથા શ્રીકૃષ્ણની અભિન્નતા સિદ્ધ કરતાં કહ્યું કે, "હું જે સમયે શ્રીકૃષ્ણ તથા અર્જુનને મળવા ગયો ત્યારે તેઓ બંને એક જ અંતઃપુરમાં હતાં. તેઓ જ્યાં હતાં ત્યાં અભિમન્યુ, નકુળ કે સહદેવને પણ જવાની મનાઈ હોય છે." સંજયનાં આ વર્ણનથી શ્રીકૃષ્ણ તથા અર્જુનની અભિન્નતા સિદ્ધ થાય છે. સંજય તેમની એકાંત ગોષ્ઠીમાં પણ સામેલ થઈ શકે છે. આ પ્રસંગ સિદ્ધ કરે છે કે તેમનો શ્રીકૃષ્ણ તથા અર્જુન સાથેનો અત્યંત નિખાલસ અને પ્રેમભર્યો સંબંધ હતો.

સંજય ભગવાનનાં પ્રેમી હતાં, તેમને ભગવાનનાં વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન હતું. તેમણે મહર્ષિ વેદવ્યાસજી, દેવી ગાંધારી તથા મહાત્મા વિદુરની હાજરીમાં ધૃતરાષ્ટ્રને શ્રીકૃષ્ણનો મહિમા કહી સંભળાવ્યો તથા તેમને સમસ્ત લોકનાં સ્વામી તરીકે ઓળખાવ્યાં. તે સાંભળી ધૃતરાષ્ટ્રે તેને પૂછ્યું કે, "શ્રીકૃષ્ણ સાક્ષાત્ ઈશ્વર છે એ વાત તમે કેવી રીતે જાણી શક્યાં અને હું તેમને કેમ નથી ઓળખી શક્તો?" તેના જવાબમાં સંજયે વેદવ્યાસજીની ઉપસ્થિતિમાં એ વાતનો સ્વીકાર કર્યો કે, "મેં જ્ઞાન દ્રષ્ટિથી શ્રીકૃષ્ણને ઓળખ્યાં છે, જ્ઞાન વિના કોઈ તેમના વાસ્તવિક સ્વરૂપને જાણી ન શકે." તેમણે કહ્યું કે, "હું ક્યારેય કપટનો આશ્રય લેતો નથી, કોઈ મિથ્યા ધર્મનું આચરણ કરતો નથી તથા ધ્યાનયોગ દ્વારા મારું અંતઃકરણ શુદ્ધ થયું છે, તેથી મને શ્રીકૃષ્ણનાં સ્વરૂપનું જ્ઞાન છે." ત્યાર બાદ વેદવ્યાસજીએ સંજયની પ્રશંસા કરતાં કહ્યું કે, "સંજયને શ્રીકૃષ્ણનાં સ્વરૂપનું જ્ઞાન છે, તેથી તેની વાત સ્વીકારશો તો જન્મ મરણનાં મહાન ભયથી મુક્ત થઈ જશો." સંજય જ્ઞાની હોવાનું મોટું પ્રમાણ બીજું ક્યું હોઈ શકે? ત્યાર બાદ ધૃતરાષ્ટ્રે સંજયને પૂછ્યું, "મને કોઈ એવો નિર્ભય માર્ગ બતાવો કે જેના દ્વારા હું ભગવાન શ્રીકૃષ્ણને જાણી શકું અને તેમના પરમપદને પ્રાપ્ત કરી શકું?" સંજયે તેને કહ્યું કે, " ઈન્દ્રિયોને જીત્યા વિના કોઈ પણ વ્યક્તિ પરમાત્માને પામી ન શકે. ઈન્દ્રિયો ભોગોનાં ત્યાગથી જીતી શકાય છે. પ્રમાદ, હિંસા અને ભોગ એ ત્રણનો ત્યાગ એ જ જ્ઞાનપ્રાપ્તિનું સાધન છે, તેના ત્યાગ વિના પરમપદની પ્રાપ્તિ સંભવિત નથી." સંજયે ભગવાન શ્રીકૃષ્ણનાં કેટલાંક નામોની સુંદર વ્યાખ્યા ધૃતરાષ્ટ્રને કહી સંભળાવી. જ્યારે બંને તરફથી યુદ્ધની પૂરી તૈયારીઓ થઈ ગઈ, બંને પક્ષોની સેનાઓ કુરુક્ષેત્રનાં મેદાનમાં સામસામે ગોઠવાઈ ગઈ તે વખતે મહર્ષિ વેદવ્યાસજીએ સંજયને દિવ્ય દ્રષ્ટિનું વરદાન આપી, ધૃતરાષ્ટ્રને કહ્યું કે, "રાજન્! સંજય તમને યુદ્ધનું સઘળું વૃતાંત કહી સંભળાવશે. યુદ્ધ ક્ષેત્રમાં એવી કોઈ વાત નહીં હોય કે જે તેનાથી છૂપી રહી શકે. એ દિવ્યદ્રષ્ટિથી સંપન્ન અને સર્વજ્ઞ થઈ જશે. પ્રત્યક્ષ કે પરોક્ષ, દિવસે કે રાત્રે થનાર બધી જ ઘટનાઓ તેમજ મનમાં વિચારેલી વાતની પણ તેને જાણ થઈ જશે. કોઈ અસ્ત્ર શસ્ત્ર તેને સ્પર્શી નહીં શકે, પરિશ્રમથી તેને થાક નહીં લાગે અને યુદ્ધ વચ્ચેથી એ સહીસલામત બહાર આવશે."

ભગવાન વેદવ્યાસજીની કૃપાથી સંજયને દિવ્યદ્રષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ. તેઓ યુદ્ધનો સઘળો વૃત્તાંત યથાવત્ ધૃતરાષ્ટ્રને સંભળાવતા હતાં. શ્રીમદ્ ભગવદ્ગીતાનો ઉપદેશ જે પ્રકારે શ્રીકૃષ્ણએ અર્જુનને આપ્યો તે બધો જ તેમણે સાંભળ્યો. ઉપદેશ આપતી વખતે ભગવાનની જે મુખમુદ્રા અને રૂપ હતું તે પણ તેમને દેખાતું હતું. જે સમયે ભગવાને અર્જુનને વિશ્વરૂપ બતાવ્યું, એ વખતે સંજયે પણ એ રૂપને જોયું. પછી ભગવાને વિશ્વરૂપને સંકેલી અર્જુનને ચતુર્ભુજ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. ત્યારે એ દિવ્ય ઝાંખીનું દર્શન સંજયને હસ્તિનાપુરમાં જ સુલભ બની ગયું. એ પ્રસંગે ભગવાને અર્જુનને કહ્યું કે, "અનન્ય ભક્તિથી મારા આ સ્વરૂપનાં દર્શન થઈ શકે છે". સંજય ભગવાનનાં અનન્ય ભક્ત હતાં, તેથી ભગવાનનાં દિવ્ય સ્વરૂપનાં દર્શન થયાં હતાં. ગીતાનો ઉપદેશ સમાપ્ત થયાં પછી સંજય માટે એ રૂપની સ્મૃતિ અલૌકિક આનંદની સામગ્રી બની ગઈ.



# ભગવાન વેદ વ્યાસ

ભગવાન વેદ વ્યાસજી ઋષિ પરાશરનાં પુત્ર હતાં. તેમનો જન્મ કૈવર્તરાજની પાલકપુત્રી સત્યવતીનાં ગર્ભથી થયો હતો. વ્યાસજી એક અલૌકિક શક્તિસંપન્ન મહાપુરુષ હતાં. લોકોની વિકાસ શક્તિને ક્ષીણ થતી જોઈ તેમણે એક જ વેદમાંથી ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એમ ચાર વિભાગ કર્યા અને એ સંહિતા પોતાના શિષ્યને ભણાવી હતી. પછી એક સંહિતામાંથી અનેક શાખાઓ બની. આમ તેમના પ્રયત્નથી વૈદિક ગ્રંથનો અનેક રીતે વિસ્તાર થયો. વ્યાસ શબ્દનો અર્થ છે વિસ્તાર. વેદોનો વિસ્તાર તેમનાથી થયો, તેથી તેઓ વેદ વ્યાસનાં નામથી પ્રસિદ્ધ થયાં. તેમનો જન્મ એક દ્વીપમાં થયો હતો. વર્ણ શ્યામ હતો તેથી લોકો તેમને કૃષ્ણદ્વૈપાયન કહેતા. બદરીવનમાં રહેવાને કારણે તેમનું એક નામ બાદરાયણ હતું. અઢાર પુરાણો અને મહાભારતની રચના તેમના દ્વારા થઈ. ઉપનિષદોનાં તત્વને સંક્ષેપમાં સમજાવવા માટે તેમણે બ્રહ્મસૂત્રોનું નિર્માણ કર્યું. તેમના દ્વારા રચવામાં આવેલ 'વ્યાસ સ્મૃતિ' એક અદ્ભુત ગ્રંથ છે. આમ ભારતીય સંસ્કૃતિ પર વ્યાસજીનું ઘણું મોટું ઋણ છે. વૈદિક ધર્મનાં તેઓ પ્રધાન વ્યાખ્યાતા ગણાય છે. જ્યાં સુધી ભારતીય સંસ્કૃતિનું અસ્તિત્વ રહેશે ત્યાં સુધી ઈતિહાસમાં વ્યાસજીનું નામ અમર રહેશે. તેમને વિશ્વનાં મહાન પથ પ્રદર્શક તરીકે ઓળખવામાં આવે છે. તેથી તેમને 'જગત્ગુરુ'નું ગૌરવવંત પદ પ્રાપ્ત થયેલ છે. અષાઢ સુદ પૂનમનાં દિવસે હિન્દુ ગૃહસ્થો તેમનું પૂજન કરે છે. તેમણે ભગવાન શ્રીકૃષ્ણનાં અમર ઉપદેશને મહાભારત સંહિતામાં ગ્રથિત કરી જગતને મહાન ગ્રંથની ભેટ આપી.

મહર્ષિ વેદવ્યાસજી ત્રિકાલદર્શી તેમજ ઈચ્છાગતિ હતાં. તેઓ પ્રત્યેકનાં મનની વાત જાણી લેતા અને ઈચ્છે ત્યાં પહોંચી શકતા. તેઓ જન્મતાની સાથે જ માતાની આજ્ઞા લઈ વનમાં તપ કરવા જતાં રહ્યાં. જતી વખતે માતાને કહેતા ગયાં કે, "તમને જ્યારે પણ મારી આવશ્યકતા ઊભી થાય ત્યારે મને યાદ કરજો, હું એ જ સમયે તમારી સમક્ષ હાજર થઈ જઈશ." પાંડવો જ્યારે વિદુરજીની બતાવેલી યુક્તિ પ્રમાણે લાક્ષાભવનમાંથી ભાગી છૂટ્યા અને એકચક્રા નગરીમાં રહેવા લાગ્યાં તે દિવસો દરમિયાન વ્યાસજી તેમને મળવા ગયાં. પ્રસંગવશાત્ તેમને દ્રૌપદીનાં પૂર્વજન્મની કથા સંભળાવી કહ્યું કે, "આ કન્યા પહેલેથી જ તમારા માટે નિર્મિત છે." આ વાત સાંભળી પાંડવોને અત્યંત પ્રસન્નતા અને ઉત્સુક્તા થઈ. તેઓ દ્રુપદકુમારીનાં સ્વયંવરમાં ભાગ લેવા માટે પાંચાલ નગરી તરફ આગળ વધ્યાં. ત્યાં અર્જુને સ્વયંવરની શરત પૂરી કરી અને માતા કુન્તીની આજ્ઞાથી પાંચેય ભાઈઓ દ્રૌપદી સાથે લગ્ન કરવા તૈયાર થયાં, ત્યારે દ્રુપદે વિરોધ વ્યક્ત કર્યો. એ વખતે વ્યાસજી ત્યાં આવી પહોચ્યાં અને તેમણે દ્રુપદને દ્રૌપદીનાં પૂર્વજન્મની કથા સંભળાવી, જેથી પોતાની કન્યાનાં લગ્ન પાંચેય ભાઈઓ સાથે કરવા સંમત થયાં. મહારાજ યુધિષ્ઠિરે ઈન્દ્રપ્રસ્થમાં રાજસૂર્ય યજ્ઞ કર્યો, ત્યારે વેદ વ્યાસજી શિષ્ય મંડળ સહિત પધાર્યા હતાં. યજ્ઞ સમાપ્ત થતાં તેઓ યુધિષ્ઠિરની પાસે આવ્યાં અને તેમણે કહ્યું કે આજથી તેર વર્ષ પછી ક્ષત્રિયોનો મહાસંહાર થશે, જેમાં દુર્યોધનનો અપરાધ નિમિત્ત બનશે.

દુર્યોધન પાંડવોને વનમાં જ મારી નાખવાની યોજના વિચારવા લાગ્યો. મામા શકુનિ, કર્ણ તથા દુ:શાસનની સાથે વિચાર વિમર્શ કરી તેણે પાંડવો પર આક્રમણ કરવાનો નિશ્ચય કર્યો. તેઓ અસ્ત્ર શસ્ત્રથી સજ્જ થઈ વન તરફ આગળ વધ્યાં. તેમના આ કાવતરાનો ખ્યાલ વ્યાસજીને પોતાની દિવ્યદ્રષ્ટિથી આવી ગયો. તેઓ તરત દુર્યોધનની પાસે આવ્યાં અને ઘોર દુષ્કર્મ કરતાં અટકાવ્યાં. પછી ધૃતરાષ્ટ્ર પાસે જઈ તેમણે કહ્યું કે, "તમે પાંડવોને જુગારમાં હરાવીને વનમાં મોકલ્યાં તે બરાબર નથી," તેનું પરિણામ સારું નહીં આવે. જો તમે પોતાનું અને પુત્રોનું કલ્યાણ ઈચ્છતા હો તો હજી પણ ચેતી જાઓ. દુરાત્મા દુર્યોધન રાજ્યનાં લોભથી પાંડવોની હત્યા કરવા તૈયાર થયો છે. દુર્યોધન પાંડવોને મારી નાખવાનો પ્રયત્ન કરશે તો તેને પ્રાણ ખોવા પડશે. જો તમે દુર્યોધનમાં રહેલી દ્વેષબુદ્ધિ હટાવવાનો પ્રયત્ન નહી કરો તો મહા અનર્થ થઈ જશે. મારો અભિપ્રાય એ છે કે દુર્યોધન વનમાં જઈ પાંડવોની સાથે રહે. શક્ય છે કે પાંડવોનાં સત્સંગથી તેનામાં રહેલ દ્વેષભાવ દૂર થઈ પ્રેમભાવ જાગૃત થઈ જાય, પરંતુ તેમ થવું અઘરું છે, કારણ કે જન્મજાત સંસ્કાર બદલવા સહજ નથી. જો તમે કુરુવંશીઓની રક્ષા અને તેમનું જીવન

ઈચ્છતા હો તો તમારા પુત્રોને કહો કે તેઓ પાંડવોની સાથે સુમેળ કરી લે." વ્યાસજીએ ધૃતરાષ્ટ્રને એમ પણ કહ્યું કે, "થોડી જ વારમાં વિશ્વામિત્ર અહીં આવશે. તેઓ તમારા પુત્રોને પાંડવો સાથે સુલેહ કરી લેવા ઉપદેશ આપશે, તેઓ જે કહે તે તમારે વગર વિચાર્યે કરવું જોઈએ. જો તેમની વાત નહીં સ્વીકારો તો ક્રોધવશ શાપ આપી બેસશે." પરંતુ દુષ્ટ દુર્યોધને તેમની વાત પણ ન સ્વીકારી અને પરિણામે વિશ્વામિત્રએ કોપાયમાન થવું પડ્યું.

વ્યાસજી ત્રિકાલદર્શી હતાં. તેમનું સામર્થ્ય પણ અદ્‌ભુત હતું. પાંડવો વનમાં હતાં ત્યારે તેમણે યુધિષ્ઠિર દ્વારા અર્જુનને સ્મૃતિ વિદ્યાનો ઉપદેશ આપ્યો. જેથી તેનામાં દેવદર્શનની શક્તિ આવી ગઈ. તેમણે સંજયને પણ દિવ્યદ્રષ્ટિ આપેલી, જેના પ્રભાવથી સંજયને યુદ્ધની બધી બાબતોનું જ્ઞાન થયું. તેનામાં ભગવાનનાં વિશ્વરૂપ તથા ચતુર્ભુજ રૂપનાં દર્શનની યોગ્યતા પણ આવી ગઈ. આમ તેઓ સાક્ષાત્ ભગવાનનાં મુખારવિંદથી ભગવદ્‌ગીતાનો દિવ્ય ઉપદેશ સાંભળી શક્યાં, જેને અર્જુન સિવાય અન્ય કોઈ સાંભળી શક્યું ન હતું. જેના પ્રભાવથી સંજયમાં યોગ્યતા આવી ગઈ તે દિવ્યદ્રષ્ટિ પ્રદાન કરનાર મહર્ષિ વેદવ્યાસજીનું સામર્થ્ય કેટલું હશે તેનું આપણે અનુમાન પણ ન કરી શકીએ.

ધૃતરાષ્ટ્ર અને ગાંધારી વનમાં હતાં ત્યારે મહારાજ યુધિષ્ઠિર રાજ પરિવાર સાથે તેમને મળવા ગયાં. તે વખતે વ્યાસજી પણ ત્યાં આવ્યાં. તેમણે જોયું કે ધૃતરાષ્ટ્ર અને ગાંધારીનો પુત્રશોક હજુ દૂર થયો નથી. કુન્તી પણ પુત્રોનાં વિયોગથી દુ:ખી છે. આથી તેમણે ધૃતરાષ્ટ્રને વરદાન માગવા કહ્યું. રાજા ધૃતરાષ્ટ્રે જાણવાની ઈચ્છા વ્યક્ત કરી કે મહાભારતનાં યુદ્ધમાં જે કુટુંબીઓ અને મિત્રોનો સંહાર થયો છે, તેઓની કેવી ગતિ થઈ હશે. તેમણે મૃત આત્માઓને એક વાર જોવાની વ્યાસજીને પ્રાર્થના કરી. વ્યાસજીએ તેની વિનંતીનો સ્વીકાર કરી ગાંધારીને કહ્યું કે, "આજે રાત્રે તમે એ મૃત સ્વજનોને જોઈ શકશો, જે રીતે કોઈ સૂઈને ઊઠેલા મનુષ્યને જુએ." સાયંકાળે વ્યાસજીની આજ્ઞા અનુસાર સૌ ગંગાતટ પર એકત્રિત થયાં. વ્યાસજીએ ગંગાજીનાં પવિત્ર જળમાં પ્રવેશ કરી પાંડવો અને કૌરવ પક્ષનાં જે યોદ્ધાઓ યુદ્ધમાં માર્યા ગયાં હતાં તે સૌને બોલાવ્યાં. એ વખતે જળમાં એવો કોલાહલ સાંભળવા મળ્યો કે જેવો યુદ્ધ સમયે કુરુક્ષેત્રનાં મેદાન પર થયો હતો. ત્યાર પછી ભીષ્મ અને દ્રોણને આગળ કરી બધા રાજાઓ અને રાજકુમારો કે જેઓ યુદ્ધમાં વીરગતિ પામ્યા હતાં તે સૌ એકાએક જળમાંથી બહાર આવતા દેખાયા. યુદ્ધ સમયે જે દ્રશ્ય હતું એ બધું ત્યાં જોવામાં આવ્યું. તેઓએ દિવ્ય વસ્ત્રો અને દિવ્ય માળાઓ ધારણ કરેલી હતી. સૌના કાનમાં ચમકતાં કુંડળ શોભી રહ્યાં હતાં. સૌનાં શરીરો અલૌકિક આભાથી ચમકી રહ્યાં હતાં. બધા જ નિર્વૈર, નિરભિમાની અને ક્રોધથી રહિત દેખાતા હતાં. ગંધર્વો તેઓના યશગાન અને બંદીજનો સ્તુતિ કરી રહ્યાં હતાં. એ વખતે વ્યાસજીએ ધૃતરાષ્ટ્રને દિવ્યદ્રષ્ટિ પ્રદાન કરી, જેથી તે યોદ્ધાઓને સારી રીતે જોઈ શકે. એ અદ્‌ભુત અને રોમાંચકારી દ્રશ્ય હતું. સૌ લોકોએ સઘળું દ્રશ્ય નિરખ્યું. પ્રકટ થયેલા સર્વ વીરો ક્રોધ અને વેરભાવ છોડીને પોતપોતાના સંબંધીઓને મળ્યાં. આ રીતે આખી રાત સ્નેહમિલન ચાલું રહ્યું. પછી બધા વીરો જે રીતે આવ્યાં હતાં, એ જ રીતે ભાગીરથીનાં જળમાં પુન:પ્રવેશ કરી જતાં રહ્યાં. એ વખતે વ્યાસજીએ જે સ્ત્રીઓનાં પતિદેવો વીરગતિને પામ્યાં હતાં, તેમને સંબોધન કરીને કહ્યું, "તમારામાંથી જે કોઈ મૃત સ્વજનની સાથે જવા ઈચ્છતી હોય, તે ગંગાજીમાં ડૂબકી લગાવે." વ્યાસજીનું એ વચન સાંભળી સઘળી સ્ત્રીઓ ગંગાજીનાં જળમાં પ્રવેશી અને મનુષ્ય શરીર છોડી પતિનાં લોકને પ્રાપ્ત થઈ. એમના પતિદેવો જે રીતે દિવ્ય વસ્ત્રાલંકારોથી સુસજ્જિત થઈને આવ્યાં હતાં, એ જ રીતે દિવ્ય વસ્ત્રાભૂષણો ધારણ કરી તથા વિમાનમાં બેસીને પોતાના અભીષ્ટ સ્થાનમાં પહોંચી ગઈ. આ રીતે મહર્ષિ વેદવ્યાસજીએ પોતાના અલૌકિક સામર્થ્યને પ્રકાશિત કર્યું. મહર્ષિ વેદવ્યાસજી એક અદ્‌ભુત શક્તિસંપન્ન મહાપુરુષ હતાં. મહાભારતનાં રચયિતા એ મહર્ષિનાં પુનિત ચરણોમાં મસ્તક નમાવી કોટી કોટી વંદન કરીએ.

કળિયુગનાં રાવણને અનેક ચહેરા છે...

ભ્રષ્ટાચાર, અત્યાચાર અને જૂઠ્ઠો શિષ્ટાચાર.
કોમવાદ, કટ્ટરવાદ અને દંભી બિનસાંપ્રદાયિકતાવાદ.
ગુનાખોરી, સંઘરાખોરી અને લુચ્ચી ખુશામતખોરી.
તુમારશાહી, અમલદારશાહી અને પોકળ કાયદાશાહી.
સોદાબાજી, પેંતરાબાજી અને રૂપાળી ભાષણબાજી.
ઉઘાડી લૂંટ, છૂપી ચોરી અને ઉપરથી સીનાજોરી.
સિદ્ધાંતોનાં પીંજણ અને ધર્મનાં નામે ઢોંગ.
ઠાલાં ઠાલાં આશ્વાસન અને રક્ષણનાં નામે ભક્ષણ.
પ્રજાનાં પૈસે તાગડધિન્ના અને સેવાનાં નામે મેવા.
ચસ, કળિયુગનાં રાવણને અનેક ચહેરા છે.
ક્યારેક આ ચહેરા સૌને દેખાય છે, પણ ઘણીવાર
આ ચહેરાની પાછળ બીજા જ ચહેરા હોય છે.
ચહેરાઓને સતત બીજાં મહોરાં પહેરાવતા રહેવાની,
આ રાવણચાલને હંમેશાં ઉઘાડી પાડે છે પ્રતિધ્વનિ.




આ માત્ર મેગેઝિન નથી,
એક ઝુંબેશ છે...

UNIVERSAL MEDIA




તિરૂપતિ નેચરલ પાર્ક આપનું હાર્દિક સ્વાગત કરે છે

Happiness, Hope & Magic for the Children

કુદરતી કરિશ્મા તથા સૌથી વધુ ખુબીઓ ધરાવતો અને સૌંદર્યથી ભરપૂર તેમજ પ્રદૂષણ મુક્ત વાતાવરણનાં સાનિધ્યમાં, હરિયાળી પ્રકૃતિ વચ્ચે મોજમજા, મનોરંજન, યાદગાર પ્રસંગોની ઉજવણી, શૈક્ષણિક પ્રવાસ, ફિલ્મશૂટિંગ, પિકનિક માટેનું રમણીય સ્થળ એટલે તિરૂપતિ નેચરલ પાર્ક.

તિરૂપતિ નેચરલ પાર્ક હવે એક નવા રૂપરંગમાં નિહાળો

આ પાર્કમાં મનોરંજન માટે વોટર પાર્ક, નૌકા વિહાર, રિવર બોટિંગ, શિશુવન, ઝૂલાવિહાર, રેલ્વે, પંખી તથા માછલીઘર, વિવિધ રાઈડર્સ, થ્રીડી ફિલ્મ, લેન્ડસ્કેપ બગીચા, ફૂવારા, ડોરમેટરી, ગેસ્ટ હાઉસ, રેસ્ટોરન્ટ જેવી સુવિધાઓથી ભરપૂર વેસ્ટમાંથી બેસ્ટ કલાકૃતિ તથા નવી જનરેશનની આશાઓ અને અરમાનો સજાવતો જાદૂઈ પાર્ક.

વોટરપાર્ક કોસ્ચ્યુમચાર્જ ફક્ત ₹ 120    રાઈડર્સ ગ્રુપ પેકેજ સુવિધા
તિરૂપતિ નેચરલ પાર્ક એન્ટ્રી ફી જનરલ : ₹ 20, બાળકો : ₹ 10

વિસનગર ઊંઝા રોડ, વિસનગર : 384 315, જિ. મહેસાણા
Tel. : 02765-264110, 264111, Fax : 02765-285695 M. : 9408197926
Website : www.tirupatinatural.co.in Email : naturalpark@yamail.com



# રામાયણ : માનવતાનો મંગલધ્વનિ...

## ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશિત 'રામાયણ : માનવતા કા મહાકાવ્ય' ભારતીય સમાજને એક વિરલ ભેટ

કહેવાય છે કે સમાજમાં આજે જે કંઈ બને છે તેનો જવાબ આપણાં ઉત્તમ મહાકાવ્યમાં છે. પ્રત્યેક ઘટનાને સમજવી હોય તો એ મહાગ્રંથ આપણી મદદે આવે છે. આ ઉત્તમ મહાકાવ્ય અને મહાગ્રંથ એટલે રામાયણ. રામાયણ એટલે રામની ગતિ. અયન એટલે માર્ગ. રામનાં જીવનનો માર્ગ એટલે રામાયણ. રામનાં જીવનની ગતિ એટલે રામાયણ. ડૉ. રાધાકૃષ્ણનનાં મતાનુસાર ગતિ અને માર્ગ બંનેને એક જ શબ્દમાં કહેવું હોય તો રામાયણ અર્થાત્ રામનો ગતિપથ. 'રામાયણ માનવતા કા મહાકાવ્ય' ગ્રંથ એક સંવેદનશીલ હૃદયનો પોકાર છે, જે વિચાર અને આચારની પૃષ્ઠભૂમિ છે. આ ગ્રંથનાં રચયિતા ડૉ. ગુણવંત શાહ સંવેદનશીલ હૃદયનાં માલિક છે. ગુજરાત અને ગુજરાતીનાં પ્રખર ચિંતક, શિક્ષણવિદ્, પ્રભાવક વક્તા અને ચૈતન્યસભર લેખક ગુણવંત શાહનું સર્જન છે : 'રામાયણઃ માનવતા કા મહાકાવ્ય'. છસો છપ્પન પૃષ્ઠોમાં વિસ્તરેલ આ ગ્રંથ તેના ગ્રંથકાર માટે કર્મકાંડ નથી. ગુણવંત શાહ માટે લખવું એ વ્યાયામ કે વ્યવસાય નથી. આપણાં વિશ્વ વિદ્યાલયોમાં જીવન વીતાવનાર આ પ્રાધ્યાપકને વાલ્મીકિ અને વ્યાસથી બિલકુલ અજ્ઞાત નવી પેઢી લગભગ અનાથ લાગી છે. દયાની વાત તો એ છે કે આ યુવાનો જાણતા પણ નથી કે પોતે સાંસ્કૃતિક દ્રષ્ટિએ અનાથ છે. ગુણવંત શાહને સહજતાથી પૂછાયું કેઃ 'આ ગ્રંથ લખવાનું પ્રેરકબળ કોણ છે?' તેમનો જવાબ સ્પષ્ટ છે : 'મારા તાબામાં રહેલી સઘળી વિનમ્રતાને એકઠી કરી એક વાત કરવાની ધૃષ્ટતા કરું છું કે, મને યુનિવર્સિટી કેમ્પસમાં નિરુદ્દેશ ભટકતા અને હોસ્ટેલોમાં સબડતા યુવાન પ્રત્યે કરુણા પ્રકટે છે. ભારતનાં લોકાત્માની શોધ રામાયણ અને મહાભારતનાં સેવન વગર અધૂરી છે. ભારતીય સંસ્કૃતિની સુંગધ આજની નવી પેઢી સુધી પહોંચાડવામાં રામાયણની ભૂમિકા મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. મારા માટે આ ગ્રંથ રામાયણનું હૃદય અને હૃદયની રામાયણ છે.'

ગુણવંત શાહનાં મૂળ ગુજરાતી ગ્રંથનું હિન્દી રૂપાંતરણ એટલે 'રામાયણઃ માનવતા કા મહાકાવ્ય'. આ વિરલતમ ગ્રંથ ગુજરાત કે ગુજરાતી સુધી સીમિત ન રહે તેવા વિશેષ ઉદ્દેશ્યથી ભારતીય જ્ઞાનપીઠ દ્વારા આ ગ્રંથ હિન્દીમાં પ્રકાશિત થયો. સમગ્ર ભારતમાં આ ગ્રંથે બહોળો પ્રતિસાદ પ્રાપ્ત કર્યો છે. 'રામાયણ : માનવતા કા મહાકાવ્ય' ગ્રંથ લોકશિક્ષક શ્રી મોરારિબાપુને અર્પણ થયેલ છે. પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતાં શ્રી મોરારિબાપુ ગ્રંથનાં પુરોવચનમાં કહે છે કે આ ગ્રંથ વાંચી સાધકને 'પાયો પરમ વિશ્રામ'નો અનુભવ થશે.' આ ગ્રંથમાં માનવ પ્રકૃતિ છે. તેની વચ્ચે એક આદર્શ ચરિત્ર, કર્તવ્યપરાયણતા અને નીતિનું માર્મિક ચિત્રણ પણ છે. રામાયણની એક નવી જ વ્યાખ્યા મળે છે. પોતાનું મૌલિક દર્શન આપતાં ગ્રંથકાર ગુણવંત શાહ કહે છે કે : 'મહામાનવ પણ માનવ હોય છે અને માનવનો અર્થ છે 'અપૂર્ણ હોવું...' આ પૃથ્વી ઉપર જન્મ લેનાર રામની આ વ્યથાકથા છે. ગુણવંત શાહ કહે છે કેઃ રામ કથા જો માનવીય રામની કથા ન હોત, તો તેનો જાદુઈ પ્રભાવ આટલો વ્યાપક અને શાશ્વત ન હોત. 'રામાયણ : માનવતા કા મહાકાવ્ય' ગ્રંથનાં પાને એવી ઘટનાઓ વાંચવા મળે છે કે જે આપણું હૃદય પીગળાવી મૂકે અથવા આપણી સદ્વૃત્તિઓને પ્રોત્સાહિત કરી મૂકે. એ રીતે જોઈએ તો આ ગ્રંથ ભાવનાત્મક બુદ્ધિને વિકસાવનાર વિશ્વ વિદ્યાલય કહી શકાય. ગ્રંથકાર પ્રતીતિ કરાવે છે કે રામાયણનાં બધાં પાત્રો પોતાના અલગ રૂપમાં આજે આપણી વચ્ચે જીવંત છે. જ્યાં સુધી માનવતા જીવશે ત્યાં સુધી રામાયણ ચિરંતન રહેશે. તેથી જ તો આ રામાયણ માનવતાનો મંગલધ્વનિ છે. રામાયણ માત્ર વાંચી જવાનો ગ્રંથ નથી. રામાયણ થકી આપણામાં ધર્મનો ઉદય થાય, વિચારોનો ઉદય થાય અને જીવનનો ઉદય થાય તો બેડો પાર. 'રામાયણઃ માનવતા કા મહાકાવ્ય' ભારતીય જ્ઞાનપીઠે ભારતીય સમાજને આપેલી વિરલ ભેટ છે.



# સમ્રાટ અશોક

**ચંદ્રગુપ્ત** મૌર્યનો પુત્ર બિંદુસાર અને તેનો પુત્ર અશોક. પિતાનાં મૃત્યુ બાદ અશોક મગધનાં રાજા થયાં. બાળપણથી જ ઘણાં તેજસ્વી અને ઉગ્ર સ્વભાવના હતાં. સિંહાસન પર બેસતાં જ તેમણે રાજ્ય વિસ્તાર કરવાનો પ્રારંભ કર્યો. કમ્બોજથી દક્ષિણ ભારતનાં કર્ણાટક સુધી અને બંગાળથી કાઠિયાવાડ સુધી પૂરા ભારતવર્ષમાં થોડા જ સમયમાં તેમના રાજ્યનો વિસ્તાર થઈ ગયો. કલિંગએ તેમનું આધિપત્ય સ્વીકાર્યું નહિં. અશોકે કલિંગ પર ચઢાઈ કરી. ત્યાંના સૈનિકો ઘણાં શૂરવીર હતાં. તેઓ ઘણી વીરતાથી લડતાં રહ્યાં. છેવટે અશોકનો વિજય થયો. આ યુદ્ધમાં એટલા બધાં સૈનિકો માર્યા ગયાં હતાં કે તેમની લાશોનો ઢગલો જોઈને અશોકનો હ્દય પલટો થયો. તેમણે ભવિષ્યમાં યુદ્ધ નહિં કરવાનો સંકલ્પ કર્યો. બૌદ્ધ ભિક્ષુકોનાં સંપર્કમાં આવવાથી અશોકે બૌદ્ધ ધર્મ સ્વીકારી લીધો. બૌદ્ધ ધર્મ સ્વીકાર્યા બાદ અશોકે પોતાની સમગ્ર શક્તિ ધર્મ પ્રચારમાં લગાવી દીધી. તેમણે પથ્થરનાં થાંભલા બનાવડાવ્યાં અને તેના પર બૌધ ધર્મનો ઉપદેશ કોતરાવ્યો. મોટા પથ્થરો પર સાધારણ સદાચાર સંબંધી નિયમ કોતરાવ્યાં. બૌદ્ધ ધર્મનાં પ્રચાર માટે તેમણે કર્મચારીઓની નિમણૂક કરી. પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રા ભિક્ષુક બનીને લંકામાં બૌદ્ધ ધર્મનાં પ્રચાર માટે ગયાં. સુદૂર ચીન જેવા દેશો સુધી અશોકે ધર્મ પ્રચારકો મોકલ્યાં. બૌદ્ધ ધર્મનાં પ્રચારમાં સંલગ્ન હોવા છતાં અશોકે બીજા કોઈ પણ ધર્મને અન્યાય કર્યો નહિં. તેઓ બીજા ધર્મોનો આદર કરતાં હતાં. દાન ઈત્યાદિમાં કોઈ પણ પ્રકારનો ભેદભાવ કરવામાં આવતો ન હતો. કોઈને પણ બળજબરીથી બૌદ્ધ બનાવવો તેમના સમયમાં ગુનો માનવામાં આવતો હતો. લોક ઉપકારી કાર્યો કરવામાં અશોક હમેશાં સંલગ્ન હતાં. મનુષ્યો અને પશુઓ માટે દરેક સ્થળે ચિકિત્સાલય ખોલવામાં આવ્યાં. સડકોનાં કિનારે ઘટાદાર વૃક્ષો રોપવામાં આવ્યાં. કૂવાઓ અને સરોવર ખોદવવામાં આવ્યાં. અશોકે હુકમ કર્યો હતો કે જ્યારે તેઓ રાત્રે ઊંઘતા હોય, તે સમયે કોઈ પ્રજાજન ન્યાયની માગણી કરતો તેમની પાસે આવવા ઈચ્છે તો તેની સૂચના તરત જ આપવી. કાશ્મીર, ગાન્ધાર, લંકા, બર્મા, પૂર્વનાં દ્વીપસમૂહો, સીરિયા અને મિસર સુધી અશોકે પોતાના સંદેશ વાહકો મોકલ્યાં અને બૌદ્ધ ધર્મનો પ્રચાર કરાવ્યો. અશોકનું શાસન ઘણું જ વ્યવસ્થિત અને ઉદાર હતું. પ્રજા ખૂબ સુખી હતી. પ્રજામાં સત્ય, સદાચાર તથા ધાર્મિકતાનો પ્રચાર અશોકે શાસનનું લક્ષ્ય બનાવી દીધું હતું.

### સમ્રાટ અશોકનો બોધ

હિંસા સભી પાપકા મૂલ । યહી ધર્મ કે હૈ પ્રતિકૂલ ।।
યુદ્ધ જગત મેં બડા અનર્થ । યુદ્ધ વિજય ભી કેવલ વ્યર્થ ।।
બચ્ચોંકો કર પિતા વિહીન । અબલાઓંકો પતિસે હીન ।।
લાશોંસે ધરતીકો પાટ । ભલા કૌન સુખ લોગે ચાટ ।।
બઢી શત્રુતા પાયા શાપ । ઐસી વિજય વિજય યા પાપ ?
સચ્ચી વિજય દયા હૈ ભાઈ ! દયા ધર્મ સબસે સુખદાઈ ।।
શાન્તિ દયામેં હી બસતી હૈ । દયા ચાહતી સબ જગતી હૈ ।।
સબપર કરો દયા, સુખ પાઓ । સબકો અપના બન્ધુ બનાઓ ।।
કરો ન ક્રોધ કિસી પર ભૂલ । દુઃખ કરો સબકે નિર્મૂલ ।।
દો સબકો સુખ સુવિધા દાન । તુમ ભી પાઓ શાન્તિ મહાન્ ।।

# સમ્રાટ સમુદ્ર ગુપ્ત

**ઇ.સ.** ૩૧૭માં ચંદ્રગુપ્ત મગધની ગાદી ઉપર બેઠાં ત્યારે મગધ ઘણું નાનું રાજ્ય હતું. ચંદ્રગુપ્તે પોતાની તાકાતથી પ્રયાગ સુધી વધારી દીધું. તેમના મૃત્યુ પછી તેમનો પુત્ર સમુદ્રગુપ્ત ઈ.સ.૩૩૫માં સિંહાસન પર બેઠો. આટલો પ્રભાવશાળી રાજા કોઈ પણ દેશમાં સેંકડો વર્ષે થાય છે. યુરોપનાં પ્રખ્યાત વિજયી વીરો સમુદ્ર ગુપ્તનાં પરાક્રમોની શ્રેણીમાં આવતાં નથી. છત્તીસગઢ, આન્ધ્ર, કલિંગ વગેરે પ્રદેશો પર સમુદ્રગુપ્તને સેના સાથે ચઢાઈ કરવી પડી. સરહદ પરનાં રાજાઓએ તેમના પ્રબળ પ્રતાપ સમક્ષ મસ્તક ઝુકાવી દીધાં. તેમને સમ્રાટ તરીકે સ્વીકારવા તે રાજાઓ માટે ગૌરવની વાત બની ગઈ. ત્રિપુરા, કામરૂપ, કુમાઉ વગેરે રાજ્યોએ પોતાના મહારાજધિરાજ માન્યાં. ભારતીય ચક્રવર્તી સમ્રાટ ફક્ત વિજેતા હોતાં નથી. કોઈ રાજ્યને હરાવીને ત્યાંના લોકોને પરાધીન બનાવવા તે ક્રૂરતા માનવામાં આવતી હતી. સમ્રાટ વિજેતા હોવાની સાથે રાજ્ય સંસ્થાપક હતાં. સમુદ્રગુપ્તે હારેલાં રાજ્યો માટે યોગ્ય રાજાઓ નીમ્યા. તેમની ઉદારતા, કીર્તિ અને પ્રભાવને લીધે કાબુલ, સિંહલ જેવા પ્રદેશો તેમજ બીજા ભારતીય દ્વીપોનાં રાજાઓ તેમને કર ભરતા અને પોતાનો સમ્રાટ માનતા હતાં. હિમાલયની પેલે પાર ગાંધારથી પૂર્વનાં દ્વીપ સમૂહો સુધી તેમનું રાજ્ય ફેલાયેલું હતું.

દિગ્વિજય મેળવીને સમુદ્રગુપ્તે અશ્વમેઘ યજ્ઞ કર્યો. દ્વાપર યુગનાં અંત ભાગમાં જનમેજયે આ યજ્ઞ કર્યો હતો. કળિયુગમાં આવો મહાન યજ્ઞ કરવો ઘણું જ કઠિન માનવામાં આવે છે. બધાં જ રાજાઓ જેને પોતાનો સમ્રાટ માની લે તે જ આ યજ્ઞ કરી શકે. આ યજ્ઞમાં જે પરિશ્રમ તથા ખર્ચ થાય છે તેની કોઈ ગણતરી જ હોતી નથી. સમુદ્રગુપ્તનાં વૈભવ તથા પ્રભાવની મહાનતા થકી આ યજ્ઞ થઈ શક્યો. અદ્વિતીય વિજેતા હોવા ઉપરાંત સમ્રાટ સમુદ્રગુપ્ત આદર્શ રાજા હતાં. કાવ્ય અને સંગીતમાં તેઓ અત્યંત નિપુણ હતાં. તેઓ ભગવાન વિષ્ણુનાં અનન્ય ભક્ત હતાં. વૈષ્ણવ હોવા છતાં બૌદ્ધ પ્રજા સાથે તેમનો વ્યવહાર ખૂબ જ ઉદાર હતો. તેમની સંમતિથી જ લંકાનાં બૌદ્ધ રાજાએ બુદ્ધ ગયામાં 'એક વિહાર' બનાવ્યો હતો. ઉદાર, ન્યાયી, દાની, વીર તથા પ્રજાવત્સલ હોવા સાથે કવિ, સંગીતજ્ઞ તેમજ ભગવત્ ભક્ત એવા પ્રતિભાશાળી નરેશ કોઈ પણ દેશ માટે ગૌરવપ્રદ છે. લગભગ ઈ.સ. 380 સુધી સમુદ્રગુપ્તે રાજ્ય કર્યું.

### સમ્રાટ સમુદ્રગુપ્તનો બોધ

સબ વૈભવ વિભુકા વરદાન । કરો ન ઉસ પર તુમ અભિમાન ।।
મત ભૂલો પાકર સામ્રાજ્ય । વિજય બડાઈ અથવા રાજ્ય ।।
યે સબ હૈં જિસકે ઉપહાર । કરો ઉસીકા તુમ સત્કાર ।।
તુમ સેવક, સ્વામી જગદીશ । સમઝો મત અપનેકો ઈશ ।।
તુમકો દી હૈ સેવા પ્રભુને । સત્ય યહી સમઝો નિજ મનમેં ।।
ધન, અધિકાર ઔર સબ ભોગ । ઈનકા યહી એક ઉપયોગ ।।
લગેં ઉસીકી પૂજા કાજ । તભી સફલ હૈ જીવન સાજ ।।
તુમ ઉસકે ગુણગાન ગાઓ । ઉસકી સેવામેં સુખ પાઓ ।।
રખો ચિત્ત ચરણોંકે પાસ । બનો ઉસી પ્રભુકે શુભ દાસ ।।
નારાયણ વે પરમ ઉદાર । કર દેંગે ઈસ ભવસે પાર ।।

# સમ્રાટ હર્ષવર્ધન

**થાણેશ્વર** એક નાનકડું રાજ્ય હતું. ત્યાંના રાજા પ્રભાકર વર્ધને પોતાની પુત્રી રાજ્યશ્રીનાં વિવાહ કનોજનાં રાજા સાથે કર્યા. પ્રભાકર વર્ધનનાં મૃત્યુ બાદ માળવાનાં રાજાએ કનોજ પર ચઢાઈ કરી અને રાજ્યશ્રીનાં પતિને યુદ્ધમાં મારી નાખ્યો. આ સમાચાર સાંભળતાં જ રાજ્યશ્રીનાં ભાઈ રાજ્યવર્ધન સેના લઈને બહેનની મદદે આવ્યાં; કારણ કે પ્રભાકર વર્ધનનાં મૃત્યુ બાદ તે થાણેશ્વરનો રાજા હતો. તેમણે માળવાનાં નરેશને યુદ્ધમાં હરાવી દીધો, પરંતુ ગૌડ નરેશ શશાંકે તેમને દગો દઈને મારી નાખ્યાં. મોટા ભાઈનાં મૃત્યુનાં સમાચાર સાંભળીને હર્ષવર્ધન થાણેશ્વરથી કનોજ જવા નીકળ્યાં. બહેન રાજ્યશ્રી વિંધ્યાચલનાં વનોમાં ચાલ્યાં ગયાં હતાં. હર્ષવર્ધન ત્યાં પહોચ્યાં ત્યારે બહેન રાજ્યશ્રી ચિતા તૈયાર કરીને સતી થવા તૈયાર થઈ હતી. તેણીને સમજાવીને કનોજ પાછી લાવ્યાં. મંત્રીઓએ હર્ષવર્ધનને કનોજનાં સિંહાસન પર બેસવાનો અનુરોધ કર્યો, પરંતુ હર્ષને પોતાની બહેનનું રાજ્ય લેવાનું સ્વીકાર્યું નહી. તેઓ રાજ્યશ્રીને જ મહારાણી માનતા રહ્યાં, તેમના સંરક્ષક સ્વરૂપે શાસનકાર્ય ચલાવવા લાગ્યાં. છ વર્ષ સુધી હર્ષવર્ધને દિગ્વિજય માટે યાત્રા કરી. કામરૂપથી ઓરિસ્સા સુધીનો પ્રદેશ તેમણે જીતી લીધો. દક્ષિણ દિશાએ નર્મદા નદી તેમના રાજ્યની સરહદ હતી. તેમની મહાનતા પ્રજાવત્સલતામાં, ધર્મનિષ્ઠામાં અને અપૂર્વ ઉદારતામાં છે. વર્ષાઋતુ સિવાય બાકીનાં વર્ષમાં તેઓ પ્રજાનાં સુખ સગવડની માહિતી મેળવવા આખા રાજ્યભરમાં પ્રવાસ કરતાં હતાં. માત્ર ઘાસની ઝૂંપડીઓમાં તેમનો પડાવ રહેતો, જેથી પ્રજાને અગવડ ના થાય. ચીનનાં યાત્રી યુવાનચાંગે તેમના વિશે લખ્યું છે કે રાજા હર્ષવર્ધન રાજ્યમાં સૌથી વધુ વ્યગ્ર વ્યક્તિ હતો. રાજ્યનાં કાર્યો પાછળ તેને શાંતિથી ભોજન કરવાનો અને ઊંઘવાનો સમય પણ ન હતો. સમ્રાટ હર્ષની દાનશીલતા પ્રખ્યાત હતી. દર પાંચ વર્ષે તેઓ પ્રયાગનાં ત્રિવેણી સંગમનાં તટે 'મોક્ષ સભા' ભરતા હતાં. આ સમયે યુદ્ધ સામગ્રીને છોડીને તેઓ પોતાનું સર્વસ્વ દાનમાં આપી દેતા હતાં. શરીર ઉપરનાં વસ્ત્રોનું પણ દાન કરી દેતા અને તે સમયે પોતાની બહેન રાજ્યશ્રી પાસેથી માગીને એક ફાટ્યું તૂટ્યું જૂનું વસ્ત્ર વિંટાળી લેતાં. તેમના દાનમાં બૌદ્ધ, હિન્દુ વગેરેનો ભેદ રહેતો નહી.

ચીની યાત્રી યુવાનચાંગ સમ્રાટ હર્ષવર્ધનનાં સમયમાં ભારત આવ્યો હતો. તેણે સમ્રાટ વિશે ઘણું બધું લખ્યું છે. સમ્રાટ બૌદ્ધધર્મી હતાં, પરંતુ શિવ તથા સૂર્યની પણ ઉપાસના કરતાં હતાં. તેઓએ પોતાના સમગ્ર રાજ્યમાં પશુ વધ બંધ કરાવ્યો હતો. સમ્રાટ હર્ષવર્ધન વિદ્વાન અને કવિ હતાં. તેઓએ સંસ્કૃતમાં કેટલાંયે નાટકો લખ્યાં છે. મહાકવિ બાણભટ્ટ તેમના દરબારમાં હતાં. તેમણે રાજ્યમાં શિક્ષણ તથા સારવારની યોગ્ય વ્યવસ્થા કરાવી હતી. બૌદ્ધ વિહાર, મંદિર તથા આશ્રમોમાં તેઓ દાન કરતાં હતાં. ઈ.સ. 647માં તેઓ પરલોકવાસી થયાં. બૌદ્ધ તથા સનાતનધર્મી એવા બધા પ્રજાજનોને સમાનરૂપથી આશ્રય આપવાવાળા આવા શાસકો પ્રજાને પિતા સમાન પ્રિય લાગે છે.

### સમ્રાટ હર્ષવર્ધનનો બોધ


ધનકા દાન શ્રેષ્ઠ ઉપયોગ । દુરુપયોગ ઉસકા ઉપભોગ ॥
મોક્ષ ત્યાગ કા હી હૈ નામ । સંગ્રહ લોભ બન્ધ કે ધામ ॥
જિસકા કિયા ત્યાગ ઈસ કાલ । હુઆ મોક્ષ ઉસસે તત્કાલ ॥
જો કુછ સંગ્રહ કિયે હુએ હૈં । ઉસસે હી હમ બંધે હુએ હૈં ॥
જગકે જન ઉસ પ્રભુકે રૂપ । વહ વિભુ હી હૈ નાના રૂપ ॥
સારા ધન ઉસકા હી દાન । દિયા ઉસીકો ક્યા અભિમાન ॥
અપના ઉસે સમઝના પા । ઈસીલિયે મિલતા સંતાપ ॥
દાતા વહી, ન દાતા હૈં હમ । વ્યર્થ ગર્વમેં ભૂલે હૈં હમ ॥
હમ તો ઉસકે સેવક માત્ર । બનેં કૃપાકે ઉસકે પાત્ર ॥
ઉસે ન ભૂલેં, કરેં ન મોહ । કરે દયામય હમ પર છોહ ॥


# છત્રપતિ શિવાજી

**દિલ્હીની** ગાદી ઉપર ઔરંગઝેબનાં આવતાની સાથે જ દેશભરમાં અસહિષ્ણુતા તથા અત્યાચાર ફેલાવા લાગ્યાં. તે સમયે દક્ષિણ ભારતમાં સમર્થ સ્વામી રામદાસે તથા સંત તુકારામની વાણીએ એક પવિત્ર ધાર્મિકતાની લહેર વહેવડાવી હતી. મરાઠાઓની ભોંસલે જાતિ રાજસ્થાનનાં સીસોદિયા વંશની શાખા છે. આ ભોંસલે કુળમાં ઈ.સ. 1627માં શિવાજીનો જન્મ થયો. તેમના પિતા શાહજી બીજાપુરમાં મુસલમાન શાસકનાં જાગીરદાર હતાં. શિવાજીની માતા જીજાબાઈ ઘણાં જ ધાર્મિક હતાં. તેમણે બાળપણમાં જ શિવાજીને રામાયણ તથા મહાભારતની વાર્તાઓ સંભળાવી. દાદાજી કોંડદેવ જેવા નીતિજ્ઞ તેમજ શૂરવીરની દેખરેખ નીચે શિવાજીનું પાલન થયું. ઘોડે સવારી, શસ્ત્રવિદ્યા ઈત્યાદિનું શિક્ષણ મળ્યું. ધર્મ રક્ષણની પ્રેરણા મેળવી. શિવાજીએ મરાઠા યુવાનોનું સંગઠન કર્યું. તેમની સેના બનાવીને બીજાપુરનાં કેટલાંક કિલ્લાઓ પર કબજો કરી લીધો. બીજાપુરનાં સુલતાને અફજલખાન નામના સેનાપતિને સેના સહિત શિવાજી વિરુદ્ધ મોકલ્યો. અફજલખાને શિવાજીને મારવાનો પ્રયત્ન કર્યો, ત્યારે પોતાના હાથમાં છૂપાવેલા વાઘ નખથી શિવાજીએ તેનું પેટ ચીરી નાખ્યું. પછી શિવાજીનાં સૈનિકો મોગલ રાજ્ય ઉપર છાપો મારવા લાગ્યાં. ઔરંગઝેબે શાઈસ્તાખાન સાથે મોટી સેના શિવાજીને કચડી નાખવા મોકલી. શાઈસ્તાખાન પૂના પહોચ્યોં. અચાનક શિવાજી વેશપલટો કરીને થોડાક સૈનિકો સાથે પૂના પહોંચી ગયાં. શિવાજીનાં આ આક્રમણ સમયે શાઈસ્તાખાનની હાથની આંગળીઓ કપાઈ જતાં તે ભાગી ગયો. મોગલ સૈન્ય વેર વિખેર થઈ ગયું. બીજીવાર ઔરંગઝેબે શાહજાદા મુઅજ્જમ તથા રાજા જયસિંહને શિવાજી વિરુદ્ધ મોકલ્યાં. રાજા જયસિંહનાં કહેવાથી શિવાજીએ દિલ્હી જવાનું સ્વીકારી લીધું. દિલ્હી દરબારમાં ઔરંગઝેબે શિવાજીને બેસવાની બેઠક બાબતે અપમાનિત કર્યા. આમ દરબારમાંથી નારાજ થઈને તેઓ ચાલ્યા ગયાં. ઔરંગઝેબે તેમના તંબુ પર કડક પહેરો ગોઠવી દીધો, પરંતુ તેઓ દિલ્હીથી ભાગવામાં સફળ થયાં. તેઓ ફરીથી મહારાષ્ટ્ર પહોંચી ગયાં. તરત જ તેમણે યુદ્ધ શરૂ કરી દીધું. રાજા જશવંતસિંહે ઔરંગઝેબ અને શિવાજી વચ્ચે સંધિ કરાવી દીધી. ઔરંગઝેબે તેમને 'રાજા' તરીકે સ્વીકારી લીધાં. ઈ.સ. 1674માં શિવાજીનો સોનગઢમાં રાજ્યાભિષેક થયો. તેમણે 'છત્રપતિ' નો હોદ્દો ધારણ કર્યો. ધીરે ધીરે તેમનું રાજ્ય ગોવા સુધી ફેલાયું. કોંકણ, નાસિક, પૂના વગેરે તેમના રાજ્યમાં શામેલ થયાં. સમર્થ સ્વામી રામદાસજી ભિક્ષાટન કરવા માટે એક દિવસ રાજદ્વારે આવી પહોંચ્યાં તો શિવાજીએ આખું રાજ્ય ગુરુદેવને ભેટમાં ધરી દીધું. શ્રીસમર્થે સમજાવ્યાં પછી પોતાને તેમના પ્રતિનિધિ માનીને રાજ્ય વહીવટ કરતાં રહ્યાં. શિવાજીની શાસન પદ્ધતિ ઘણી સુંદર હતી. ઈ.સ. 1680માં 53 વર્ષની ઉંમરે આ અદ્ભુત વીરનો પરલોક વાસ થયો. ગૌ, બ્રાહ્મણ અને ધર્મનાં રક્ષણ માટે શિવાજીનો સઘળો પ્રયાસ હતો.

### છત્રપતિ શિવાજીનો બોધ

કરેં નહીં હમ અત્યાચાર । કિંતુ ઉચિત સંકટ પ્રતિકાર ॥
ધર્મ ઔર ગૌ બ્રાહ્મણ રક્ષા । હૈ પુનિત ક્ષત્રિય કી દીક્ષા ॥
પ્રાણ મોહ હૈ કાયર કરતાં । નહીં વીર મરને સે ડરતા ॥
વીર વહી સચ્ચા કહલાતા । ધર્મ હેતુ જો શીશ કટાતા ॥
નહીં સતાતા કહીં કિસીકો । દુઃખ ન દેતા કભી કિસીકો ॥
કરતાં ધર્મોકા સન્માન । નારી મર્યાદા કા માન ॥
દેખ વિપત્તિ ધર્મ ગૌ પર । અબલાઓકીં મર્યાદા પર ॥
જો મર મિટને કો તૈયાર । વહી ધરાકા હૈ શ્રૃંગાર ॥
ધરકર મન મેં પ્રભુકા ધ્યાન । હો કર્તવ્ય શીલ મતિમાન ॥
વહી જગતમેં હુઆ મહાન । સભી જગહ પાતા સમ્માન ॥
ધર્મ દેશ કા રખ લે માન । ધન્ય વહી જગ પુરુષ મહાન્ ॥




# મહારાણા પ્રતાપ

**મોગલ** બાદશાહ અકબરે કંદહારથી અહમદનગર સુધીનો પ્રદેશ જીતી લીધો હતો; પરંતુ મેવાડ સામે તેનું કંઈ ચાલ્યું નહિં. મહારાણા પ્રતાપે હિંદુ ધર્મનું ગૌરવ તેમજ રાજપૂતોની સ્વતંત્રતાનો ધ્વજ સદાયે ફરકતો રાખ્યો.

ઈ.સ. 1540માં રાણા પ્રતાપનો જન્મ થયો હતો. બાળપણથી જ તેમનામાં અદ્‌ભુત શૌર્ય હતું. તેમણે મહારાણા કુંભાનાં વિજયસ્થંભની પરિક્રમા કરીને મેવાડની પવિત્ર ધૂળ માથે ચઢાવી દેશને સ્વતંત્ર કરવાની પ્રતિજ્ઞા કરી હતી. મોગલોને તેઓ વિદેશી માનતા હતાં. સાચી વાત તો એ હતી કે મોગલ સૈન્યમાં તથા દરબારમાં અફઘાનોની સંખ્યા અધિક હતી. રાણા સંગ્રામસિંહનું અધૂરું કાર્ય પૂર્ણ કરવું અર્થાત્ દિલ્હી પર સત્તા જમાવી દેશને પરદેશી શાસનમાંથી મુક્ત કરવો એ જ મહારાણા પ્રતાપનું એકમાત્ર સ્વપ્ન હતું. ઘણાં રાજપૂત રાજાઓએ અકબર સાથે વૈવાહિક સંબંધ બાંધી દીધો હતો. એ જ કારણે અકબરનાં સેનાપતિ રાણા માનસિંહ જ્યારે મેવાડ પહોંચ્યાં ત્યારે રાણા પ્રતાપે તેમની સાથે બેસીને ભોજન લેવાનું સ્વીકાર્યું નહિં. માનસિંહ ગુસ્સે થયાં અને દિલ્હી પહોંચ્યાં. અકબરને મેવાડ ઉપર ચઢાઈ કરવાનું બહાનું મળી ગયું. માનસિંહ અને યુવરાજ સલીમને સેનાપતિ નિયુક્ત કર્યા. તેમની દેખરેખ હેઠળ શાહી સેનાએ મેવાડ ઉપર ચઢાઈ કરી. હલ્દીઘાટી નામના સ્થળે મહારાણાએ સેનાને રોકી. ઘણું ભયંકર યુદ્ધ થયું. ફક્ત ત્રણ હજાર રાજપૂત સૈનિકોએ વિશાળ શાહી સૈન્ય સામે બાથ ભીડી. રાજપૂતોનાં શૌર્ય સામે મોગલ સેનાનાં હાંજા ગગડી ગયાં. પરંતુ રાજપૂતો ખૂબ જ અલ્પ હતાં. ખુદ મહારાણા પ્રતાપ ઘાયલ થઈ ગયાં હતાં. પોતાની સેના સાથે તેઓ અરવલ્લીનાં જંગલોમાં ચાલ્યા ગયાં. તેઓ એકાએક મોંગલ સેના પર વારંવાર આક્રમણ કરતાં હતાં. મેવાડનાં મહારાણાને પત્ની, પુત્ર અને પુત્રી સાથે વનમાં ભટકવું પડ્યું. ભોજન અને રહેવાનું કાંઈ ઠેકાણું નહિં. પર્વતની ગુફાઓમાં પણ સ્થિરતાથી રહી શકતા ન હતાં. વારંવાર સ્થળ બદલવું પડતું હતું. ઘાસને દળીને તેની રોટી બનતી, કોઈવાર અડધાં ભૂખ્યાં રહેવાનો અવસર આવતો. મહારાણા અકબરની શરણાગતિ સ્વીકારી લે તો અકબર તેમને પ્રધાન સેનાપતિ બનાવવા તૈયાર હતાં, પરંતુ મહારાણાને ગુલામી કરતાં મૃત્યુ વહાલું હતું. તેઓ પોતાની પ્રતિજ્ઞા પર અટલ રહ્યાં.

એ સમયે મેવાડનાં નાણાપ્રધાન ભામાશાહે પોતાના પૂર્વજોએ ભેગી કરેલી બધી જ ધન રાશિ મહારાણાનાં ચરણોમાં સમર્પિત કરી દીધી. એ ધનની મદદથી મહારાણાએ સૈન્ય એકઠું કર્યું અને અકબર પાસેથી અનેક કિલ્લાઓ છીનવી લીધાં અને ઉદયપુરને રાજધાની સ્થાપિત કરીને શાસન કરવા લાગ્યાં. રાણાએ પ્રતિજ્ઞા કરી કે ચિત્તોડને સ્વાધીન કર્યા સિવાય તેઓ ધાતુંનાં વાસણમાં ભોજન કરશે નહિં અને પલંગ પર ઊંઘશે નહિં. જીવન પર્યન્ત તેઓ પતરાળીમાં ભોજન કરતાં રહ્યાં. ચટ્ટાઈ પર જ તેઓ સૂતા હતાં. ઈ.સ. 1597નાં જાન્યુઆરીની 29મી તારીખે આ તેજસ્વી તારલાનો અસ્ત થયો. તેમની શૂરવીરતાથી મેવાડની ભૂમિ વીરો માટે વંદનીય બની ગઈ.

### મહારાણા પ્રતાપનો બોધ

અપના પ્રણ હમ પૂર્ણ કરેંગે । દેશ ધર્મ કે લિયે મરેંગે ।।
સંકટ સે હમ નહિં ડરેંગે । હમ અપના કર્તવ્ય કરેંગે ।।
ચાહે વન વન પડે ભટકના । ચાહે જાય સભી કુછ અપના ।।
કિંતુ રહે ગૌરવ સ્વદેશ કા । માન રહે નિજ ધર્મ વેશ કા ।।
યહ જીવન કા કર્મ હમારા । હમ કો પ્યારા ધર્મ હમારા ।।
નહિ ધર્મ કા જિસકો ભાન । નહિ દેશ કા જિસકો માન ।
વ્યર્થ બના વહ ધરણી ભાર । ઉસકે વ્યર્થ સભી વ્યાપાર ।।
મરના તો નિશ્ચય સબકો હૈ । રહના અમર કહૌં કિસકો હૈ ।।
ફિર જીવન કા મોહ યહૉં ક્યોં ? । કાયા પર ફિર છોહ યહૉં ક્યોં ? ।।
ધર્મ દેશ કા રખ લે માન । ધન્ય વહી જગ પુરુષ મહાન ।।

# મહારાજ રણજીતસિંહ

**પંજાબમાં** પહેલાં શીખોનું કોઈ રાજ્ય ન હતું. તેઓ નાનાં નાનાં જૂથોમાં વહેંચાયેલા હતાં. આ જૂથોને 'મિસલ' કહેતા હતાં. પ્રત્યેક મિસલનો એક સરદાર હતો. મિસલો સિવાય અકાલીઓનું જૂથ હતું, જે ગુરુદ્વારાઓની વ્યવસ્થા કરતું હતું. રણજીતસિંહનાં પિતા મહાનસિંહ 'સુકર ચકિયા' નામના મિસલનાં સરદાર હતાં. રણજીતસિંહે બાળપણમાં જ યુદ્ધનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. પિતા પછી તેઓ મિસલનાં સરદાર થયાં. ધીમે ધીમે બીજી મિસલો ઉપર તેમણે અધિકાર જમાવી દીધો. ઈ.સ. 1779માં તેઓ લાહોરનાં રાજા બની ગયાં. અમૃતસર પર તેમનો અધિકાર થઈ ગયો. રણજીતસિંહ ઘણાં નીતિજ્ઞ નરેશ હતાં. તેઓએ પોતાના સૈન્યમાં યુરોપીય અફસરોની ભરતી કરી. સૈન્યને નવાં હથિયારો આપ્યાં. અંગ્રેજોની વધતી જતી શક્તિને તેઓએ પિછાણી લીધી. ભારતનો નકશો જોઈને તેઓએ કહ્યું હતું. 'એક દિવસ આ બધું લાલ થઈ જશે.' અંગ્રેજો સાથે તેમણે સંધિ કરી લીધી. સતલજ નદી તેમના અને અંગ્રેજોનાં રાજ્યની સરહદ માની લીધી. આ સંધિ પછી તેમણે મુલતાન, પેશાવર અને કાશ્મીર સુધીનો પ્રદેશ જીતીને પોતાનો રાજ્ય વિસ્તાર કર્યો. પશ્ચિમોત્તર સીમા ઉપર મુસલમાનોએ વિદ્રોહ જરૂર કર્યો; પરંતુ તેમને સરદાર હરિસિંહ નલવાએ દબાવી દીધાં. રણજીતસિંહે નલવાને પેશાવરનો સેનાપતિ બનાવી દીધો. વાઈસરોય લોર્ડ વેંટિંકને તેમની સાથે સતલજ નદીનાં કિનારે મુલાકાત ગોઠવી. આ મુલાકાતનાં ફળ સ્વરૂપે અંગ્રેજો તથા રણજીતસિંહ વચ્ચે વ્યાપારી કરાર થયાં.

રણજીતસિંહનાં મુખ ઉપર શીતળાનાં ચાઠાં હતાં. શીતળાને લીધે તેમણે એક આંખ ગુમાવી હતી. તેઓ ભણેલા ન હતાં, પરંતુ તેઓ સક્ષમ શાસક હતાં. તેમની સ્મરણ શક્તિ અદ્ભુત હતી. પોતાના શૂરવીર શત્રુઓનો તેઓ આદર કરતાં હતાં. તેમના ઉદાર વ્યવહારને કારણે શત્રુઓ પણ મિત્ર બની જતાં હતાં. તેઓ જાતે સાદગીથી રહેતા હતાં. તેમના શાસનમાં ધાર્મિક ભેદભાવ જરા પણ ન હતો. ગરીબમાં ગરીબ આદમીની પણ ફરિયાદ તેમના દરબારમાં સાંભળવામાં આવતી હતી. હિંદુ, મુસલમાનો, શીખો બધા તેમના દરબારમાં ઉંચા હોદ્દાઓ પર કામ કરતાં હતાં. બધા સંપ્રદાયોનાં લોકો તેમનો આદર કરતાં હતાં. ઘોડે સવારી અને તલવાર બાજીમાં રણજીતસિંહ ખૂબ નિષ્ણાંત હતાં. તેઓ એટલા રૂઆબદાર હતાં કે તેમના મુખ તરફ જોવાનું સાહસ કદાચ ભાગ્યે જ કોઈ કરી શકતું હતું. કોહિનૂર હીરો શાહશુજાને આતંકથી પરેશાન થઈને તેમને ભેટ આપી દીધો હતો. ઈ.સ. 1839માં મહારાજ રણજીતસિંહનું મૃત્યું થયું, તેમના પછી શીખ સામ્રાજ્ય અસ્ત વ્યસ્ત થઈ ગયું. શીખોમાં તેમણે એકતા, સંગઠન તેમજ સાહસનાં ગુણો વિકસાવ્યા હતાં, તેનો લાભ ઘણાં સમય સુધી તેમને પ્રાપ્ત થયો.

### મહારાજા રણજીતસિંહનો બોધ

બલ હૈ બડા સંગઠન કા બલ । ઈસકે સદશ નહીં કોઈ બલ ॥
બિખરે જન રહતે હૈં દુર્બલ । વહી એક હો બનેં મહાબલ ॥
મંત્ર સફલતા કા યહ એક । સાહસ સંગ રહે સુવિવેક ॥
હાર ન બૈઠો તુમ ઉત્સાહ । સાથ નીતિકા હો નિર્બાહ ॥
અપની શક્તિ દેખકર કામ । સંધિ શત્રુતાકા લો નામ ॥
બનો સફલતામેં મત અંધ । બનો નિયમ તજ, મત સ્વચ્છંદ ॥
સંયમ, સહજ સાદગી આવે । સભી ન્યાય હમસે શુભ પાવેં ॥
હો વીરોંકા સમુચિત માન । કરો ધર્મ કા તુમ સન્માન ॥
તજ અભિમાન કરો યદિ કાર્ય । વહાં સફલતા હૈ અનિવાર્ય ॥
જહાં ન્યાય, કર્તવ્ય ઉદાર । વહાં સહાયક હૈ કર્તાર ॥

# રાણી અહલ્યાબાઈ

**જે** સમયે મલ્હારરાવ હોલ્કર ગુજરાતનો બળવો શમાવીને પૂના જઈ રહ્યાં હતાં, તે વખતે પાથરડીમાં તેમણે મનકોજી સિંધિયાની પુત્રી અહલ્યાને જોઈ. આ સુશીલ કન્યા પોતાના ગુણોને કારણે બાળપણથી બધાં જ માટે આદર પાત્ર હતી. મલ્હારરાવજી તેને ઈન્દોર લઈ આવ્યાં અને પોતાના મોટા કુમાર ખંડેરાવ સાથે તેનાં લગ્ન કરી દીધાં. આવી રીતે એક ગરીબ ઘરની પુત્રી રાજવધૂ થઈ ગઈ. અહલ્યાબાઈએ રાજવધૂ હોવાનો કદી પણ ગર્વ કર્યો નથી. તેઓ પૂજા પાઠની સાથે રાજ્ય વ્યવસ્થામાં પણ તેઓ પતિ તથા સસરાને મદદ કરવા લાગ્યાં. તેમણે એક પુત્ર અને પુત્રીને જન્મ આપ્યો. લગ્નનાં નવ વર્ષ પછી તેમના પતિનું અવસાન થયું. અહલ્યાબાઈ સતી થવા તૈયાર થયાં; પરંતુ સાસુ સસરાએ તેમને અટકાવી દીધાં. રાજા મલ્હારરાવે શાસનનો બધો ભાર તેમને સોંપી દીધો. મલ્હારરાવનાં અવસાન બાદ અહલ્યાબાઈનો પુત્ર રાજા બન્યો, પરંતુ તે ક્રોધી અને ઉતાવળિયો હતો. થોડા જ દિવસોમાં તેનું મરણ થયું. શાસનનો સંપૂર્ણ ભાર અહલ્યાબાઈને સંભાળવો પડયો. માધવરાવ પેશવાનાં કાકા રઘુનાથરાવે ઈન્દોર ઉપર પોતાનો અધિકાર સ્થાપવાની યોજના કરી. રાણી અહલ્યાબાઈએ આ સમાચાર સાંભળીને યુદ્ધની તૈયારી કરી અને પેશ્વા માધવરાવને પત્ર લખ્યો. માધવરાવે અહલ્યાબાઈની રાજ્ય વ્યવસ્થાનાં વખાણ કર્યા. રઘુનાથરાવ સૈન્ય લઈને આગળ તો વધ્યો, પરંતુ અહલ્યાબાઈની વીરતા અને યુદ્ધની તૈયારીઓ જોઈને તેની હિંમત ભાંગી ગઈ. આવી જ રીતે ભીલોનાં બળવાને પણ રાણીએ ખૂબ જ વીરતાથી દબાવી દીધો. અહલ્યાબાઈ એક આદર્શ હિંદુ વિધવા નારીનું જીવન જીવતાં હતાં. તેઓ સાદાં વસ્ત્રો પહેરતાં, વ્રત ઉપવાસ કરતાં હતાં અને બ્રાહ્મણો પાસેથી પુરાણોની કથાઓ સાંભળતાં. તેમની દાનશીલતા સર્વત્ર પ્રસિદ્ધ હતી. યાત્રાધામોમાં તેમણે ધર્મશાળાઓ, મંદિરો અને અન્નક્ષેત્રો ખોલાવ્યાં. તેમનો સઘળો સમય પૂજા પાઠ અને પ્રજાનાં સંકટો દૂર કરવામાં જ વ્યતીત થતો હતો. એક સમયે રઘુનાથરાવે યુદ્ધમાં મદદ માટે તેમની પાસે ધન માંગ્યું. રાણીએ ઉત્તર આપ્યો 'મારું સઘળું ધન દાન માટે છે. આપ બ્રાહ્મણ છો, સંકલ્પ વાંચીને દાન લેવા ઈચ્છો તો હું આપવા તૈયાર છું,' રઘુનાથરાવ આ જવાબથી ચિઢાયો અને મોટું સૈન્ય લઈને ચઢાઈ કરી. રાણીએ પાંચસો સ્ત્રીઓનું સૈન્ય સાથે લીધું અને કિલ્લાની બહાર આવીને રઘુનાથરાવને પડકાર કર્યો 'આપ રાજા છો, પરંતુ સ્ત્રીઓનું ધન લૂંટવું તે શું શોભાસ્પદ છે ? અમને મારીને જ આપ અહીંથી સંપત્તિ લઈ જઈ શકો છો.' રઘુનાથરાવ શરમિંદા બનીને પાછો ફર્યો. આટલું દાન પુણ્ય કરવા છતાં રાણીમાં તેનો કોઈ ગર્વ ન હતો. તેમની ઉદારતાને કારણે રાજયની સરહદે આવેલાં પડોશી રાજયોનાં રાજાઓ અહલ્યાબાઈનું સન્માન જાળવતા. મુસ્લિમ શાસકો પણ તેમના રાજય પર ચઢાઈ કરવાનું વિચારતા ન હતાં. જયારે તેમનો સ્વર્ગવાસ થયો ત્યારે પોતાની સગી માના મરવાથી જે દુઃખ થાય તેવું દુઃખ સમગ્ર પ્રજાએ અનુભવ્યું.

### રાણી અહલ્યાબાઈનો બોધ

યદિ તુમ કો પદ દે ભગવાન । કરો વૃથા મત તુમ અભિમાન ॥
સમજો યહ સેવા કા અવસર । નમ્ર બનો સબ કો દો આદર ॥
યદિ દે તુમ કો ધન ભગવાન । હૈ વહ પ્રભુ તો કૃપાનિધાન ॥
પર ભૂલો મત તુમ ધન પાકર । ભોગોં કે કીચડમેં સનકર ॥
ધનકો કરના હૈ બસ દાન । ઈસમેં હી સમઝો કલ્યાણ ॥
ધન પર જો માને અધિકાર । વહ હૈ સબસે બડા ગૅંવાર ॥
સબ ધન કા સ્વામી જગદીશ । તુમ તો ઉસે ઝુકાઓ શીશ ॥
ઉસકી સેવા મેં ધન દાન । સમઝો નિજ કર્તવ્ય મહાન ॥
પ્રભુને દિયા પુણ્ય કા અવસર । મત ખોઓ ધોખે મેં આકર ॥
ઉસકી વસ્તુ ઉસી કો દાન । રીઝેગા વહ કૃપાનિધાન ॥




# રાણી લક્ષ્મીબાઈ

**સંવત** 1811નાં કારતક મહિનાનાં કૃષ્ણપક્ષની ચૌદશનાં દિવસે રાણી લક્ષ્મીબાઈનો જન્મ થયો હતો. બાળપણ નાના સાહેબ સાથે પસાર થયું હતું. બાજીરાવ પેશ્વાએ તેમના શિક્ષણની વ્યવસ્થા કરી હતી. લખવા વાંચવા ઉપરાંત ઘોડેસવારી તથા અસ્ત્ર કુશળતા માટે એમને શિક્ષણ આપવામાં આવ્યું હતું. બાળપણનું નામ મનુબાઈ હતું. પિતા મોરોપંત તામ્બે અને માતા ભાગીરથીબાઈ બંને અત્યંત ધાર્મિક હતાં. ઝાંસીનાં રાજા ગંગાધરરાવ સાથે લગ્ન થયાં. લગ્નનાં થોડા દિવસો પછી રાણી લક્ષ્મીબાઈ વિધવા થયાં. લક્ષ્મીબાઈને કોઈ સંતાન ન હોવાથી આનંદરાવ દામોદર નામનાં એક બાળકને દત્તક લીધો. ઝાંસીનું રાજ્ય હંમેશા અંગ્રેજો માટે વિશ્વાસપાત્ર હતું, પરંતુ ગવર્નર જનરલ લોર્ડ ડેલહાઉસીએ વિધવા રાણીની વિનંતી પર કોઈ ધ્યાન આપ્યું નહિં. તેણે ઝાંસીનું રાજ્ય ખાલસા કરીને અંગ્રેજી હકૂમત હેઠળ લઈ લીધું. રાણી માટે થોડું પેન્શન બાંધી આપ્યું. અંગ્રેજો દ્વારા થતા અન્યાયનો અંત આવ્યો નહિં. રાણીએ પોતાના દત્તક પુત્રનાં નામે સાત લાખ રૂપિયા જમાં કરાવ્યાં હતાં. અંગ્રેજોએ રાજ્ય લઈ લીધું અને રૂપિયા હડપ કરી લીધાં. આમ છતાં રાણી લક્ષ્મીબાઈ શાંત રહ્યાં. તેઓ એક આદર્શ હિંદુ નારીનું જીવન જીવતાં હતાં. પૂજા, પાઠ, જપ, તપ તથા દાન ધર્મમાં જ તેમનો સમય વીતતો હતો. તેમનું જીવન વૈરાગ્યમય હતું. અંગ્રેજોએ આવા પ્રકારની એક વિરક્ત નારીને પણ ના છોડી, નત્થું ખાઁ નામનાં એક ગુંડાનાં ભડકાવવાથી અંગ્રેજ સૈન્યે રાણીને કેદ કરવા ઝાંસી તરફ પ્રયાણ કર્યું. ધર્મ અને સતીત્વનાં રક્ષણ માટે રાણી લક્ષ્મીબાઈને શસ્ત્રો ઉઠાવવાં પડ્યાં. ઝાંસીની વફાદાર પ્રજાએ તેમને સાથ આપ્યો. અગણિત અંગ્રેજી સેના ઝાંસીને ઘેરી વળી હતી. તોપમારાથી ઝાંસીનો કિલ્લો ભડકે બળતો હતો, પરંતુ અંગ્રેજી સેનાનાં સેનાપતિને પોતાનો વિજય થશે એવો  વિશ્વાસ ન હતો. વીરાંગનાં લક્ષ્મીબાઈનાં અતુલિત પરાક્રમે સેનાપતિની હિંમત ભાંગી નાંખી. તેમણે સંતાઈને હુમલા કરવાનો પ્રારંભ કર્યો. છેવટે લાચાર બનીને ના છૂટકે રાણીને કિલ્લો છોડવો પડ્યો. અંગ્રેજોની વિપુલ સેના ઘેરો ઘાલીને પડી હતી, પરંતુ લક્ષ્મીબાઈ ઘેરાને ભેદીને બહાર નીકળવામાં સફળ થયાં. અંગ્રેજોનાં સૈન્યની એક ટુકડી લક્ષ્મીબાઈનો પીછો કરી રહી હતી. વારંવાર પાછાં ફરીને તેઓ પીછો કરવાવાળા શત્રુઓનો સફાયો કરતાં હતાં. એકસો બે માઈલનું અંતર કાપીને ઘોડેસવારી પર તેઓ કાલપી પહોંચ્યા, ત્યાંથી પણ ભાગવું પડ્યું. શત્રુઓએ તેમને ઘેરી લીધાં હતાં. અંગ્રેજોનાં સૈન્યનો સંહાર કરીને, ઘેરાને ભેદીને ફરીથી તેઓ સફળતાપૂર્વક બહાર નીકળી ગયાં. બે અંગ્રેજ સૈનિકો તેમની પાછળ પડ્યાં. માર્ગમાં એક મોટું નાળું આવ્યું અને રાણીનો ઘોડો નાળું કૂદી શક્યો નહિ. પાછળથી શત્રુએ તેમના પર પ્રહારો કર્યા, તેમનું શરીર લોહીથી લથપથ થઈ ગયું. રાણીએ પણ એ બે શત્રુઓનાં મસ્તક ઉડાવી દીધાં. શત્રુઓને માર્યા પછી તેમનું શરીર શિથિલ પડી ગયું. હાથમાંથી તલવાર છૂટી ગઈ. વિરાંગના લક્ષ્મીબાઈ સદાને માટે ભૂમી પર ઢળી પડ્યાં.

### રાણી લક્ષ્મીબાઈનો બોધ

ક્રોધ નહીં હમકો આતા । ભોગોંસે ન હમારા નાતા ॥
યુદ્ધ નહીં હમકો પ્યારા । ધર્મ હમારા એક સહારા ॥
સહ લેના અપના અપમાન । સહ લેના ધનકા નુકસાન ॥
વ્યર્થ ન ઝગડા લેના મોલ । પાપ ન લેના જગમેં તૌલ ॥
રહના શાન્ત સહન કર લેના । જગકો ક્ષમા પાઠ હી દેના ॥
કિન્તુ ન કાયર બનના જાનેં । ભય કો તો પશુતા હી માનેં ॥
ધર્મ ઔર મર્યાદા માન । હમેં સદા પ્રિય પ્રાણ સમાન ॥
કોઈ ઈન પર યદિ ચઢ ધાવેં । તો ફિર હમ ભી શસ્ત્ર ઉઠાવેં ॥
યમકે સિર પર બાંયાં પૈર । ઠાને યદિ વહ હમસે બૈર ॥
પ્રાણ નહીં પ્રિય હૈ, પ્રિય ધર્મ । શૌર્ય સહજ ક્ષત્રિય કા કર્મ ॥



# યાદી ભરી ત્યાં આપની...

**કવિ કલાપી**

જાન્યુઆરી મહિનાની 26મી તારીખ સૌને પ્રજાસત્તાકદિન તરીકે જ યાદ રહે, પણ ગુજરાત માટે એ દિવસનું અન્ય એક મહત્વ છે. લાઠીનાં રાજવી સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલનો જન્મ 26મી જાન્યુઆરી 1874નાં રોજ થયો હતો. જગત તેમને સાહિત્ય જગતનાં શિરમોર કવિ 'કલાપી' તરીકે ઓળખે છે. આ કવિનું 10 જૂન 1900નાં રોજ માત્ર 26 વર્ષની અલ્પ આયુમાં અવસાન થયેલું. છતાંય એ સ્મરણનાં હીંચકે સતત ઝૂલે છે. શબ્દ કવિ અને લેખકને તેના શારીરિક આયુષ્ય કરતાં પણ વધારે જિવાડે છે તેનો પુરાવો કવિ કલાપી છે. આ રાજવીએ રાજવહીવટ તો ઉત્તમ કર્યો, પણ સાથોસાથ કવિ તરીકે કલાપીએ ગુજરાતી કવિતામાં વિપુલ અને ગુણવત્તામાં ઉત્તમ સર્જન કર્યું છે. 'સૌંદર્ય પામતાં પહેલાં સુંદર બનવું પડે', 'કલા છે ભોજ્ય મીઠી તે ભોક્તા વિણ કલા નહીં', 'મ્હાણ્યું તેનું સ્મરણ કરવું એય છેક લ્હાણું' અને 'હા! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે...' જેવી સહજ સ્ફુરેલી અનેક પંક્તિઓ કહેવત બનીને રહી ગઈ છે.

કલાપી વિશે મહાકવિ ન્હાનાલાલ લખે છે કે 'સૌરાષ્ટ્રની ધીંગી ધરા પર કેસર છાંટણાં તો અનેક સિંહનરો છાંટી ગયાં, પરંતુ સાહિત્યનાં પ્રદેશને સોહાવી ગયાં છે ત્રણ સિંહાસનધારીઓ. એક ગીતા ગાનાર દ્વારકાધીશ ભગવાન યોગેશ્વર શ્રીકૃષ્ણ, બીજા પ્રવીણસાગર ગ્રંથનાં રચયિતા રાજદુર્ગાધિપતિ મહેરામણજી અને ત્રીજા ગઢની રાંગે વિરાજી ક્ષિતિજમંડળમાં કેકારવનાં ટહુકાર ટહુકતા લાઠી નરેશ સુરસિંહજી ઉર્ફે કલાપી.' કલાપી વિશે 'કેકારવ'નાં ઉપોદ્ઘાતમાં સ્વ. અનંતરાય રાવળ લખે છે કે 'કલાપી' ગુજરાતનાં 19માં શતકનાં છેલ્લા દાયકાનાં એક સારા અને સમર્થ ગદ્યકાર છે. 'કલાપી'ની ભૌતિક કાયાને વિધિનિર્માણ અનુસાર કાળે ઝપટ મારી પંચમહાભૂતમાં વિલીન કરાવી દીધાં, પણ એમની કવિતા અને ગદ્યને એ અડી શક્યો નથી. આજેય એમની મીઠી કવિતા વાંચીએ છીએ, કવિનાં રમણીય ગદ્યને માણીએ છીએ ત્યારે એમના મૂઠ્ઠી જેવડા પણ ઊર્મિસમૃદ્ધ હૃદયનો જે ધબકાર એમાં ઝિલાયો છે તેના સ્પંદનો આપણે અનુભવીએ છીએ.' કવિ હર્ષદ ચંદારાણા લખે છે કે 'જીભનાં ટેરવે અને હૈયાને હીંચકે રમતી રહે તેવી ગઝલોનાં અનેક શેર આપનાર કવિ કલાપીનાં ઉપનામ પ્રમાણે જ ગુજરાતી ગઝલનો કલાધર ટહુકતો મોરલો છે. ગુજરાતનાં હૃદયને આર્દ્ર રાખનાર વિરલ કવિઓમાં કલાપીનું સ્થાન સિંહાસન પર છે.' આવું સરસ જેના વિશે લખાયું છે એ કવિનો જન્મ જ્યાં થયો છે ત્યાં લાઠીમાં તેમનું કોઈ અસ્તિત્વ છે કે નહીં? તેવો વિચાર મનમાં ઘણાં વખતથી રમતો હતો. 2014નાં પ્રથમ દિવસે જ લાઠી જવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. રસ્તામાં સમાચાર મળ્યા કે જાણીતા કવિ, સાહિત્યકાર અને નિવૃત સનદી અધિકાર પ્રવીણ ગઢવી જ્યારે અમરેલીનાં કલેક્ટર હતાં ત્યારે તેમણે કલાપીનું સ્મારક લાઠીમાં થાય તે માટે લાગણીપૂર્વકનાં ભરચક પ્રયત્નો કર્યા અને તેના પરિણામે આજે લાઠીમાં કવિ કલાપી તીર્થ સંગ્રહાલય અસ્તિત્વમાં આવ્યું છે. આ સંગ્રહાલય સાહિત્ય, કલા અને સંસ્કૃતિનાં વારસાને જાળવવાનાં હેતુથી નિર્માણ પામ્યું છે. જેમાં ભોંયતળિયે પ્રથમ વિભાગમાં ઐતિહાસિક લાઠી, મધ્યમાં રાજવી કલાપી અને ત્રીજા વિભાગમાં વર્તમાન લાઠી પ્રદર્શિત કરેલું છે. અહીં કવિ કલાપી વિશેનું સાહિત્ય છે. કલાપીનાં પેઈન્ટીંગ્ઝ, મ્યુરલ્સ, શિલ્પ ફોટોગ્રાફ્સ, તે સમયની ચીજવસ્તુઓ, કલાપીનાં હસ્તાક્ષરમાં પત્રો અને કાવ્યો, હસ્તપત્રો વગેરે સચવાયાં છે. આનંદ એ વાતનો થાય કે કલાપીનાં પ્રાપ્ત થઈ શકે તે તમામ સ્મૃતિચિહ્નો મેળવીને એક નાનકડું સંગ્રહાલય બનાવવામાં આવ્યું છે. કલાપીનું કવન જેટલું જાણીતું છે તેટલું જ તેમનું જીવન પણ લોકજીભે વહેતું રહ્યું છે. કવિ કલાપીએ રાજવી તરીકે બે કુંવરીઓ સાથે લગ્ન કરેલા. એમ કહેવાય છે, કે કચ્છથી આવેલાં મોટાં રાણી રમાબા તેમના કરતાં ઉંમરમાં મોટાં હતાં. તેમનાં બીજા રાણીનું નામ આનંદીબા હતું અને તેઓ કોટડા સાંગાણીનાં હતાં. બન્યું એવું કે મોંઘીબા સાથે આવેલી દાસી શોભના સાથે કવિ કલાપીને પ્રેમ થયો. આ વાત મૂળ રાણીઓને ન ગમી હોય તે સ્વાભાવિક છે. એટલે શોભનાને અન્ય સ્થળે પરણાવી દેવામાં આવી, પણ કલાપીએ ત્યાંથી તેને છૂટાછેડા અપાવીને શોભના સાથે લગ્ન કરી તેને રાણી તરીકેનું પદ આપ્યું.

આ ઘટના પછી એમ કહેવાય છે કે કવિ કલાપીને ઝેર આપીને મારી નાખવામાં આવ્યાં હતાં. એક વાત એવી પણ છે કે તેમને કોલેરા થયેલાં તેને કારણે અવસાન થયેલું. મારી બા એમ કહેતી કે 'ગામને મોઢે ગળણું ન બંધાય' તે ન્યાયે એક ત્રીજી વાર્તા એવી પણ ચાલે છે કે કવિ કલાપીને પોતાને ઝેર અપાયું છે તે ખબર પડતાં બચવા માટે અને સારવાર મેળવવા તેઓએ મહેલમાંથી ભાગવાની કોશિશ કરી હતી. ત્યારે સાડા છ ફૂટ ઊંચા આરબ ચોકીદારે કોલર પકડીને જમીન પર પટકી તેમના ગળા ઉપર પોતાનો મજબૂત પગ મૂકીને તેમનો શ્વાસ રૂંધી નાખેલો. કહેનારાઓ એવું પણ કહે છે કે એ આરબ ચોકીદારનો વંશજ આજે લાઠી ગામમાં ગાંડાની જેમ રખડે છે. તેની કરણીનું ફળ તેને આ રીતે મળ્યું છે. આ બધી જ કર્ણોપકર્ણ ચર્ચાતી વાતો છે, પણ ખરું દુ:ખ તો કલાપીનો મહેલ જોઈને થાય. સાવ ખંડેર બની ગયેલાં એ મહેલને જોઈએ ત્યારે પહેલો ભાવ એવો થાય કે 'ખંડહર બતા રહા હૈ ઈમારત બુલંદ થી.' આ એ મહેલ છે કે જ્યાં કલાપીએ પોતાનું ઉત્તમ સર્જન કર્યું હશે,- એ મહેલ આજે સાવ ખંડેર હાલતમાં છે. વિશિષ્ટતા એ છે કે લાઠી સ્ટેટની જેલ પણ આ મહેલની બાજુમાં જ રાખવામાં આવી હતી. કલાપી એ જેલમાં સીધા જઈ શકે તે માટેનું એક દ્વાર તેમના મહેલમાં મૂકાયું હતું. 19મી સદીનાં અંત ભાગમાં લાગણી, પ્રેમ અને મમત્વ જેમનામાં ભારોભાર હતાં તેમજ પ્રેમ કરવામાં જેમણે પ્રતિષ્ઠાની ચિંતા નહોતી કરી તેવા રાજવી, કવિ અને ઉત્તમ મનુષ્ય ગણાયેલા કલાપીને તેમની 141મી વર્ષગાંઠે સ્મરણ અને વંદન.

**જ્યાંજ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની,**
**આંસું મહીં યે આંખથી યાદી ઝરે છે આપની.'**



# રાજપૂતો અને શિક્ષણ

એક એવી માન્યતા છે કે રાજપૂતો શિક્ષણ મેળવવામાં અન્ય સમાજ કરતાં પાછળ છે. આજે આ વાત સ્વીકારવી પડે, પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ રહી છે. આજનો રાજપૂત નવયુવાન શિક્ષણ થકી સરતાજ બનવા થનગની રહ્યો છે. કલમની તાકાત અને તેવર તેને સમજાઈ ગયાં છે. ભારતની હિન્દુ સંસ્કૃતિ માનવ આયુષ્યનાં ચાર ભાગમાં વહેંચાયેલી છે. પ્રથમ વિદ્યાર્થી અવસ્થા, જે જન્મથી 25 વર્ષની વય સુધીની છે. જેમાં શિક્ષણ અને જીવન જીવવા માટે કૌશલ્ય મેળવવાનું છે. આ વ્યવસ્થા છેક વૈદિક કાળમાં નિર્માણ પામેલી. તે યુગનાં બાળકોને 5 વર્ષની વયે યજ્ઞોપવિત ધારણ કરાવીને વિદ્યા અભ્યાસ અર્થે ગુરુકુળમાં મોકલવામાં આવતાં. 25 વર્ષની યુવાન વયે શિક્ષણ અને સંસ્કાર મેળવી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતાં હતાં. રાજપૂતો પોતાને ભગવાન રામ અને કૃષ્ણનાં વંશજો ગણાવે છે. રાજપૂતોનાં મહાન પૂર્વજોની કરણી અને કથની ભારતીયોએ જ નહિ પરંતુ સમગ્ર વિશ્વએ સ્વીકારેલ છે. આ મહામાનવોએ તેમના બાલ્યકાળથી યુવાવસ્થા સુધી પહોંચવા ગુરુકુળમાં રહીને કઠોર પરિશ્રમ કરી શિક્ષણ મેળવેલું. જૈન ધર્મનાં 24 તીર્થંકરો પૈકીનાં 23 ક્ષત્રિયો હતાં. ભગવાન બુધ્ધ પણ ક્ષત્રિય હતાં. અનેક પ્રતાપી ક્ષત્રિય આ ધરા ઉપર અવતાર પામ્યાં. તેમના સામર્થ્યનો સ્વીકાર જગતે કરેલ છે. મોગલ વંશમાં અકબરનાં દરબારમાં નવરત્નો પૈકી રાજા માનસિંહ અને ટોડરમલ જેવા અનેક વિલક્ષણ ક્ષત્રિયો હતાં. તેમણે અનેક પ્રકારનું શિક્ષણ મેળવી બુધ્ધિ પ્રતિભા વડે જગતને પ્રભાવિત કરેલ. અનેક પ્રતાપી પુરુષોનાં વંશજ એવા રાજપૂતો સ્વભાવગત પ્રમાદ અને અહંકારનાં કારણે વિદ્યા અભ્યાસથી વંચિત રહી ગયાં. લોકશાહી વ્યવસ્થામાં પણ રાજપૂતોનાં શૈક્ષણિક વિકાસમાં સરકાર તરફથી ઉપેક્ષા સેવવામાં આવી છે. વસ્તી વૃધ્ધિની સાથે તેમજ ખોટી હુંસાતુંસી અને કુરિવાજોનાં કારણે આવકનાં સાધનો મર્યાદિત થયાં. વ્યસનો વધવાથી બાળકોનાં અભ્યાસ તરફ ધ્યાન નહિ આપતાં સમાજમાં શિક્ષણનું સ્તર કથળવા લાગ્યું. સમાજ અહં અને હુંપદમાંથી બહાર આવવામાં માનતો ન હતો. અન્ય કોમ માટે પોતાનું સર્વસ્વ હોમી દેનાર રાજપૂતો પોતાના અને સમાજનાં ઉત્થાન માટે ઉદાર બનવાનું ક્યારેય શીખ્યો નથી. પરિણામે સમાજનાં ઉત્થાન માટે કાર્ય કરતી સંસ્થાઓ હંમેશા નાણાંભીડ ભોગવી રહી છે. સંસ્થાઓનાં પ્રયત્નો છતાં સમાજ તરફથી મળતા ઓછા પ્રતિસાદનાં કારણે જોઈએ તેવો વિકાસ સાધી શકાયો નથી. યોગ્ય લક્ષ્ય હાંસલ થઈ શક્યું નથી. અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત જેવા મોટા શહેરો કે જ્યાં ઉચ્ચ શિક્ષણ મળી શકે છે ત્યાં અન્ય સમાજની સરખામણીમાં વિદ્યાર્થી ભવનો આજે પણ ઊભા થઈ શક્યાં નથી. જે છે તે અસ્તિત્વ ટકાવી રાખવા સંઘર્ષ કરી રહેલ છે. ડાકોર, દ્વારકા અને અંબાજી જેવા યાત્રાધામોમાં સારા પ્રવાસી ગૃહો અન્ય સમાજની સરખામણીમાં ઊભા કરી શકયાં નથી. હવે સમાજનો નવયુવાન જાગ્યો છે. સમાજનાં ઉત્થાનની તેને ચિંતા થવા લાગી છે. શિક્ષણ સિવાય ઉધ્ધાર નથી. કટાર કરતાં કલમ વધુ તાકાતવર છે તે સમજવા લાગ્યો છે. જેનું પરિણામ આવનારા સમયમાં રાજપૂત સમાજને અને અન્ય સમાજોને જરૂર ચોંકાવી દે તેવું ઊજળું અને પ્રતિભા સભર હશે. નવયુવાનોને યોગ્ય રાહ ચીંધનાર રવુભા, ડૉ. જયેન્દ્રસિંહ, હનુમંતસિંહ, અશોકસિંહ, રમજુ ભા, કલ્યાણસિંહ અને બળવંતસિંહ જેવા સમર્પિત રાહબરો તથા નયનાબા મહેન્દ્રસિંહ, રામસિંહ નારાયણસિંહ અને જીતુભા અશ્વિનસિંહ જેવા દાતાઓ તેમજ ભુપેન્દ્રસિંહ અને પ્રદિપસિંહ જેવા રાજકીય પીઠબળની જરૂર છે. આ યાદીમાં ન હોય તેવા નામી સજ્જનો પીઠબળ આપતા રહેશે તેની ખાત્રી થઈ ગઈ છે. માત્ર ગુજરાતનો જ નહિ સમગ્ર ભારત દેશનો રાજપૂત સમાજ પુનઃ પોતાના મૂળ સ્થાનથી ઊંચું આસન મેળવશે તે હકીકત આવનાર સમયમાં મૂર્તિમંત થનાર છે.



# 122 વર્ષ જૂની ભાવનગરની

# બાર્ટન લાઈબ્રેરી

## 1882માં રાજવી તખ્તસિંહજી ગોહિલની હાજરીમાં આ પુસ્તકાલની સ્થાપના કરવામાં આવી હતી

કેટલાક વિષય, વાત, વ્યક્તિ કે સંસ્થા એવા હોય કે તેની સાથે બીજું નામ જોડાયેલું જ રહે. લોકભારતી સણોસરાનો વિચાર કરીએ એટલે નાનાભાઈ ભટ્ટ અને મનુભાઈ પંચોળી યાદ આવે. એચ.કે.આર્ટ્સ કોલેજ અને યંશવત શુક્લ, ગુજરાત વિદ્યાપીઠ અને રામલાલ પરીખ. ગુજરાત સાહિત્ય પરિષદ અને રઘુવીર ચૌધરી, અમદાવાદ અને ઈન્દુલાલ યાજ્ઞિક, ભરૂચ અને ઓમકાર નાથજી, વ્યાયામ પ્રવૃત્તિ અને પુરાણીબંધુઓ, લાઈબ્રેરી અને મોતીભાઈ અમીન વગેરે શ્રેષ્ઠ ઉદાહરણ છે. આ બધું એટલા માટે યાદ આવે છે કે આજે ભાવનગરની 122 વર્ષ જૂની બાર્ટન લાઈબ્રેરી વિશે લખવું છે, પણ લાઈબ્રેરીમાં 43 વર્ષ સુધી સેવા આપનાર સ્વ. ઈન્દુભાઈ બૂચનાં સ્મરણ વગર તેની વાત કરી ન શકાય. આજે લિજેન્ડ લાઈબ્રેરી અને ગ્રંથપાલની વાત એક જ લેખમાં કરવી છે. ભાવનગરમાં દીવાનપરા રોડ ઉપર બાર્ટન લાઈબ્રેરી આવેલી છે. 1882માં ભાવનગરનાં પ્રસિદ્ધ રાજવી તખ્તસિંહજી ગોહિલની હાજરીમાં આ પુસ્તકાલયની સ્થાપના કરવામાં આવી હતી. આ લાઈબ્રેરી 1982માં બાર્ટન લાઈબ્રેરી અને મ્યુઝિયમ તરીકે ઓળખાવા લાગી. આ લાઈબ્રેરીએ ભાવનગરને સંસ્કાર અને સાહિત્ય નગરી બનાવવામાં બહુ મોટો ફાળો આપ્યો છે. દીવાનપરા રોડ ઉપર આવેલી આ લાઈબ્રેરીનાં દરવાજામાંથી બહાર નીકળો તો ડાબી બાજુ નગરોનાં ભવ્ય મકાનો આવે અને બરોબર સામે જાવ તો મુસ્લિમોથી ભરેલો વિસ્તાર સાંઢિયાવાડ આવે. વિશિષ્ટતા એવી કે ઉચ્ચ નાગર જ્ઞાતિનાં વાચકો અને મુસ્લિમબંધુઓ એકસાથે આ લાઈબ્રેરીનો લાભ લે. એક જમાનો એવો હતો કે લગભગ અડધું ભાવનગર આ લાઈબ્રેરીમાં છાપાં વાંચવા આવતું. અંગ્રેજી, ગુજરાતી, હિન્દી અને સ્થાનિક દૈનિક ચોપાનિયા એમ બધાં અખબારો આ લાઈબ્રેરીમાં સવારનાં પહોરમાં તેના સ્ટેન્ડમાં ગોઠવાઈ જતાં. પોતાનું મન ગમતું છાપું સૌ સાથે બેસીને વાંચે, પણ અવાજનો સાવ અભાવ હોય તેવી આ લાઈબ્રેરી હતી. આ લાઈબ્રેરીમાં અનેક અપ્રાપ્ય ગ્રંથો ઉપલબ્ધ છે. આ ઉપલબ્ધ ગ્રંથોમાં જોની ગ્રીફિથનું 'અજંતા ફોર્ટ ડભોઈ', સ્કંદપુરાણની 400 વર્ષ જૂની મેન્યુસ્ક્રિપ્ટ, જેમ્સ બર્ગીસની 'કાઠિયાવાડ એન્ડ કચ્છ' વગેરેનો સમાવેશ થાય છે. આ યાદી ઘણી આગળ વધારી શકાય, પણ સ્થળ સંકોચ નડે તેમ છે. આ પુસ્તકાલયની એક ખૂબી સમજવા જેવી છે. બહેનો એકાંતમાં સિક્યોર્ડ રીતે વાંચી શકે તે રીતે કબાટો ગોઠવીને, અંદર એકાંત મળે અને પ્રકાશ પણ આવે તે રીતે વાંચનની વ્યવસ્થા ગોઠવવામાં આવતી. પરિણામે આ લાઈબ્રેરીમાં બહેનો પણ નિયમિત વાંચવા આવતી. આમ લાઈબ્રેરીએ નગરમાં વાંચવાની એક હવા ઊભી કરેલી. પરિણામે ભાવનગરમાંથી લેખકો, કવિઓ અને સર્જકો સતત મળતા રહ્યાં. અરે 'લોકમિલાપ' અને 'પ્રસાર' જેવી પૂરેપૂરી પુસ્તક વિતરણને વરેલી સંસ્થાઓ ભાવનગરમાં ઊભી થઈ, તેના પાયામાં બાર્ટને ઊભો કરેલો વાંચન પ્રેમ છે. આ બાર્ટન લાઈબ્રેરીમાં 43 વર્ષ સેવા આપનાર ગ્રંથપાલ સ્વ. ઈન્દુભાઈ બૂચનો જન્મ 13 જાન્યુઆરી 1917નાં રોજ જૂનાગઢ જિલ્લાનાં માણાવદરમાં થયેલો. 1921માં તેઓ તેમના કાકા શિવપ્રસાદ બૂચની સાથે શિહોર આવ્યાં. 1923માં ભાવનગર આવીને એ.વી. સ્કૂલ આલ્ફ્રેડ હાઈસ્કૂલ અને શામળદાસ કોલેજમાં શિક્ષણ લીધું. જૂન 1935માં કૌટુંબિક પરિસ્થિતિને કારણે અભ્યાસ છોડી 4 જુલાઈ 1935થી બાર્ટન લાઈબ્રેરીમાં રૂપિયા 20નાં માસિક પગારથી જોડાયાં. 1942માં બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં ગ્રંથપાલ તરીકે તાલીમ લઈ આવવાને કારણે 4 જુલાઈ 1945થી ગ્રંથપાલ તરીકે નિમણૂક થઈ. ઈન્દુભાઈનો બાર્ટન લાઈબ્રેરી સાથેનો સમય નોકર અને રોટલાઘરનો ન હતો. ભરપૂર અર્પણત્વ હતું. હળવાશથી એવું કહી શકાય કે બાર્ટન લાઈબ્રેરી એમની દ્વિતીય ભાર્યા હતી અને મૂળ પત્ની કરતાં વધારે વહાલી હતી. એટલે થતું એવું કે બાર્ટન ગ્રંથાલય ખૂલે સવારે 8:30 વાગ્યે ત્યારે સૌથી પહેલાં તે આવી જાય. 11:30 વાગ્યે બંધ થાય ત્યારે જનાર એ છેલ્લા હોય. વળી 3:30 વાગ્યે લાઈબ્રેરી ખૂલે અને સાંજે 6:30 વાગ્યે લાઈબ્રેરી બંધ થાય ત્યારે પણ તેઓ આવનાર પ્રથમ અને નીકળનારા છેલ્લા હોય. આ તો માત્ર પુસ્તક આપલેનાં સમયની વાત છે. બાકી લાઈબ્રેરી તો સવારનાં 8:00થી રાત્રીનાં 8:00 સુધી ખુલ્લી જ રહે. ઈન્દુભાઈ નિવૃત થયાં ત્યારે આ લાઈબ્રેરીમાં 110 જેટલાં સામયિકો આવતાં. લાઈબ્રેરી પાસે 13,521 પુસ્તકો અંગ્રેજીમાં, 21,129 પુસ્તકો ગુજરાતીમાં, 4276 પુસ્તકો હિન્દીમાં, 10,115 પુસ્તકો સંસ્કૃતમાં અને બીજા થોડાં પુસ્તકો પર્શિયન ભાષામાં પ્રાપ્ય હતાં. આ વાત 1978ની છે એટલે આજે એ સંખ્યા વધારે હોવાની પૂરતી સંભાવના છે. ઈન્દુભાઈ બૂચે બાર્ટન લાઈબ્રેરીનું લાલનપાલન પોતાના ચોથા સંતાન તરીકે કર્યું છે. લાઈબ્રેરીમાં ખૂબ જરૂરી એવી ભરપૂર સ્વચ્છતા, અખબારો અને સામયિકોની વ્યવસ્થિત જાળવણી, વાંચન માટે જરૂરી શાંતિ તેમજ શિસ્ત માટેની સક્રિય તકેદારી તથા વાચકોની તમામ સગવડ સચવાય તેની ચિંતા ઈન્દુભાઈ કરતાં. પુસ્તકનાં પ્રદર્શન પણ વારંવાર કરતાં. તેઓ કહેતા કે દરેક પુસ્તકને તેનો વાચક શોધવાનો હક છે. એવું માનીને હું પુસ્તકોનું પ્રદર્શન કરું છું. તેમણે બાળ વિભાગમાં પુસ્તકો વાંચવા આવતાં બાળકો માટે રમકડાઓની સગવડ પણ કરેલી. બાળનાટકો અને બાળફિલ્મો પણ બાળકોને બતાવવામાં આવતી. આના કારણે બાળકો કાયમ બાર્ટનથી આકર્ષાયેલાં રહેતા. તજજ્ઞો પાસે પુસ્તકો અંગે અભિપ્રાય લખાવી નોટિસ બોર્ડ ઉપર મૂકવાની પ્રથા બૂચભાઈએ શરૂ કરેલી. તેઓ માનતા કે પુસ્તક શું છે તેની વિગતો વાચકો સુધી પહોંચવી જોઈએ. 1995નાં ફેબ્રુઆરી માસમાં અવસાન પામેલા ઈન્દુભાઈ કે. બૂચને 1978માં શ્રેષ્ઠ ગ્રંથપાલનો ગુજરાત રાજ્યનો એવોર્ડ પ્રાપ્ત થયો હતો. જો સચ્ચાઈથી કહેવું હોય તો આ એવોર્ડ કરતાં પણ વધારે તેઓએ બાર્ટન લાઈબ્રેરી દ્વારા ભાવનગરનાં નાગરિકોની જે સંસ્કાર સેવા કરી છે તે ખૂબ ઊંચી છે. એવોર્ડ પ્રતીક હોઈ શકે, પણ પ્રાપ્તિ તો તેઓએ નિષ્ઠાપૂર્વક કરેલી સેવામાં જ દ્રષ્ટિગોચર થાય છે. જાણીતા નાટ્યકાર વિજય મહેતાએ કહ્યું છે કે સાતત્ય એ પણ સત્યનું જ એક સ્વરૂપ છે. આ વાક્યને ઈન્દુભાઈ સાથે જોડીએ તો કહી શકાય કે 43 વર્ષ સુધી એક સ્થળે નિષ્ઠાપૂર્વક બેસીને ભક્તિપૂર્વક કાર્ય કરવું તે પણ સાતત્ય છે અને આ સાતત્ય સૂચવે છે કે ઈન્દુભાઈ બૂચમાં કેવી ભવ્ય સત્ય નિષ્ઠા હતી.

राम लखन



# संस्कार परिवर्तन से संसार परिवर्तन...

भारतीय जीवन पद्धति के अनुसार संस्कार बहुत प्रकार के होते है । जैसे जन्म संस्कार, मुण्डन व नामकरण संस्कार, उपनयन व विवाह संस्कार । इसी प्रकार गुरु दीक्षा व अन्तिम संस्कार, अन्न व वस्त्र संस्कार, भूमि पूजन, गृह प्रवेश आदि विधि विधानो को भी संस्कारों मे गिना जाता है । इनका उद्देश्य था जीवन के आन्तरिक व बाहय दोषों को दूर करते हुये मूल्यवान जीवन अपनाना । आज ऐसे सभी आयोजन मात्र दोहराये जाते है, ना कि जीवन मूल्य अपनाये जा रहे है । ये सभी संस्कार है स्थूल जगत के । जबकि संस्कार शब्द आत्मा की सूक्ष्म शक्तियो की ओर इशार करता है । उच्च संस्कार हमारे विचार, व्यवहार, स्वभाव, जीवन शैली व आदतो को महान बनाते है । भारतवर्ष की प्राचीन संस्कृति आदर्श रीति रिवाजो और मर्यादित परम्पराओं से ओत प्रोत थी । इसके मूल में त्याग, तपस्या, बलिदान, समर्पणमयता, संयम, नियम व नैतिकता जैसे आध्यात्मिक क्रिया कलाप भरे हुये थे । इन्ही दैवी गुणो के कारण देवी देवताये सर्वगुण सम्पन्न कहलाते थे । सारे संसार पर विश्व महाराजन और विश्व महारानी का अखण्ड एक छत्र अधिकार था । सीढ़ियाँ उतरते उतरते हम पुनः कलियुग और स्वर्ग के सन्धिकाल पर पहुँच गये है । युग परिवर्तन के इस महान संक्रमण काल के समय, हमें अपने ही संस्कारो को आमूल परिवर्तन करना होगा । जब तक हम सतोगुणी नही बनेंगे तब तक परम सुखदायी स्वराज्य भी भोग नही पायेंगे । जब तक हम अपने आसुरी संस्कारों का अन्तिम संस्कार नही करेंगे तब तक सतोप्रधान संसार बसाने की बाते कोरी कल्पना होगी । अब वह दिन दूर नहिं जब पीड़ा दायी संस्कृति समाप्त हो और परम सुखदायी शान्ति की संस्कृति सभी दिशाओं को मुखरित करने लगे । सर्व सम्बन्ध ईश्वर से जोड़ना ही दिव्य जीवन है । जैसे अणु के इलेक्ट्रान प्रोटान को आवेशित कर न्यूट्रान बम जैसी महाविस्फोटक उर्जा उत्पन्न की जाती है, वैसे ही मन बुद्धि को उच्च संस्कारो से श्रृंगारित कर विश्व हितकारी दैवी संस्कृति की पुनस्थापना की जा सकती है । आदर्श लोगों के संकल्पो की रफ्तार हर क्षण नये संसार का निर्माण करने के लिये प्रेरित करती है । अब अलौकिक शक्तियों को ईश्वरीय सम्बन्धो द्वारा प्रत्यक्ष करने का समय आ पहुंचा है । संसार का दिव्य श्रृंगार करने के लिये हमारा जन्म हुआ है । जीवन का ताना बाना आध्यात्मिकता से भरपूर होते ही धरा पर स्वर्ग उतर आयेगा । रुहानी मूल्य जागृत हो जायेंगे तो सभी के संस्कारों से सतयुगी संसार का निर्माण होने लगेगा ।

**पारसमणि के संस्पर्श से प्रबल कुसंस्कारों को बदलिये :** सुख शान्तिमय संसार निर्माण के लिये साइन्स का हाथ पकडे बिना एक भी कदम बढ़ना मुस्किल लगता है। प्रबल कहे जाने वाले संस्कार, परमपिता की परम आनन्ददायी स्मृति में निरन्तर रहने से सुखदायी बनाये जा सकते है । कलियुगी दुनियाँ होने के कारण मन नकारात्मक प्रवृत्तियों में उलझा रहता है । मन को परमानन्द से भरपूर करने वाले सदा शिव की लगन में मगन रहने वालों की मलिनतायें मिटते जाने के कारण, मन सुमन बन जाता है । उस पारसमणि का संस्पर्श लेने वाली दिनचर्या अपनाना है । शिव पर मन को एकाग्र कर इतना आत्मबल बढ़ाया कि आज अखिल ब्रह्माण्ड पर सुख शान्ति के वाइब्रेशन फैला है ।

**श्रेष्ठ संस्कार उच्च जीवन की पहचान :** गहन तपस्या की एकाग्रता से प्रभु मिलन का संगीत सुनायी देता है । यह लाभ उन्हे प्राप्त होता है जो पवित्रता के प्रकाश से अन्त स्थल को प्रकाशमान रखते है । पवित्रता के उजास में ही स्वतन्त्रता और निर्भयता के फूल खिलते है । आध्यात्मिक चेतना जागृत करो । जिनके मन में स्मृति की सुवास बहती व नयनो में ईश्वरीय शक्तियाँ झिलमिलाती रहती है, उनके जीवन से सद्गुणो की सुगन्ध फैलती है । जिनके मुख मण्डल से रुहानी मूल्यों की दीप्ति चमकती रहे और हाथ करुणा, दया सहयोग के लिये सदा झुके रहें उनके वस्त्रों की पवित्रता भी महानता का संदेश देती है । जिनके बोल सुनहरे पुष्पों की वर्षा करने जैसे हों और दृष्टिकोण आत्मिक भावधारा से भरा वसुधैव कुटुम्बकम् वाला हो, उनकी समर्पणमयता परमात्मा प्राप्ति की सुगन्ध बिखेरती है । जिनकी चलन राजहंसो जैसे मोती चुनने वाली और संग प्रभु प्राप्ति के रंग में रंगने वाला हो उनका सादगी भरा रहन सहन, उपरामता का आभास दिलाता है । राजऋषि सदा प्रसन्न बदन रहते है । उनका रस भरे फल फूलों जैसा रुहानी जीवन सारे संसार पर शुभ संकल्प बरसाता है । संस्कार सदा सुखदायी होने के कारण, उनके शुभ संकल्पों को निर्मल स्वरुप से पढ़ा जा सकता है ।

**दैवी संस्कार आन्तरिक स्वच्छता व शान्ति देते है :** मन में सदा आत्म सौन्दर्य प्रतिबिम्बित करते रहने से कुशल सेनापति की तरह हम विकारो के अंश और वंश को जीतने की योजना बना सकते है । तभी मन में शान्ति, वाणी में माधुर्य तथा तन में पवित्रता लाकर हम कर्म इन्द्रियजीत बनकर अतिन्द्रिय सुखों में झूमते रहेंगे । स्वर्णिम संसार बसाने हेतु पहले स्वयं के संस्कारों को सतोप्रधान बनायें । श्वासों की रफ्तार एक नये संसार का निर्माण करने को कह रही है ।

उठो जागो, संस्कार नया डालो, यह संगम बीत रहा है संसार बदल डालो ।
सत्य की संभाल ढाल, प्रीति को लेकर मशाल, धरती माँ के कर्जदार, नव सृजन कर डालो ।।

**प्रभु के परवानों शुभ मन दो, तुम्हें स्वर्णिम संसार दूँगा :** विश्व का दिव्य श्रृंगार करने के लिये ही आपका नया जन्म हुआ है । आध्यात्मिक कमर कस लो तो सहज ही धरा पर स्वर्ग उतार लाओगे । बढ़ते चलो, सफलता कदम चूमेगी । दुनियाँ जानती है कि जिन अंग्रेजो के राज्य में कभी सूरज नही डूबता था, मुट्ठी भर भारतीय लोगों के बुलन्द हौसलो ने उनके सारे अरमान बिखेर कर रख दिये । भारतीय वसुन्धरा उनके बलिदान की आज भी ऋणी है ।



# निर्मलता से नव निर्माण करिए...

सतयुग त्रेता में सभी का जीवन संगीतमय होने से संसार सुखमय था । समयानुसार दैवी गुण क्षीण होने से द्वापर कलियुग में सभी बेताल बनते गये । हम आनन्दमय जीवन की खोज में अनेकों मत मनान्तर स्थापित करते हुए उलझते जा रहे हैं । संगीतमय जीवन में बेसुरा पन अपनाने का मतलब है रुहानी मूल्यों से दुर होना । संगीत सात स्वरों पर आधारित है तो सुख शान्तिमय जीवन भी सात गुणों पर । संगीत में सा रे ग म प ध नी कर्णप्रिय स्वर निकलते है तो सांसारिकता में साहसिकता, रमणीकता, गम्भीरता, मधुरता, पवित्रता, धैर्यता और निर्माणता द्वारा आनन्दमय जीवन प्राप्त होता है । इन गुणों में से निर्माणता रुपी जीवन मूल्य पर दैवी संस्कृति के सुन्दर फल फुल लगते हैं । निरहंकारिता से व्यक्ति की व्यवहार कुशलता मापी जाती है । व्यक्ति को इतना नम्र और पारदर्शी होना चाहिए कि सम्बन्ध सम्पर्क में आने से लोगो को दिव्यता की झलक मिले । लोग बुराइयों का ठेका लिये चल रहें है तो परमात्मा के परवानों को भी भलाई से एक कदम भी पीछे नही हटना चाहिए । आदि सनातन दैवी संस्कृति के लोग सारी दुनियाँ का पूर्वज आत्मायें है । तभी तो देवी देवताओं के चित्रों को दाता रुप में दर्शाया जाता है ।

कमल मुख कहने का भाव है कि गुणयुक्त बोलों से दुसरो को प्रफुल्लित करते रहना, न कि शब्द बाण छोड़कर घायल करना । हस्त कमलों से ऐसे कार्य करिये जिससे सबको सुकून मिले । नयनों में ऐसी पावनता बसाये रखिए कि देखते ही लोगों को जीवनमुक्ति की स्मृति आने लगे । जब दिव्यता से बना भोजन प्रसाद बन जाता है तो क्या कदम कदम पर निर्मल निर्माण बने रहने पर लोग वन्दनीय रुप से नही स्वीकारेंगे । निर्विकारी, निराकारी और निर्माण स्वरुप के कारण ही शिव के साथ शालीग्राम स्वरुप में आपकी पूजा होगी ।

दिव्यता के पथ पर चलने वालों के सामने कठोर दिल वाले भी कोमल बन जाते है । युद्ध के मैदान में रथ पर खड़े युधिष्ठिर घोषणा करते है कि मेरे पक्ष में किसी को गलती दिखाई देती हो तो वह दुर्योधन की ओर से जाकर लडे । उनकी सहृदयता से प्रभावित होकर विकर्ण दुर्योधन को छोड़कर उनकी तरफ आ जाता है । सत्य और अहिंसा के लिए आगे बढ़ने वाले गांधीजी का साथ अंग्रेज भी दे रहे थे । निर्माणता के बल पर बाबा ललकार कर कहते थे सतयुगी स्वराज्य हमारा ईश्वरीय जन्म सिद्ध अधिकार है । सत्य न्याय के अलावा दया भाव के कारण ही भगवान युधिष्ठिर के साथ थे । पितामह के मुख से सहज निकला तुम शिष्ट हो, धर्म तुम्हारे साथ है । इसलिए विजय तुम्हारी होगी । थोड़ी देर बाद दुर्योधन के लिए बोले तुम हठी हो झुकने वालों के लिए ही आशीर्वाद के हाथ उठते है । द्रोणाचार्य के लिए धर्मराज शीश झुका कर कहते है गुरुवर में तो अपनी तरफ से पूरी सावधानी रखूंगा पर कोई गलती हो जाय तो ऐसा न सोचिए कि मैने कैसे शिष्यों को पढ़ाया, गुरुजी ने कहा मेरे पास जो कुछ है तुझे देना चाहता हुं युधिष्ठिर । भीम और अर्जुन कहने लगे बड़े भैया धर्म लेकर चल रहे है तो हम भी उन्ही के साथ चलेंगे । सम्बन्ध और पदार्थ तो यहीं छुट जाते है, पुण्य कर्म व तप साधना साथ जाती है । सुधरे संस्कार सुख देते है और नयी दुनिया के लिए अधिकारी बनाते है । सदगुणो की पौध निर्माणता की पौधशाला में ही उगायी जाती है । तभी शिव भगवान आप की बुद्धि रुपी लगाम पकड़ कर परम सुहाने योगी जीवन की ओर ले जायेंगे ।


**पुरुषोत्तम नागेश ऑकजी द्वारा लिखी गई पुस्तके...**

01. कौन कहता है अकबर महान् था ?
02. वैदिक विश्व का ईतिहास [भाग : 1,2,3,4]
03. ताज महल मंदिर भवन है ।
04. फतेहपुर सीकरी एक हिन्दुनगर ।
05. लखनउ के ईमामबाडे हिन्दू राजभवन है ।
06. आगरे का लाल किल्ला हिन्दू भवन है ।
07. दिल्ली का लाल किल्ला लाल कोट है ।
08. भारत के ईतिहास की भयंकर भूलें [भाग : 1,2]
09. भारत में मुस्लिम सुल्तान [भाग : 1,2]
10. क्रिश्चियानिटी : कृष्ण नीति है ।
11. क्या भारत का ईतिहास शत्रुओं द्वारा लिखा गया है ?
12. हास्यास्पद अंगरेजी भाषा ।
13. भारत का द्वितीय स्वातन्त्रय समर ।

प्रकाशक : हिन्दी साहित्य सदन
2, बी.डी. चैम्बर्स, 10/54 देश बन्धु गुप्ता रोड, करोल बाग, नई दिल्ली 110005
Email : indiabooks@redifmail.com



**एक विश्व, श्रेष्ठ विश्व...**

**धर्म और ईश्वर एक है, उसका नाम और स्वरुप अनेक है ।**

- कोई धर्म को हिन्दु के नाम से जानते है । तो कोई इस्लाम या क्रिश्चन के नाम से जानते है ।।
- कोई धर्म ग्रंथ को गीता के नाम से जानते है । तो कोई कुरान या बाईबल के नाम से जानते है ।।
- कोई धर्म ग्रंथ संस्कृत भाषा में लिखा गया । तो कोई उर्दु या अंग्रेजी भाषा में लिखा गया ।।
- कोई अपने धर्म को सूर्य के साथ जोडते है । तो कोई चांद या सितारे के साथ जोडते है ।।
- कोई अदृश्य शक्ति को ईश्वर के नाम से पुकारते है । तो कोई अल्लाह या गोड के नाम से पुकारते है ।।
- कोई अपने ईश्वर को मंदिर में बिठाते है । तो कोई मस्जिद या चर्च में बिठाते है ।।
- कोई अपने भगवान को लाल रंग के कपडे पहनाते है । तो कोई हरा या सफेद रंग के कपडे पहनाते है ।।

रंग भेद, लींग भेद, भाषा भेद, प्रांत भेद, जाति भेद, आर्थिक भेद, संस्कृति भेद और सांप्रदायिक भेद :

यह सभी **भेद** सिर्फ जड़ता है, मुर्खता है, अज्ञानता है, अतार्किक है, अंधकार है, असत्य है और **अधर्म** है ।

**समानता** सिर्फ ज्ञान है, तर्क है, सत्य है और **धर्म** है ।



Change India for Quality Life

विश्व संत श्री ऋषिजी का क्रांतिकारी अभियान

www.qualityworld.org.in ■ www.vishwasant.org.in
www.changeindia.org.in ■ www.qualitylife.org.in
प्रतिध्वनि द्वारा जनहित में जारी ।




# मीडिया : नवयुग विधाता

दुनियाँ के किसी भी कोने में यदि गरीबी और अनाचारी का बोल बाला है तो समझना कि वहाँ मीडिया अभी पूर्ण सचेष्ट नही हुआ है । भारत माता की गोद में इतना कुछ भरा पड़ा है कि उसकी व्यवस्था, उत्पादन, विपणन, नियोजन सुचारु सफल बन जाय तो इतनी जनसंख्या होने पर भी धरती का कोई भी लाल बिलखकर तंग नही हो सकता । विश्व में खरबों डोलर नशीली मादक वस्तुओं के उत्पादन, विपणन और विज्ञापन में खर्च किये जाते है । वर्तमान समय में अनैतिक नर नारियों के चल चरित्र मीडिया द्वारा सर्वत्र शोर मचाये हुए है । क्या आप की लेखनी में इतनी शक्ति नही जो नकली जिन्दगी जीने वाले पाखन्डी बजाय सुयोग्य राजनेता, धर्म नेता, अभिनेता, कर्मनेता, बुद्धिवेत्ता, अर्थशात्री व श्रेष्ठचारी नर नारियों को तैयार कर सकें? लोग कहते है कि मिसाइल सबसे शक्तिशाली है, पर मैं कहता हूँ कि मिसाईल की आकृति वाली कलम उससे सहत्रों गुना शक्तिशाली है । मिसाईल तो करोड़ों को तहस नहस कर देगी, पर आप की लेखनी कोटि लोगो में नव जीवन एवं नव चेतना भर कर समुन्नत मानव बना देगी । वर्तमान "युग विधाता" मीडिया के लोग बन सकते है । शब्द को ब्रह्म कहा गया है और शब्दों के भण्डार आप के पास है । चाहे शब्द जाल में जनमानस को उलझा कर फंसायें, या नादब्रह्म के द्वारा सुख शान्ति की राह दिखायें । पहले समाज रक्षक बलवान, बुद्धिवान और अकलमन्द व्यक्तियों को कहा जाता था, पर अब तो क्रांतिकारी परिवर्तन का सारा दारो मदार विज्ञापनों पर है । फिर से भारत को स्वर्ग भूमि बनाने के लिए बीसों नाखूनों का जोर लगायें । आप श्रेष्ठ दिशा में कदम बढ़ाएंगे तो सारे कदम उधर ही चल पड़ेंगे । स्वस्थ और सकारात्मक मूल्यों वाली मीडिया 21 वी सदी के पूर्वाध में सम्पूर्ण धरा धाम को स्वर्ग बना देगी ।

आज कल मीडिया आलोचना और विवेचना के द्वारा मानव धर्म के आसपास पैदा हुई घास पात को काट पीट कर हिलायी डुलायी है, परंतु विश्व धर्म के बीज सुचारू रीति से बो नही सकी । उन्होंने वैज्ञानिक खोजबीन की बात तो बहुत की, पर उन्हें पता होना चाहिए कि चरित्रता मात्र शब्दों से नहीं आध्यात्मिक और व्यवहारिक जीवन जीने से उपजाती है । सहज राजयोग और ज्ञानयोग विज्ञान है जो सुखद आध्यात्मिक के वन उपवन सजाता है । उन बाग बगीचों में लगते है पवित्रता, सहनशीलता, नम्रता, अन्तर्मुखता, निर्माणता, दयालुता, निर्भयता और आनन्ददयी वैज्ञानिकता के बहुमुल्यवान विविध फल फूल । धरा का कोई भी भूखण्ड यदि आकाश की ऊँचाई और सागर की गहराई जैसा अध्यात्मिक और वैज्ञानिक वातावरण बना दे तो, ऐसे महान तीर्थ के विशाल घाटों पर पवित्र स्नान करके, लोग देवी देवता समान नागरिक बन सकेंगे । ऐसे एकाग्रचित लोगों द्वारा विश्व की अव्यवस्था सुव्यवस्था में बदल कर विश्व का नवनिर्माण कर पायेगी । आज परम्पराओं, कुरीतियों और कुसंस्कारों का बोझा ढोते ढोते हरेक के कन्धे दुख ने लगे है । इस समय सर्वत्र राजनीति, धर्मनीति और व्यापारनीति का अपराधीकरण नही अपराधों का राजनीतिकरण होता जा रहा है । ऐसे विकट समय में जहाँ कोई भी अपना नही जान पड़ता वहाँ शान्तिवन का निर्माण कीजिए, जहाँ जाते ही आत्म चेतना जाग जाये । परमात्मा मिलन की लम्बी प्यास मिट जाय और मन नित गीत गाने लगे । धरती माँ को आप जैसे सपूतों की पुरजोर जरूरत है । हाथी के समान विशाल मस्तक वाले विनायक बनकर हर क्षेत्र में सर्वांगीण विकास के लिए नीवनतम् खोज प्रस्तुत कर भटकी हुई मानवता का पथ प्रशस्त कर रूहानी लाईट हाउस बने। सभी को समान प्यार और एक धर्म, एक विश्व, एक भाषा, एक संगठन और एक ही कुल के भाँती बनाइये । तब सम्पूर्ण मानवता कमलवत खिल उठेगी । ऐसे देव मानवों के हर अंग सुखदायी होने से उन्हे कमल मुख, कमलनयन, कमल हस्त, कमल पाद से उपमा दी जायेगी । ऐसे ही अनुकरीणय लोगों से विश्व की उत्पादकता, गुणवता, दक्षता, सहत्रों गुना बढ़कर जीवन में निर्विकारिता, निरअहंकारिता की सुगन्ध भरेगी । श्रेष्ठ सृजन बाद ही सच्ची दीपावली व दशहरा मनाया जा सकेगा । हर साल रावण की लम्बाई और दीपो की संख्या बढ़ती जा रही है, परंतु कलियुग का अज्ञान अँधियारा भी गुणात्मक ढंग से बढ़ता जा रहा है । हर दिल में दरार, मन में मलिनता, चेहरे पर उदासी और आंखो में तेज हीनता दिखाई पड़ रही है । तभी तो कहा है :

जलाओ दिये पर रहे ध्यान इतना, अंधेरा धरा पर कही रह न जाये ।
मगर दीप की दिप्ति से सिर्फ जग में, नही मिट सका है धरा का अंधेरा ।
उतन क्यों न आयें नखत सब गगन के, नही कर सकेंगे हृदय में उजाला ।
मिटेगी अंधेरी घिरी तब मनुज की, जब स्वयं धर पुरुष दीप का रूप आये ।।

अपने हर कर्म इन्द्रिय और ज्ञान इन्द्रिय को सत्ज्ञान से प्रकाशमान कर लें तो बुराईयों की प्रतीक होलिका और रावण सदा के लिए जल जायेंगे । घर घर स्वर्ग बन जायेगा । सृष्टि के इस संक्रमण काल में नये विश्व को जन्म देने के लिए हमें पुरातन पंथी शास्त्रों के उलझाव वाले वचनों से हटकर अपने दिव्य संस्कारों का उदय करना होगा । राजनेताओ, अभिनेताओ, धर्मोपदेशको, अर्थशास्त्रीयो, वैज्ञानिकों, खेल विशेषज्ञों, कर्म काण्डो की भरमार होने पर भी हम सतयुग से कलियुग की चरित्रहीन अँधियारी रात मे क्यों बढ़ते जा रहे है? इस समय शरीर प्रदर्शन की कोटि कोटि साधन सामग्रीया अपनायी जा रही है, जिससे प्रतीत होता है कि सभी युगों से अति सौंदर्य तथा शक्ति वाले लोग अभी उतर आये है । आज तो टार्च लेकर खोजने पर भी किसी के तन मन धन स्वजन सम्पूर्ण स्वस्थ नही दिखाई देते !



➤ Women's Power

# शिक्षित महिलाओं की विश्व नव निर्माण में भूमिका...

स्वर्णिम संसार की रचना दिव्य चेतना से होती है ना कि भौतिक संसाधनों से । यदि जागरूक महिलाओं में दिव्यता आ जाये तो यही धरा स्वर्ग हो जाएगी । धरा पर जितनी गति से भौतिक विकास चल रहा है उतना ही आध्यात्मिक विकास लुप्त हो रहा है । आज संसार में एड्स और आतंकवाद की काली छाया मड़रा रही है । इन दोनों के मूल कारण काम क्रोधादि विकार है । ईन विकारों के कारण विश्व का सम्पूर्ण विकास किस समय मिट जायेगां यह प्रश्न सभी के सामने कौंध रहा है । संसार में विध्वंसक हथियार और रसायन बनाने में जितनी दौलत बहाई जा रही है उसका दसवाँ हिस्सा महिलाओं को सुशिक्षित करने में लगे तो धरती की काया ही पलट जाये । भय चिन्ता व भोग से सृष्टि का नवीनीकरण हो नही सकता । हर आत्मा में सुख शान्ति का संचार होने से ही धरा पर स्वर्ग उतरेगा । आज लोग मानसिक रूप से विकसित होते हुये भी दिल से कमजोर बने रहते है । रामराज्य लाने वाले श्रीराम को किसी माँ ने नही पाल पोस कर बड़ा किया था । महिलाओ को समुचित प्रशिक्षण न मिलने से नर रत्नो की रचना होने की बजाय दुराचारियों की भरमार होती जा रही है । भारतीय संस्कृति में शिव शक्तियों का अप्रितम स्थान था । महिलाओं ने ही त्याग, तपस्या, बलिदान, सतीत्व, शक्ति, शौर्य, समर्पण और विश्वास का समय पर अलौकिक आदर्श प्रस्तुत किया है ।

हमारे देश की महिलायें शील, विनय, करुणा, दया और वात्सल्य की मूर्ति थी । महिलाओं के मन और मस्तिष्क को बिगाड़ने में मीडिया की मुख्य भूमिका है । रिश्ते टूटने, परिवार खण्डित होने से समाज व्यभिचारी बनता जा रहा है । माँ, बहन और पत्नी का आदर्श अपना कर महिलायें आत्मघाती बनते हुये संसार को बचा सकती है । मात्र संसाधन जुटाने से नव निर्माण नही हो सकता । संस्कारवान शिक्षा प्रणाली सभी को अमृतमय बना पायेगी । लोग इस समय सदाचारी नागरिक बनाने के बजाय कुशल डॉक्टर, वकील, इन्जीनियर और व्यापारी बनाना चाहते है । आज के शिक्षित कहलाने वाले संसार के सामने तरह तरह की चुनौतियाँ खड़ी है । विकास का अर्थ है दिल और दिमाग का सही संतुलन । भौतिक उत्थान स्थायित्व नही ला सकेगा । मूल्यनिष्ठ महिलाओं के बिना लौकिक उपलब्धियाँ आत्मघाती साबित होंगी । संसार की आधी आबादी महिलाओं की है, परंतु उनकी बहुत बड़ी संख्या अशिक्षित होने से संस्कारवान नही बन पाती । जबकी दुनियाँ के आर्थिक उत्थान में उनका भी महत्वपूर्ण योगदान है । सामाजिक विकास में तो उनकी अहम् भूमिका है ।

दुनियाँ में महिला शिक्षा पर उचित ध्यान दिया गया होता तो विश्व की तस्वीर कुछ और होती । भारत में आजादी के बाद महिलाओ की प्रत्येक क्षेत्रों में प्रगति हुई है, परंतु उतना नही जितना होनी चाहिए । सरकार का उत्तरदायित्व होना चाहिए कि महिला शिक्षा का उचित वातावरण बनायें । विश्व के नव निर्माण में महिलाओं का महत्वपूर्ण योगदान हो सकता है । आदर्श नारी सामाजिक विकास की धुरी है । जिस प्रकार भूमि की शक्ति बढ़ाने के लिये खाद और पानी की अच्छी व्यवस्था करके उत्तम फसल ली जाती है, उसी प्रकार महिलाओं को सुशिक्षित करके आदर्श नागरिक निर्मित किये जा सकते है । जैसे भूमि तथा खाद पानी की समुचित व्यवस्था न होने पर फसलें खराब हो जाती है ठीक वैसे ही चरित्रवान नागरिकों के निर्माण के लिये महिलायें की अच्छी व्यवस्था करना अति आवश्यक है ।

देश और समाज के आर्थिक, राजनैतिक और आध्यात्मिक विकास में महिलायें महत्वपूर्ण योगदान दे सकती है । सभी को समुचित शिक्षा न मिलने के कारण बहुसंख्यक महिलायें मुख्यधारा से कटी हुई है । बीसवी सदी में संसार के सभी बच्चो को साक्षर कर लेने का लक्ष्य प्राप्त कर लेना चाहिये था । इसका मुख्य कारण है गरीबों की उपेक्षा के साथ देश व विश्व की शिक्षा की उपेक्षा करना । सत्ता लोलुपों ने कुर्सी पाने व उस पर बने रहने के लिये पिछड़े नागरिको को अनपढ़ बनाये रखने में भलाई समझा । अनपढ़ गरीबों का वोट व नोट व श्रम पढ़े लिखे व्यक्तियों की तुलना में आसानी से मिल जाता है । नेताओं की कुर्सियाँ गरीबी व अशिक्षा के कंधो पर आसानी से टिकी रहती है । प्राथमिक विद्यालयों का दुर्भाग्य यह है कि उन्हें विद्यालय की जगह भोजनालय बनाया जा रहा है । जबकि उन्ही विद्यालयों में प्रशासक और नेता तैयार होते है । कन्या विद्यालयों पर अब विशेष ध्यान देना चाहिऐ ।

सन् 1985 में भारत ने मानव संसाधन विकास मन्त्रालय के अन्तर्गत "महिला व बाल विकास विभाग" की स्थापना की । सन् 1992 में राष्ट्रीय महिला आयोग बनाया गया । सन् 2001 में राष्ट्रीय महिला नीति भी बनाई गयी । महिलाओं व बाल कल्याण के सैकड़ों कार्यक्रम भारत में होते रहते है । दुर्भाग्य यह है कि भारत सहित अनेक देशो में इस प्रावधानो का ईमानदारी से क्रियान्वयन नही किया जाता है । वर्तमान समय में महिला सशक्तिकरण भारत के साथ सारे संसार में राजनीति नही प्रशासक व सामाजिक मुद्‌दा बना हुआ है । महिला उत्थान को व्यावहारिक रूप देना आवश्यक है । महिलाओं के वर्तमान शैक्षणिक, मनोवैज्ञानिक और सामाजिक पक्षों को उभार कर आगे बढ़ाया जाये । उनकी अपेक्षाओं, कठिनाईयों व समस्याओं को वास्तविकता के धरातल पर उतारने के लिये नीति निर्धारण किया जाये । उन्हें पारिवारिक, सामाजिक व प्रशासनिक वातावरण उत्साहवर्धक उपलब्ध होना चाहिये । महिला अधिकारों व विकास कार्यक्रमो का उन्हे खुलकर लाभान्वित करने का अवसर दिया जाये ।

पुरुष प्रधान समाज में मात्र नये अधिकारों की स्थापना से महिलायें सशक्त नही हो सकती । महिलायें भी स्वतन्त्रता मिलने पर समानता का व्यवहार करें । उन्हें निर्णय लेने व नीति निर्धारण करने में ईमानदारी से आगे रखा जाये । यदि विश्व की आधी आबादी का दिव्यकरण हो जाये तो संसार से अत्याचार, गरीबी, अनैतिकता और भ्रष्टाचार स्वतः समाप्त हो जायेगा । अर्थात महिलाओं को सुशिक्षित करना दुनिया को सुव्यवस्थित बनाना है । यदि सुख शान्ति का अखण्ड साम्राज्य चाहते है तो महिलाओं की प्राणहीन शिक्षा प्रणाली सशक्तिकरण कैसे कर सकती है? भारतीय सनातन दैवी सिद्धान्तों की अमृतयी अवधारणाओं को अंगीकरण करने से वे जगत कल्याणी होगी । सकारात्मक विचारों वाली कर्मयोगी महिलायें अच्छे समाज का नव निर्माण कर सकती है । विकृत शिक्षा प्रणाली और गन्दे मनोरंजनों के कारण विकृतियाँ बढ़ती जा रही है । शिक्षा प्रणाली में गुणवत्ता लाकर हम महिला उत्थान द्वारा नये विश्व का निर्माण कर सकते है । परमात्मा और प्रकृति के प्रेमपूर्ण सम्बन्धों का नाम है 'नारी' । ज्योतिर्मय संस्कारों वाली नारी का हाथ संसार के सम्पूर्ण महान कार्यों में लगना परम आवश्यक है ।

**પ્રવિણસિંહ ઉદયસિંહ ઠાકોર**

# રાજપૂત રત્ન

**ઘેરી લીયે કંટક છો ગુલાબને, ના આંચ આવે કશીય ગુલાબને.**








**જન્મ** 1 જુલાઈ 1971માં થયો. વતન નવસારી જિલ્લાનું જલાલપોર તાલુકામાં આવેલ કોલાસણા ગામ. વ્યવસાય કૃષિનો છે. પિતાજી ઉદયસિંહ ઠાકોરે કોલાસણા ગામનાં સરપંચ તરીકે 25 વર્ષ અવિરત સેવા આપી. પ્રવિણસિંહ ઠાકોરનાં પત્ની સુનિતાબા આદર્શ ગૃહિણી છે. તેમના બે સંતાનો આર્ય સંસ્કારને દિપાવી રહ્યાં છે. સુનિતાબા રાજકીય ક્ષેત્રે ભારતીય જનતા પાર્ટી સાથે સંકળાયેલા છે અને તાલુકા પંચાયતનાં સભ્ય રહી ચૂક્યાં છે. પ્રવિણસિંહ ઠાકોરે 18 વર્ષની નાની વયે સામાજીક અને રાજકીય ક્ષેત્રે પર્દાપણ કરી ઉપસરપંચ બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું. પરદાદા, દાદાજી, પિતાજી અને હવે પોતે ગામનાં સરપંચ તરીકે ઉત્કૃષ્ટ સેવા આપી રહ્યાં છે. તેઓ છેલ્લા 22 વર્ષથી સરપંચ તરીકે બિનહરીફ ચૂંટાય છે. 2005માં મરોલી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળીનાં ઉપપ્રમુખ બન્યાં. 2006માં સુગર ફેક્ટરીની આર્થિક પરિસ્થિતિ ડામાડોળ થતાં પ્રમુખ તરીકે જવાબદારી સંભાળી, ફેક્ટરીને વિકાસની ધરી પર ગતિમય કરી. ફેક્ટરી સાથે સંકળાયેલા પ્રત્યક્ષ અને પરોક્ષ લોકોમાં ઊર્જાનો સંચાર થયો. સરકાર, મેનેજમેન્ટ અને પ્રવિણસિંહનાં નેતૃત્વથી સુગર ફેક્ટરીનો વિકાસ ઝડપી થયો. આજે સુગર ફેક્ટરીનો વહીવટ અને વિકાસ ઉદાહરણીય બન્યો છે. ઈન્ટરનેટ પર ફેક્ટરીની રૂપ રેખા અને કાર્યપધ્ધતિ જોઈ શકાય છે. પ્રવિણસિંહ સામાજિક ક્ષેત્રે પણ અગ્રેસર રહે છે. આર્થિક રીતે નબળાં કુટુંબોને મેડિકલ સુવિધા અચૂક આપે છે. સમૂહ લગ્નમાં તેમનું યોગદાન અવશ્ય હોય છે. તેઓ કહે છે કે જલાલપોર તાલુકામાં રાજપૂત સમાજનાં 1000 કુટુંબો છે. તેઓ રાજપૂત સમાજની એક્તા પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરે છે. આજનાં યુવાનોએ ગૌરવ અપાવે તેવા કાર્યો કરવા જોઈએ. વ્યસન અને કુરિવાજોથી સમાજને મુક્તિ મળશે તો વિકાસ સંભવ છે. વ્યવસાયિક ક્ષેત્રે ઈનોવેશન જરૂરી છે. સ્ત્રી શિક્ષણ અને કેળવણી હશે તો જ સમાજનો આર્થિક વિકાસ મજબૂત થશે.


# શ્રી મરોલી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લી.


મુ. : કોલાસણા [કલ્યાણનગર], પો. : મરોલી બજાર 396436, તા. : જલાલપોર, જી. : નવસારી [ગુજરાત]
**Tel. :** [O] [02637] 272047, 272057, 272303 **Fax :** [02637] 272177

@ પિલાણ વર્ષ : 2012-13 @ રજીસ્ટર્ડ નંબર : સે 30 @ સ્થાપના : 15 જૂન 1974
@ સભાસદ સંખ્યા : 20275 @ શેર ભંડોળ : 779.75 લાખ @ સુગર યુનિટ ક્ષમતા : 2500 TCD
@ પિલાણ કરેલ શેરડી : 3,68,245 મે.ટન @ ખાંડનું ઉત્પાદન : 3,57,600 ક્વિન્ટલ @ રિકવરી : 9.74%


**કમિટી સભ્યો :** દિલીપભાઈ મેઘાભાઈ રાયકા @ રમણભાઈ છગનભાઈ પટેલ @ રમેશભાઈ રણછોડભાઈ પટેલ @ ધર્મેશભાઈ ધીરૂભાઈ પટેલ @ પ્રકાશચંદ્ર નાથુભાઈ દેસાઈ @ જયંતિભાઈ છીકાભાઈ આહિર @ રમેશચંદ્ર વશનજી પટેલ @ જીવણભાઈ મોરારભાઈ આહિર @ મહમદ ઝકરીયા યુસુફ હાંસ @ હરિશકુમાર સુમંતરાય નાયક @ હરિશભાઈ મગનભાઈ બારડ.

**જી. એચ. તાંબે** [મેનેજીંગ ડિરેક્ટર] **રોહિતભાઈ બી. પટેલ** [ઉપ પ્રમુખ] **પ્રવિણસિંહ યુ. ઠાકોર** [પ્રમુખ]






जयेन्द्रसिंह महेन्द्रसिंह झाला

## राष्ट्रीय विचारधारा

### आओ अंदाजे सफर सबको सिखाते जायें ।
### राह में नक्से कदम अपना बनाते जायें ।।

**જન્મ** 26 નવેમ્બર 1974માં થયો. હળવદનાં વતની છે. ડિપ્લોમાં સિવિલ એન્જીનિયર છે. પિતા મહેન્દ્રસિંહ ઝાલા માનવતાવાદી છે. તેઓ બાંધકામનાં વ્યવસાયમાં સફળ થયાં એટલે હોટલ બિઝનેસમાં ઝંપલાવ્યું. હોટલ એન્કર ફૂડ પ્લાઝાની રેડ એન્ડ વ્હાઈટ થીમ ગ્રાહકોનું મન મોહી લે છે. તેઓ કહે છે કે રાજપૂત સમાજમાં શિક્ષણ વધ્યું છે, પરંતુ વ્યસનનું દૂષણ નાથવું જરૂરી છે.

**જીવન સંદેશ**

**અહંકાર બુદ્ધિનો નાશ કરે છે :** એક વખત પવનદેવને પોતાની શક્તિ પર અહંકાર આવી ગયો. તેમણે સૂર્યદેવને કહ્યું, 'તમારા કરતાં તો હું શક્તિશાળી છું.' સૂર્યદેવ, પવનનાં અહંકારને સમજી ગયાં. તેમણે કહ્યું, એક ગરીબ વ્યક્તિનાં કપડાં ઉતારીને દેખાડો. પવનદેવ બોલ્યાં, આ તો સરળ કામ છે. સૂર્યદેવે પવનદેવને કડકડતી ઠંડીમાં ધ્રુજતો એક ગરીબ વ્યક્તિ દેખાડ્યો અને તેના કપડાં ઉતારવા કહ્યું. પવને ધીમે ધીમે ગતિ વધારવાની શરૂઆત કરી. જેમ ગતિ વધતી ગઈ, તેમ તે વ્યક્તિને વધુ ઠંડી લાગતી ગઈ. તે કપડાંને શરીર પર લપેટતો ગયો. ત્યારે સૂર્યદેવે કહ્યું કે, તમે તે વ્યક્તિનાં કપડાં ઉતારી શક્યા નહીં. હવે મારો કમાલ જુઓ. તેમણે ધીમે ધીમે પોતાનો તાપ વધારવાનું શરૂ કર્યું. જેમ ગરમી વધતી ગઈ એમ પેલો વ્યકિત કપડાં ઉતારવા લાગ્યો. ત્યારે સૂર્યદેવે સમજાવ્યું કે, તમારી પાસે શક્તિ છે, પરંતુ અહંકાર તેને ઘટાડી દે છે. અહંકાર બુદ્ધિનો નાશ કરે છે. આથી દરેક સ્થિતિમાં અહંકારથી મુક્ત રહેવું જોઈએ.



અજયસિંહ હરદેવસિંહ વાઘેલા

## અર્જુન જેવી દૃષ્ટિ

**જન્મ** 28 માર્ચ 1991માં થયો. વતન અમદાવાદ જિલ્લામાં આવેલ ધંધુકા તાલુકાનું આંબળી ગામ. વાણિજ્યમાં સ્નાતક છે. પિતાજી હરદેવસિંહ કરણસિંહ વાઘેલા અમદાવાદમાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવે છે. દાદાજી ઘણુભા વાઘેલા જમીનદાર હતાં. અજયસિંહ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનનાં ડિલર છે. પીપળી ધોલેરા ભાવનગર હાઈવે પર લક્ષ્મી ફ્યુલ સ્ટેશન વાહન ચાલકોને ઉત્કૃષ્ટ સેવા આપે છે. આ ફ્યુલ સ્ટેશન મયુરસિંહ ગોહિલ સંભાળે છે. અજયસિંહ વાઘેલા હોટલ અને બાંધકામનાં વ્યવસાયમાં પણ સફળ રહ્યાં છે. હોટલ એન્કર ફૂડ પ્લાઝા સ્વાદ રસિકોને ભાવતું ભોજન પિરસે છે.

**જીવન સંદેશ**

**શ્રદ્ધા હશે તો જ્ઞાન જરૂર મળશે :** ગુરુ પાસે જ્ઞાન મેળવવા માટે શિષ્યમાં શ્રદ્ધાભાવ હોવો જરૂરી છે. શિષ્યમાં આ શ્રદ્ધા વિનય સ્વરૂપે પ્રગટ થાય છે. આ સંદર્ભમાં રામાયણમાં એક પ્રસંગ છે. લંકા નરેશ પોતાના દુરાચાર માટે કુખ્યાત હતો, આ કારણે જ તે લોકોમાં તિરસ્કારને પાત્ર બન્યો હતો. એક વાત સત્ય હતી કે તે ખુદ પરમ જ્ઞાની હતો. રાવણ વેદ શાસ્ત્રોનો નિષ્ણાત હતો. શ્રીરામ આ વાત સારી પેઠે જાણતા હતાં. તેઓ રાવણનાં જ્ઞાનને સન્માનની દૃષ્ટિએ જોતા હતાં. યુદ્ધમાં જ્યારે રાવણ ઘાયલ થઈને ઢળી પડ્યો ત્યારે રામે લક્ષ્મણને કહ્યું કે, રાવણ પાસેથી ઉપદેશ પ્રાપ્ત કરો. રાવણ ઘાયલ હતો છતાં તેણે લક્ષ્મણને એક પણ શબ્દ કહ્યો નહીં. આથી લક્ષ્મણ પાછા આવ્યાં, તો રામે કહ્યું તેની સામે વિનયપૂર્વક એક વિદ્યાર્થીની જેમ જાઓ, તે નિરાશ નહીં કરે. આ વખતે લક્ષ્મણનો ભાવ બદલાયેલો હતો. રાવણે તેને રાજનીતિનો મહત્વનો ઉપદેશ આપ્યો. શ્રદ્ધાનાં માધ્યમથી ગુરુ વિદ્યાર્થીની જિજ્ઞાસા અને પાત્રતાની પરીક્ષા લે છે.





ચંદ્રસિંહ પ્રભાતસિંહ ગોહિલ [ભાણુભા]

# રોયલ રાજપૂત



**હસમુખા ને હેતાળવાં, મરકીને કાઢે વેણ.**
**તમને કાંટોય કદી ના વાગજો, ભલે પારકાં હોય શેણ.**

**જન્મ** 1 જૂન 1949માં થયો. વતન ભાવનગર જિલ્લાનું ભંડારિયા ગામ. Old SSC સુધી અભ્યાસ કર્યો. પિતાજી કૃષિ ક્ષેત્રે સંકળાયેલા હતાં. પત્ની નંદકુંવરબા આદર્શ ગૃહિણી છે. પરિવારમાં પાંચ દીકરીઓ ગાયત્રીબા, મિતાબા, હર્ષાબા, નિલમબા, કૃપાબા અને એક દીકરો કુલદિપસિંહ સાથે ખુશખુશાલ છે. ઘરનું નામ ગાયત્રી કૃપા છે. 1973માં વ્યવસાય અર્થે ધંધુકા આવ્યાં. ભાણુભા કૃષિ અને હોટલનાં વ્યવસાયમાં સફળ રહ્યાં છે. હોટલ તોરણ પાર્ક અને હોટલ ખોડિયાર સ્વાદ રસિકોને ભાવથી જમાડે છે. સમાજ સેવામાં તેઓ અગ્રેસર રહે છે.

**જીવન સંદેશ**


**બાળકોને સદ્‌વિચારો આપો :** બજારમાં ફરતી વખતે આપણે બાળકોને તેમના આગ્રહ મુજબ અનેક વસ્તુઓ અપાવીએ છીએ. આમ કરતી વખતે આપણી સામે વસ્તુની કિંમત અને સ્થિતિ તેમજ બાળકોની પસંદ કામ કરતી હોય છે. આ જ રીતે આપણે બાળકોને જીવનમાં કેટલીક સમસ્યાઓનું સમાધાન પણ આપતાં રહીએ છીએ. કેટલીક એવી બાબતો તેમના મગજમાં ઉતારીએ છીએ, જે એ સમયે ભલે તેમના કામની ન હોય, પરંતુ જ્યારે માતા પિતા કે વાલી તરીકે તેમની સાથે ન હોઈએ ત્યારે આ વાતો તેમને મદદરૂપ થાય છે. એક વાતનું ધ્યાન રાખો કે આ ફોર્મ્યુલા એવી હોવી જોઈએ જેને આપણે અજમાવી ચૂક્યા હોઈએ. સદવિચારોનો ઉપયોગ પણ એક ટેક્નિક છે. સદ્‌વિચાર ચારેય તરફ ફેલાયેલા હોય છે, પરંતુ દેખાતા નથી. તેને જોવા અને શોધવા એક વિશેષ પ્રયાસ કરવો પડે. તેને ધર્મ શાસ્ત્રોમાં શોધી શકાય.

**નારી છે નારાયણી, આપો તેને સન્માન...**
**એ શક્તિની 'શક્તિ' થકી, થશે દેશનું કલ્યાણ...**

**પાંચ તત્વોનો સદ્‌ઉપયોગ તંદુરસ્તી લાવે :** સૃષ્ટિ પાંચ તત્વોથી બનેલી છે. આકાશ, વાયુ, જળ, અગ્નિ અને પૃથ્વી. આ જેટલા બહાર છે, એટલાં જ આપણી અંદર અસ્તિત્વ ધરાવે છે. તેનું સંતુલન તંદુરસ્તી અને અસંતુલન બીમારી છે. સુંદરકાંડમાં શ્રીરામે જ્યારે ક્રોધ દેખાડ્યો ત્યારે સમુદ્ર ભયભીત બની ગયો અને ખૂબ જ દાર્શનિક રીતે માફી માગી. તુલસીદાસજીએ લખ્યું છે, સમુદ્રએ ચરણ પકડીને શ્રીરામજીને કહ્યું કે મારો અપરાધ ક્ષમા કરો. આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી આ તમામનું કર્મ સ્વભાવનું મૂળ છે. માયાથી પ્રેરિત થઈને એ ઉપયોગી બને છે.' પરમાત્મા જ્યારે હસ્તક્ષેપ કરે છે ત્યારે આપણે તેનો ફાયદો ઉઠાવી શકીએ છીએ. આ પાંચ તત્વોમાં વિજ્ઞાને પણ હસ્તક્ષેપ કર્યો છે, પરંતુ વિજ્ઞાનનાં દરેક ફાયદા પાછળ એક નુકસાન છુપાયેલું છે, કેમ કે વિજ્ઞાને આ પાંચ તત્વોનું દોહન, શોષણ અને ઉપયોગ એકસાથે કર્યો છે. આ તત્વોનો સદ્‌ઉપયોગ તંદુરસ્ત રાખશે અને સંસાર માટે ઉપયોગી નીવડશે.








બ્રિજરાજસિંહ દિલાવરસિંહ ઝાલા

# જન સેવા એજ પ્રભુ સેવા

## પામ્યા મંજિલ ખુદ, બતાવી અનેકને મંજિલ તમે.
## નામને સાર્થક કર્યું, જીતને જીતી લીધી તમે !

**જન્મ** 18 જાન્યુઆરી 1978માં થયો. વતન બોટાદ જીલ્લાનું બરવાળા ગામ. આર્ટસ અને કાયદામાં સ્નાતક છે. પિતાજી દિલાવરસિંહ ઝાલા બેન્કમાં સર્વિસ કરી ચૂક્યાં છે. માતા મનહરબા, પત્ની રિધ્ધીબા અને પુત્ર લકુલીસ સાથે તેઓ ખુશખુશાલ છે. ઈન્ડિયન ઓઈલની ડિલરશીપ ધરાવતા બ્રિજરાજસિંહ ઝાલા અમદાવાદ ભાવનગર હાઈવે પર આવેલ ઋષિકેશ પેટ્રોલિયમનાં પાર્ટનર છે. બાંધકામનાં વ્યવસાયમાં તેઓ સફળ રહ્યાં છે. બરવાળા નગરપાલિકામાં કારોબારી ચેરમેન તરીકે ઉત્કૃષ્ટ સેવા આપી રહ્યાં છે. ભારતીય જનતા પાર્ટી તરફથી બરવાળા શહેરનાં મહામંત્રી તરીકે નિષ્ઠાપૂર્વક જવાબદારી અદા કરે છે. બોટાદ જીલ્લા BJPમાં વાઈસ પ્રેસિડન્ટ તરીકે કાર્યરત છે. યુવા કાર્યકારોને ભાજપ સંગઠનમાં જોડી બરવાળા નગરપાલિકા અને ધંધુકા વિધાનસભાની ચૂંટણીમાં મહત્વની ભૂમિકા ભજવી પક્ષને વિજયની વરમાળા પહેરાવવામાં નોંધપાત્ર યોગદાન આપેલ છે. અમદાવાદ જિલ્લા કારોબારી સદસ્યની જવાબદારી લઈ યુવા સંગઠનને મજબૂત બનાવી રહ્યાં છે. નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપા તરફથી ઉમેદવારી નોંધાવી સાત વોર્ડનાં એકવીસ સભ્યોમાં સૌથી વધુ મતોથી લીડ મેળવી વિજય પ્રાપ્ત કર્યો હતો. યુવા રાજપૂત સંગઠનનાં પ્રમુખ તરીકે સેવા આપી રહ્યાં છે. લકુલીસ ચેરીટેબલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટનાં મંત્રી તરીકેની જવાબદારી પણ સરસ રીતે સંભાળે છે. મેડિકલ કેમ્પ, વસ્ત્રો અને ફૂડ પેકેટસનું વિતરણ વગેરે કાર્યોમાં અગ્રેસર રહે છે. 2010થી તેઓ રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક ક્ષેત્રે વિશિષ્ટ સેવાઓ આપે છે. તેઓ દંતાલી આશ્રમનાં ક્રાંતિકારી સંત અને વિશ્વ પ્રવાસી શ્રી સ્વામી સચ્ચિદાનંદજી સાથે ભારતનાં ઘણાં રાજ્યોમાં પ્રવાસ કરી ચૂક્યાં છે. સામાજિક, સાંસ્કૃતિક અને સાંપ્રદાયિક દૂષણોને નાથવા તેઓ સ્વામીજીનાં ક્રાંતિકારી વિચારોનો પ્રચાર પ્રસાર કરી રહ્યાં છે.






## જીવન સંદેશ

**કામ પોતાની ફરજ સમજીને કરો :** એક રાજા હંમેશા તણાવગ્રસ્ત રહેતો હતો. તેને પડોશી રાજ્યોનાં આક્રમણની ચિંતા સતાવતી, તો ક્યારેક સ્વજનો દ્વારા જ ષડયંત્ર રચાવાની ચિંતા રહેતી. તેની ઊંઘ ઊડી ગઈ હતી અને ભોજન પણ કરી શક્તો ન હતો. રાજાએ એક દિવસ પોતાની સમસ્યા રાજગુરુને જણાવી. તેમણે કહ્યું, રાજકાજ પુત્રને સોંપી દો. રાજા બોલ્યો, એ તો ચાર વર્ષનો છે. રાજગુરુએ કહ્યું તો મને સોંપી દો. રાજાએ એમ જ કર્યું. રાજગુરુએ કહ્યું કે હું તો આશ્રમમાં જ રહીશ. તમે મારા કર્મચારીનાં સ્વરૂપમાં રાજકાજ કરો અને મહેલમાં જ રહો. થોડા સમય બાદ રાજગુરુએ પોતાના કર્મચારીને પૂછ્યું, હવે તમારી ઊંઘ અને ભૂખની શું સ્થિતિ છે ? રાજાએ કહ્યું, હવે ઊંઘ પણ આવે છે અને ભૂખ પણ લાગે છે. ત્યારે રાજગુરુએ સમજાવ્યું કે, જુઓ બધું જ પહેલાં જેવું છે. અંતર એટલું છે પહેલાં તમે કામને પોતાના પર બોજો બનાવી દીધો હતો, હવે તમારી ફરજ સમજીને કરો છો. દરેક કામને ફરજ સમજીને કરવાથી ચિંતા અને તણાવમાંથી મુક્તિ મળે છે.

**નિઃસ્વાર્થ પરોપકારથી જીવન સુધરશે :** દક્ષિણ અમેરિકામાં વર્ષો પહેલાં સોનાની ખાણની શોધખોળ શરૂ થઈ હતી. દેશ પરદેશનાં વેપારીઓ અને મજૂરો ત્યાં પહોંચ્યા હતાં. એ વર્ષે ઓછો પાક થવાથી ભાવવધારો થયો હતો. લોકો મુશ્કેલીથી જીવતાં હતાં. એવામાં ત્યાં રોગચાળો ફેલાયો. મુક્તિસેના નામની સ્વૈચ્છિક સંસ્થાએ પોતાની ટીમ રાહત બચાવ માટે મોકલી. લૂંટફાટ શરૂ થઈ ગઈ હતી. એક ઘોડેસવારે મુક્તિસેનાની સંસ્થાપિકાને ધાબળો અને પત્ર આપ્યો. સંસ્થાપિકાએ પત્રનો જવાબ લખી તેને પાછો આપ્યો. એ વાંચીને બીજા દિવસે યુવાન ઘોડેસવાર પાછો આવ્યો. સંસ્થાપિકાને પગે પડીને કહ્યું કે મારો ધાબળો સ્વીકારીને તમે ઉપકાર કર્યો છે. ધાબળો કોઈનાં કામમાં તો આવ્યો ! એ ઘોડે સવાર ડાકુઓનો સરદાર હતો. સંસ્થાપિકાનાં વર્તનથી તેનું હૃદય પરિવર્તન થઈ ગયું અને એ મુક્તિસેનામાં જોડાઈને સંસ્થાનાં સેવા કાર્યમાં લાગી ગયો. નિઃસ્વાર્થ પરોપકાર ઘણીવાર માર્ગ ભૂલેલા લોકોને સાચા રસ્તે લઈ આવે છે.

**માનવતાલક્ષી દાન :** વિશ્વની કોઈપણ પ્રજા કરતાં હિન્દુ સૌથી વધુ દાન આપે છે. પણ તેનું દાન માનવતાલક્ષી કે નિર્માણલક્ષી નથી અથવા ઘણું જ ઓછું છે. આપણે ભગવાન માટે છપ્પન ભોગ ધરાવીએ છીએ. સોના ચાંદીનાં થાળ બનાવીએ છીએ. છપ્પન ગજની ધજાઓ લહેરાવીએ છીએ. બ્રાહ્મણો અને સાધુઓનાં સંઘને મિષ્ટાન જમાડીએ છીએ. દર્શનાર્થીઓ અને ભિક્ષુકો માટે અન્નક્ષેત્રો ચલાવીએ છીએ, પરંતુ આ બધું જ આપણે માનવતા તરફ નથી વાળી શક્તા. આ દાન શિક્ષણ, આરોગ્ય અને આદર્શ પ્રકાશન તરફ વાળવું જરૂરી છે.



મહેન્દ્રસિંહ જે. જાડેજા

# જીભે સરસ્વતી અને દૃષ્ટિમાં ઉજાસ

## જે ધર્મ માટે મક્કમ છે તેમનું રક્ષણ પરમાત્મા કરે છે


**કેળવણી પામેલી દીકરી સંઘર્ષમાં હારવાને બદલે રસ્તો કાઢી શકે. શિક્ષણથી વ્યકિતમાં જીવનની પરિપકવતા અને સમજણ આવે છે.**

**જન્મ** 11 માર્ચ 1952માં થયો. વતન મોરબી પાસે આવેલ વાવડી ગામ. વાણિજ્યમાં સ્નાતક છે. પિતા જીલુભા જાડેજા આર્મીમાં હતાં. નિવૃત થયાં પછી વ્યાયમ શિક્ષક તરીકે ભાવનગરમાં સ્થાયી થયાં. માતા માણેકબા અને પત્ની ઈન્દ્રાબા આદર્શ ગૃહિણી છે. પુત્રી પ્રિયંકાબા, કોમલબા અને પુત્ર વિશ્વજીત ક્ષાત્ર ધર્મને ઉજાગર કરી રહ્યાં છે. દીકરી કોમલબા ફેશન ડિઝાઈનીંગમાં સ્નાતક છે. મહેન્દ્રસિંહ જાડેજાએ કારકિર્દીની શરૂઆત બાળપણથી કરી. ખૂબ જ સંઘર્ષ કર્યા પછી સફળ બિલ્ડર્સ અને લેન્ડ ડેવલોપર્સ છે. આજે ચંદ્રા લેન્ડ હોલ્ડિંગ કોર્પોરેશન સફળતાની ચરમસીમા પર છે. હોટલ અને કેમિકલ ઈન્ડસ્ટ્રીઝમાં પણ તેમની પકડ મજબૂત છે. હોટલ કમ્ફર્ટ ઈન અને રાજ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ ગ્રાહકોને ઉત્તમ સર્વિસ આપે છે. લિયો એસ્ટેટનાં નામે તેમનું ફાર્મ હાઉસ અતુલ્ય છે. સામાજીક કાર્યોમાં અગ્રેસર રહે છે. શેઠ મોતીભાઈ લક્ષ્મીદાસ ધર્મશાળા અને રઘુકુળ વિદ્યામંદિરનાં તેઓ મેનેજીંગ ટ્રસ્ટી છે. ચંદ્રવંશી મહેન્દ્રસિંહ જાડેજા નારાયણ મંદિરનું નિર્માણ કરી ચૂક્યાં છે. આર્મી માટે ચેરીટી શોનું પણ આયોજન કરે છે. ભાવનગર ગરાસિયા સમાજનાં સેક્રેટરી તરીકે ઉત્તમ સેવા આપી. સામાજીક કાર્યોમાં અગ્રેસર રહે છે. તેઓ કહે છે કે સ્ત્રી શિક્ષણ અને કેળવણી બાબતે જાગૃતિ લાવવી જોઈએ. કુરિવાજો અને વ્યસનોથી સમાજ મુક્ત થાય તો વિકાસ શક્ય છે.

### જીવન સંદેશ

**ઈર્ષારહિત જીવન સુખી હોય છે :** અંગ્રેજી નવલકથાકારોમાં હેનરી જેમ્સનું નામ જાણીતું છે. તેઓ ખૂબ જ લોકપ્રિય હતાં, છતાં તેમની અંદર અહંકાર નામ માત્રનો ન હતો. કોઈની ખ્યાતિ પર લોકોને ઈર્ષ્યા થતી હોય છે. આવો જ એક જેમ્સનો પડોશી પણ હતો. એ દરેક સમયે તેમને તકલીફ આપવાનો પ્રયાસ કરતો. એક દિવસ તેની પત્ની બીમાર પડી ગઈ. પતિ તેને આશ્વાસન આપતો હતો, પરંતુ પત્ની તકલીફ સહન ન કરી શકવાને કારણે ચીસો પાડી રહી હતી. એટલામાં જ જેમ્સ ત્યાં આવી ગયાં. જેમ્સને જોઈને પડોશી અચંબામાં પડી ગયો. તે કંઈ બોલે એટલામાં જ જેમ્સે કહ્યું કે, મેં ડોક્ટરને બોલાવી લીધાં છે. જેમ્સનો આવો વ્યવહાર જોઈને પડોશીનું માથું શરમથી ઝૂકી ગયું. તેણે કહ્યું હું તો તમને મારા દુશ્મન સમજતો હતો. જેમ્સે કહ્યું, મેં તો તમને હંમેશા મારા મિત્ર જ માન્યા છે. ઈર્ષ્યારહિત થઈ જવાથી દુખ આપમેળે ઓછા થઈ જાય છે, કેમ કે એ સમયે વ્યકિત માત્ર પ્રેમ જ વહેંચે છે.

**તમારી શ્રદ્ધા સંપૂર્ણ હોવી જોઈએ :** એક મંદિરનો પૂજારી હતો. એક દિવસ તે અનુષ્ઠાન માટે બીજા ગામ જઈ રહ્યો હતો. માર્ગમાં તેના ગામનો જ એક કુસંસ્કારી યુવાન તેને મળ્યો. યુવાને પૂજારીને હેરાન કરવાનું શરૂ કર્યું. પહેલાં અપશબ્દો બોલ્યો અને પછી તેને મારવા લાગ્યો. આથી પૂજારીએ 'નારાયણ, નારાયણ' કહીને પોતાના બચાવ માટે ભગવાનને યાદ કર્યા. તેનો પોકાર સાંભળીને વિષ્ણુએ પોતાનું ગરૂડ બોલાવ્યું. તેમને જતાં જોઈને લક્ષ્મીજીએ કહ્યું, ભગવાન એકાએક ક્યાં જઈ રહ્યાં છો ? ભગવાને કહ્યું કે, મારો એક ભક્ત મુશ્કેલીમાં છે. જોકે થોડે દૂર જઈને ભગવાન પાછા ફર્યા. આથી લક્ષ્મીજીએ કારણ પૂછ્યું તો  તેમણે કહ્યું, હું એ પૂજારીની રક્ષા ત્યારે કરતો, જ્યારે તે મારામાં સંપૂર્ણ શ્રદ્ધા રાખતો હતો. હવે તેણે 'નારાયણ, નારાયણ' બોલવાનું બંધ કરી દીધું. પેલા યુવાને પૂજારીને પાડી દીધો અને પોતાના છેલ્લા શ્વાસ ગણી રહ્યો હતો. શ્રદ્ધા પૂરી હોવી જોઈએ. અધૂરી શ્રદ્ધા દુર્ગતિ તરફ લઈ જાય છે.




વનરાજસિંહ જી. ગોહિલ

# સાચાબોલા અને ઉમદા કાર્યકર

## મુખિયા મુખ સો ચાહિએ, ખાનપાન કરું એક,
## પાલઈ પોષઈ સકલ દિસિ તુલસી સહિત વિવેક.

**તમારે એક વર્ષનું આયોજન કરવું હોય તો છોડ વાવો.**
**તમારે દશ વર્ષનું આયોજન કરવું હોય તો વૃક્ષ વાવો.**
**તમારે સો વર્ષનું આયોજન કરવું હોય તો બાળકોને શિક્ષણ આપો.**





**જન્મ** 6 જાન્યુઆરી 1979માં થયો. વતન તળાજા તાલુકાનું નેશીયા ગામ. પોલિટીકલ સાયન્સમાં અનુસ્નાતક છે. પિતાજી જમીનદાર અને કૃષિકાર હતાં. પરિવારમાં પત્ની વર્ષાબા, પુત્ર કર્ણવીરસિંહ અને યશરાજસિંહ સાથે તેઓ સુખી છે. ભાવનગર આવ્યાં પછી સામાજીક અને રાજકીય ક્ષેત્રે કારકિર્દીની શરૂઆત કરી. કોલેજકાળ દરમિયાન જનરલ સેક્રેટરી અને સેનેટ સભ્ય બની વિદ્યાર્થી નેતા તરીકે ચાહના મેળવી. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં તેમની પેનલ હંમેશા જીતે છે. તેઓ ભાજપ પ્રદેશમાં યુવા મોરચાનાં સેક્રેટરી હતાં. ભાવનગર શહેર ભાજપ અને ગોહિલવાડ રાજપૂત સમાજનાં ઉપપ્રમુખ તરીકે પ્રસંશનીય સેવા આપી છે. રાજપૂત પાઈફંડ સોસાયટી અને ભાવનગર ગરાસિયા સમાજનાં પ્રમુખ તરીકે કાર્યપ્રણાલી શ્રેષ્ઠ રહી છે. ભાવનગર મહાનગરપાલિકામાં બે વખત કાઉન્સિલર તરીકે ફરજ અદા કરી છે. શિક્ષણ સમિતિનાં સદસ્ય હતાં. ગોહિલવાડમાં વીર સુખડાજી ચેરીટેબલ ટ્રસ્ટનાં ટ્રસ્ટી છે. અન્ય સામાજીક અને રાજકીય સંસ્થાઓમાં પ્રમુખ તરીકે નિઃસ્વાર્થ સેવા આપી છે. તેમની અપીલ છે કે લોકો સંગઠિત થાય અને સમાજ સુધારણાનાં કાર્યોમાં આગેવાનો નૈતિક ફરજનું પાલન કરે. રાજપૂત સમાજમાં શૈક્ષણિક અને આર્થિક વિકાસ થયો છે. તેઓ કહે છે કે કુરિવાજો અને વ્યસન મુક્તિથી જ તંદુરસ્ત સમાજની રચના થઈ શકશે.


### જીવન સંદેશ

**દાનમાં આત્મીય સુખ રહેલું છે :** હિન્દી સાહિત્યકાર સૂર્યકાંત ત્રિપાઠી 'નિરાલા' અત્યંત ઉદાર અને સરળ હૃદયનાં હતાં. તેઓ ખુદ સંપન્ન ન હતાં, પરંતુ મુસીબતમાં મુકાયેલા લોકોને હદ બહાર જઈને મદદ કરતાં હતાં. એક વખત નિરાલાજી તેમના પ્રકાશક પાસેથી પૈસા લેવા ગયાં, અહીં તેમને લગભગ ₹ 300 મળ્યાં. તેઓ ઘરે જતાં હતાં ત્યારે રસ્તામાં એક ભિખારણ મળી અને બોલી, બેટા આ ભૂખી તરસી ભિખારણને કંઈક આપતો જા. નિરાલાજી ઊભા રહી ગયાં અને ભિખારણને પૂછ્યું, તને કેટલા પૈસા મળી જાય તો ભીખ માગવાનું છોડી દઈશ ? પેલી ભિખારણ આશ્ચર્યચકિત રહીને જોવા લાગી. તેને લાગ્યું કે નિરાલાજી મજાક કરી રહ્યાં છે. તેણે કહ્યું બેટા, કેમ મારી મજાક ઉડાવે છે ? નિરાલાજીએ ગંભીર સ્વરમાં કહ્યું, હું મજાક નથી કરી રહ્યો. તે મને પુત્ર માન્યો છે અને નિરાલાની માતા ભીખ માગી શકે નહીં, એમ કહીને તેમણે ખિસ્સામાં રહેલા બધા જ પૈસા ભિખારણને આપ્યાં. દાન કરવાથી મળતું આત્મીય સુખ સૌથી મોટી કમાણી છે.



















## નિર્મળસિંહ સુખદેવસિંહ ચુડાસમા

# નિખાલસ અને નિર્મળ પુરૂષ

**ખવરાવે ને ખાય, મનડું મોટું રાખીને,**
**એને વાલોજી સહાય, સાચું સોરઠિયો ભણે.**

**જન્મ** 12 ફેબ્રુઆરી 1969માં થયો. વતન અમદાવાદ જિલ્લાનું ધોલેરા શહેર. પિતાજી સુખદેવસિંહ કરણસિંહ ચુડાસમાએ ભારતીય સેનામાં સેવા આપી હતી. બે દીકરા અને એક દીકરી ક્ષત્રિય સંસ્કારોનું જતન કરી રહ્યાં છે. ગ્રેજ્યુએશન કર્યા પછી રેશનિંગ અને હોટલ વ્યવસાયમાં ઝંપલાવ્યું. ત્યારબાદ જમીન અને બાંધકામ ક્ષેત્રે પદાર્પણ કર્યું. તેઓ રાજકીય ક્ષેત્રે BJP સાથે સંકળાયેલા છે. સામાજીક કાર્યોમાં અગ્રેસર રહે છે. સમાજનાં અગ્રણીઓ સાથે મળીને ધોલેરામાં સામાજીક, સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રસંગો માટે ભવ્ય વાડીનું નિર્માણ કર્યું. ધંધુકામાં હોસ્ટેલ અને મંદિરનું નિર્માણ પણ સફળતા પૂર્વક કર્યું છે. નિર્મળસિંહ ચુડાસમા કહે છે કે રાજપૂત સમાજમાં શિક્ષણ ઓછું હોવાથી તેને વેગ આપવો જરૂરી છે. સમાજની એકતાનું તેમને ગૌરવ છે. ચુડાસમા રાજપૂત સમાજ દ્વારા વિધવા બહેનોને મહિને ₹ 3000નું પેન્શન આપવામાં આવે છે. તેઓ કહે છે કે ક્ષત્રિયોની રોયાલિટી પર જે ધૂળ લાગી છે તેને સાફ કરવી જરૂરી છે. દરેક ક્ષત્રિયોએ ક્ષાત્રધર્મનું પાલન કરવું જોઈએ. ક્ષાત્રધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ કરીશું તો જ સમાજ અને દેશનો વિકાસ કરી શકીશું. જે બીજા માટે જીવે તે જ સાચો ક્ષત્રિય. હવે ક્ષત્રિયોએ તલવાર નહિ કલમની પૂજા કરવી જોઈએ. રાજપૂત સમાજમાં શૈક્ષણિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય ક્ષેત્રે વિકાસ થઈ રહ્યો છે.

**જીવન સંદેશ**

**મહેનત કરશો તો નસીબદાર બનશો :** એક યુવાન કુંભાર હતો, તેણે બનાવેલાં માટીનાં વાસણની મોટી ડિમાન્ડ હતી. મહેનતુ હોવા છતાં તે નસીબમાં ખૂબ જ વિશ્વાસ રાખતો હતો. એક વખત તેના શહેરમાં ભગવાન મહાવીર આવ્યાં. તેણે મહાવીર સાથે પણ નસીબનાં મુદ્દે ચર્ચા કરી. મહાવીર નસીબમાં નહીં, કર્મ પર વિશ્વાસ રાખતા હતાં. મહાવીરે યુવકને પ્રશ્ન પૂછ્યો, તારા ઘરમાં માટીનાં વાસણ કોણ બનાવે છે? યુવાને જવાબ આપ્યો, હું બનાવું છું. મહાવીરે બીજો સવાલ પૂછ્યો, જો કોઈ આ વાસણોને તોડી નાંખે તો? યુવાન બોલ્યો, હું માની લઈશ કે નસીબમાં તૂટી જવાનું લખ્યું હશે. મહાવીરે ફરી પૂછ્યું, જો કોઈ કારણ વગર તને લાફો મારે તો શું કરીશ? યુવાન ગુસ્સે થઈને બોલ્યો, હું પણ તેને લાફો મારીશ. મહાવીરે તેને સમજાવ્યું કે, હવે તું નસીબનાં માર્ગમાં કેમ આવી રહ્યો છે. તારા નસીબમાં જ કોઈનાં હાથે લાફો ખાવાનું લખ્યું હશે. યુવક અવાક્ રહી ગયો. જો વ્યક્તિ મહેનત કરે તો નસીબનાં દરવાજા ખૂલતા વાર નથી લાગતી.

**કર્મનું ફળ દરેકને મળે છે :** એક જાતક કથા છે. એક ઊંટ જંગલમાં ચરવા જતું હતું. તેને કેવી રીતે મુશ્કેલીમાં મૂકવું એના વિચાર શિયાળને આવતા હતાં. એક દિવસ તેણે ઊંટને કહ્યું કે રોજ ઘાસ ખાઈને કંટાળો નથી આવતો ? ઊંટે કહ્યું કે મારા નસીબમાં ઘાસ જ લખ્યું છે. શિયાળે જણાવ્યું કે હું તો નજીકનાં ખેતરોમાં જઈને ગાજર, મૂળા અને ટામેટા ખાઉં છું. તમને બહું ભાવશે. એ સાંભળી ઊંટ શિયાળની સાથે ખેતરમાં ગયું. શિયાળ તો ઝડપથી ખાવા માંડ્યું અને ખેડૂત આવે તે પહેલાં નાસી ગયું. ઊંટ પકડાઈ જતાં ખેડૂતે એને ખુબ માર માર્યો. બે ત્રણ દિવસ શિયાળે આ રીતે ઊંટને ખેતરમાં લઈ જઈ માર ખવડાવ્યો. ત્રીજા દિવસે ઊંટે શિયાળને દગાબાજ કહીને છોડી દીધું. થોડાં દિવસ બાદ જંગલમાં ભારે વરસાદથી પૂર આવ્યું. શિયાળે ઊંટને એની પીઠ પર બેસાડીને બહાર લઈ જવા કહ્યું. ઊંટે તેને પીઠ પર બેસાડ્યું તો ખરું, પણ ઊંડા પાણીમાં લઈ જઈ પોતે આળોટવા માંડ્યો. શિયાળ છેવટે ડૂબી ગયું. દરેકને પોતાના કર્મોનું ફળ મળે છે.

આ સપનું નથી... એક હકીકત છે...

।। રિધ્ધિ સિધ્ધિ ।।
બંગ્લોઝ & કોમર્શિયલ કોમ્પલેક્ષ
















RNI No. 70260/97, "PRATIDHWANI" Regd. No. GAMC-1217